# કલ્યાણ

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

## 'કલ્યાણ' સૌરભ

[ રાગ આશાવરી–ત્રિતાલ. ]

જય જય પત્ર પ્રધાન કલ્યાણ.

સાધન એક છે સાધ્ય સિદ્ધિનું, જેમાં નવે નિધાન;
વિબુધ જનમતિ પ્રભાત ઉષાનો, ઓજસ્વી એ ભાન જય૦ ૧

અજ અવિનાશી મુક્તિ વિલાસી, જેમાં જિનવર આન;
શુદ્ધિ, સિદ્ધિ, બુદ્ધિ, સાધન, ઔષધ એ રામબાન જય૦ ૨

કલ્યાણ કુસુમ સૌરભના રસિકો, ભ્રમરો કરે ગુણ ગાન.
કલા, સાહિત્ય, ઇતિહાસની માલા, કંઠે ઠવે મતિમાન. જય૦ ૩

મધ્યસ્થતાની વજ્ર ભૂમિ પર, થંભ ઉભો રત્ન ખાન;
સૂરો પૂરે નિષ્પક્ષ ભાવના, ચતુર કરે છે પીછાન. જય૦ ૪

કલ્યાણ વીણા નિજ હાથ ધરીને, ગાવો બજાવો સુતાન;
'કલ્યાણ' પત્ર એ કુંડ સુધાનો, મીઠું પીયુષનું પાન. જય૦ ૫

કનક સમ શુદ્ધ વર્ણ કલેવર, જેમાં સુદર્શન દાન;
સુગુણ ગ્રાહી સુજન જનોનાં, હૈયામાં રહો સ્થાન. જય૦ ૬

શ્રી અજ્ઞેય


| ફાગણ–ચૈત્ર | : અંક : | માર્ચ–એપ્રીલ |
|---|---|---|
| ૨૦૦૪ | ૧ લો ૨ જો | ૧૯૪૮ |

તંત્રી: સોમચંદ ડી. શાહ

ધર્મ, સમાજ, સાહિત્ય અને સંસ્કારનું અદ્યતન માસિક.

# વિષય દર્શન

## અંક ૧-૨ જો


| | | |
|---|---|---|
| સંપાદકીય ... ... ... | શ્રી સોમચંદ શાહ | ૧ |
| શાસ્ત્રીય શિલ્પવિદ્યા ... | પૂ૦ પં૦ શ્રીકલ્યાણવિજયજી ગણિવર | ૨ |
| દયાની સાચી સમજણ ... ... ... ... | પૂ૦ આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. | ૮ |
| આપણાં તીર્થો ... ... ... ... | શ્રી અભ્યાસી | ૧૦ |
| સ્ત્રી વિષેની કહેવતો ... ... | શ્રી જયોતીન્દ્ર હ. દવે | ૧૩ |
| એલચી ખાતાનું ખર્ચ ... ... ... | ઉધ્ધૃત | ૧૮ |
| જ્ઞાન ગોચરી ... ... ... ... | શ્રી ગવેષક | ૨૦ |
| સંગઠ્ઠન, શિક્ષણ, સંઘભક્તિ . | પૂ૦ મુનિરાજશ્રી કનકવિજયજી મ. | ૨૫ |
| મહાસાગરનાં મોતી ... | પૂ૦ આ૦ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિજી મ. | ૨૯ |
| નિક્ષેપાની મહત્ત્વતા ... | ડોકટર વલ્લભદાસ નેણશીભાઈ | ૩૦ |
| શંકા અને સમાધાન ... ... ... | ઉધ્ધૃત | ૩૪ |
| લોક કહેવતોમાં સુભાષિતો... | પૂ૦ મુ૦ શ્રીમહ્મહિમાવિજયજી મ. | ૩૭ |
| જૈન !... ... ... ... | શ્રી મફતલાલ સંઘવી | ૪૦ |
| કાળ પ્રવાહની દોટ ... | શ્રી પન્નાલાલ જ. મસાલીઆ | ૪૧ |
| વિજ્ઞાને શાંતિને સળગાવી મૂકી છે ... | શ્રી અવિનાશ શાહ | ૪૫ |
| નવાં પુસ્તકોનું અવલોકન ... ... ... | શ્રી સૌમ્ય | ૪૭ |
| મહાવીર જિન સ્તવન ... ... | શ્રી ઉમંગલાલ જે. શાહ | ૪૮ |
| શત્રુંજય સ્તવન ... ... | શ્રી મોહનલાલ દલીચંદ કોઠારી | ૪૮ |
| શાસનનો દોર ... ... | શ્રી સુંદરલાલ ચુનીલાલ M. A. | ૪૯ |
| ગુજરાતી કાવ્ય વિભાગ ... | જુદા જુદા લેખકો તરફથી | ૫૨ |
| હળવી કલમે ... ... ... ... | સંપાદક | ૫૬ |
| ભલે નિંદા કરો, પરંતુ ... ... ... ... | પૂ૦ પંન્યાસશ્રી પ્રવિણવિજયજી ગણિવર | ૫૯ |
| પારકી એંઠ ... ... ... ... | શ્રી પ્રદીપ | ૬૦ |
| આપ્ત મંડળની યોજના ... ... | કાર્યાલય તરફથી | ૬૨ |
| કર્મના અબાધિત નિયમ ... | પૂ૦ મુનિ૦ ભદ્રંકરવિજયજી મ. | ૬૩ |
| કુલીન આત્મા ... ... | પૂ૦ મુનિરાજશ્રી કનકવિજયજી મ. | ૬૫ |
| કેટલુંક કહેવા જોગું ... ... ... | સંપાદક | ૭૧ |
| વાંચ્યું અને વિચાર્યું ... ... ... | શ્રી ચીમનશાહ | ૭૩ |
| સમતાયોગ અને શાંતિનો માર્ગ ... | શ્રી કાંતિલાલ હ. શાહ | ૭૫ |
| પ્રભુનો એક આધાર છે ... ... ... | શ્રી અજ્ઞેય | ૭૬ |
| જૈન ધર્મના સ્વસ્તિકનું રહસ્ય ... ... ... | શ્રી નેમીદાસ અભેચંદ | ટાઈટલ પેજ ૩ જું |


## કલ્યાણ

એટલે
ધર્મ, સમાજ, સાહિત્ય અને
સંસ્કારનું અદ્યતન

**માસિક**

આજેજ ગ્રાહક થાઓ. તમારી જાહેરાત આપી તમારા ધંધાને પ્રસિદ્ધિ આપો.

જા+ખ ના ભાવો અને સભ્ય થવાની યોજના માટે ૬૨ મું પેજ ખાસ વાંચો.

ક્રાઉન આઠ પેજી પાંચ ફર્માનું વાંચન, સારા સ્વચ્છ કાગળો, શુદ્ધ મુદ્રણ, આકર્ષક ગેટ અપ છતાં આજની અનહદ મોંઘવારીમાં

લવાજમ રૂા. ૪-૦-૦

છૂટક મૂલ્ય ૦-૬-૦

લખો—


સંપાદક

**સોમચંદ ડી. શાહ**

વ્ય. કલ્યાણપ્રકાશન મંદિર

**પાલીતાણા** [ કાઠીઆવાડ ]


### લેખકોને

જેમ બને તેમ આપનો લેખ વહેલાસર મોકલાવવા મહેરબાની કરશો.

### ગ્રાહકોને

પત્રવ્યવહાર કરતી વખતે 'ગ્રાહક નંબર' લખવા ચૂકતા નહિ.

### શુભેચ્છકોને

નવા વર્ષમાં તમારાથી બને તેટલા નવા ગ્રાહકો અને સભ્યો બનાવવા કોશીષ કરશો.



# સંપાદકીય

વર્ષ ૫ મું; અંક ૧-૨
૨૦૦૪ ફાગણ-ચૈત્ર
લવાજમ રૂા. ૪-૦-૦

આજના મંગળ પ્રભાતે "કલ્યાણ" માસિક ચાર વર્ષ પુરાં કરી પાંચમા વર્ષમાં પ્રવેશ કરે છે તે તેના શુભેચ્છકોને અને અમને આનંદનો વિષય છે. નવા વર્ષની શરૂઆતમાં ૧ લો ૨ જો સંયુક્ત અંક બહાર પડે છે, તે મુજબ આ વર્ષે પણ તા. ૧૫-૩-૪૮ અને ૧૫-૪-૪૮ નો [ફાગણ-ચૈત્ર] એમ બન્ને અંક સંયુક્ત અંક રૂપે બહાર પડે છે અને હવે પછીના દરેક અંકો નિયમીત દર અંગ્રેજી મહીનાની પંદરમી તારીખે પ્રગટ થશે. તેની ગ્રાહક બંધુઓ નોંધ લે.

"કલ્યાણ" નો જન્મ વિશ્વયુદ્ધના અશાંતિકાળમાં થયો છે, સખ્ત મોંઘવારી, પેપર કન્ટ્રોલ, પ્રેસની હાડમારી, આર્થિકતાની સંકડામણ વગેરેના સંજોગોમાંથી પસાર થઈ આજે "કલ્યાણ" પોતાની શુભનિષ્ઠાપૂર્વક પ્રગતિ અને કાર્યનીતિમાં આગેકદમ ભરી રહ્યું છે.

કાગળ અને પ્રિન્ટીંગ ભાવો હાલના તબક્કે ઘટયા નથી બલ્કે કંઈક અંશે વધેલા છે. દર મહીને નિયમીત પાંચ ફર્માંનું વાચન એકલા હાથે બહાર પાડવું તે સહેલું તો નથી. એના ખ્યાલપૂર્વક અમે દરેક મુશ્કેલીઓને વટાવી, અમારૂં મંગળ પ્રયાણ સૌ કોઈના સહકાર, સલાહ અને સૂચનાદ્વારા ચાલુ રાખ્યું છે. અને હવે પછી એની એજ રીતિએ ચાલુ રાખવા માગીએ છીએ.

આજથી પાંચ વર્ષ પહેલાં 'કલ્યાણ'નું પ્રકાશન કરવાની મનોભાવના ઉદ્‌ભવી ત્યારે અમને પણ શ્રદ્ધા ન હતી કે, સમાજ 'કલ્યાણ' ને આ રીતે અપનાવશે અને સૌ કોઈને આદરનું પાત્ર બનશે. શરૂઆતનાં બે વર્ષમાં 'કલ્યાણ' ત્રિમાસિકરૂપે પ્રગટ થયું છે. પહેલા વર્ષનો પહેલો અંક, કેવળ ૧૨૫ નકલથી શરૂ થયેલ, ત્યારે આજે ૧૦૦૦ નકલ સુધીનો પ્રચાર થયો છે, તે તેની પ્રગતિનું પ્રતિક છે, ઉત્તરોત્તર વિકાસ થયો છે તે તેની સાબીતી છે.

આજસુધીમાં અનેક આડખીલીઓ આડે આવી છે, છતાં દષ્ટિબિંદુ 'કલ્યાણ'ના ઉજ્વળ ભાવિ પ્રત્યે હોવાથી અમારૂં સત્કાર્ય વેગવંતુ રહ્યું છે. ભાવિકાળના અંતરાયોને પહોંચી વળવા અમારાથી બનતું બધું કરીએ છીએ અને કરીશું એની જવાબદારી અને સમજપૂર્વક પાંચમા વર્ષમાં પદાર્પણ કરીએ છીએ.

'કલ્યાણ' હજુ ઘણો વિસ્તૃત વિકાસ માગે છે અને તેની ત્રુટીઓનું અમને ભાન છે, પણ અવસર આવે બધુંય કરવાની અમારી ભાવનાને અમે અમલમાં મૂકીશું. આપ સૌ કોઇ હૃદયથી સહકાર આપી અમારા કાર્યને દીપાવવા અને વેગવંતુ બનાવવા બનતી કોશીષ કરશો એવી આશા રાખીએ છીએ.

ભારતની પુણ્યભૂમિ પર અનેક ઉલ્કાપાતોના થર જામી રહ્યા છે. બીજું વિશ્વયુદ્ધ થાળે પડયા પછી કોમી હુલ્લડ, આગ, લૂંટ, અત્યાચારો, અનાચારો અને ખૂનામરકીએ મર્યાદા લંઘી છે. જાણે પાપનો પુંજ વધી ગયો ન હોય તેવી ભયંકર પરિસ્થિતિ આજે આપણી સગી આંખે જોવા મળે છે. તેના આઘાત-પ્રત્યાઘાતો સૌ કોઈને અસર કરી રહ્યા છે, તેમ નાજુક પરિસ્થિતિમાંથી 'કલ્યાણ' ને પણ પસાર થવું પડયું છે. શાસનદેવ, ભારતના સંતાનોને સદ્દબુદ્ધિ અર્પે અને 'કલ્યાણ' નો માર્ગ અવિરત ચાલુ રહે એજ સંપાદકની અભ્યર્થના સાથે લખાણ વિરામને પામે છે.

તા. ૧૫-૩-૪૮

સોમચંદ શાહ

# શાસ્ત્રીય શિલ્પવિદ્યા અને વર્તમાનની કેટલીક ભૂલો:

પૂ૦ પંન્યાસશ્રી કલ્યાણવિજયજી ગણિવર

લેખમાળાનો આ ત્રીજો હપ્તો છે, પહેલા બે લેખાંકોમાં લેખની ભૂમિકા અને દહેરાસરની જગતી સમ્બંધિ વિસ્તૃત વર્ણન કર્યા પછી 'દ્વારદષ્ટિસ્થાન' સમ્બંધિ, પૂ. પંન્યાસશ્રી શિલ્પવિદ્યાના અભ્યાસીઓને સાચી દૃષ્ટિ આપે છે. પ્રાચીન શાસ્ત્રીય શિલ્પવિદ્યા સમ્બંધિ કેટલીક ભ્રામક વ્યાખ્યાઓ વહેતી થઇ છે તેનો ખ્યાલ લેખક અત્રે રજુ કરે છે. સં૦

શિલ્પશાસ્ત્રમાં "દ્વારદષ્ટિસ્થાન" એ એક મહત્ત્વનો વિષય ગણાય છે. અપરાજિતપૃચ્છામાં 'દ્વારદષ્ટિ' નિર્ણયમાં એક આખો અધ્યાય લખેલો છે અને તેમાં તત્કાલ પ્રસિદ્ધ ઘણાખરા દેવોની દૃષ્ટિનાં દ્વારસ્થાનો બતાવેલ છે, એટલેકે કયા દેવની મૂર્તિ, દ્વારના કયા ભાગે દૃષ્ટિ આવે તેમ બેસાડવી, આ બધું સમજાવ્યું છે.

વાસ્તુસાર, પ્રાસાદમંડન, વસ્તુમંજરી વગેરે બીજા શિલ્પગ્રંથોમાં પણ અમુક દેવની મૂર્તિની દૃષ્ટિ દ્વારના કયા ભાગે રાખવી એ બતાવ્યું છે, પણ એ વિધાનમાં પુરાતન શિલ્પીયોમાં કેટલાક મતભેદ હશે એમ પ્રાચીન ઉલ્લેખો ઉપરથી જણાય છે. વાસ્તુસારમાં ઠક્કુર ફેરૂ, દ્વારના ૧૦ ભાગ કરીને સાતમાના સાતમા ભાગમાં જૈન મૂર્તિની દૃષ્ટિ રાખવાનું વિધાન કરે છે, અને બીજા કેટલાક દેવોની દ્રષ્ટિના સ્થાનો પણ ૧૦ મા ભાગના હિસાબેજ બતાવે છે. જે નીચેની ગાથાઓથી જણાશે.

**" दसभागकयदुवारं, उबरउत्तरंगमज्झेण पढमंसि सिवदिट्ठी, बीए सिवसत्ति जाणेह ॥ ४० ॥ सयणासणसुर तइए, लच्छीनारायणं चउत्थे अ। वाराहं पंचमए, छट्ठंसे लेवचित्तस्स ॥ ४१ ॥ सासणसुरसत्तमए, सत्तमसत्तंसि वीयरागस्स। चंडियभइरव अडमे नवमिंदा चमरछत्तधरा ॥ ४२ ॥ दशमे भाए सुन्नं अहवा गंधव्वरक्खसा चेव। हिट्ठाउ कमि गणिज्जइ, सयलसुराणं च दिट्ठीअ ॥ ४३ ॥**

અર્થ:—ઉંબરા અને ઉત્તરંગની વચ્ચેના દ્વારના ૧૦ ભાગ કરીને નીચેના પહેલા ભાગમાં શિવની અને બીજા ભાગમાં શિવશક્તિ (અર્ધનારીશ્વર)ની દૃષ્ટિ રાખવી. ૪૦

ત્રીજા ભાગમાં શેષશાયી વિષ્ણુની, ચોથા ભાગમાં લક્ષ્મીનારાયણની અને છઠ્ઠા ભાગમાં લેપથી બનાવેલ ચિત્રમૂર્તિની દૃષ્ટિ રાખવી. ૪૧

જૈનશાસનના ભક્ત દેવોની સાતમામાં, વીતરાગ (જિન)ની સાતમાના સાતમા ભાગમાં, ચંડિકા તથા ભૈરવની આઠમામાં અને ઇન્દ્રો ચમરધરો, છત્રધરોની દૃષ્ટિ નવમા ભાગમાં મેળવવી. ૪૨

દશમો ભાગ ખાલી રાખવો અથવા ગંધર્વો અને રાક્ષસ જાતિના દેવોની મૂર્તિની દૃષ્ટિ દશમા ભાગમાં રાખવી. આ પ્રમાણે સર્વ દેવોની દૃષ્ટિનાં સ્થાનો અનુક્રમે નીચેથી ઉપરની તરફ ગણીને મેળવવાં. ૪૩

## दृष्टिस्थान परत्वे मतभेदनो निर्देश :

ઉપર પ્રમાણે દૃષ્ટિસ્થાનોનું નિરૂપણ કરીને ઠક્કુર ફેરૂ આગળ નીચે પ્રમાણે લખે છે—

**' भागट्ठ भणंतेगे, सत्तमसत्तंसि वीयरागस्स। गिहदेवालि पुणेवं, कीरई जह होइ वुड्ढिकरं ॥ ४४ ॥**

**અર્થ:**—' કેટલાકો દ્વારના આઠ ભાગ કરીને સાતમાના સાતમા અંશમાં વીતરાગ દેવની દૃષ્ટિ રાખવાનું કહે છે, પણ આ પ્રમાણે ઘર દેહરાસરમાં કરવું કે જેથી વૃદ્ધિકારી થાય.' ૪૪

ફેરૂના આ લેખથી એ તો સ્પષ્ટ છે કે, દ્વારના ૮ ભાગ કરવા સમ્બધી માન્યતા તેમના ધ્યાન બહાર ન હતી, પણ તે પોતે એ મતના હતા કે, ' દ્વારના આઠ ભાગ કરવાનું વિધાન પ્રાસાદને નહિ પણ ગૃહ દેવાલયને અનુલક્ષીને કરાયેલ છે. '

ધૂલેવા ઋષભદેવ (કેશરિયાજી) અને આવાંજ અનેક પ્રાચીન દેહરાઓમાં દૃષ્ટિસ્થાનો જોતાં ફેરૂનું કથન સત્ય હોય તેમ જણાય છે, કેમકે આ પ્રાચીન દેહરાસરોમાં સેંકડો વર્ષો પૂર્વે સ્થાપિત થયેલ મૂર્તિયોનું દૃષ્ટિસ્થાન સાતમા અષ્ટમાંશને બદલે દ્વારના સાતમા દશમાંશમાંજ જોવાય છે.

વળી દિગંબર આચાર્ય વસુનન્દિ પોતાના પ્રતિષ્ઠાસારમાં દ્વારના નવ ભાગો કરી તેના સાતમાના સાતમા નવમાંશમાં દૃષ્ટિ મૂકવાનું નીચેના શ્લોકમાં વિધાન કરે છે—

**"विभज्य नवधा द्वारं,तत्षड् भागानधस्त्यजेत्। ऊर्ध्वं द्वौ सप्तमं तद्वद्, विभज्य स्थापयेद् दृशम् ॥"**

**અર્થ**:—'દ્વારના ૯ ભાગ કરી તેની નીચેના ૬ ભાગ અને ઉપરના ૨ ભાગ છોડી દેવા અને સાતમાના ફરી ૯ ભાગ કરી તેના ૭મા નવમાંશમાં દૃષ્ટિ સ્થાપન કરવી.'

ઠક્કુર ફેરૂનો દશ ભાગનો અને વસુનન્દિનો નવ ભાગનો દૃષ્ટિસ્થાપન સંબન્ધી સિદ્ધાન્ત કયા મૌલિક ગ્રંથને અનુસરીને બાંધવામાં આવ્યો હશે એ કહેવું મુશ્કેલ છે, કેમકે અમોએ જોએલ શિલ્પગ્રન્થોમાં એ પ્રમાણે વિધાન જોવામાં આવતું નથી, છતાં એ બંને વિદ્વાનોના ઉલ્લેખો નિરાધાર છે એ કહેવું અલ્પજ્ઞતાનું સૂચક છે, એ સિવાય બીજી પણ અનેક શિલ્પકર્મ સંબન્ધી વાસ્તુસારની વાતો પ્રચલિત શિલ્પગ્રંથોમાં મળતી નથી છતાં તેનું બૃહત્સંહિતા જેવા પ્રાચીન ગ્રન્થો સમર્થન કરે છે. તેવી જ રીતે દૃષ્ટિસ્થાન સંબન્ધી ઉક્ત ગ્રંથકારોની માન્યતાને પણ અવશ્ય કોઇ પ્રાચીન ગ્રન્થનો આધાર તો હોવોજ જોઇએ.

**ठक्कुर फेरुए सूचवेल मतभेदनो आधार**:

ઠક્કુર ફેરૂ **"भागट्ठमणंतेगे"** એ શબ્દોથી જે માન્યતાનો નિર્દેશ કરે છે, તે માન્યતા અપરાજિતસંહિતાકારની છે. અપરાજિતના 'દૃષ્ટિદ્વારનિર્ણય' નામક ૧૩૭ મા સૂત્રમાંના આ વિષયના કેટલાક શ્લોકો નીચે પ્રમાણે છે—

**"द्वारोच्छ्रयं तु यन्मध्ये, वसुभागविभाजितम्। शुभाऽशुभदृष्टिस्थानं, हिताऽहित फलप्रदम् ॥ २ ॥ पदमेकैकोद्गताख्यमष्टधा च पुनः कृतम्। चतुःषष्ट्योच्छ्रितं कार्यं, मुदुम्बरात् शाखान्तकम् ॥ ३ ॥ विषमस्थानेषु सर्वेषु, देवतादृष्टियोजिता। द्वात्रिंशद् दृष्टिस्थानानि, विलोमानि द्वात्रिंशतिः ॥ ४ ॥ शुभेषु प्रतिष्ठिता शुभं, विलोमेष्वशुभोद्गमः। दृष्टिदोषविपाकेन, स्थाननाशो धनक्षयः॥५॥"**

**અર્થ**:—ઉંબરા અને ઉત્તરંગ વચ્ચેના દ્વારની લંબાઇના આઠ ભાગ કરવા અને તેમાં હિત–અહિત ફલ આપનાર શુભ અશુભ દૃષ્ટિસ્થાનો નિશ્ચિત કરવાં. ૨

લંબાઇ (ઊંચાઇ) માં કરેલા ૮ ભાગો પૈકી એક એકના ફરી ૮–૮ ભાગ કરવા એટલે ઉંબરાથી ઉત્તરંગ સુધીની દ્વારની ઊંચાઇના ૬૪ ભાગો થશે. ૩

આ ૬૪ ભાગોમાંના તમામ વિષમ (પહેલું, ત્રીજું આદિ) સ્થાનોમાં ભિન્ન ભિન્ન દેવોની દૃષ્ટિ જોડવી, આમ ૩૨ ભાગો દૃષ્ટિસ્થાનો બને છે અને ૩૨ ભાગો તેથી વિપરીત શૂન્ય રહે છે. ૪.

શુભસ્થાનોમાં સ્થાપેલી દૃષ્ટિ શુભ કરનારી અને અશુભ (સમ–બીજા, ચોથા, છઠ્ઠા આદિ) સ્થાનોમાં સ્થાપેલી દૃષ્ટિ અશુભકારિણી થાય છે, આ દૃષ્ટિવિપર્યાસના દોષ–વિપાકથી સ્થાનનાશ અને ધનનો ક્ષય થાય છે. ૫.

ઉપર પ્રમાણે દ્વારના ૬૪ ભાગ કરવાનું અને તેના વિષમ ૩૨ સ્થાનોમાં દૃષ્ટિવિન્યાસનું વિધાન કરવાનું જણાવી ગ્રન્થકારે આગળ કયા સ્થાનમાં કયા દેવની દૃષ્ટિ રાખવી એ વિસ્તારથી લખ્યું છે. આપણે એ બધું અત્રે આપવાની જરૂર નથી. એ બાબતમાં આજના શિલ્પકર્મિયો ભૂલ કરે છે તેનું જ અહીં દિગ્દર્શન કરાવવું અભિપ્રેત છે.

અપરાજિતસંહિતાકાર ૫૭ મા ભાગ સુધીમાં દૃષ્ટિસ્થાનો દેખાડીને લખે છે—

**"ब्रह्मा विष्णुश्च सूर्यश्च,वीतरागोद्भवः क्रमात्। उर्ध्वार्चाद्दृष्टिसंस्थानं, पञ्चपञ्चाशतितमे १९"**

**અર્થ**:—'બ્રહ્મા, વિષ્ણુ, સૂર્ય અને વીતરાગ (જિન) આ દેવોનું દૃષ્ટિસ્થાન અનુક્રમે પંચાવનમા સ્થાનમાં રાખવું.' ૧૯

ઉપરના શ્લોકમાં જિનમૂર્તિની દૃષ્ટિદ્વારના ઉપર તરફના પંચાવનમા સ્થાનમાં રાખવાનો સ્પષ્ટ નિર્દેશ છે અને આધુનિક ગુજરાતી શિલ્પકર્મિયો પણ એજ પ્રમાણે એ શ્લોકનો અર્થ કરે છે, પણ તેમની એ અર્થ સમજવામાં એક માર્કાની ભૂલ થઇ જાય છે, જે તેમના ખ્યાલમાં આવતી નથી, એટલું જ નહિ પણ પોતાની એ ભૂલને જ ખરો સિદ્ધાન્ત માનીને જેઓ એ પ્રમાણે નથી કરતા-કરાવતા તેમની ટીકા કરે છે, એ વાત શિલ્પરત્નાકર નામના સંગ્રહ ગ્રન્થકારે લખેલ નીચેનું વિવરણ વાંચવાથી સમજવામાં આવશે—

" હાલમાં કેટલાક જૈન મુનિઓ પ્રભુની દૃષ્ટિ વિષે ખરૂં રહસ્ય નહિ સમજતાં ઊલટો અર્થ કરીને સંપૂર્ણ સાતમા ભાગે દૃષ્ટિ માનતા નથી, અને સાતમા ભાગના મધ્યમાં એટલે ૬॥ સાડાછ ભાગમાં દૃષ્ટિ રાખવા વિધિ કરનારાઓને જણાવે છે. ખરી રીતે જોતાં એ તેમની ભૂલ થાય છે; કારણ કે 'દ્વારની ઊંચાઇમાં ૮ આઠ ભાગ કરી, ઉપરનો ૧ એક ભાગ તજવો અને નીચેના ૭ સાતમા ભાગમાં ૮ આઠ ભાગ કરી આઠમો ઉપરનો એક ભાગ તજી સાતમા ભાગમાં પ્રભુની દૃષ્ટિ રાખવી, એવો શ્લોકનો અર્થ છે' તેમ છતાં તેનો અર્થ એવો કરે છે કે ૭ સાતમા ભાગની અંદર વચ્ચે દૃષ્ટિ રાખવી, પરંતુ તેમનું આ માનવું તદ્દન અસંભવિત છે; કેમકે તેમ કરવાથી ઉપરનો આઠમો ૧ એક ભાગ તજવાનું કહેલું છે તેના બદલે ૧॥ દોઢ ભાગ તજાય છે અને ૭ સાતમા ભાગમાં દૃષ્ટિ ન આપતાં ૬॥ સાડા છ ભાગે છે માટે આમ માનવું અયોગ્ય છે. ધારો કે આપણે કોઇની પાસે ૭ સાત રૂપીઆ માંગીએ છીએ તો સાત પૂરા લઇશું; પરન્તુ ૬॥ સાડા છ કે ૬॥। પોણા સાત લઇશું નહિ, તેવી રીતે પ્રભુની દૃષ્ટિ સાતમા ભાગે કહી છે છતાં પોણા સાત ભાગે કે સાડા છ ભાગે રાખવી, આપણી ભૂલ ગણાય. તેવી ભૂલો ન થવા પામે તે માટે બાજુના નકશામાં સ્પષ્ટ ચીતરી બતાવેલું છે. તે પ્રમાણે દૃષ્ટિ રાખવી. ( શિલ્પરત્નાકર પૃ. ૧૬૪. )

લખનારનો આશય એ છે કે, દૃષ્ટિ સાતમા ભાગમાં નહિ પણ સાતમાની ઉપર અને આઠમાની નીચે એના સંધિભાગમાં દૃષ્ટિસ્થાન કાયમ કરવું જોઇએ, એમણે આપેલ દૃષ્ટિસ્થાનના નકશા ઉપરથી પણ એ જ વસ્તુ સિદ્ધ થાય છે, કે દૃષ્ટિ સાતમા ભાગની અંદર નહિ પણ તે પૂરો થાય ત્યાં દૃષ્ટિસૂત્ર રાખવું જોઇએ.

**सप्तमी विभक्तिनो अर्थ समजता नथी :**

શિલ્પરત્નાકરના સંગ્રાહકની અને એમના જેવા જ ભ્રાન્ત અન્ય ગુજરાતી શિલ્પિયોની આ માન્યતા તેમના વ્યાકરણ–વિષયક અજ્ઞાનને આભારી છે. તેઓ શ્લોકનો અર્થ તો સાચો કરે છે કે 'સાતમાના સાતમા ભાગમાં દૃષ્ટિ રાખવી' પણ વર્તનમાં એઓ ખોટા સ્થાનમાં દૃષ્ટિ મૂકવાની હિમાયત કરે છે, શિલ્પિયો અને જૈન મુનિયો બંને દૃષ્ટિસ્થાન તો સાતમાના સાતમા અષ્ટમાંશમાં રાખવાનું જ કહે છે ત્યારે બે વચ્ચે કોઈ જાતનો મતભેદ રહેવો જ ન જોઇએ પણ એ મતભેદ ગુજરાતી સોમપુરાઓ ઊભો કરે છે અને તેમની ખોટી સલાહના ભોગ થઈ પડેલા કોઈ કોઈ સાધુઓ અને વિધિકારો પણ તે પ્રમાણે માને છે, ત્યારે કહેવું પડે છે કે, તેઓ બોલે છે ન્યાયે પણ ચાલે છે અન્યાયે. કારણ કે 'સપ્તમે' અથવા 'સાતમામાં' આ શબ્દો ઉપરથી 'સાતમાને અન્તે' અથવા પુરા સાતે એવો અર્થ નીકળતો નથી. પણ 'સાતમામાં.' અથવા 'સાતમાની અંદર' એવો જ અર્થ થાય છે, શબ્દનો શિલ્પિયો **'सप्तमे'** આ સંસ્કૃત સપ્તમ્યન્ત અર્થ તો કદાચ ન જાણતા હોય પણ 'સાતમામાં' અહીં 'સાતમા' એ શબ્દને અન્તે આવેલ 'માં' એ ગુજરાતી વિભક્તિનો અર્થ પણ નહિ જાણતા હોય ? આ પ્રમાણે 'સાતમામાં' એ ગુજરાતી વિભક્ત્યન્ત શબ્દનો ખરો અર્થ છોડીને પ્રથમાવિભક્ત્યન્ત શબ્દના અર્થને મળતો 'સાતમો ભાગ પૂરો' એવો અર્થ કરે છે ? વાસ્તવમાં 'સાતમામાં' આનો અર્થ 'સાતમો ભાગ પૂરો' એવો નહિ પણ 'સાતમા ભાગની અંદર' એવો થાય છે. કેમ કે ગુજરાતી ભાષામાં સાતમી વિભક્તિમાં વપરાતો 'માં' એ પ્રત્યય 'મધ્યે' શબ્દનું જ સંક્ષિપ્તરૂપ છે, સંસ્કૃત ભાષાના 'મધ્યે' શબ્દનું પ્રાકૃતમાં 'મજ્ઝે' અને

અપભ્રંશમાં મજ્ઝિ એ રૂપ થઈ કાલાન્તરે પ્રાચીન ગુજરાતીમાં ' માજ્ઝિ ' ' માંહિ ' ઇત્યાદિક આકારો બદલતું છેવટે આધુનિક ગુજરાતીમાં ' માં ' આવું સંક્ષિપ્ત રૂપ બની ગયું છે, છતાં આજે પણ એનો અર્થ ' મધ્યે 'ના અર્થને મળતો જ થાય છે; બીજો નહિ, અને બીજો અર્થ થઇ શકે પણ નહિ.

કોઈ એમ કહે કે ' રામદત્ત, મકાનના સાતમા ખંડમાં રહે છે ' તો આનો અર્થ શું આમ થશે કે ' રામદત્ત મકાનના સાતમા ખંડની ઉપર રહે છે ? અથવા સાતમો ખંડ પૂરો થાય ત્યાં રહે છે ? ' હરગિઝ નહિં, આનો ખરો અર્થ એ જ થશે કે ' રામદત્ત મકાનના સાતમા ખંડની અંદર રહે છે. ' પછી ભલે તે સાતમા ખંડના આંગણામાં રહેતો હોય, શાળમાં રહેતો હોય કે ઓરડામાં રહેતો હોય.

એ જ રીતે સંસ્કૃતમાં **'गृहे प्रविशति देवदत्तः'** આવા પ્રકારનાં વાકયમાં ' દેવદત્ત ઘરમાં પ્રવેશ કરે છે ' આટલો જ અર્થ થશે પણ ' ઘરની ઉપર પ્રવેશ કરે છે, અથવા આખા ઘરમાં પ્રવેશ કરે છે' આવો અર્થ કરીને કોઈ પણ માણસ પોતાની મૂર્ખતાનું પ્રદર્શન નહિ કરે, જેમ શિલ્પિયો **'सप्तमसप्तमे'** નો અર્થ કરીને કરે છે.

**ઉપર અધિક છોડવામાં વાંધો છે તો નીચે કેમ નહિં ?**

શિલ્પિ મહાશયની એ દલીલ કે, ' સાતમાનો આઠમો એક જ ઉપર તજવો કહ્યો છે, માટે સાતમા, આઠમા વચ્ચે જ દૃષ્ટિસ્થાન રાખવું જોઇએ, સાતમાની અંદર મધ્યભાગે રાખવાથી ઉપર દોઢ તજાઈ જાય છે અને દૃષ્ટિ સાતમા ભાગે ન આવતાં સાડા છ ભાગે આવે છે ' કેવી વાહ્યાત યુક્તિ છે ? ભલા ઉપર આઠમો ભાગ તજવાનો લેખ છે તેમ નીચેના છ ભાગો તજવાનો લેખ પણ ખરો કે નહિં ?, જો હા તો પછી સાતમાની સમાપ્તિમાં દૃષ્ટિસ્થાન નિશ્ચિત કરતાં નીચે છ ભાગ તજાશે કે સાત ?, ઉપર પા-અડધો ભાગ અધિક તજવામાં તમને વાંધો છે અને નીચે આખો ભાગ વધારે તજાય તેનું કંઇ નહિં ? શિલ્પી મહાશય!' જરા હૃદયમાં ઉંડો વિચાર કરો, તમારા સિદ્ધાન્ત પ્રમાણે દૃષ્ટિ સાતમા-આઠમા ભાગની વચ્ચે આવે છે જે વાસ્તવમાં દૃષ્ટિસ્થાન નથી પણ સમ-વિષમ સ્થાનોનો સંધિભાગ છે, દૃષ્ટિસ્થાન કોઇ પણ વિષમસ્થાનમાં જ હોવું જોઇએ તેની બહાર નહિં, પણ તમારી માન્યતા અને તમારા નકશામાં ચીતર્યા પ્રમાણે દૃષ્ટિસ્થાન કોઈ પણ રીતે વિષમસ્થાનમાં આવતું નથી, પણ તેની બહાર ઉપરની સંધિમાં આવે છે, અને તેથી દૃષ્ટિ સાતમાના સાતમા ભાગમાં રહેવાને બદલે અડધી સાતમાં રહે છે અને અડધી ઉપરના આઠમા ભાગમાં કે જે ભાગ ૬૪ ભાગોના હિસાબે ૫૬ મો છે, અને સમસ્થાન હોવાથી અશુભ ફલાકારી છે.

' સાતમાની મધ્યમા દૃષ્ટિ રાખવાથી તે સાડા છ ભાગે જ આવે છે, આ યુક્તિ પણ અજ્ઞાનપૂર્ણ છે, સાડા છ, સવા છ કે પોણા સાત એ બધા ભાગો છે તો સાતમાના જ અવયવો ? તો પછી ત્યાં દૃષ્ટિ મૂકવામાં વાંધો શો છે ?, કેમ કે, આખો સાતમો ભાગ શુભદૃષ્ટિસ્થાન છે, પછી ભલે પહેલો અષ્ટમાંશ હોય, ત્રીજો હોય, પાંચમો હોય કે સાતમો હોય, બધા અંશો શુભદૃષ્ટિસ્થાનો છે.

**અઘટમાન યુક્તિ**

' સાત રૂપીયા માંગતા હોઇએ તો પૂરા સાત લઇયે, ઓછા નહિ ' આ યુક્તિ પણ અજ્ઞાનિયોના મુખે શોભે તેવી છે, દૃષ્ટિ પૂરા સાત ભાગ માગતી નથી પણ છ ભાગ પૂરા થયા પછી સાતમા ભાગમાં યોગ્ય આય ઉત્પન્ન થાય તે ભાગ માંગે છે. દૃષ્ટિસ્થાનમાં મૂકવાના યોગ્ય આય; ધ્વજ, સિંહ અને વૃષભ એ ત્રણ માન્યા છે, જે પૈકીનો એક પણ આય તમારી માન્યતા પ્રમાણે દૃષ્ટિસ્થાન રાખવાથી આવતો નથી, જુઓ પ્રાસાદમંડન તથા વાસ્તુમંજરીનો દૃષ્ટિસ્થાન સંબન્ધી નીચેનો શ્લોક—

**" आयभागैर्भजेद् द्वार-मष्टममुर्ध्वतस्त्यजेत् ।**
**सप्तमसप्तमे दृष्टि-र्वृषे सिंहे ध्वजे शुभा ॥५॥"**

( પ્રાસાદમંડન ૪. )

**અર્થ:**—' દ્વારના ૮ ભાગ કરવા અને તેમાંનો ૮ મો ભાગ ઉપર છોડી દેવો, નીચેના સાતમા ભાગના ફરી ૮ ભાગ કરવા અને તેનો પણ ઉપરનો આઠમો ભાગ છોડી સાતમા અષ્ટમાંશમાં વૃષભ, સિંહ અથવા ધ્વજ આયમાં દૃષ્ટિ રાખવી તે શુભ છે ' એ જ

શ્લોક વાસ્તુમંજરીમાં છે પણ વસ્તુ એક જ હોવાથી જુદો આપ્યો નથી.

વાંચકગણ જોશે કે, 'અપરાજિતપૃચ્છા' 'પ્રાસાદમંડન અને 'વાસ્તુમંજરી' આદિ બધા ગ્રન્થોનો એક જ મત છે કે, દૃષ્ટિસ્થાન સાતમાનો સાતમો ભાગ છે, અને ઘણાખરા ગ્રન્થો તો સાથે સાથે એ પણ જણાવે છે કે, 'સાતમાના સાતમા ભાગમાં જ્યાં વૃષભ, સિંહ કે ધ્વજ આય મળતો હોય ત્યાં દૃષ્ટિ રાખવી' હવે આધુનિક ગુજરાતી શિલ્પિયોના ભ્રાન્તમત પ્રમાણે સાતમાનો સાતમો ભાગ પૂરો થાય ત્યાં જો દૃષ્ટિ રાખવાની હોત તો આ ગ્રન્થકારો ઉપર જણાવેલ ત્રણ આયો જોવાનું કેમ લખત? સાતમાનો આઠમો ભાગ છોડીને નીચે દૃષ્ટિસ્થાન રાખવાથી કદાચ ગજ આય મળી જાય, પણ શ્લોકમાં બતાવેલ ત્રણ આયો ત્યાં કોઈ રીતે મળી શકતા નથી. જો સાતમાના સાતમા ભાગના ફરીથી ૮ ભાગ કરીને તેના ૧ લા, ૩ જા, ૫ મા ભાગે દૃષ્ટિ રાખવામાં આવે તો જ આ ત્રણ આયો પૈકીનો કોઇ પણ એક આય મળી શકે છે, અને એ પ્રમાણે ત્યારે જ થઇ શકે જ્યારે દૃષ્ટિ સાતમા ભાગની અંદર રાખવામાં આવે.

સાતમાના નીચેના પ્રથમ અષ્ટમાંશમાં ધ્વજાય, ત્રીજા અષ્ટમાંશમાં સિંહાય અને પાંચમા અષ્ટમાંશમાં વૃષાય હોય છે, આજના શિલ્પિયોની માન્યતાનુસાર સાતમાનો સાતમો ભાગ પૂરો કરીને જો દૃષ્ટિ રાખવામાં આવે તો આ ત્રણ પૈકીનો એક પણ આય આવી શકતો નથી. આ ઉપરથી જ સિદ્ધ થાય છે કે, આધુનિક ગુજરાતી શિલ્પિયોની દૃષ્ટિ વિષયક માન્યતા ખરી નથી, પણ ભ્રાન્ત છે.

સાતમાનો અર્થ 'પૂરા સાત કરનાર શિલ્પિને પૂછીયે કે, તમે દ્વારદૃષ્ટિસ્થાનમાં આય જુઓ છો કે નહિ ?'

જો જોતા હો તો તમને તમારી માન્યતા પ્રમાણે દૃષ્ટિસ્થાન નિશ્ચિત કરવામાં વૃષ, સિંહ અથવા ધ્વજ એ ત્રણ પૈકીનો કોઈ પણ આય મળે છે ?

**સપ્તમીનો વિપરીત અર્થ કરતાં બીજી આપત્તિયો:**

વળી 'સપ્તમે' અને 'સાતમામાં' આદિ શબ્દોનો 'પૂરા સાત' આવો અર્થ કરવામાં બીજી પણ અનેક આપત્તિયો આવે છે. જુઓ નીચેના તમારા સંગ્રહના શ્લોકો અને તેનો તમારો અર્થ—

**"यक्षादयश्च प्रथमे विभागे, द्वितीय भागे ऽखिलदेवताश्च। ब्रह्मा च विष्णुश्च जिनस्तृतीये, चतुर्थभागादधिके हरस्य ॥"**

(શિલ્પરત્નાકર, પૃ. ૧૫૩)

**અર્થ**—(તમારો જ લખેલો) 'પ્રથમ વિભાગમાં યક્ષાદિ, બીજા વિભાગમાં સર્વ દેવતાઓ (દેવિયો) ત્રીજા વિભાગમાં બ્રહ્મા, વિષ્ણુ અને જિનદેવતાઓનું સિંહાસન કરવું તથા ચોથા ભાગથી અધિક પાંચમા વિભાગમાં અર્થાત્ ગભારાના મધ્યભાગે શિવનું સ્થાન કરવું. ૧૩૪.'

આ શ્લોકના અર્થમાં તમોએ જે જે દેવોનું સિંહાસન કરવાનું લખ્યું છે તે બધે સ્થાને 'વિભાગ' શબ્દ સંસ્કૃતમાં '**सप्तम्यन्त**' છે અને તેનો અર્થ પણ તમોએ સપ્તમ્યન્તના રૂપમાં જ કર્યો છે ત્યારે પ્રશ્ન ઉભો થાય છે કે, દૃષ્ટિને અંગે લખાયેલા '**सप्तमे**' અથવા 'સાતમામાં' નો અર્થ 'પૂરા સાત' કરો છો તેમ અહીં પણ 'પ્રથમ વિભાગમાં' ઇત્યાદિનો 'પહેલો પૂરો' કરો છો ? અને પ્રથમ વિભાગ પૂરો થાય ત્યાં સિંહાસન કરો છો? કે પ્રથમ વિભાગની અન્દર? હું ધારૂં છું કે, અહીં તમે તમારો 'પૂરા રૂપિયા લેવાનો સિદ્ધાન્ત પાળતા નહિં જ હો.

વળી તમારા સંગ્રહનો નીચેનો શ્લોક અને તેનો અર્થ જુઓ—

**"आद्ये क्रमे गवाक्षं च, द्वितीये माढमेवच। सिंहस्थानं तृतीये च, चतुर्थे सिंहमाश्रयेत् २७"**

(શિલ્પરત્નાકર, પૃ૦ ૧૭૭)

**અર્થ**: (તમારો જ લખેલો)—'છજા ઉપરથી શિખરના પહેલા શૃંગના મથાળા સુધી ગવાક્ષ, બીજા શૃંગના મથાળા સુધી માઢરો, ત્રીજા શૃંગના મથાળા સુધી સિંહસ્થાન અને ચોથા શૃંગના મથાળા સુધી શુકનાશનો સિંહ કરવો. ૨૭.'

શ્લોકનો ઉપર્યુક્ત અર્થ શું તમોએ તમારા સિદ્ધાન્ત પ્રમાણે કર્યો છે?, નહિં જ, તમારા સિદ્ધાન્ત મુજબ તો આ શ્લોકનો અર્થ નીચે પ્રમાણે થવો ઘટે—

‘ પહેલો ક્રમ પૂરો થાય ત્યાં ગવાક્ષ, બીજા ક્રમની સમાપ્તિમાં માઢરો, ત્રીજા ક્રમને અન્તે સિંહસ્થાન અને ચોથા ક્રમને મથાળે શુકનાશનો સિંહ કરવો. ’

કેમ મિસ્તરીજી આ અર્થ ઠીક છે? કારણ કે તમે પૂરો ભાગ લેવાના સિદ્ધાન્તને માનનારા છો માટે ‘ મથાળા સુધી ’ નહિ પણ ‘ મથાળે ’ આવો જ અર્થ થવો જોઇયે અને આમ થયે જ તમારો ‘ પૂરા રૂપિયા લેવાનો ’ સિદ્ધાન્ત ટકી શકશે, ‘ મથાળા સુધી ’ કહેવાથી તો મથાળા નીચેનો ભાગ પણ ભેગો આવી જાય છે, જે તમારા મત પ્રમાણે આવવો ન જોઇયે, કેમ કે દષ્ટિને અંગે તમે સાતમાનો સાતમો ભાગ પૂરો થાય ત્યાં દષ્ટિ રાખવાનો મત ધરાવો છો ત્યારે દેવોના સિંહાસન માટેના વિભાગોમાં અને ગવાક્ષ. માઢરા વગેરેને માટે ક્રમોમાં પણ પહેલો બીજો, ત્રીજો વિભાગ કે પહેલો, બીજો ત્રીજો ક્રમ પૂર્ણ થાય ત્યાં અનુક્રમે સિંહાસનો અને ગવાક્ષાદિ કરવાની આપત્તિ આવે છે, જે તમને પણ માન્ય નહિ જ હોય.

આ બધા પ્રમાણો અને પુરાવાઓ ઉપરથી સમજી શકાશે કે, દષ્ટિસ્થાનને અંગે ગુજરાતના આધુનિક સોમપુરા શિલ્પિયો જે મત ધરાવે છે તે ખરેખર ભૂલભરેલો અને ત્યાજ્ય છે.

**भूलनुं कारण :**

ગુજરાતી મિસ્તરિયોમાં આ ભૂલ કેવી રીતે પેસી ગઈ એનો તેમને પોતાને તો કદાચ ખ્યાલ પણ નહિ હોય છતાં એનું કારણ અમારા ધ્યાન બહાર નથી,

પ્રાસાદોના અંગ–ઉપાંગોની માપણીમાં એ શિલ્પિયો ‘ આટલા ભાગે અમુક કરવું, આટલા ભાગે અમુક કરવું ’ ઇત્યાદિ બોલ્યા કરે છે જે નીચેના શ્લોકો અને એનો અર્થ વાંચતાં જણાશે—

**“ प्रासादस्य दशांशेन, स्तंभानां पृथुविस्तरः।**
**कार्यं एकादशांशेन, द्वादशांशेन वै तथा ॥५९॥**
**त्रयोदशांशमानेन, शक्रांशेन तथोच्यते। एत-**
**न्मानं यथोदिष्टं, स्तंभानां पृथुविस्तरः ॥६०॥**

( શિલ્પરત્નાકર, પૃષ્ટ ૧૩૨ )

“ સ્તંભોનો પૃથુ ( જાડાઇ )નો વિસ્તાર પ્રાસાદની પહોળાઇના પ્રમાણના દશમા ભાગે, અગિયારમા ભાગે, બારમા ભાગે, તેરમા ભાગે અથવા ચૌદમા ભાગે કરવો, સ્તંભોની જાડાઇનું આ પાંચ પ્રકારનું માન યથાશાસ્ત્ર કહેલું છે. એટલે પાષાણની મજબૂતીના આધારે યોગ્ય માન લેવું.

ઉપરના અર્થમાં આવેલો ‘ **भागे** ’ એ શબ્દ સપ્તમ્યન્ત જેવો લાગે છે, પણ વાસ્તવમાં એ તૃતીયા વિભક્તિના અર્થમાં વપરાયો છે. મૂળ સંસ્કૃતમાં બધેય ભાગવાચક ‘ અંશ ’ શબ્દ તૃતીયાન્ત છે અને એનો જ અર્થ ‘**भागे**’ એ શબ્દથી બતાવ્યો છે જેનો તાત્પર્યાર્થ ‘ભાગ જેટલો અથવા ભાગ બરોબર’ એવો થાય છે અહીં ‘ભાગે’ એ શબ્દથી પૂરો ભાગ લેવાય છે, એ રીતે ‘ **भागे** . એ શબ્દ પ્રયોગના અભ્યાસથી દષ્ટિસ્થાન વિષે પણ ‘ ભાગ ’ શબ્દથી પૂરો ભાગ લેવાની ભ્રમણામાં શિલ્પિયો પડી ગયા લાગે છે, પણ તેમણે સમજવું જોઇયે કે, અહીં પૂરો ભાગ લેવાનો છે તે તો તૃતીયા વિભક્તિના પ્રયોગથી જ સમજાય છે, પણ દષ્ટિસ્થાન વિષે પૂરો ભાગ લેવાનો નથી, કેમકે ત્યાં સપ્તમી વિભક્તિનો પ્રયોગ છે, તૃતીયાનો નથી.

**निष्कर्षः**

દષ્ટિસ્થાન સંબન્ધિ આ લાંબી ચર્ચાનો નિષ્કર્ષ નીચે પ્રમાણે નિકળે છે—

૧. જિનમૂર્તિની દષ્ટિ, દ્વારના કયા ભાગમાં પડે એટલી ઊંચી રહેવી જોઇયે એ વિષયમાં ઠક્કુર ફેરુ, જૈનાચાર્ય વસુનન્દી અને બીજા શિલ્પ ગ્રન્થકારો વચ્ચે મતભેદ હતો.

૨. આજકાલની પ્રવૃત્તિમાં દષ્ટિનું સ્થાન અપરાજિતપૃચ્છા, પ્રાસાદમણ્ડન, વાસ્તુમંજરી આદિ ગ્રન્થોના અનુસારે નિશ્ચિત કરવામાં આવે છે,

૩. ઉત્તરંગ અને ઉંબરા વચ્ચેની દ્વારની ઉંચાઇને ૬૪ ભાગે તેના ૫૫ મા ભાગમાં જિનમૂર્તિની દષ્ટિ રાખવી એવું અપરાજિતપૃચ્છાનું વિધાન છે.

૪. પ્રાસાદમણ્ડન, વાસ્તુમંજરી આદિ ગ્રન્થો દ્વારની ઊંચાઈના ૮ ભાગ કરી ઉપરનો આઠમો ભાગ છોડી નીચેના સાતમા ભાગના ૮ ભાગ કરી તેનો પણ ઉપરનો આઠમો ભાગ છોડી દેવાનું અને સાતમાના ફરી આઠ ભાગ કરી નીચેના પહેલા

**માત્ર દુધાળાં અને ખેતી વગેરેમાં ઉપયોગી જનાવરોની રક્ષાની વાત દયામાં ન હોય.**

# દયાની સાચી સમજણ

**પૂ૦ આચાર્ય દેવશ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મ.**

બીજાનું દુઃખ પોતાના દુઃખ જેવું લાગે નહિ અને પોતાના દુઃખને દૂર કરવાની જેવી ઇચ્છા થાય છે તેવી પારકાના દુઃખનો નાશ કરવાની ઇચ્છા જન્મે નહિ, ત્યાં સુધી આપણે દયાળુ છીએ એમ માનવું નહિ. દયાળુપણું ન હોય તોય દયાળુપણાને લાવવાના પ્રયત્નમાં રહેવું જોઇએ અને તે પછી તો દયાળુપણાને લાવવાના પ્રયત્નમાં છીએ એમ જરૂર કહી શકાય. દુઃખી માણસની નજર સ્હેજે સુખી અને સાધન સંપન્ન તરફ જાય, કારણ કે–જો એ ધારે તો મારૂં દુઃખ ટાળે તેમ છે, એમ દુઃખીને થાય છે; પણ સુખી પાસે એ હૈયું હોવું જોઇએ ને? આજે ઘણાઓના ધર્મમાં પ્રાયઃ ભલીવાર દેખાતો નથી, કેમકે–પાયો નથી. એ દૃષ્ટિએ તો એવા સુખી પણ ઓછા દયાપાત્ર નથી. એ બીચારા એવા છે કે–એ ભોગવી શકતા પણ નથી, દઈ શકતા પણ નથી, આખરે તો મૂકીને જ જાય છે અને કેવળ પાપનો ભાર સાથે લઇ જાય છે. બધા એવા હોય અગર એવા છે, એમ આપણે કહેતા નથી. જ્યાં જેટલું લાગુ પડે તેમ હોય ત્યાં તેટલું લાગુ કરવું. બધું બધે લગાડવાનું ન હોય. મોટા ભાગને લક્ષ્યમાં રાખીને વાત થાય. આજે તો એવું પણ બને છે કે–છોકરો સુખી થાય, એટલે દુઃખમાં જીવીને દુઃખે ઉછેરનાર મા–બાપને પણ કહી દે છે કે–'તમે તમારે ઘેર અને હું મારે ઘેર!' અલ્યા, તારૂં ઘર કયું? છોકરાની વહુ તો કદાચ બોલે, કેમકે–એને એનાં મા–બાપે બીજે ઘેર દીધી છે, પણ આવું છોકરો શી રીતિએ બોલે? એ કયે ઘેરથી આવ્યો? મા–બાપના દુઃખની દરકાર નહિ કરનારા અને તેમની પાસે પણ કામ કરાવીને રોજી દેનારા છોકરા પણ આજે નથી એમ નહિ.

આજે દયાની પ્રવૃત્તિ નથી થતી એમ નહિ, પણ હૈયામાં દયાભાવ નથી અને એથી એક તરફ દયાની પ્રવૃત્તિ કરનારો પણ બીજી તરફ માત્ર સામાન્ય નિર્દયતા જ નહિ પણ ક્રૂરતાય બતાવી શકે છે. દયાળુને તો કોઇ દુઃખ દે તોય દુઃખ દેનારનેય દુઃખ દેવાનું મન થાય નહિ. દયાને તો ધર્મનો મૂળ ગુણ કહ્યો છે. દુઃખી માણસની વાત નીકળે, ત્યારે 'એનું એ જાણે'–એમ દયાળુથી બોલાય નહિ. બીજાના દુઃખને દૂર કરવાનાં સાધનો પોતાની પાસે હોય અને બીજાનું દુઃખ રહી જાય તો એ માણસાઈ છે? આજે તો સુખી અને સાધન સંપન્ન

---

અષ્ટમાંશે ધ્વજઆયમાં, ત્રીજા અષ્ટમાંશે સિંહ આયમાં અથવા પાંચમા અષ્ટમાંશે વૃષભ આયમાં દૃષ્ટિ રાખવાનું વિધાન કરે છે.

૫. આજના ગુજરાતી શિલ્પિયો મોઢાથી તો સાતમાના સાતમા ભાગમાં દૃષ્ટિ રાખવાનું કહે છે, પણ કૃતિમાં તેનો સાતમો ભાગ પૂરો થાય ત્યાં દૃષ્ટિ રાખે છે અને તેમ કરવાની બીજાઓને સલાહ આપે છે.

૬. ગુજરાતી શિલ્પિયોની માન્યતા પ્રમાણે દૃષ્ટિસ્થાન રાખતાં પ્રાસાદમણ્ડન, વાસ્તુમંજરી પ્રમુખ ગ્રન્થોનું કથન ખોટું ઠરે છે, કેમકે આ બધા ગ્રન્થોમાં દૃષ્ટિસ્થાન વૃષ, સિંહ અથવા ધ્વજ આયમાં રાખવાનું કહ્યું છે; જે સાતમા ભાગની અંદર દૃષ્ટિ રાખવાથી જ મળી શકે, પૂરા સાત ભાગે નહિ

૭. સપ્તમી વિભક્તિનો અર્થ બરોબર સમજવામાં આવે તો આ નવી ભૂલ ક્ષણભરમાં નિકળી જાય તેવી છે.

૮. બીજા પ્રસંગોમાં જેમ 'દશમા ભાગે, બારમા ભાગે' ઇત્યાદિ પ્રકારની કારીગરો ભાષા વાપરે છે અને ત્યાં તેટલા ભાગો જેટલું માપ ગ્રહણ કરે છે, તેમ દૃષ્ટિસ્થાનના સંબન્ધમાં પણ કરે છે જે તેમની ભૂલ છે. 'સ્થાનવિભાગ' અને 'ક્રમ' પ્રકરણમાં જેમ સપ્તમીનો અર્થ 'તેની અંદર' અથવા 'તેના મથાળા સુધી' એવો કરવામાં આવે છે તેવો જ અર્થ દૃષ્ટિસ્થાનના સંબન્ધમાં પણ 'સાતમાના સાતમાની અંદર' અથવા 'સાતમાના મથળા સુધી' આવો કરવામાં આવે તો આ ભૂલ સુધરી જાય.

દૃષ્ટિસ્થાન સંબન્ધી આટલો સ્પષ્ટ ખુલાસો વાંચ્યા પછી પણ જો શિલ્પિયો પોતાની ભૂલ નહિ સુધારે તો તેનો અર્થ એ જ થશે કે, તેઓ સમજવા છતાં દુરાગ્રહી છે. અને એવા દુરાગ્રહી શિલ્પિયોની સલાહ માનવામાં કેટલું જોખમ રહેલું છે તે કામ કરાવનારાઓને વિચાર કરતા બનાવશે. ક્રમશઃ

માણસો જાણે કે મિલ્કતના માલિક નહિ પણ ટ્રસ્ટી હોય એવું કરે છે. સાધન મળ્યાં હોય તો એ નિર્ણય કરવો જોઇએ કે–'આ સાધનોનો, બીજાનું દુઃખ ટાળવામાં ઉપયોગ કરવો.' પુણ્યવાનની નજદિકમાં દુઃખીનો વસવાટ થઇ ગયો હોય, તો એટલું એનું પુણ્ય ખરૂં ને? પણ આજે દુઃખી તો કહે છે કે–'અમારે એની જોડે વસવાનું થયું એ અમારૂં પાપ. એના ઘરનાં ખાન–પાન વિગેરે જોઇને અમ ગરીબનાં છોકરાંને રોજ રોવાનું!' આગળ તો સુખી માણસ યાત્રાદિ કરીને આવે તો શેરીમાં ઘેર ઘેર અને સ્નેહી-સંબંધિઓને ત્યાં અમુક અમુક ચીજો પહોંચી જાય. ઘેર કાંઇ સારૂં ખાવા–પીવાનું કર્યું હોય, તો છોકરાંને ટગર–ટગર જોયા કરવાનું અને નિસાસા નાખતા ઘેર જવાનું હોય નહિ. આપણા પુણ્યે કોઇનું દુઃખ જાય, એમાં વાંધો છે? પરમ ઉપકારી આચાર્યભગવાન શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ ગ્રન્થની રચનાને અંતે કહ્યું કે–'આ ગ્રન્થની રચના દ્વારા મેં ઉપાર્જેલા પુણ્યના વશથી, ભવ્યાત્માઓ, ભયવિરહને માટે શ્રી જિનશાસનના બોધિને પામો!' સામાન્ય રીતિએ એમ કહેવાય કે–પુણ્યવાનની પડખે પાપોદયવાળો ચઢે એટલું એનું પુણ્ય છે અને પેલાના પુણ્યયોગે આનું કામ થાય એમ પણ બને. પોતે બજારમાં જાય તો કમાઇ શકે નહિ અને કોઇ આપે તો આજિવિકા ચલાવી શકે, એવા કર્મવાળા જીવો પણ હોય છે. આથી આપણાથી એમ ન જ કહી શકાય એમ નહિ, પણ એવું વિચારી શકાય પણ નહિ કે–'એ દુઃખી થાય તેમાં મારે શું?' એ વૃત્તિ જો આવી, તો નિર્દયતા આવી સમજો.

દયાળુ માણસ જેમ કોઇ પણ માણસને માટે એમ કહી અગર વિચારી શકે નહિ કે–'એ એના પાપે દુઃખી થાય છે, તેમાં મારે શું?' તેમ કોઇ પણ પશુ–પંખી આદિને માટે પણ એ એવું વિચારી શકે નહિ. દયાભાવ નાના–મોટા સર્વ જીવો પ્રત્યે જોઇએ. કોઇ પણ જીવ–પછી તે માણસ હોય, પશુ હોય, પંખી હોય કે નાનામાં નાનો ક્ષુદ્ર જન્તુ હોય; તેને દુઃખી જોઇને તેના દુઃખનો નાશ કરવાની ઇચ્છા, એ દયાળુપણું છે, બીજાના દુઃખનો નાશ કરવાની ઇચ્છા પણ સ્વાર્થરહિત જ જોઇએ, સર્વ જીવોની દયામાં જેમ માણસો આવી જાય છે, તેમ દૂધાળાં જનાવરો અને ખેતી માટે ઉપયોગી જનાવરો વિગેરે પણ આવી જાય છે; દયાના ક્ષેત્રમાંથી એ બાકાત નથી; પણ આ પશુઓ દૂધાળાં છે અથવા તો ખેતીના ઉપયોગનાં છે–એ હેતુને પ્રધાન બનાવીને તેની રક્ષાદિ કરાય, તો પણ વસ્તુતઃ તે દયાભાવ નથી. માનવજાતને ઉપયોગી જનાવરોને જીવાડવાં અને બીજાનું ગમે તે થાઓ, એ દયા નથી. આજે છાપાંઓમાં જૂઓ તો દયાને નામે દૂધાળાં અને ખેતી વિગેરેમાં ઉપયોગી જનાવરોને બચાવવાની વાત મોટા મથાળાંથી આવે છે. એ દયાનો પ્રકાર છે? 'દૂધાળાં' અથવા તો 'ખેતી વિગેરેમાં ઉપયોગી' એવી વાત આવી, એટલે થયું શું? તેમાં દયા છે કે સ્વાર્થની પ્રધાનતા છે? આજે દયાના નામે કામ કરનારાઓમાં પણ ઘણાઓ આ વાતને આગળ કરે છે. દૂધ, ખેતીમાં ઉપયોગી, વિગેરે વાતો કરીને પહેલાં તો સ્વાર્થની વાત હૈયામાં ઠસાવે છે અને પછી દયાના નામે પૈસા મેળવવાને ઇચ્છે છે. આપણે થોડા જીવોની રક્ષા કરી શકીએ–એ બને, માત્ર અમુક દુઃખી જીવોના જ દુઃખનું નિવારણ કરી શકીએ એમ પણ બને, પણ આપણા હૈયામાં દયાભાવ તો સર્વ જીવો પ્રત્યે હોવો જોઇએ. કોઈ પણ પ્રકારના સ્વાર્થ વગર, દુઃખી માત્રના દુઃખનો નાશ કરવાની ઇચ્છા આપણામાં હોવી જોઇએ.

આપણામાં તો દયાની જગ્યાએ ભીતિ ઘણી છે. જેમ કે–ઉપરથી કોઇને પડતો જોઇએ તો આપણને ત્યાંથી ખસી જવાનું મન થાય કે શક્ય હોય તો તેને હાથમાં ઝીલી લેવાનું મન થાય? એ વખતે પહેલો વિચાર એ આવે કે–'એ પડે છે તેથી મને કાંઇક વાગી બેસે નહિ.' ભીતિના માર્યા ભાગી જવાનું મન થાય છે, પણ પડતાની રક્ષા કરવાનો વિચાર ભાગ્યે જ આવે છે. દુઃખી જીવોના દુઃખને જોઇને કેટલાકોની આંખમાં આંસુ સુદ્ધાં આવી જાય છે. એમાંય દયા કરતાં ભીરૂપણું હોઈ શકે છે. દુઃખનો

# આપણાં તીર્થો

શ્રી અભ્યાસી

[ પૂર્વદેશનાં તીર્થોનો ટુંક પરિચય; જાન્યુઆરી ૧૯૪૮ના અંકથી આગળ ]

## ૫ લખનૌ

કૌશાંબીથી કાનપુર થઇને લખનૌ અવાય છે. ગોમતીનદીના કીનારાપર આવેલું આ શહેર પૂર્વકાળમાં અવધદેશની રાજધાનીનું મુખ્ય મથક ગણાતું હતું. આ શહેરે, મુસલમાનોના સમયમાં ખૂબ જ જાહોજલાલી ભોગવી છે. આજે પણ યુક્તપ્રાંતની રાજધાનીનું શહેર લખનૌ ગણાય છે. આજે પં. ગોવિંદ વલ્લભપંતની કોંગ્રેસ સરકાર યુક્તપ્રાંતનો વહિવટ સંભાળે છે. હિંદના પહેલા સ્ત્રીગવર્નર શ્રીમતી સરોજિની નાયડુ આ પ્રાંતના ગવર્નર પદે છે.

લખનૌમાં આપણા ૧૪ શિખરબંધી દેરાસરો છે. અને ચાર ઘરદેરાસર છે. આમાંનાં કેટલાક દેરાસરોમાં સ્ફટિકરત્ન તેમજ પોખરાજનાં પ્રતિમાઓ છે. પૂર્વકાલમાં અહિં પ્રાચીન જિનમંદિરો હોવાં જોઇએ એમ લાગે છે. મુસલમાન બાદશાહોના કાળમાં આપણાં મંદિરોનો નાશ થવાથી આ નવાં મંદિરો બંધાવ્યા હોય એમ અનુમાન થઇ શકે છે.

અહિં પ્રાચીન અવશેષોને જાળવી રાખનારૂં એક મ્યુઝીયમ છે. તેમાં સેંકડો ખંડિત જિનબિંબો નજરે પડે છે. મથુરાના કંકાલીટીલામાંથી ઇસ્વીસન પહેલાનાં જે જિનબિંબો નીકલ્યાં છે. તે બધાં આ સંગ્રહસ્થાનમાં સંગૃહિત કરીને રાખવામાં આવ્યાં છે. મ્યુઝીયમનાં આ બધાં પ્રતિમાજીને અંગે જાણીતા ઇતિહાસશાસ્ત્રીઓએ ઘણો સુંદર પ્રકાશ પાડયો છે. ડૉ. ફુહરર, ડૉ. બુલ્હર અને મી. સ્મીથે આને અંગે જણાવ્યું છે કે, ‘મથુરામાં એક સમયે જૈનધર્મ અસાધારણ પ્રભુત્વ ધરાવતો હતો. તેમ એના આ બધા સ્થુપો પરથી જણાય છે. વગેરે’

ઇ. સ. પૂર્વના બે–ત્રણ સૈકામાં શિલ્પકામ સારામાં સારૂં થતું, તે આ અવશેષો જોવાથી જાણી શકાય છે. જૈનશાસ્ત્રોમાં જે હકીકતો દર્શાવી છે, તેમાંની કેટલીયે ઐતિહાસિક હકીકતો આ અવશેષોમાં કોતરાયેલી જોઇ શકાય છે. એકંદરે લખનૌના મ્યુઝીયમને જોવાથી જૈનધર્મની પ્રાચીનતા અને પ્રભાવકતા માટે સ્હેજે પ્રત્યેક વિચારકનાં હૃદયમાં માન ઉપજ્યા વિના રહેશે નહિ.

આયાગ પટ્ટમાં ચોરસ પત્થરના એક ટુકડાપર આસપાસ સુંદર કારીગરી સાથે મનહર મૂર્તિવિધાન નજરે પડે છે. આવા એક આયાગ પટ્ટ પર પુરાણા અક્ષરોવાળો એક લેખ છે. એમાં લખ્યું છે કે, ‘જેનો પિતા સિંહનામે વણિક છે. જેની માતા

---

ડર એવો છે કે–આંસુ પણ આવી જાય, એટલે આંસુ આવે એટલા માત્રથી દયાળુ કહેવાય નહિ. આજે લગભગ બધા બોલે છે કે–‘દુષ્કાળ આવ્યો તો થશે શું ? એમાં–દુષ્કાલમાં લોકનું શું થશે ?’ એની ચિન્તા વધારે છે કે ‘દુષ્કાલમાં પોતાનું શું થશે ?’ એની ચિન્તા વધારે છે ? જો લોકની ચિન્તા વધારે હોય, તો સુખી માણસોએ ‘દુષ્કાળ આવ્યો તો થશે શું ?’ એ વાત જાણીને કર્યું શું હોત ? ‘કાલે અનાજ નહિ મળે તો ?’–એ કલ્પનાએ જેનાથી બન્યું તેણે ઘર ભરવા માંડ્યું, અનાજનો થાય તેટલો સંગ્રહ કરવા માંડયો, પણ કોઈ સુખીએ એવો વિચાર કરવા માંડયો કે–‘લોકને જ્યારે અનાજનાં ફાફાં પડે ત્યારે હું સૌને અનાજ પૂરૂં પાડી શકું અને ભૂખના માર્યા કોઇને મરવાનો વખત આવે નહિ, એ માટે અત્યારથી જ જોગવાઈ કરૂં !’ આવું કામ કરવાની સામગ્રી તો હોય, પણ એવું હૈયું જોઇએ ને ? જેમ ‘મારૂં શું થશે ?’–એવો વિચાર હૈયામાં પેદા થાય છે, તેમ ‘સૌનું શું થશે ?’ એવો વિચાર પેદા થાય, એવા પ્રકારનું હૈયું જોઇએ ને ? આથી તમે સમજી શકશો કે–‘દુષ્કાળ આવ્યો તો લોકનું થશે શું ?’–એવું પણ બોલાતું હોય, તો પણ તેમાં પ્રાયઃ લોક પ્રત્યેની દયા નથી, પણ પોતાના દુઃખની ભીતિ છે. ડરપોકમાં પ્રાયઃ દયા હોય નહિ અને હોય તો પણ તે મામુલી કોટિની હોય.

કૌશિકી છે, તે સિંહનંદિ કે અરિહંતોની પૂજી માટે આ સ્થાપિત કર્યો છે.'

## ૬ રત્નપુરી

લખનૌથી મોડી રાતે ઉપડેલી ટ્રેન વ્હેલી સ્હવારે સોહાવલી સ્ટેશને આવે છે. સ્ટેશનથી એ માઇલે રત્નપુરી તીર્થ આવેલું છે. રત્નપુરી શ્રી ધર્મનાથ ભગવાનનાં ચાર કલ્યાણકોથી પવિત્ર થયેલી પુણ્યભૂમિ છે. વર્તમાન અવસર્પિણીના પંદરમા તીર્થપતિનાં ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાનની તીર્થભૂમિ આજે પણ ત્યાં આવનારને પવિત્રતાનાં શાંત વાતાવરણથી ભરી દે છે. સુંદર મંદિર, ધર્મશાળા વગેરેથી આ સ્થાન ખૂબજ રમણીય લાગે છે. પાંચવીઘા જેટલી જમીનને ફરતા કોટની અંદર આ બધું આવેલું છે, મંદિરમાં ભગવાનશ્રી પાર્શ્વનાથ પ્રભુની શ્યામવર્ણી મૂર્તિ છે. આજુબાજુ શ્રી અનંતનાથ અને શ્રી ધર્મનાથપ્રભુની પ્રતિમાઓ છે. મંદિરની વચ્ચે શ્રી ધર્મનાથપ્રભુનાં કેવળજ્ઞાન કલ્યાણકની સ્થાપના છે.

મ્હોટા મંદિરની ચારે બાજુ ચાર ખૂણામાં ચાર નાનાં મંદિરો છે. તેમાં અગ્નિ ખૂણાની બાજૂનાં મંદિરમાં શ્રી ધર્મનાથ તથા શ્રી મહાવીરસ્વામીનાં પગલાં છે. નૈઋત્યખૂણાનાં મંદિરમાં શ્રી ધર્મનાથજી ભગવાનનાં ચ્યવન કલ્યાણકની સ્થાપનાનાં પગલાં છે. વાયવ્ય અને ઈશાન ખૂણાનાં મંદિરમાં જન્મ કલ્યાણક અને દીક્ષા કલ્યાણકની સ્થાપના છે. બાજુમાં શ્રીઋષભદેવ ભગવાનનું ન્હાનું મંદિર છે. રત્નપુરી તીર્થ, એકંદરે તેની ભવ્ય પ્રાચીનતાને જાળવી રહ્યું છે. તે એક દૃષ્ટિયે આનંદની વાત છે.

## ૭ અયોધ્યા

રત્નપુરીથી ટ્રેન રસ્તે અયોધ્યા આવી શકાય છે. અયોધ્યા, એ જૈન-જૈનેતર સમાજમાં સુવિખ્યાત પ્રાચીન તીર્થભૂમિ ગણાય છે. વિનીતા, કોશલા અને સાકેતપુર—આ ત્રણ અયોધ્યાનાં પ્રાચીન શાસ્ત્રીય નામો છે. વર્તમાન અવસર્પિણીકાલના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનની નગરી તરીકે અયોધ્યા જૈનશાસ્ત્રોમાં ખૂબજ પ્રચલિત છે. ઇંદ્રમહારાજાની આજ્ઞાથી, વૈશ્રમણદેવે યુગની આદિમાં આ નગરીની રચના કરી છે. અયોધ્યાને આજે અસંખ્યાતાં વર્ષો થઇ ગયાં છે. છતાં આ તીર્થભૂમિ, પોતાની જાહેોજલાલીથી હજુ પણ શ્રદ્ધાળુ ભાવુકોનાં હૈયામાં પોતાનું આધિપત્ય સાચવી શકી છે.

સરયૂનદીના કિનારે વસેલી આ પ્રાચીન નગરીમાં ભગવાન શ્રી ઋષભદેવસ્વામી ચૈત્ર વદિ આઠમ-પૂર્વાષાઢા નક્ષત્રમાં (ગુજરાતી ફાગણ વદિ) જન્મ પામ્યા હતા. અને તે ફાગણ વદિ ૮ ના દિવસે ભગવાન શ્રી ઋષભદેવસ્વામીએ અહિં દીક્ષા સ્વીકારી હતી. તેમજ આ નગરીના પુરીમતાળ નામના પરામાં ભગવાનને ફાગણ વદિ ૧૧ ના દિવસે લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું.

એજ રીતે ભગવાન શ્રી ઋષભદેવસ્વામીના પુત્ર શ્રી ભરતચક્રવર્તી, આ નગરીમાં પોતાના મહેલના આરીસાભુવનમાં કેવળજ્ઞાન પામ્યા હતા. શ્રી અજિતનાથ ભગવાનનાં ચાર કલ્યાણકો આ નગરીમાં થયાં છે. શ્રી જિતશત્રુરાજાને ત્યાં માહ સુદિ ૮ રોહિણી નક્ષત્રમાં ભગવાન શ્રી અજિતનાથસ્વામી જન્મ પામ્યા હતા. શ્રી અભિનંદનસ્વામી, શ્રી સુમતિનાથ અને શ્રી અનંતનાથ—આ ત્રણેય તીર્થંકરોનાં ચાર-ચાર કલ્યાણકો આ ભૂમિમાં ઉજવાયાં છે.

રઘુવંશમાં પ્રસિદ્ધ શ્રી રામચંદ્રજી, શ્રી લક્ષ્મણજી અને શ્રી ભરત આ બધા મહાપુરુષો; અયોધ્યામાં જન્મી, જગતમાં પ્રસિદ્ધ થયા હતા. રામ અને અયોધ્યા—એટલા બધા પરસ્પર સંકળાયેલા છે, કે; લોક વ્યવહારમાં પણ એમ બોલાય છે કે, 'જ્યાં રામ ત્યાં અયોધ્યા.' આજ પવિત્ર નગરીના ઉદ્યાનમાં સતી શિરોમણિ સીતાજીએ દિવ્ય કર્યું હતું.

ટેકની ખાતર પોતાનાં રાજ-પાટ, કુટુંબ—કબીલો ત્યજી દેનાર રાજા હરિશ્ચંદ્ર પણ આ અયોધ્યાના રાજવી હતા. ભગવાન શ્રી મહાવીરસ્વામીના નવમા ગણધર પણ આ જ અયોધ્યાના હતા. આજે એ અયોધ્યા રહી છે. પણ તેની સમૃદ્ધિ, તેનો વૈભવ, ભૂતકાલના ગર્ભમાં સમાઈ ગયો છે. છતાં તેની આસપાસના ખંડેરો; અયોધ્યાની પ્રાચીન મહત્તાને બોલી રહ્યાં છે.

કટરા મહોલ્લામાં આપણું એક મંદિર છે. મંદિરમાં શ્રી અજિતનાથ ભગવાન મૂલનાયક છે. એ ઉપરાંત, શ્રી ઋષભદેવસ્વામી, શ્રી અભિનંદનસ્વામી, તથા શ્રી મહાવીરસ્વામી ભગવાનનાં પ્રતિમાઓ પણ છે. મંદિરની મધ્યમાં સમવસરણની રચના છે. એમાં શ્રી અજિતનાથ ભગવાનની પાદુકા છે.

## ૮ સાવત્થી

**અયોધ્યાથી** મનકાપુર અને ગેંડા જંકશન બાદ મનકાપુર સ્ટેશનથી સાત કોશ દૂર સાવત્થી જવાય છે, રસ્તો સ્હેજ અગવડવાળો છે. સાવત્થી આજે ઉજ્જડ છે. ઠેક-ઠેકાણે ખંડેરો ઉભાં છે. જે કાલની ક્રૂરતાને દીનભાવે કહી રહ્યાં છે. જ્યાં જૂઓ ત્યાં ઝાડી ઉગી નીકળી છે. જે શ્રાવસ્તીનગરીમાં ભગવાન શ્રી મહાવીરદેવ પર, તેઓના શિષ્ય ગોશાલાએ તેજોલેશ્યા મૂકી હતી; તે આ નગરી, આજે તદ્દન શૂન્ય બની, જગતના પદાર્થોની અનિત્યતાનો બોધપાઠ આપણને આપી રહી છે.

ત્રીજા તીર્થંકર શ્રી સંભવનાથસ્વામીનાં ચાર કલ્યાણકો, આ પવિત્ર ભૂમિપર થયાં હતાં. આજે સંભવનાથ ભગવાનનું મંદિર, મૂર્તિવિહોણું ખાલી પડયું છે. ભગવાન શ્રી મહાવીરદેવના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીજી અને ભગવાન શ્રી પાર્શ્વનાથસ્વામીના શાસનમાં થયેલા કેશીકુમાર આચાર્યનો મેળાપ આ નગરીના તિંદુકવનમાં થયો હતો.

આ ક્ષેત્ર આજે પણ રમણીય લાગે છે. એકાંતમાં રહી, શાંતિપૂર્વક આત્મસાધના કરનારાઓને માટે આ ભૂમિનું વાતાવરણ ઘણું જ અનુકૂળ છે.

## ૯ કાશી-બનારસ

**અયોધ્યાથી** ટ્રેનમાં કાશી તરફ જવાય છે, કાશી એ પૂર્વદેશની બહુ પ્રાચીન નગરી છે. વરણા-અસી આ બે નદીઓ અહિં ગંગાને મળતી હોવાથી, આ નગરીનું વારણાણસી પડયું હતું, ત્યારબાદ અપભ્રંશ થતાં આજે વાણારસી બોલાય છે. વૈદિક સંપ્રદાયમાં તેમ જ બૌદ્ધસંપ્રદાયમાં પણ બનારસનું નામ ઘણું જ પ્રસિદ્ધ છે. ભગવાન શ્રી સુપાર્શ્વનાથ તેમજ ભગવાન શ્રી પાર્શ્વનાથસ્વામીનાં ચાર કલ્યાણકો આ પુણ્યક્ષેત્રમાં થયાં છે. આપણાં દશ મંદિરો અહિં છે. રામઘાટનું મંદિર બધા કરતાં ઘણું જ સુંદર અને રમણીય લાગે છે. આ બધાં મંદિરોમાં કેટલાંક શિખરબંધ અને કેટલાંક ઘર દેરાસર જેવાં છે. અંગ્રેજી કોઠીમાં શ્રી યશોવિજયજી જૈન પાઠશાળાના મકાનમાં પણ ઘર દેરાસર છે!

પૂર્વકાલમાં આ નગરીમાં દેવવાણારસી, રાજવાણારસી, મદનવાણારસી, અને વિજયવાણારસી એ રીતના ચાર ભાગ હોવા જોઇએ એમ લાગે છે.

આજે આ નગરીમાં હિંદભરમાં વિખ્યાત સર્વદર્શન વિશારદ બ્રાહ્મણ પંડિતોનો વાસ હંમેશા રહે છે. પંડિત શ્રી માલવીયાજીએ સ્થાપેલી 'વિશ્વવિદ્યાલય' અહિં છે. જે સમસ્ત ભારતમાં અનોખું સ્થાન ધરાવે છે. સર્વદર્શનોના સંસ્કૃતગ્રંથો, સંશોધનપૂર્વક અહિંની પુસ્તક પ્રકાશક સંસ્થાઓ તરફથી નિયમીત પ્રસિદ્ધ થયા કરે છે. એકંદરે; કાશી, એ જૈનોની કલ્યાણક ભૂમિનું પવિત્ર ક્ષેત્ર છે, તે રીતે વૈદિક મતાનુયાયીઓનું પણ પવિત્ર તીર્થક્ષેત્ર ગણાય છે.

ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજશ્રીએ પણ અહિં આવીને, ન્યાય, વેદાંત આદિ દર્શન શાસ્ત્રોનો બાર બાર વર્ષ સુધી અભ્યાસ કર્યો હતો, જે દૃષ્ટિયે કાશીને વિદ્યાભૂમિ પણ કહી શકાય.

કાશીની બાજુમાં તેના પરા તરીકે ભદૈની અને ભેલુપુર છે. ભેલુપુરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનું મંદિર અને ધર્મશાળા છે. ભદૈનીમાં સુપાર્શ્વનાથ ભગવાનનું સુંદર મંદિર છે. નજીકમાં નાની ધર્મશાળા છે. આ ઘાટને વચ્છરાજ ઘાટ કહેવાય છે. અહિંથી ગંગાનો દેખાવ અત્યંત આકર્ષક છે. નજદિકમાં જ દિગંબર જૈનોનું સ્યાદ્વાદ વિદ્યાલય છે.

કાશીમાં એકંદરે, હરિશ્ચંદ્ર ઘાટ, મણિકર્ણિકા ઘાટ, દશાશ્વમેધ ઘાટ, તેમજ જયપુરના મહારાજાએ બંધાવેલ વેધશાળા, હિંદુવિશ્વવિદ્યાલય, ઈત્યાદિ સ્થળો દર્શનીય છે. હિંદુઓનું, કાશી-વિશ્વનાથનું મંદિર અહિં મોટું તીર્થધામ ગણાય છે.

[ બાકીના તીર્થોનો પરિચય આગામી અંકે ]

# સ્ત્રી વિષેની કહેવતો ને તેનું રહસ્ય.

—શ્રી. જ્યોતીન્દ્ર હ. દવે

ભાષા જ્યારે સદીઓના અનુભવ અને જ્ઞાનને નાનકડા પણ શાનદાર ને સચોટ વાક્યમાં અર્કરૂપે ઉતારે છે ત્યારે એ કહેવતરૂપ બની સમસ્ત પ્રજાની સહિયારી મિલકત બની જાય છે. એનો મૂળ કર્તા વિસરાઇ જાય છે. એનો આરંભ કેમ ને શી રીતે થયો એ કોઇ જાણતું નથી પણ સર્વ એનો પ્રયોગ કરે છે.

કોઈ પણ પ્રજાની કહેવતો તપાસતાં આપણને તેના સંસ્કાર, આચારવિચાર તથા અમુક કોમ કે વર્ગ વિષે એ પ્રજાના મનમાં કેવા ખ્યાલ છે તેનું કંઇક અંશે જ્ઞાન મળે છે.

આપણી ભાષામાં જુદી જુદી જ્ઞાતિ, કોમ કે વર્ગો વિષે ઘણી કહેવતો છે. દાખલા તરીકે 'વાણીયા મૂછ નીચી તો કે સાતવાર નીચી', 'દરજીનો દીકરો જીવે ત્યાં સુધી સીવે', 'અગમ બુદ્ધિ વાણિયો, પચ્છમ બુદ્ધિ બ્રહ્મ; તરત બુદ્ધિ તરકડો તે મુક્કી મેલે ઘમ', 'નવરો હજામ પાટલા મૂંડે' ઇત્યાદિ. આ પરથી તે તે વર્ગો કે વર્ણોની ખાસિયત–ખૂબી અને ખામી વિષે પ્રજામાનસમાં કેવા પ્રકારના ખ્યાલ પ્રવર્તતા હશે તે આપણે જાણી શકીએ છીએ, ભાષાએ, કહેવતોને ખાતર, પુરૂષના જ્ઞાતિવાર તેમજ ધંધાવાર જેમ ભેદો ને પેટાભેદો પાડયાં છે તેમ સ્ત્રીના પાડયા છે. સ્ત્રીઓ માટે જેમ સભામાં, રેલ્વેમાં ને ટ્રામમાં અલાહેદી જગા રાખવામાં આવે છે. તેમ ભાષામાં પણ સ્ત્રીઓ માટે ખાસ કહેવતો રચાઇ છે. અને સ્ત્રીઓની પેઠે જ સ્ત્રી માટેની આ કહેવતો પણ રસીકજનોનું ખાસ ધ્યાન ખેંચે એવી ઊંડા રહસ્યથી ભરેલી અને સ્મરણમાં રમી રહે એવી હોય છે.

અબલા વર્ગ માટે આપણી ભાષામાં એટલી બધી કહેવતો છે કે, તે બધીનો ઉલ્લેખ પણ અહીં કરી શકાય એમ નથી.

'અજવાળી પણ રાત' અને સ્ત્રીની બુદ્ધિ પાનીએ' એ કહેવતો પરથી સ્ત્રીના વિષે ને સ્ત્રીની બુદ્ધિ વિષે સામાન્ય લોકો શું ધારતા હતા તેનો ખ્યાલ આવી શકે છે. રાત ગમે તેવી અજવાળી હોય, પણ દિવસના આગળ એ ફીકી જ લાગે, તેમ સ્ત્રી ગમે તેવી ચતુર કે સુંદર હોય પણ પુરૂષ આગળ એની કિંમત કંઇ નહિ એવી મતલબની જે પહેલી કહેવત છે તેનો ઘડવૈયો કોઈ પુરૂષ હશે એ નિઃસંદેહ છે. એને પોતાની પત્ની સાથે કંઇક વાતમાં બોલાચાલી થઇ હશે અને તે પરથી ઘરમાં મોટું કોણ એ વિષે બન્ને જણ ચર્ચામાં ઊતરી પડયાં હશે. સ્ત્રીએ પોતાનું મહત્ત્વ દર્શાવવા એને આવડે એવી બધી દલીલો કરી હશે, અને સ્ત્રી જ્યારે બોલવા બેસે ત્યારે પુરૂષના કાનને જ કામ કરવાનું રહે છે. એની જીભ અંદરથી ગમે તેટલો સળવળાટ કરે પણ તેને તો મોંની અંદર ગૂંચળું વળીને શાંતિથી પડી રહેવું પડે છે. એટલે પુરૂષને પોતાની મહત્તા વર્ણવી બતાવવાની અત્યંત ઇચ્છા છતાં અવકાશ નહિ મળ્યો હોય અને એ ચર્ચા રાત દરમ્યાન થઇ હશે એટલે એણે લાંબી જીભાજોડી કરવાને બદલે એકાદ બે વાકયમાં પતાવ્યું હશે ગમે તેવી પણ તું સ્ત્રી, અજવાળી પણ રાત, દિવસ નહિ. પુરૂષની તોલે તું ન આવે, 'વરવહુ' જ્યારે ચર્ચા કરતાં હોય છે ત્યારે તેમના પાડોશીઓની સ્થિતિ બહુ કફોડી થાય છે. એ બિચારાથી કંઈ કામ થઇ શકતું નથી અને વરવહુની ચર્ચા છાનામાના ઊભા રહીને સાંભળ્યા સિવાય એમનો છૂટકો થતો નથી. ઉપર કહી તે મુજબની એ વરવહુની ચર્ચા એમના પાડોશીના સાંભળવામાં આવી હશે ને તેને 'અજવાળી પણ રાત' એ વાકય ઘણું ગમી ગયું હશે. એણે પોતાની પત્ની સાથે, નિયમ મૂજબ, તકરારનો પ્રસંગ ઉભો થતાં ઉપલા વાકયનો પ્રયોગ કર્યો હશે અને એ રીતે સ્વાર્થી પુરૂષોએ પોતાની શ્રેષ્ઠતા સાબીત કરવા ઉપલા વાકયનો કહેવત તરીકે ઉપયોગ કરીને એને ચલણી સિક્કા સમું બનાવી દીધું હશે.

સ્ત્રી એટલે કંકાસ ને કજિયાનું મૂળ. એ લડે ને લડાવે એવા ભાવાર્થની એકથી વધારે કહેવતો છે 'જર, જમીન ને જોરૂ એ ત્રણે કજિયાના ભેરૂ' એમાં સ્ત્રીની સાથે જમીન ને જરને પણ કજિયાનાં કારણ તરીકે ગણાવ્યાં છે. તે ફક્ત ત્રણ જણને ભેગા

કરી અર્થાલંકાર આણવા ખાતર નથી, પણ એમાં બહુ ટૂંકામાં પરંતુ સચોટ રીતે આદિ કાળથી તે અત્યાર સુધી માણસ શેને માટે લડતો આવ્યો છે તેનું દર્શન કરાવ્યું છે.

'ચાર મળે ચોટલા તો બારના ભાગે ઓટલા' ચાર સ્ત્રીઓ ભેગી થાય, અને તેઓ માંહોમાંહ્ય લડી ન પડે, તો એમની વાતચીતના પરિણામે બાર કુટુંબમાં વિખવાદ જાગે. ઉપર કહેલી કહેવત સ્ત્રી ખાતર લડાઈ થાય છે એમ દર્શાવે છે. તો આ કહેવત એમ સૂચવે છે કે, લડાઇ ખાતર સ્ત્રી છે. સ્ત્રી એ લડાઇનું નિમિત્ત કારણ જ નથી, ઉપાદાન કારણ પણ છે. સ્ત્રીને માટે જ નહિ, પણ સ્ત્રીના શબ્દે પણ લોકોમાં ઝઘડા જામે છે, કંકાસ થાય છે, વિખવાદ વ્યાપે છે ને ઝેર ને વેરનાં બીજ રોપાય છે. આખી દુનિયામાં સ્થળે સ્થળે અશાંતિ ફેલાવનાર પુરૂષે સ્ત્રીને આમ વગોવી છે. પણ સ્ત્રીએ જો કહેવત રચી હોત તો એ પણ કહી શકતે કે બે મળે ચોટલી, તો બારની ખૂંચવે રોટલી, અર્થાત્ બે પુરુષ પણ ભેગા થાય તો બીજા બાર માણસનો રોટલો ખૂચવી લેવાનો એ યોજના ઘડયા વિના રહે નહિ,

સાસુ વહુની લડાઈ એ આપણા સંસારની મોટી સમસ્યા છે. પશ્ચિમના સાહિત્યમાં જે ટૂચકાવાર્તા આદિ આવે છે તે જોતાં, ત્યાં પુરુષ પોતાની સાસુથી ગભરાતો હશે એમ લાગે છે. વહુને ખાતર પ્રાણ પાથરવાની વાતો કરતો પુરુષ વહુની મા એના પ્રાણની આહુતિ લેવા ખાતર જ જીવતી હોય એમ માની એનાથી દૂર રહેવામાં જ સલામતી માને છે. આપણે ત્યાં પણ વરરાજાને પોંકતી વેળા સાસુ એનું નાક પકડે છે. પણ તે પછી એ બંને વચ્ચે ખાસ અણબનાવ થતો હોય. એમ માનવાને કારણ નથી. જો કે પશ્ચિમના સાહિત્યનો સાસુ વિષેના ટૂચકાને મળતી આવે એવી આપણે ત્યાં એક કહેવત છે ખરી, (અકર્મીની મા મરે ને સકર્મીની સાસુ મરે. જે પુરુષનું દુર્ભાગ્ય હોય તેની માતા મૃત્યુ પામે ને જે ભાગ્યશાળી હોય તેની સાસુ મરી જાય. આમ આ કહેવતમાં સાસુના મરણને પુરુષના સદ્‌ભાગ્યની નિશાની તરીકે ગણાવ્યું છે, પરંતુ આપણે ત્યાં સાપ અને નોળિયા જેવું સ્વભાવસિદ્ધ વેર પુરુષ ને તેની સાસુ વચ્ચે હોય એમ માનવામાં નથી આવ્યું પણ એ જાતનું વેર વહુ ને સાસુ વચ્ચે હોય છે એમ આપણી કહેવતો જોતાં લાગે છે.

'સો દહાડા સાસુના તો એ દહાડો વહુનો' સાસુ સાસુપણાનો અમલ કરતી રોજ પોતાના પુત્રની વહુને હેરાન કરે તો એકાદ દિવસ વહુને પણ સાસુને સતાવવાની તક મળી જાય એવા અર્થની કહેવત પરથી એમ સમજાય છે કે, સાસુ વહુના ઝઘડા નિરંતર ચાલતા હશે. તેમાં ઘણું ખરૂં સાસુને વિજયશ્રી વરતી હશે, પણ કોઇક વાર, પતિની કે નસીબની અચાનક કૃપા થઇ જવાથી, વહુને પણ વિજય મેળવવાનો લહાવો મળતો હશે. આ અને બીજી એક કહેવત જોતાં લાગે છે કે, સાસુ ને વહુ વચ્ચેનો સંબંધ મૂડીવાદી ને શ્રમજીવીના જેવો હશે. સાસુના હાથમાં દીકરાની ને તિજોરીની ચાવી રહેતી હશે ને વહુના નસીબમાં એ બંનેને રાજી રાખવા ગધાવહીતરૂં કરવાનું રહેતું હશે. 'પોષ ને હાંડી શેષ, સાસુરોષ ને વહુ સંતોષ' શિયાળાના સમયમાં દિવસ ટૂંકા થઈ જાય છે તેની સાથે સાસુની વહુ પર અમલ ભોગવવાની કાળ મર્યાદા પણ ટૂંકી થઈ જાય છે. દિવસ ટૂંકો હોવાથી એની પાસે એનાથી વધારે વખત સુધી કામ કરાવી શકાતું નથી. પોષ મહિનામાં દિવસ એટલો ટૂંકો હોય છે કે, વહુ વાસણ માંજી રહે ને એ હાંડી સુકાય એટલા વખતમાં તો દિવસ પૂરો થઇ જાય છે. વહુને સંતોષ થાય છે કે, 'ચાલો, દિવસ પૂરો થયો. હવે જરા આરામ મળશે' અને સાસુને રોષ થાય છે—એને ચીઢ ચઢે છે કે, 'લો, આ વહુબા પરવાર્યાં ! હજી તો કેટલું કામ પડયું છે. પણ હવે અંધારૂં થયું એટલે એ કામ પડતાં મૂકીને ગપાટા મારવા બેસી જશે.'

આ જ જાતની સ્ત્રીના લડકણા સ્વભાવનું સૂચન કરતી બીજી એક કહેવત છે. 'સાસરે સંપ નહિ ને પિયેરમાં જંપ નહિ', સાસરામાં સાસુ, નણંદ, જેઠ, દિયેર ને પતિ એ સર્વ સાથે ઝઘડીને કોઇ કુલવધૂ 'હું તો મારા બાપને ઘેર જઇશ' એમ કહીને સાસરાનો ત્યાગ કરી પિયેર ગઇ પણ ત્યાં એને

ભાભી સાથે અણબનાવ થયો ભાઇને મોઢે ફરિયાદ કરી તો એણે, પુરુષના સ્વભાવ ધર્મને અનુસરી, પત્નીનો પક્ષ કર્યો અને પિયેરમાં પણ એ દુર્ભાગી સ્ત્રીને કલહ ને કંકાસ વેઠવાનો વારો આવ્યો.

રડવું એ તો સ્ત્રીનો જન્મસિદ્ધ હક છે અને એ હકનો ભોગવટો કરતાં એને કોઈ અટકાવી શકાતું નથી. સ્વ. રમણભાઇએ લખ્યું છે તેમ શત્રુને નમાવવા માટે સામ, દામ, દંડ ને ભેદ એ ચાર ઉપાયો શાસ્ત્રમાં જણાવ્યા છે, પણ સ્ત્રી જો શાસ્ત્રકાર હોત તો અશ્રુપાત નામનો પાંચમો પ્રકાર એમાં ઉમેરાત. રડવા માટે સ્ત્રીને કોઇ ખાસ કારણની પણ જરૂર નથી. આ દર્શાવતી એક કહેવત નીચે મુજબ છે. ' રાંડી રોય, માંડી રોય ને સાત ભરથારી મોંચે ન મૂકે ', આ કહેવત માટે આપણે એવો એક પ્રસંગ કલ્પી શકીએ કે, છગનભાઇની સ્ત્રી છૂટે મોંએ રોતી અને વારંવાર પૂછવા જતાં રોવાનું કારણ કહેતી નહોતી. ત્યારે એમને આશ્વાસન આપવાને સ્ત્રીસ્વભાવના અઠંગ અભ્યાસી ચતુર સુજાણ મગનભાઇએ કહ્યું ' અરે, છગન ! એમાં કારણ શું પૂછે છે ? બૈરીની જાત છે તે રડે ! તેમાં આટલો ગભરાઇ શું જાય છે ? ' ' પણ રડવાનું કંઇ કારણ તો હોવું જોઇએ ને ? ' છગનભાઇએ કહ્યું. મગનભાઇએ જવાબ દીધો, ' અરે ! એમાં કારણ શું ને વાત શી ? બૈરાં તો અમસ્થાં પણ રડે. ' છગનભાઇએ, એ વાત માનવાની ના પાડી ને મગનભાઇ, છગનભાઇના મગજમાંથી અજ્ઞાનનું આવરણ દૂર થઇ ત્યાં જ્ઞાનનો પ્રકાશ રેલી રહે તેટલા ખાતર એમને લઇને નીકળ્યા. ચાલતાં ચાલતાં એક ઘર આગળ આવી પહોંચ્યા ત્યાં અંદર કોઇ સ્ત્રી રડતી હોય એવો અવાજ સાંભળી તપાસ કરી તો માલૂમ પડ્યું કે, એ ઘરમાં રહેતી સ્ત્રી થોડા સમય પર વિધવા થઈ હતી અને એના પતિને સંભારીને રડે છે. ' જોયું આ બૈરી બિચારી રડે છે. " મગનભાઇએ કહ્યું. ' પણ એ તો વિધવા થઈ છે એટલે વરને સંભારીને રડે છે. કંઈ અમથી રડતી નથી. ' છગનભાઇએ જવાબ દીધો. ' વારૂ, હવે આગળ ચાલો ' કહીને મગનભાઈ એમને લઇને આગળ ચાલ્યા. થોડે દૂર ગયા ત્યાં બારીએ બેઠી બેઠી એક સ્ત્રીને રડતી જોઈ. ' આનો પણ વર મરી ગયો હશે ? ' છગનભાઇએ પ્રશ્ન કર્યો. ' પૂછી જોઇએ. ' કહીને મગનભાઇએ પાડોશમાં તપાસ કરી તો જણાયું કે, એનો પતિ જીવતો હતો. પણ કામને અંગે બહાર ગયો હતો તે ઘેર પાછા આવતાં મોડું થયું હતું તેથી એની વાટ જોઇને થાકીને એ સ્ત્રી બારી બહાર નજર નાંખતી રોતી હતી. એવું તો ઘણી વાર થતું હતું. 'જો, પણે રાંડી હોય ? માંડી હોય—વિધવા હોય કે સધવા પણ બૈરી તો રડવાની જ ' મગનભાઇએ કહ્યું. પણ એને રડવાનું કારણ છે. બિચારી નવી પરણેલી હશે અને વરને ઘેર આવતાં મોડું થાય એટલે ચિંતા કરીને રડતી હશે, છગનભાઇએ કહ્યું, ઠીક હજી જરા આગળ ચાલશું ? ' કહીને મગનલાલે આગળ ચાલવા માંડ્યું. ઊંચ વર્ણનો લત્તો છોડી હલકી વર્ણના આવાસ આગળ એઓ આવી પહોંચ્યા. એક સ્ત્રી ઓટલે બેસીને છૂટે મોંએ રડતી હતી. રડીરડીને એની આંખો સૂજી ગઇ હતી, વચ્ચે વચ્ચે એ કંઇક બોલતી હતી. એને છાની રાખવા માટે પાંચ–સાત સ્ત્રીઓ વ્યર્થ પ્રયાસ કરી રહી હતી. તેમાંની એક સ્ત્રીને પૂછી જોતાં મગનભાઇ તથા છગનભાઇ ને ખબર પડી કે, એ સ્ત્રી વિધવા નહોતી તેમજ એના પતિને પાછા ફરતાં મોડું થયું નહોતું એ તો ઘરમાં જ હતો. ' પણ ત્યારે એ રડે છે કેમ ? ' છગનભાઇએ પૂછયું. ' દૈ જાણે ક્યારની રડરડ કરે છે. પૂછીએ છીએ ત્યારે કંઇ કહેતી નથી ને બબડયાં કરે છે, ' એ સ્ત્રીએ જણાવ્યું. એની બાજુમાં ઉભેલી બીજી સ્ત્રીએ વાતમાં ટહૂકો પૂરતાં કહ્યું. એ તો આગળના માટીઓને સંભારીને રડે છે. ' આગલા માટી ? એટલે ? ' મગનભાઇએ કુતૂહલથી પ્રશ્ન કર્યો. ' આગળના છને છોડીને, આ સાતમાને ત્યાં આવી છે. ' ' એ તો બહુ નવાઈ જેવું, ' છગનલાલે કહ્યું. ' એમાં નવાઇ જેવું શું છે ? અમારી નાતરિયા નાત. એકનો છેડો ફાડી બીજાને ઘેર જવાની અમને કંઈ નવાઇ નહિ. આનો સ્વભાવ જરા તીખો છે. તે એક માટી સાથે નહિ બન્યું એટલે બીજો કર્યો ને બીજો કર્યો ને બીજા જોડે ન ફાવ્યું એટલે ત્રીજાને ત્યાં આવી. તેની સાથે પણ

બનતી રાશ ન આવી એટલે ચોથો શોધ્યો. એમ કરતાં કરતાં હવે આ સાતમા ધણીને ત્યાં આવી છે. પણ અહીં આવીને પણ રોકકળ કરવા સિવાય બીજો કોઈ ધંધો એણે કર્યો નથી,' પહેલી સ્ત્રીએ ખુલાસો કર્યો.

એટલામાં મોટેથી રડતી એ બાઇનો અવાજ આવ્યો ને મગનભાઈ તથા છગનભાઇ વધારે પૂછ-પરછ કરતા અટકી ગયા ' અરે ! મારો પહેલી વારનો કેટલો સારો ઉતો જો ! ને બીજી વારનો બી કંઇ ખરાબ નો'તો. ત્રીજી વારનાએ મને કેવાં કેવાં ઘરેણાં ઘડાવી આપ્યા'તા ને એ બધાને છોડીને હું આ અકરમીને પનારે કાં પડી રે મારી મા ! આમ એક પછી એક પોતાના આગલા પતિને સંભારી તેમની વર્તમાન પતિ સાથે તુલના કરી પોતાના ભાગ્યને નિંદતી એ ઊંચે અવાજે રડતી રહી અને એને શાંત રાખવાના સૌના પ્રયત્ન નિષ્ફળ ગયા. તે જોઈ મગનભાઇએ કહ્યું, ' જોયું છગન ? આ સાત ભરથારવાળી પણ રડે છે. મારી જોડે એટલું ફરવામાં તને કેટલો અનુભવ મળ્યો ? તેં જોયું ને કે ' રાંડી રોય, માંડી રોય ને સાત ભરથારી મોંયે ન મૂકે ?'

' દીકરી ને ગાયને દોરે ત્યાં જાય ' એ કહેવત અબળા વર્ગની ને ગાય સમા પાળેલા પ્રાણીની લાચાર સ્થિતિ દર્શાવે છે. જોકે વ્યવહારમાં ગાય ને દીકરી બંને હંમેશાં બીજાનાં દોર્યાં દોરાતાં નથી. કોઇ કોઇ વાર એક શીંગડાં ને બીજી માથું પણ ઉચકે છે ને તેમને દોરવાનો ફાંકો રાખનારની સાન ઠેકાણે આણે છે. પરંતુ દીકરીને ગાય સાથે જ સરખાવવામાં આવી નથી પણ ' દીકરી એ સાપના ભારા છે ' એમ પણ બીજી કહેવત જણાવે છે.

દીકરી કોઇને ગમતી નથી. પુત્ર જન્મ એ ઉત્સવનો પ્રસંગ ગણાય પણ પુત્રી અવતરે તો માતા-પિતા દુ:ખી થાય 'આ કયાં અહીં આવી? એમ તેમને થઈ આવે એવી મતલબની પણ કહેવત છે. ' ભરોસાની ભેંસ પાડો જણે ' એ ખોટું કહેવાય પણ માણસની બાબતમાં નારી જાતિ કરતાં નર જાતિની વ્યકિતના અવતારનું મહત્ત્વ વધારે ગણાય છે. ' ચલનો ભલો ન કોસકો, દુહિતા ભલી ન એક, એમ એક કવિએ કહ્યું છે. ' ડોસી મરીને પોરી આવી બૈરાં એનાં એ ', માતા ને પત્ની વચ્ચેના કજિયાથી કંટાળી ગએલા ને બે પાડાની લડાઈને કારણે ઝાડની અવદશા થાય તેમ એક તરફથી માતા ને બીજી તરફથી પત્ની એ એનાં મેણાંટૂણાં સાંભળી-સાંભળી મગજ ને કાન જેનાં બહેર મારી ગયાં હતાં એવા એક પુરુષની માતા મોટી ઉંમરે મૃત્યુ પામી, પણ તેજ દિવસે એમની પત્નીને દીકરી અવતરી. માતા અવસાન પ્રસંગે એને રોતો જોઇ એના મિત્રે આશ્વાસન આપતાં કહ્યું 'હવે બઉ થીઉં ભાઇ! સૌને દેખાડવા હારૂ રડવું પડે, પણ હવે તો છાનો રહે. તારી મા તો આખો દાડો કચકચ કરતી ઉતી તે હવે ગઇ તિયારે ખુશ થવાનું કે રડવાનું ?' એણે જવાબ દીધો, 'મા મરી ગઇ કરીને હું રડતો નહિ ઉતો. પણ આ તો મા મરી ગઈ તિયારે ઘેર દીકરી આવી. એટલે મારા નસીબમાં તો એનાં એ બૈરા રીયાં. મા મરી ને પોરી આવી, બૈરાં એનાં એ.'

દીકરી તરીકે સત્કાર ન પામતી નારી વહુ તરીકે એટલી બધી વગોવાઇ હોય એમ જણાતું નથી. ' ગરીબકી જોરૂ સબકી ભાભી ' બને છે. પણ એમાં વાંક ભાભી બનનારીનો નથી; એના જોરની ગરીબાઇનો છે. પરંતુ માતા પુત્ર પ્રત્યે જેવો નિઃસ્વાર્થ ભાવ રાખે છે તેવો પત્નીનો પ્રેમ હોતો નથી. એને તો પતિ પાસે કંઇ ને કંઇ હંમેશ માંગવાનું જ હોય છે, તેમજ મા ગંદા મેલા, અસહાય ને નિર્બળ બાલકને પોતે દુ:ખ ખમીને પણ ઉછેરે છે, જ્યારે વધૂપદ ધારણ કરીને સાસરે ગએલી સ્ત્રીને તો છેલછબિલા ને રસિક જુવાનનો સહવાસ સાંપડે છે એવી મતલબની બે કહેવતો આ પ્રમાણે છે, ' મા જુએ આવતો ને વહુ જુએ લાવતો ' અને 'લોચોપોચો માડીનો ને છેલછબિલો લાડીનો.' આ છેલ્લી કહેવતમાં પુરૂષ પ્રત્યે પણ કટાક્ષ હશે એમ લાગે છે. પોતે લોચોપોચો જેવો અસહાય ને અપંગ હોય ત્યારે માને પક્ષે રહે છે ને મોટો થતાં છેલ-છબિલો બની જઇ એ વહુના પક્ષે ભળી જાય છે,

આખા ઘરનો ભાર ઉપાડતી વહુને શિયાળાના દિવસમાં ઘરમાં બધા માણસો સગડી આગળ તાપતાં

ગપ્પાં મારતાં બેઠાં હોય છે ત્યારે પણ કામ આડે બધા જોડે બેસીને તાપવાની ફુરસદ મળતી નથી. એ હકીકતની નોંધ 'ટાઢ વાય ને તાપે સહુ, ના તાપે વડાની વહુ' એ કહેવતે લીધી છે. બીજી કહેવત એનું કારણ જણાવે છે: ટાઢ વાય સહુને ના વાય વહુને, 'વહુને હંમેશાં સાસરિયાની શીળી હૂંફ મળતી જ હોય ને કામ કરવાને લીધે શરીરમાં ગરમાવો જોઇએ તેવો જળવાઈ રહેતો હોય પછી એને ટાઢ ક્યાંથી વાય ? સાસરે ગરમીનું વાતાવરણ એને માટે સ્વાભાવિક રીતે જ સરજાયું હોય છે ત્યાં સગડીની કૃત્રિમ ગરમીની એને જરૂર શી ?

'પુરૂષનું ભાગ્ય ને સ્ત્રીનું ચરિત્ર, દેવ પણ જાણતા નથી તો માણસો ક્યાંથી જ જાણી શકે ? એવી મતલબનું એક સંસ્કૃત કવિએ કહ્યું છે તેનું સમર્થન કરતી હોય તેવી બે કહેવતો આપણી ભાષામાં પણ છે. બૈરી રહે તો આપથી ને જાય તો સગા બાપથી' એમાં 'સગા બાપથી જાય' એ વાકયના અર્થ વિષે મતભેદ સંભવે પણ એનો ભાવાર્થ સ્પષ્ટ છે. બીજી કહેવત 'મન જાણે પાપ ને મા જાણે બાપ' એ Father is a fiction, mother is the fact એ અંગ્રેજી વાકયનું સ્મરણ કરાવે છે.

'બુધે જાર બાજરી, બુધે નાર પાંસરી; બુધે ડોબાં દહોવા દે, બુધે છૈયાં રોતાં રહે' એ કહેવત પત્નીને તાડન કરવાના પુરુષના અમાધિત અધિકારનું સમર્થન કરે છે.

પુરુષને પણ લાગુ પડે એવી કેટલીક કહેવતો ફક્ત સ્ત્રીને ઉદ્દેશીને જ શા માટે રચવામાં આવી હશે તે સમજાતું નથી. 'સતી શાપ દે નહિ ને શંખણીનો લાગે નહિ' સારા માણસો કોઇનું બૂરૂં ન ચિંતવે ને અધમો બૂરૂં ચિંતવે પણ એ કોઇનું બૂરૂં કરી શકે નહિ. એમ બધા જ મનુષ્યોને લાગુ પાડી શકાય એવી આ કહેવત માત્ર સતી ને શંખણીનો ઉલ્લેખ કરે છે. 'વઢકણી વહુએ દીકરો જણ્યો', 'ધણીની માનીતી ઢેડી ગામ અભડાવે' એ કહેવત સ્ત્રી વર્ગને ઉદ્દેશીને રચાઈ છે પણ પુરૂષ પરત્વે પણ એટલી જ સાચી છે. એવી જ બીજી કહેવત 'કેડમાં છોકરૂં ને ગામમાં શોધ્યું' એ ખીસામાં પાકિટ હોય ને તેને શોધવા આખું ઘર ફંફોળી વળે એવા પુરૂષને માટે પણ લાગુ પાડી શકાય. 'હોંસથી ગઇ નાતરે ને સાલ્લો કાઢી પાથરે' એમ હોંસથી બીજો પતિ કરીને પશ્ચાત્તાપ કરતી નારી માટે કહી શકાય તો પુરૂષને માટે 'હોંસે ગયો નાતરે ને કપડાં કાઢી પાથરે' એમ કેમ ન કહી શકાય.

સ્ત્રીઓ વિષેની આ અને આવી બીજી કહેવતો જોતાં પુરૂષવર્ગનો પોતાની જાત તરફનો પક્ષપાત જણાઈ આવે છે. આમ છતાં, આ બધી કહેવતોમાં સ્ત્રીના સ્વભાવની ખુબીઓ કરતાં ખામીઓ ઘણા વધારે પ્રમાણમાં દર્શાવી છે તેમ છતાં પણ વ્યવહારમાં તો પુરુષે સ્ત્રીથી દૂર ભાગવાને બદલે હંમેશ એનો સાથ શોધ્યો છે, એટલે એમ કહી શકાય કે, સ્ત્રી વિષેની આ કહેવતો અધૂરી છે. હજી સ્ત્રીવર્ગની ઉત્તમતા નોંધનારી કહેવતો રચાવાની બાકી છે. અને એ માટેનો સમય હવે આવી ગયો છે એમ કયા પુરુષ હૃદયને નહિ લાગતું હોય ?

(પ્રતિમા અને ઓલ ઇન્ડીઆ રેડીઓના સૌજન્યથી).


## અમારાં ગુજરાતી પ્રકાશનો

| | |
|---|---|
| પ્રાર્થના | રૂ. ૦-૫-૦ |
| હૃદયના તાર (૧-૨) | ૦-૫-૦ |
| વિનાશનાં વમળ | ૦-૩-૦ |
| પવિત્રતાને પંથે | ૦-૪-૦ |
| સુસીમા | ૦-૩-૦ |
| દેવપાલ | ૦-૩-૦ |
| વેરાયેલાં ફુલો ( જુદા રંગોમાં ) | ૦-૫-૦ |
| મંત્રીશ્વર કલ્પક | ૦-૪-૦ |
| જૈન શકુનાવલી | ૦-૬-૦ |
| કર્મનાં ફળ | ૦-૫-૦ |
| પ્રાચીન સ્તવનાવલી પોકેટ સાઇઝ પાકું પુઠું | ૧-૮-૦ |
| સ્તવનાવલી | ૦-૨-૦ |
| વિશ્વ વિભૂતિઓ | ૦-૩-૬ |
| નૂતન સજઝાય સંગ્રહ | ૦-૯-૦ |

શા. ઉમેદચંદ રાયચંદ
ગારીઆધાર વાયા-દામનગર

# હિંદના વિદેશમાંના એલચી ખાતાં પાછળ થતું લખલૂટ ખરચ

આઝાદી આવ્યા પહેલાં હિંદની ગરીબીનો સતત નિર્દેશ થતો રહેતો, પણ આઝાદી મળ્યા પછી એ ગરીબીનું જાણે અસ્તિત્વ જ ન હોય એ રીતે, હિંદ કરતાં સમૃદ્ધ અને તવંગર દેશો કરતાં પણ, આપણા ગરીબ દેશનાં લખલૂટ નાણાં વેડફવામાં આવી રહ્યાં છે. શા માટે ? આંતર-રાષ્ટ્રીય પ્રતિષ્ઠા મેળવવા માટે ?

**તો આ રહી હિંદની આંતરરાષ્ટ્રીય સિદ્ધિઓ :**

( ૧ ) દક્ષિણ આફ્રિકા પરના ઠરાવમાં હિંદ યુનોની બેઠકમાં હારી ગયું.
( ૨ ) યુનોની સલામતી સમિતિમાં બેઠક મેળવવાની રસાકસીમાં હિંદ પાછું પડયું.
( ૩ ) યુરોપ, ઇસ્લામી દેશો તથા અમેરિકામાં હિંદના કરતાં પાકિસ્તાનનો પ્રચાર વધુ જોરદાર રહ્યો છે.

હિંદના વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરૂએ તાજેતરમાં હિંદના વિદેશમાંના એલચીઓના ખર્ચ વિષે 'પાયોનીઅર' પત્રના ખાસ પ્રતિનિધિને માહિતી આપી હતી,

હિંદના બે મુખ્ય એલચીઓ શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત અને શ્રી. અસફઅલીને રૂા. ૩૫૦૦ નો પગાર મળે છે. એ ઉપરાંત રૂા, ૪૫૦૦ નું ભથ્થું, રહેવા માટે રાચરચીલાથી સુસજ્જ મકાન, સરકારી ખર્ચે મોટર અને શોફર તથા વધારામાં મકાન ગરમ રાખવાનું ખર્ચ.

અમેરિકા ખાતેનું એલચીગૃહ આશરે રૂા. ૩,૩૭,૫૦૦ના ખર્ચે એક હિંદી માહિતી ખાતું પણ નિભાવે છે. ૧૯૪૬–૪૭ વર્ષનો આ એલચી ખાતાનો ખર્ચ રૂા. ૭,૭૬,૫૦૦ હતો. ૧૯૪૭ ના એપ્રીલની ૧૫ મીથી ૧૯૪૮ ના માર્ચની ૩૧મી સુધીનો અંદાજ રૂા. ૭,૬૬,૬૦૦ છે. એલચીઓના હિંદની મુલાકાતે આવવાના ખર્ચનો આમાં સમાવેશ નથી થતો. શ્રી અસફઅલીએ ગયા ઉનાળામાં દિલ્હીની મુલાકાત લીધી હતી. શ્રીમતી પંડિત અને શ્રી કૃષ્ણ મેનન અહીંઆજ છે. એલચીઓના પગાર આવકવેરાથી મુક્ત છે એ વસ્તુ પણ ધ્યાનમાં રાખવાની છે.

ઇ. સ. ૧૯૪૭ના ઓગષ્ટની ૧૫મીથી ૪૮ના માર્ચની ૩૧ મી સુધીનો રશિયામાંના એલચીગૃહના ખર્ચનો આંકડો રૂા. ૭,૦૫૭૦૦ છે. આમાં રાચરચીલા અને સાધનો માટેના રૂા. બે લાખનો સમાવેશ થઇ જાય છે.

ત્રીજા એલચી શ્રી કે. પી. મેનનનો પગાર રૂા. ૪૫૦૦ છે. આ ઉપરાંત રહેવા માટે સુસજ્જ મકાન, મોટર અને શોફર તથા નોકરો. ઉપરાંત શાંઘાઇમાં એમના હાથ નીચે એક 'પ્રેસ એટેચી' પણ નિભાવવામાં આવે છે જેનો વાર્ષિક ખર્ચ રૂા. ૬૨,૦૦૦ છે. એલચીગૃહ માટે જમીનની ખરીદી અને મકાન બાંધવા માટે રૂા.૫ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. તા. ૧૫ મી ઓગષ્ટ'૪૭થી માર્ચ ૩૧, ૧૯૪૮ સુધીનો આ એલચીગૃહનો અંદાજી ખર્ચ રૂા. ૪,૫૨, ૧૦૦ છે.

આ દરેક એલચી ખાતાની સભ્ય સંખ્યા નાનામાં નાના પટાવાળા સાથે અમેરિકામાં ૪૬, રશિયામાં ૧૪ અને ચીનમાં ૧૪ જણાની છે.

જાપાનમાંના હિંદના એલચી સર રામરાવનો રૂા. ૩૫૦૦) નો પગાર છે એ ઉપરાંત રૂા. બે હજારનું ભથ્થુ, મોટર, શોફર, મકાન અને ખાધાખોરાકી ખર્ચ.

લંડનમાંના હિંદના હાઇ કમિશ્નર શ્રી વી. કે. કૃષ્ણ મેનનને વાર્ષિક ૩૦૦૦ પાઉંડનો પગાર છે. એ ઉપરાંત વાર્ષિક એક હજાર પાઉંડ ભથ્થું, સુસજ્જ મકાન, મોટર અને શોફર મળે છે.

ઇરાનમાંના હિંદી એલચી શ્રી અલી ઝહીરને રૂા. ૩૦૦૦ નો પગાર, રૂા. ૨૦૦૦ નું ભથ્થું, રહેવા માટે સુસજ્જ મકાન, સરકારી ખર્ચે મોટર મળે છે. ઉપરાંત એમના હાથ નીચે તહેરાનમાં રૂા. ૪૩,૪૦૦ ના અંદાજે એક 'પ્રેસ એટેચી' રાખવામાં આવેલ છે. તહેરાનમાં એલચી ખાતાની સભ્ય સંખ્યા ૧૧ જણની છે. આ એલચીમંડળનો ૧૫ મી ઓગષ્ટ ૧૯૪૭થી માર્ચ ૩૧, ૧૯૪૮ સુધીનો ખર્ચ રૂા. ૪૬,૦૦૦ આંકવામાં આવ્યો છે.

હિંદમાંની ફ્રેંચ વસાહતો અને પોર્ટુગીઝ સંસ્થાનો માટેના કોન્સલ જનરલ શ્રી મિરઝા રશીદઅલી

બેગનો પગાર રૂા. બે હજારનો છે. આ ઉપરાંત એમને રૂા. ત્રણસોનું ભથ્થું આપવામાં આવે છે.

શાંઘાઈમાંના હિંદી કોન્સલ કેપ્ટન આર. ડી. સાઠેનો પગાર લશ્કરી હોદ્દાના પગાર જેટલો હોવા ઉપરાંત રૂા. ૩૫૦નો પગારવધારો આપવામાં આવે છે. આ ઉપરાંત વાર્ષિક રૂા. ૨૦૦ નો ખાસ પગાર, રૂા. ૩૦૦નું વાર્ષિક સ્થાનિક ભથ્થું, રૂા. ૨૦૦ નું ખાસ ભથ્થું અને રહેવા માટે મકાન આપવામાં આવે છે.

બાંકોકમાંના હિંદી પ્રતિનિધિ શ્રી. ભગવત દયાલને રૂા. ૧૧૦૦નો પગાર, રૂા. ૬૦૦નું વાર્ષિક ભથ્થું (રૂા. ૧૫૦ના ખાસ ભથ્થા સાથે) રૂા. ૩૦૦નું વાર્ષિક મકાનભથ્થું આપવામાં આવે છે.

હિંદી ચીનમાંના હિંદી કોન્સલ શ્રી. એ. એન. મહેતાને લશ્કરી હોદ્દા પ્રમાણેના પગાર ઉપરાંત રૂા. ૧૫૦નો વધારાનો પગાર, રૂા. ૪૦૦નું વાર્ષિક ભથ્થું, રૂા ૩૦૦ નું વાર્ષિક મકાન ભથ્થું આપવામાં આવે છે.

બટેવીઆમાંના હિંદના કોન્સલ જનરલ શ્રી. એન. રાઘવનને રૂા. ૨,૨૫૦નો પગાર, રૂા ૧,૨૫૦નું માસિક ભથ્થું સુસજ્જ મકાન, સરકારી ખર્ચે મોટર અને સ્થાનિક પગારે શોફર આપવામાં આવે છે. મોટરનો બીજો ખર્ચો કોન્સલ જનરલને માથે છે.

ઓસ્ટ્રેલિયામાંના હાઇકમિશનર સર. આર. પી. પરાંજપેને વાર્ષિક ૨,૫૦૦ પાઉંડનો પગાર [મુકરર] સાધન-સામગ્રી ભથ્થું (પાઉન્ડ ૨૫૦ માત્ર એક વખત) વાર્ષિક ૭૦૦ પાઉંડનું ખાસ ભથ્થું, વાર્ષિક ૪૦૦ પાઉંડ મોટર ભથ્થાના અને રહેવા માટે મકાન મળે છે.

કેનેડામાંના હાઈ કમિશનર મી. એચ. એસ. મલિકને રૂા. ૨,૨૫૦ નો માસિક પગાર, વાર્ષિક ૧૦,૦૦૦ ડોલર ભથ્થું, મકાન, મોટર અને શોફર મળે છે, મોટરનો બીજો ખર્ચો હાઇ કમિશનરને શિરે છે.

બર્મામાંના હાઇકમિશનર ડો. એમ. એ. રૌફને રૂા. ૨,૭૫૦ નો માસિક પગાર, રૂા. ૭૪૦ માસિક ખાસ ભથ્થું, મોટર અને રૂા. ૨૫૦ નું મોટર ભથ્થું, પગારના દસમા ભાગથી વધારેના મકાનભાડાનું ભથ્થું, રૂા. ૬૦૦ ખાધાખોરાકીનું ભથ્થું આપવામાં આવે છે.

પાકિસ્તાનમાંના હાઇકમિશનર શ્રી શ્રીપ્રકાશને રૂા. ૨૫૦૦ નો માસિક પગાર આપવામાં આવે છે. સરભરા ભથ્થું માસિક રૂા. ૫૦૦ નું, રહેવા માટે મકાન અને સરકારી કામ માટે મોટર મળે છે.

મલાયામાંના હિંદી પ્રતિનિધિ શ્રી જે. એ. થીવીને રૂા. ૧,૨૫૦ માસિક પગાર, રૂા. ૫૦૦ નું માસિક સ્થાનિક ભથ્થું, માસિક રૂા. ૫૦૦ નું ખાસ ભથ્થું. રૂા. ૧૩૫ નું માસિક મોટર ભથ્થું, માસિક રૂા. ૧૫૦ નું મકાન ભથ્થું, માસિક રૂા. ૬૦૦ નું ખાધા-ખોરાકી ભથ્થું મળે છે.

સીલોનમાંના હિંદી પ્રતિનિધિ શ્રી. વી. વી. ગિરિને રૂા. ૨,૫૦૦ નો માસિક પગાર. રૂા. ૫૦૦ નું માસિક ખાસ ભથ્થું, રૂા. ૫૦૦નું માસિક સ્થાનિક ભથ્થું, અને સરકારી ખર્ચે મોટર આપવામાં આવે છે.

નેપાલમાંના એલચી શ્રી સુરજીતસિંહ મજીઠીઆને રૂા. ૨,૨૫૦ નો માસિક પગાર, રૂા. ૭૫૦ નું માસિક ખાસ ભથ્થું, સુસજ્જ મકાન, શોફર, અને કલીનર સહિત મોટર,-પેટ્રોલનો ખર્ચો એલચીને શિરે મળશે. નેપાલ ખાતેના એલચી મંડળનો ખર્ચ રૂા. ૫૨,૦૦૦ નો અંદાજવામાં આવ્યો છે.

હિંદ સરકારે શ્રી. ધીરૂભાઈ દેસાઇને સ્વિટઝર્લેંડમાં હિંદી એલચી તરીકે સર રાઘવન પીલાઇને ફ્રાંસમાંના વહીવટી પ્રતિનિધિ તરીકે, ડો. સૈયદ હુસેનને ઇજીપ્તના એલચી તરીકે, ડો. તારાચંદને અફઘાનીસ્તાનના એલચી તરીકે, અને મી. વી. એફ. તૈયબજીને બેલ્જીઅમના કોન્સલ તરીકે નીમવાનો નિર્ણય કર્યો છે.

આ નવા એલચીગૃહોનો ખર્ચ રૂા. ૩,૨૫,૦૦૦ અંદાજવામાં આવ્યો છે. આ ઉપરાંત હોલેન્ડ, ઝેકોસ્લોવાકિયા અને તુર્કી સાથે પણ રાજકીય સંબંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. હોલેન્ડે તો નવી દિલ્હીમાં પોતાનું એલચીગૃહ શરૂ પણ કર્યું છે.

પરદેશમાંના એલચીગૃહોનો ઈ. સ. ૧૯૪૮-૪૯ નો સાધારણ અંદાજ ખર્ચ રૂા. ૧ કરોડ ૨૦ લાખ આંકવામાં આવ્યો છે.

# જ્ઞાન ગોચરી

શ્રી ગવેષક

આ વિભાગમાં જે લખાણો અમે ચુંટી–ચુંટીને રજુ કરીએ છીએ તે લેખકોનો પત્રકારોનો, અને પ્રકાશકોનો સહૃદયતા પૂર્વક આભાર માનીએ છીએ. લખાણોનો ઉતારો કરવાનો શુભ ઉદ્દેશ ધર્મ, સાહિત્ય અને સંસ્કારનો પ્રચાર કરવો તેજ છે, સં૦

## સભ્ય કહેવડાવવાની ઘેલછા

**( વિશ્વવાત્સલ્યઃ શ્રી નવલચંદ શાહ )**

જરૂરિયાતોનો વધારો એ છે આ યુગનો પ્રધાન સુર અને આજે આપણે પાછું વાળી જોઈશું તો સ્પષ્ટ દેખાશે કે, દિનપ્રતિદિન આપણી જરૂરિયાતો વધતી જ જાય છે. એક દિવસ મોજશોખ કે વૈભવની ગણાતી એવી વસ્તુઓ આજે સમાજની જરૂરિયાત થઇ પડી છે અને વખત જતાં એ જ વસ્તુઓ સભ્યતાનાં પ્રતિકો બની બેસે છે.

પહેલાં લોકો ખડીઓ અને કલમથી કામ લેતા આજે લખવાનું અને સહીઓ કરવાનું એટલું બધું વધી પડયું છે કે, હાલતાં ચાલતાં માણસને કલમ અને ખડીઆની જરૂર પડે છે. એમાંથી ફાઉન્ટન પેનની ઉત્પત્તિ થઈ અને આજે તો ગજવામાં પેન વગર કોઇ પણ શિક્ષિત કે કહેવાતો સભ્ય મનુષ્ય કલ્પવોજ અશકય છે. અરે ખુબીની વાત તો એ છે કે, જેને દિવસમાં ચાર આંકડાય માંડ પાડવાના હોય તેમના ગજવામાં પણ રેશમી રૂમાલની ગાદી વચ્ચે ઝળકતી. પેનની કલીપો ડોકિયાં કરતી હશે. અને તે પણ જેવીતેવી નહિ પારકર કે એવી જ કોઇ બીજી. ઘડીઆળનું પણ આવું જ બન્યું છે. સમય જોવાના સાધન કરતાં કાંડાના ઘરેણાં તરીકે જ તેનો મોટે ભાગે ઉપયોગ થાય છે. ઘડીયાળ, પેન, પફપાવડર જેવી અનેક વસ્તુઓનો આજે સભ્યતાનાં સાધનોમાં સમાવેશ થઈ જાય છે અને પછી તો સમાજ એમ જ માનવા લાગી જાય છે કે, આટલું રાખીએ તો જ સભ્ય મનાઈએ.

આ સભ્ય કહેવડાવવાની ઘેલછાનું પરિણામ એ આવ્યું કે, આપણી જરૂરિયાતો અનેકગણી વધી ગઇ છે, આજે તો આપણે બધા જ એક અવ્યકત અસર તળે છીએ અને રોજ–બરોજ આપણી જરૂરિયાતો વધાર્યે જઇએ છીએ. મોટર રેલ, એરોપ્લેન આપણી આજની જરૂરિયાત છે. દાકતરો, રોજ નવાં નવાં શોધતા વિટામીનો અને દિલને આકર્ષી લે એવાં નામો ધારણ કરી થોકબંધ બહાર પડતી પેટંટ દવાઓ પણ આજે તો આપણા જીવનનું અગત્યનું અંગ બની બેઠાં છે. મારા એક પરિચિત મિત્ર જમતી વખતે રોજ વિટામીન 'બી' ની ટીકડી લઇને જ જમવા બેસે છે અને કહે છે કે, જેમ રોટલી, ભાત, દાળ, શાક એ શરીરને માટે જરૂરી છે તેમ વિટામીન બી પણ એક પ્રકારનો આહાર છે. આમ આપણાં મન દિવસે દિવસે કૃત્રિમ જરૂરિયાતોનો ભોગ બનતાં જાય છે, અને સાથે સાથે જરૂરિયાતો ન સંતોષાવાને

---

આઝાદી પહેલાંનો હિંદ ગરીબ હોવાનો અભિપ્રાય આઝાદી સિદ્ધ થતાં જાણે હવામાં જ ઊડી ગયો છે. કેનેડા જેવો સમૃદ્ધ અને તવંગર દેશ પણ આટલું એલચી મંડળ રાખી શકે તેમ નથી. આપણે ખૂબજ જલ્દીથી આંતરરાષ્ટ્રીય માનસ વિકસાવવા મંડયા છીએ, અને આપણા પથમાં ગુલાબો જ વેરાયા હોવાનું માની લઇએ છીએ. પરંતુ એનું પરિણામ કોઇને તારવવું હોય તો તે આ રહ્યું.

( ૧ ) યુનોમાં હિંદે દક્ષિણ અમેરિકા પરનો ઠરાવ ગુમાવ્યો.

( ૨ ) યુનોની સલામતી સમિતિમાં બેઠક મેળવવાની રસાકસીમાં હિંદે પોતાની ઉમેદવારી પાછી ખેંચી

( ૩ ) યુરોપ, ઇસ્લામી દેશો, અને અમેરિકામાં હિંદી સંઘને બદલે માત્ર પાકિસ્તાનનો પ્રચાર જ આગળ વધ્યો છે.

[ ભારતી સપ્તાહિકના સૌજન્યથી ]

કારણે સમાજમાં અસંતોષ પણ વધતો જાય છે. આજનું અર્થશાસ્ત્ર પણ એમ જ શીખવે છે. 'Wants are incessiable in general' 'જરૂરિયાતોનો સામાન્ય રીતે અંત નથી' એવી અંત વગરની વસ્તુઓની પાછળ દોડાવી–દોડાવીને આજની પ્રગતિ આપણો દમ કાઢી નાખે છે.

જેની પાસે એક બુટ છે તેને એ બૂટ ન હોવાનો અસંતોષ છે, જેની પાસે બાર બૂટ છે તેને મોજાંનો અસંતોષ છે. જેની પાસે મોજાં છે તેને રેશમી જોડી ન હોવાનો અસંતોષ છે, આમ જરૂરિયાતો પૂરી કરતાં–કરતાં આપણો અસંતોષ ઉત્તરોત્તર વધતો જાય છે, અને સાથેસાથે જેમની પાસે થોડું છે તેમના દિલમાં પણ અસંતોષનો ભડકો પેટાવતા જઇએ છીએ, જેની પાસે સો છે તે હજાર ઝંખે છે. હ જા ર વાળો દ સ હ જા ર અ ને દસહજારવાળો લાખ. કોઇ એમ નથી કહેતું કે, મારે બસ છે.

ખૂબીની વાત તો એ છે કે, આ અસંતોષને પ્રગતિ માટે અનિવાર્ય માનવામાં આવ્યો છે. આજે પટાવાળાથી માંડીને કરોડાધિપતિનું જીવન તપાસો, બધાને અસંતોષ છે. કોઈની સાથે દિલ ખોલીને સહેજ વાત કરો, તરત જ તે અસંતોષનો ઉભરો ઠાલવશે. હોટલમાં જાવ કે કામ કરતા મજુરોની પાસે જાવ, ટાઇપીસ્ટો પાસે જાવ કે ટિકિટ ચેકરો પાસે જાવ; બધાંના દિલ અસંતોષથી જલી રહ્યાં છે આનું પરિણામ એ આવ્યું છે કે, કામ કરતાં કરતાં સ્વસર્જનમાંથી મળતો આનંદ વેચી નાખ્યો છે અને અસંતોષને ખરીદી લીધો છે. કામ તેને મન વેઠ બને છે. જેના હાથ નીચે તેને કામ કરવાનું છે તે તેને મન દુશ્મન લાગે છે. હૈયું બાળીને તે હાથપગ હલાવી રહ્યો છે. વેપારીઓ, કારકુનો, શિક્ષકો, કામદારો, મજૂરો, ખેડૂતો બધાનું જ આવું છે. આજે આપણું જીવન અસંતોષના કીડાથી કોરાયેલા સડેલા મોભ જેવું બની ગયું છે. સભ્ય બનવાની દોડમાં આપણે સહજ–સંતોષ અને તજ્જન્ય સુખ ગુમાવી દીધું છે. અવનવી ઉભી કરેલી મોજશોખની વસ્તુઓ અને કૃત્રિમ ઉપાયોથી એને થિંગડાં મારવાના પ્રયત્ન થાય છે પણ એ કેટલું હાસ્યસ્પદ છે તે તો આજનું આપણું જીવન જ બતાવી આપે છે.

## સ્ત્રીમાં જોઇએ લજ્જા–મર્યાદા

[ પ્રવાસી : નવીનચંદ્ર જી. સંઘવી ]

સ્ત્રી અને પુરૂષોનાં ક્ષેત્રો તદ્દન નિરાળાં છે, સ્ત્રી માટે છે ગૃહકાર્ય, લલિતકલા,–સિવણકલા ચિત્રકલા વગેરે...આવી આવી અનેકવિધ કલાનાં દ્વારો તેને માટે ખુલ્લાં છે, છતાં પણ આજકાલની સ્ત્રીઓને એકએક ડગલું આગળ ધપવું છે. તેને પુરૂષ સમોવડી બનવું છે. એ ખ્યાલ પણ અવાસ્તવિક છે, ધિક્કારને પાત્ર છે. તેણી સમોવડતાના ખ્યાલોમાં જ સમયની બરબાદી ન કરતાં પોતાને કરવાનાં કાર્યોને સંપૂર્ણતઃ પહોંચી વળે એ ઇચ્છનીય છે.

હિંદુશાસ્ત્રે સ્ત્રીને પૂજ્ય ગણી છે...પણ આજની પોષાકનું અનુકરણ કરવા મથતી નારીને પૂજ્ય કહી શકાશે ? સ્ત્રીમાં તો જોઇએ લજ્જા–મર્યાદા, વડીલની તેણે લાજ રાખવી જોઇએ, શું પંજાબી પોષાકનું અનુકરણ કરવા મથતી નારી આ લજ્જા–મર્યાદા જાળવી શકશે ? નહીં...નહીં...કદાપી નહીં...હિન્દુ સ્ત્રી આ પોષાકનું અનુકરણ કરે તે જરાયે ઇચ્છનીય નથી. અનુકરણ એ જ મરણ...ચાલવા કે હરવા-ફરવા જતાં તો આપણી પૂર્વેના નારી જગતને જરાયે નડતર નહોતું નડયું ને તે નડતર આધુનિક નારીને જ નડે છે કે શું ?

ગુજરાતી તેમજ બંગાળી પોષાકમાં દાઝવાના બનાવો ખૂબ બને છે, એમાં આપણા ગુજરાતી પોષાકનો વાંક કાઢે છે. આજની ટૂંકી દષ્ટિવાળી સ્ત્રી દાઝવાનું ખરૂં કારણ તપાસવા ઊંડી ઊતરશે નહી અને પોષાકનો વાંક કાઢે છે...આમાં પોષાક જરાયે દોષિત, ઠરાવો ન જોઇએ. આમાં વાંક છે આધુનિક સ્ત્રીનો જ ! રસોઈ રાંધતાં–રાંધતાં કે ચા ગરમ કરતાં આજની સ્ત્રીનું ધ્યાન રસોઈમાં ન રહેતાં બીજે ક્યાંક જ હોય છે અથવા તો તે ઉતાવળમાં હોય છે, કાં તો તેનું ધ્યાન હોય છે કે કયાં સ્નેહસંમેલન ભરાય છે ? ફલાણા લેખકની કઇ નવી ચોપડી બહાર પડે છે ? વગેરે આવા આવા ખ્યાલોમાં તેમની સાડીનો છેડો સગડીમાં પડી જાય છે અને બની જાય છે દાઝીને મૃત્યુને શરણ થવાના બનાવો...આવા કિસ્સાઓ માટે પોષાક બિલકુલ જવાબદાર નથી. આને

માટે સર્વાંશે આધુનિક નારી જ જવાબદાર લેખાવી જોઇએ. વૈદકીય દૃષ્ટિએ પણ અંગ્રેજી અને પંજાબી પોષાક હાનિકારક છેઃ આ વસ્તુથી ઘણા અજાણ હશે.

ગુજરાતની નારી માટે ગુજરાતી પોષાક જ શ્રેષ્ઠ છે, પરંતુ ફેશનની પાછલ ઢસડાઇ રહેલ નારીજગત પરદેશી તથા બીજા પોષાકોમાં જ જુએ છે. સ્વયં પોષાકને તિલાંજલિ આપવાનો ખ્યાલ પણ આપણું—આપણા પોષાકનું—અરે આપણા દેશનું સ્વમાન-ગૌરવ ગુમાવે છે. પંજાબી પોષાક ગુજરાતી નારીને ન શોભે—ગુજરાતી પોષાક હિન્દુ સ્ત્રીઓ માટે અગવડતાવાળો નહીં પણ સંપૂર્ણતઃ સગવડતાવાળો છે.

આવા આવા અનેક દૃષ્ટિબિન્દુએ જોતાં આપણો ગુજરાતી પોષાક સ્વમાનવંતો હોય તેમ લાગે છે. પંજાબી પોષાક ગુજરાતી સ્ત્રીઓ માટે તદ્દન નકામો છે...

## વિદ્યાર્થીઓ વિષે

**[ હરિજનબન્ધુ ! —ગાંધીજી ]**

આજની કેળવણી દેશહિતની ઘાતક છે. તેનો કંઇક ઉપયોગ દેશને સારૂ થયો ને થાય છે એ એ નજીવો. એથી કોઇ છેતરાય નહીં. એ મુખ્યત્વે નિરૂપયોગી છે. એની એક ભારે કસોટી આ છે. જે વિદ્યા અપાય છે તેનો આજની ખોરાકની ને કાપડની તંગીમાં શો ઉપયોગ થાય છે? આજે ચાલતી કતલમાં વિદ્યાર્થીઓ શો ભાગ આપે છે? બધી કેળવણી તે તે દેશની પોષક હોવી જોઇએ. આ વાત આપણે ત્યાં નથી થતી એમ કોણ કબૂલ નહીં કરે? એટલે વિદ્યાર્થી સંઘનું મોટું એક કામ એ થયું કે, સંઘે કેળવણીની ઊણપો શોધવી ને પોતાને વિષે તે ઊણપો દૂર કરવી. કેળવણી ખાતાં તેઓની વાતને ઉંચકી લે તે પહેલાં વિદ્યાર્થીઓ પોતાના જીવનમાં જે ફેરફાર કરવા ઘટે તે કરીને ખાતાને પોતાના વર્તનથી સમજાવે કે કેળવણી કેવી હોવી જોઇએ.

## સેવાની ફેશન.

**[ પ્રવાસી : સંસારચક્રના સંપાદક ]**

સારાં ઘરની સ્ત્રીનો વિચાર પહેલાં કરીએ. જો આર્થિક સ્થિતિ સારી હોય તો ઘરમાં નોકર હોય, કદાચ એટલા બધા નોકર હોય કે એમની વ્યવસ્થાજ મોટું કામ બની જતું હોય ને બીજું કંઇ કામ હોય જ નહિ. આવી સ્ત્રીઓને ઘણી નવરાશ હોય, બાળકો હોય તો તે આયા પાસે રહેતાં હોય, રસોઈ રસોયો કરતો હોય, ઘરકામ ઘાટી સંભાળતો હોય, ખરીદી માટે મહેતાજી હોય અથવા શેઠ સંભાળ રાખતા હોય, આવી સ્ત્રી સમાજની સેવામાં પુષ્કળ સમય આપી શકે, પરંતુ સમાજ એની પાસેથી સેવાની અપેક્ષા રાખે એ યોગ્ય છે? મને તો લાગે છે કે, આવી સ્ત્રીની સેવા લેવાનો જ ઇનકાર કરવો જોઇએ. હાથ જોડીને એ બહેનને કહેવું જોઇએ કે, પહેલાં તમારી પોતાની સેવા કરો. તમારા ઘરને નોકરોમાંથી છોડાવો. તમારાં બાળકોને માતાનું વાત્સલ્ય આપો અને પછી સેવા મળે તો સમાજની સેવા માટે આવજો.

ઉપર જણાવેલી સ્થિતિમાં હોય એવી અશિક્ષિત સ્ત્રીઓ તો ભાગ્યે જ સેવા માટે નીકળે છે. તેઓ પોતાના સુખમાં અને કદાચ ઊંડા દુઃખમાં જીવન વીતાવી નાખે છે; પરંતુ આર્થિક સ્થિતિ બહુ સારી હોય અને ઉચ્ચ શિક્ષણ પણ મેળવ્યું હોય એવી સ્ત્રીઓ આજે સેવાના વિવિધ ક્ષેત્રોમાં વિશેષ દેખાય છે. જ્યારે જ્યારે આવી સ્ત્રીઓને હું જોઉં છું ત્યારે ત્યારે મને લાગે છે કે, જેમ ખાદીની ને સાદાઇની ફેશન છે તેમ સેવાની પણ આ ફેશન છે. તેઓ સ્ત્રીસભાઓમાં હાજરી આપે છે. મંડળો ચલાવે છે. કોઈ કોઈ સ્થળે શાળાઓ, બાલમંદિરો, અનાથાલયો વગેરેમાં પણ સક્રિય રસ લે છે, કેટલીક સ્ત્રીઓ નૃત્ય, સંગીત, ચિત્રનાં પ્રદર્શનો ને ઉત્સવોમાં પણ ભાગીદાર બને છે અથવા વ્યાસપીઠ શોભાવે છે, આ પ્રકારની સ્ત્રીઓ સેવા કરવા માટે આવે છે તેની પાછળ કેટલીકવાર ભોળપણ અને ભલમનસાઈ પણ હોય છે. પરંતુ વિશેષ આગળ આવવાની અને પોતાની જાતનું પ્રદર્શન કરવાની વૃત્તિ જ ભાગ ભજવે છે.

આવી સ્ત્રીઓને પણ હું તો એવી વિનંતિ કરૂં કે, પ્રથમ તમારો પોતાનો ધર્મ બજાવો ને પછી સમાજની સેવા કરવા માટે આવો. દેશની અને સમાજની સેવામાં સૌએ યોગ્ય હિસ્સો આપવો જોઇએ. એવો મારો નિશ્ચિત મત છે, પરંતુ જે વ્યક્તિ

પોતા માટે બીજાની સેવા લે અને પોતે સમાજને સેવા આપવા જાય એ તો દ્રાવિડી પ્રાણાયામ છે. એવી સેવાથી સમાજનો ભાર ઓછો થતો નથી. સામાન્ય રીતે દરેક વ્યક્તિએ પોતાનો આવશ્યક ભાર જાતે ઉપાડી લેવો જોઇએ. અને તે પછીનો સમય સમાજને આપવો જોઇએ.

કહેવાનું તાત્પર્ય એ છે કે, સામાન્ય સંયોગોમાં કોઇ પણ પુરુષ કે સ્ત્રીએ પોતાનો બોજો બીજા પર ન મૂકવો જોઇએ. બાળકોને સાચવવાની જવાબદારી માતાની જ છે. ઘરડા વડિલોને સાચવવાની જવાબદારી જુવાનોની છે. કુટુંબના અશક્ત અને માંદાઓની સારવાર સશક્ત ને સાજાઓએ કરવી જોઇએ. આમ થાય તો જ સમાજ વ્યવસ્થિત બને અને સમાજ જેમ સમૃદ્ધ થાય તેમ સેવા લેવાની જરૂરિયાત ઓછી થતી જાય.

સારી સ્થિતિ ધરાવતી સુશિક્ષિત બેનોને મારી સલાહ એ છે કે, સર્વ પ્રથમ કૌટુંબિક જવાબદારી, ખાસ કરીને બાળકો પ્રત્યેની જવાબદારી અદા કરજો, એ પછી તમારાં આશ્રિતો અને નોકરોની સ્થિતિ સુધારવાનો યત્ન કરજો. કોઈ બાલમંદિરને કે શાળાને મદદ કરવા જતાં પહેલાં તમારા ઘાટીને ભણાવી લેજો ને એ જો માંદો હોય તો એને આરામ અને સારવાર આપજો. કોઈ વાર એના સુખ–દુઃખના સમાચાર પૂછજો. એનાં કુટુંબની શી સ્થિતિ છે ને બધાનું કેમ નભે છે તે જાણજો. કુટુંબ પ્રત્યે એ બેદરકાર હોય ને પૈસા ઉડાવી દેતો હોય તો એની ફરજ સમજાવજો. એ જ રીતે નબળાં સગાં–સંબંધીઓને પણ સહાયભૂત થજો.

---


# સારાભાઈ નવાબનાં બે નવાં પ્રકાશનો

## શ્રી જિન દેવદર્શન ચોવીશી

શ્રી ઋષભદેવાદિ ચોવીશ તીર્થંકરો તથા દેવી સરસ્વતિ, દેવી લક્ષ્મીદેવી તથા દેવી પદ્માવતી દેવી સહિતનાં ૨૮ ચિત્રોના ટાઈમ્સ ઓફ ઇન્ડીયા પ્રેસમાં કરેલા પચરંગી બ્લોકો પરથી તૈયાર કરેલ આ ચોવીશીમાં દરેકે દરેક તીર્થંકરોની પાછળ રંગબેરંગી પૂઠીયાંની જુદી જુદી ડીઝાઇનો પણ આપવામાં આવેલી હોવા છતાં **:મૂલ્ય માત્ર સવા રૂપીયો:**

## શ્રી જૈન યંત્રાવલિ

૧ કલિકુંડ પાર્શ્વનાથનો યંત્ર. ૨ શ્રી વર્ધમાન વિદ્યાનો યંત્ર. ૩ શ્રી સંતિકર સ્તોત્રના અધિષ્ઠાયકોનો યંત્ર. ૪ મોગલ સમયનો શ્રી સિદ્ધચક્રજીનો મોટો યંત્ર. ૫ અમેરિકાના બોસ્ટન મ્યુઝીયમમાં આવેલો શ્રી ઋષિમંડલનો યંત્ર. ૬ શ્રી સરસ્વતિ દેવીનો મોટો પ્રાચીન યંત્ર ૭ શ્રી ચિંતામણી પાર્શ્વનાથજીનો મોટો યંત્ર. તથા ૮ શ્રી પંચાંગુલી દેવીનો પ્રાચીન યંત્ર. આ આઠે યંત્રો તદ્દન પહેલીજ વાર સુંદર આર્ટ કાર્ડ પર તેના વિધિ વિધાન સાથે છપાયેલ છે. **: મૂલ્ય માત્ર પાંચ રૂપિયા :**

**સારાભાઈ મણીલાલ નવાબ** નાગજી ભૂદરની પોળ—**અમદાવાદ**

# સંગઠ્ઠન, શિક્ષણ અને સંઘભક્તિના પ્રશ્નો; આજે ઉકેલ માંગી રહ્યા છે.

પૂ૦ મુનિરાજ શ્રીમદ્ કનકવિજયજી મહારાજ

જૈન સમાજની સ્થિતિ દિન-પ્રતિદિન તંગ બનતી જાય છે. સંગઠ્ઠનના અભાવે સમાજની બધી પ્રવૃત્તિઓ અસ્તવ્યસ્ત થતી જાય છે. આથી સંગઠ્ઠનનો પ્રશ્ન આજે ઉકેલ માગે છે, તેમજ સંઘ ભક્તિ અને શિક્ષણના પ્રશ્નોને અંગે પણ સમાજે કાંઈક જાગૃત બની પ્રયત્નશીલ બનવાની જરૂર છે, તેને વિષે આ લેખ કાંઈક માર્ગદર્શન આપે છે. સં૦

### ૧ સંગઠ્ઠન કેમ શકય બને ?

શ્વે. મૂ. પૂ. જૈન સમાજની વર્તમાન સ્થિતિનું જ્યારે ધ્યાનસ્થ બની કાંઈક અવલોકન કરીએ છીએ ત્યારે ખૂબ જ લાગી આવે છે. જૈન સમાજની ધાર્મિક, સામાજિક કે આર્થિક કોઈ પણ બાજુનું નિરીક્ષણ આત્મસંતોષ કે સ્વાસ્થ્યમાં ઉમેરો નથી કરતું પણ સહૃદય આત્માઓને વધુ મુંઝવણમાં નાંખે છે. સમાજનું બંધારણ સ્વાભાવિક રીતે એ મુજબનું વ્યવસ્થિત છે કે, તેની કોઈપણ પ્રવૃત્તિઓનાં ચક્રોનું સંચાલન, ધર્મનાયક, પૂ. આચાર્ય દેવાદિશ્રમણ નિર્ગ્રન્થોનાદ્વારાજ સદાકાળથી સંગીન તેમજ વ્યવસ્થિત રીતે ચાલતું રહ્યું છે. સૈકા જૂનો ઇતિહાસ આજે આ હકીકતને આપણી સમક્ષ કહી રહ્યો છે. પણ વર્તમાનમાં આપણા આરાધ્ય ધર્મનાયકોની પરિસ્થિતિ આપણી મુંઝવણ કે વ્યથામાં સાચે સાચ ઘટાડો કરવાને બદલે વધારો કરી રહી છે. આનાં કારણોની શોધમાં ઉંડા ઉતરવાની આ તકે આવશ્યકતા નથી. છતાં આનો અર્થ કોઈ આમ ન કરી લે કે, " જૈન સમાજની કે જૈન સંસ્કૃતિની વર્તમાન અનિચ્છનીય પરિસ્થિતિ માટે સંતોષમાની લઇ નિઃકાર્મણ્યતા કે અરાજકતાના ઉપાસક બનવા-બનાવવામાં હું માનું છું. "

ના, મારે કહેવું જોઈએ કે, સમાજની દુઃખદ વર્તમાન દશા સુધારો માંગે છે. આથીજ આને અંગે આટલું કહી શકાય કે, ' મત-ભેદ કે સિદ્ધાંત-ભેદ, કદાચ દુષમકાલના બળે આપણા સમાજ-નાયકો કે ધર્મનાયકોમાં સંભવી શકે, એની સ્હામે આપણે કાંઇ ન બોલી શકીયે, પણ એ મતભેદો; મર્યાદાની શિષ્ટતા કે સજ્જનતાની હદને લંઘીને ધર્મ કે સમાજના સાચા પ્રાણતત્ત્વોને ગૂંગળાવી નાંખનારા ન જ હોવા જોઇએ. જે જે પ્રશ્નો વિવાદગ્રસ્ત હોય તેને અંગે શાસ્ત્રીય મીમાંસા જરૂર થઇ શકે. પરસ્પરના સુમેળપૂર્વક નિખાલસ હૃદયે સૌમ્ય ભાષામાં સરળતાથી થતા ધર્મવાદોને, સમાજનો સંસ્કારવાંછુ વર્ગ અવશ્ય આવકારે છે, આમાં જ્ઞાનની સાચી ઉજવણી છે. તત્ત્વની શોધનું આતો એક મહાપર્વ છે.

પણ જે વેળાએ ધર્મવાદના કલ્યાણકર દ્વારો ભીડાઇ જતાં હોય અને શુષ્કવાદ કે વિવાદથી સમાજનું વાતાવરણ ધરતીકંપના ભયંકર આંચકાઓ અનુભવતું હોય, તેવી વિષમ ઘડી પળોમાં આપણે શું કરવું ? આ એક અત્યાર સુધી સમાજના હિતચિંતકોને મન અણઉકેલ રહેલો ગંભીર કોયડો છે. આનો ઉકેલ જરૂર થવો જોઇએ, જ્યાંસુધી આનું બીજું કાંઈ પણ નિરાકરણ ન આવે ત્યાંસુધી સમાજની અરાજકતા કે નિર્નાયકદશાને કાંઇક ખંખેરવા માટે આપણી પાસે એક જ વ્યવહારૂ અને ડહાપણપૂર્વકનો સીધો તેમ જ સરળ માર્ગ છે, જે અહિં ઋજુતાપૂર્વક જૈન સમાજને જણાવાય છે.

( ૧ ) જે જે વાતોમાં શાસ્ત્રીય દૃષ્ટિએ મતભેદ જણાતા હોય તે તે પ્રશ્નોને તેટલાજ પુરતા મર્યાદિત રાખી, બીજી દરેક, ધર્મ કે સમાજની હિત પ્રવૃત્તિમાં સહુ કોઇએ ઐકય કેળવી પરસ્પરના સુમેળપૂર્વક ખૂબ જ સૌહાર્દતાથી રસ લેવો.

( ૨ ) જ્યારે જ્યારે ધર્મ, સિદ્ધાંતો કે જૈનશાસનની મર્યાદા માટે કોઇ પણ પ્રકારની બ્હારની ડખલો આવતી હોય, તે વેળાએ તેનો યોગ્ય પ્રતિકાર કરવાને સારૂ સઘળા પક્ષોએ એકત્ર મળીને

પોતાનાં સડેલા અંગની સાફ સુફી કરવાપૂર્વક સંભાળ રાખી ઉચિત પ્રયત્નો કરવા.

આ અને આના જેવા અનેક માર્ગો છે; કે જે દ્વારા વર્તમાનમાં ઘણું ઘણું કરી શકાય તેમ છે. પૂ. શાસન નાયક સૂરિપુરંદરોની સેવામાં તદ્દન વિનીત-ભાવે કોઇ પણ પ્રકારના પૂર્વગ્રહ વિના એમ હું આ કહી રહ્યો છું. કેવળ આમ થશે તો જ આપણા સમાજમાં વર્તમાનકાળે જે કાંઇ બની રહ્યું છે, તે બધાની સ્હામે ઉભા રહેવા માટે થોડું-ઘણું બળ આપણામાં પ્રગટી શકશે. નહિંતર રાજસત્તા તેમજ ઇતર આક્રમણો આદિદ્વારા આપણાં ધાર્મિક સ્વાતંત્ર્ય વગેરેમાં હસ્તક્ષેપ થશે. ત્યારે આપણે તેની સ્હામે પ્રતિકાર કરવાને અશકત હોઇશું. ?

સંગઠ્ઠન વિના કોઇ પણ સમાજ, પોતાની પ્રવૃત્તિઓને વ્યવસ્થિત કરી શકયો નથી, આથી જ મતભેદોને ગૌણતા આપી મનોભેદથી દૂર રહી શાસન, સત્ય અને ધર્મના સિદ્ધાંતોની આરાધના, રક્ષા કે પ્રભાવના માટે સઘળું કરી છૂટવું એજ આજના કાળમાં શાસનના હિતચિંતકોની અનિવાર્ય ફરજ છે. તો જ શાસનની સ્હામે આવતા આક્રમણોની સ્હામે સંગઠિત થઇ, વર્તમાનમાં આપણે આરાધક ભાવને અખંડિત રાખી શકીશું.

## ૨ શિક્ષણ પ્રચારની દિશા

**શિક્ષણ** કે કેળવણીનો પ્રશ્ન દિન-પ્રતિદિન આજે વધુ ને વધુ જટીલ બનતો જાય છે. શિક્ષણનો પ્રચાર વૃદ્ધિ પામતો જાય છે કે શિક્ષિતોની સંખ્યા ઘોડાપૂરે આગળ વધતી જાય છે, તે આજના વાતાવરણની એ હકીકત લક્ષ્યમાં રાખીને જ આ હું કહી રહ્યો છું; પણ જેમ જેમ શિક્ષણનું મૂલ્ય કે તેની મહત્તા વધતી જાય છે, તેમ તેમ શિક્ષણને અંગે અનેક પ્રકારની નવી નવી મૂંઝવણો વાસ્તવિકદષ્ટિયે જન્મતી જાય છે. ભલે શિક્ષણ વધતું હોય પણ તેમાં આત્મીયતા માની શકાય એવું કાંઈ આપણી નજરે દેખાતું નથી. કેવળ પરદેશી સંસ્કારો, પરદેશી રૂઢી, પરદેશી રીત-રીવાજો અને પરદેશી ભાષા આ બધું આ રીતે વ્યવસ્થિત યોજનાપૂર્વક આ ભારતવર્ષમાં આજે વધી રહ્યું છે,-કે જેની સ્હામે કાંઈપણ બોલવું એ પણ આજે અરણ્ય રૂદન જેવું નિરર્થક બનતું જાય છે.

વર્તમાન શિક્ષણ કે, જે છેલ્લા લગભગ પાંચ દશકાઓથી ક્રમશઃ ખૂબજ વિદ્યુતવેગે આપણી જાત પર આક્રમણ કરીને આપણને નહિવત્ બનાવી રહ્યું છે, તે પરદેશી શિક્ષણને આપણા દેશમાંથી દરેક રીતે આપણે દેશવટો દેવો જોઇએ. જોકે આજે આપણે પોતે પોતાની જાતેજ એવી દયનીય દશામાં મૂકાયા છીએ કે, પરદેશી સંસ્કૃતિ અથવા તેનું શિક્ષણ, તેની ભાષા કે તેનું સાહિત્ય આ બધું આપણા અંગરૂપ બની ગયું છે. આ સઘળાની સાથે આપણે એકમેક રૂપે અભિન્નતાથી સંકળાઈ ગયા છીએ કે, એનાથી છૂટા થવાની કલ્પના પણ આપણા દિમાગમાં આજે ઉતરી શકે તેમ નથી, પણ એ શિક્ષણે આપણને આપ્યું કાંઇ જ નથી, જ્યારે આપણું સઘળું જ ઝુંટવી લીધું છે. જે કાંઈ આપ્યું છે તે જે ઝુંટવી લીધું છે, તેની દષ્ટિયે કાંઇ જ લાભ નથી થયો, જ્યારે નુકશાન અનેક ઘણું થયું છે, એમ કહી શકાય.

એ શિક્ષણથી ઉછરેલી આપણી પ્રજાના દેદાર તરફ જરા મીટ તો માંડી જુઓ ? કયાં છે એ પ્રજાની નસમાં પોતાના ધર્મ, કે સમાજની હિતચિંતાથી ધબકતું લોહી ! કયાં છે આપણા એ શિક્ષિત યુવકોનાં માનસમાં દેવ, ગુરૂ કે ધર્મ જેવા લોકહિતકર તત્ત્વો પ્રત્યેનો કે મા-બાપ, શિક્ષક કે આપ્તજનો પ્રત્યેનો સામાન્ય પણ શ્રદ્ધાભાવ ! નમ્રતા, ઔચિત્ય, વિનય, વિવેક પાપભય વગેરે સુંદર સદ્ગુણો આજના એ આપણા શિક્ષિત ગણાતા ગ્રેજ્યુએટોનાં જીવનમાં દેખા દે છે વારૂ ? આજે શા સારૂ દિ' ઉગ્યે નવા ને નવા કેવળ પરદેશી સંસ્કૃતિને ઉભી રાખનાર જીવતી-જાગતી પેદા કરનારા, આ કેળવણીનાં કારખાનાઓને સદ્ધર કરવા ડાહ્યા ગણાતા લોકો મથતા હશે ? યુનિવર્સીટીઓ, કોલેજો કે હાઇસ્કુલોનું સંચાલન કેવળ પરદેશી સંસ્કૃતિને આપણી કરવાના એક જ ધ્યેયથી હિંદુસ્તાનમાં આજે થઇ રહ્યું છે.

જૈન સમાજમાં ગુરૂકુળો, બાલાશ્રમો, વિદ્યાલયો કે મહાવિદ્યાલયો; આ બધી શિક્ષણ સંસ્થાઓ નામથી

ભલે પ્રાચીન ભારતીય સંસ્કૃતિ કે શિક્ષણની પ્રતિનીધિ રૂપ ગણાતી હશે! પણ વાસ્તવિક દૃષ્ટિયે કોઇ પણ ઇતિર સમાજના તે તે છાત્રાલયો, કરતાં જૈનસમાજનાં આ શિક્ષણાલયો સાચે દિ' ઉગ્યે પરદેશી સંસ્કારોના કેવળ પ્રચાર કમીશન રૂપ કાર્ય કરી રહ્યા છે. એમાં શિક્ષણ લેનારો જૈન સમાજનો ઉગતો વર્ગ, વર્તમાનમાં ચોવીસે કલાક એ જ પરદેશી શિક્ષણની શેતરંજના પાસાઓ બની, પોતાનો બાલ્યકાલ–ઉગતો કાલ પસાર કરે છે. " જૈન " નામથી સંકળાયેલી અને જૈનસમાજના અઢળક ધન–દાનથી સમૃદ્ધ બનેલી, તે તે શિક્ષણ સંસ્થાઓના અભ્યાસ ક્રમોમાં કયાં છે જૈનત્ત્વના સંસ્કારોનું સાચું અમીપાન? ઢુંઢતાં પણ ધોળે દિવસે નથી મળતું, આવી માતબર જૈન શિક્ષણ સંસ્થાઓમાં ધાર્મિક તેમ જ સામાજિક હિતની પ્રવૃત્તિઓનું નિર્ભેળ સંચાલન?

આ કહીને હું કોઈપણ જૈન શિક્ષણ સંસ્થાને હલકી પાડવાને ઇચ્છતો નથી. એના સંચાલકો, વ્યવસ્થાપકો કે તેના માર્ગદર્શકોએ, આથી તે તે સંસ્થાના વર્તમાન શિક્ષણપ્રચારની દિશામાં ઉચિત પરિવર્તન કરવાની તાત્કાલિક અવસ્યકતાની જરૂર છે. આ માટે જ ભારપૂર્વક આ બધું કહેવાય છે. સ્પષ્ટ રીતે આપણે નજરે જોઇ શકયા છીએ કે, યુનીવર્સીટીના જ પાઠયક્રમપૂર્વક અપાતાં વર્તમાન શિક્ષણની માથાતૂટ મથામણમાં આપણી આ ભાવી પ્રજાની શક્તિઓ ખોટી રીતે ખર્ચાઇ રહી છે. એક સવારથી બીજી સવાર સુધી અનાર્ય સંસ્કૃતિના ધામરૂપ કોલેજ કે સ્કુલોદ્વારા આપણી ઉગતી પ્રજાનાં માનસમાં યુરોપીય સંસ્કૃતિનું સાહિત્ય, વિજ્ઞાન, ગણિત, કે ભાષાજ્ઞાન પીરસાતું જાય છે. જેથી આપણા દેશનો તે ઉછરતો વર્ગ, શરૂઆતમાં જ આ રીતે પોતાના દેશની, ધર્મની કે સમાજની સંસ્કૃતિ કલા કે પોતાના આર્ય તત્ત્વજ્ઞાનના મહામૂલા જ્ઞાન ભંડારોથી સાવ અજાણ રહેવા પામે છે; જ્યારે શિક્ષિત બની પદવીધર તરીકે જાહેર સમાજમાં આવે છે, ત્યારે એ પૂરેપૂરો પરદેશી સંસ્કારોથી રંગાએલો હોય છે. કે તે અવસરે એને પોતાના દેશની, ધર્મની કે સમાજની ઉત્તમ સંસ્કૃતિ, તેનું શિક્ષણ કે તેના તત્ત્વજ્ઞાનને પામવાની સાચી ભૂખ જ રહેતી નથી. એ અવસરે એ એમ જ માનતો હોય છે કે ,'આપણી પાસે શું છે? આપણા દેશમાં કયાં છે આવું સાહિત્ય? આપણા ધર્મ સંપ્રદાયોમાં કે ધર્મનાયકોમાં કયાં છે પાશ્ચાત્ય સંસ્કૃતિના જેવું તત્ત્વજ્ઞાન?' આ વિચારો, કલ્પનાઓ અને ભ્રમણાઓમાં અટવાતો આપણો આ શિક્ષિત વર્ગ હંમેશા ધર્મ તેમજ તેનાં ધર્મનાં સ્થાનોથી દૂર રહી તેના રીત-રીવાજોની ટીકાઓ કરી સ્વપંથ ભ્રષ્ટ બની અનેકોના જીવનને અસંસ્કારી બનાવવાનું મહાપાતક પોતાના શીરે વહોરી લે છે.

આ પરિસ્થિતિમાં સમાજના સાચા હિતચિંતકોએ દરેક રીતે વ્યવસ્થિત બની એવી સુંદર અને વ્યવહારૂ યોજનાઓ ઘડી કાઢવી જોઇએ, અને સમૃદ્ધ લક્ષ્મીનંદનોએ તે તે યોજનાઓને સક્રિય બનાવી દેવી જોઇએ, કે જેથી તે શિક્ષણનું પરિણામ આપણા સંસ્કારોના હ્રાસમાં આવતું જોવાનો આપણને ફરી અવસર ન આવે! અને આપણી ભાવિપ્રજા આપણા ધર્મ, સંસ્કૃતિ કે દેશને માટે આશિર્વાદ રૂપ બની શકે.

### ૩ સાધર્મિક ભક્તિનું ક્ષેત્ર

**સાધુ**–સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા આ ચાર ક્ષેત્રો, જૈન સંસ્કૃતિના ઇતિહાસમાં ખૂબ જ ગૌરવભર્યું સ્થાન ધરાવનારાં સુપાત્રો ગણાય છે. પૂ. જૈન શ્રમણ નિર્ગ્રન્થ વર્ગની સેવાભક્તિ જૈન સમાજના શ્રાવક–શ્રાવિકા વર્ગના આચારધર્મ તરીકે દૃઢ છે. આ બન્નેઉપાસ્ય ક્ષેત્રોની ઉપાસના, પૂજા, આદર કે બહુમાનની પ્રવૃત્તિ ઉત્તમ પ્રકારે જાળવવી, એ વર્તમાન કાળે પણ પ્રત્યેક જૈનનું પરમ કર્તવ્ય છે પણ આજે આ માટે જૈન સમાજને કહેવા જેવું જેટલું નથી, તેના કરતાં વિશેષ રીતે જે પ્રશ્ન ખૂબ ચર્ચાઈ રહ્યો છે તેને અંગે કહેવાનું પ્રાપ્ત થાય છે. તે એ કે સાધર્મિક ભક્તિનું ક્ષેત્ર ગમે તે કારણે આપણા સમાજમાં તદ્દન ભૂલાતું જાય છે. આપણા સમાન ધર્મી જાત ભાઇઓની સેવા કે વાત્સલ્યની સાચી દિશાનાં દ્વારો દિન–પ્રતિદિન સંકડાતાં જાય છે. પોતાના સાધર્મિક ભાઈ કે બ્હેનની સાચી હિતચિંતા આજે આપણા વિશાલ જૈન સમાજમાં કેટલા પુણ્યવાનોના હૈયામાં ઉભતી હશે? ભાણા પર બેસીને અન્નને,

કોળીઓ જમણા હાથેથી ઉપાડી મ્હોઢામાં મૂકતાં કેટલા ભાગ્યશાલી મહાનુભાવોનાં અંતરમાં પોતાના સાધર્મિક ભાઇ–બ્હેનો કે જે પોતાથી બહુ દૂર નહિ પણ નજીકમાં જ વસે છે, તેની ભક્તિ, સેવા કે વાત્સલ્ય કરવાનો ઉમલકો ઉછળતો હશે ?

જો કે, આમ ગતાનુગતિકતાથી સાધર્મિક વાત્સલ્યોની પ્રવૃત્તિ, પર્વદિવસોની નજીકના દિવસોમાં જમણોદ્વારા આપણા સમાજમાં હજુ પણ ચાલી રહી છે. રેશનીંગના કારણે એમાં ન્યૂનતા આવી છે, છતાં પણ અવારનવાર અથવા પર્વદિવસોની આજુ-બાજુના દિવસોમાં તપશ્ચર્યા દ્વારા ધર્મની આરાધના કરનારા સાધર્મિક ભાઇ–બ્હેનોને આ રીતે જમાડવા-દ્વારા થતું સાધર્મિક વાત્સલ્ય એ પણ અવશ્ય આવકારદાયક ધર્મકૃત્ય છે.

મહાગુજરાતના મંત્રીશ્વર પરમાર્હત શ્રી વસ્તુ-પાલની સાધર્મિક ભક્તિ, આપણા હૃદયમાં કોઇ અનેરો પ્રભાવ પાડી જાય તેવી છે. નાગપુરનો સંઘ જ્યારે ધોળકાના આંગણે મહામાત્યના આગ્રહથી પધારે છે તે વેળાએ મહામંત્રી શ્રી વસ્તુપાળે પોતાના તમામ સાજની સાથે તે સંઘને લેવાને માટે માઇલો સુધી સામે જાય છે. સંઘમાં હજારોની સંખ્યામાં શ્રાવક–શ્રાવિકા વર્ગ તેમજ પૂ૦ સૂરિદેવાદિ મુનિવરો, વગેરે ચતુર્વિધ સંઘના દૂરથી દર્શન કરી, મહામંત્રી અતિશય આનંદ પામે છે. સંઘનાં ચાલવાથી માર્ગની ધૂળ ચોમેર ઉડી રહી છે. તે અવસરે પરમાર્હત શ્રી વસ્તુપાલ મંત્રી જે માર્ગ પર અને જે દિશામાં વધુ ધૂળ ઉડે છે તે દિશા તરફ જાય છે. અને તે ધૂળને પોતાના શરીર પર વધાવી લે છે. પાસેનો અધિકારી વર્ગ જ્યારે મહામાત્યને તે બાજુથી ખશી જવાનો આગ્રહ કરે છે, ત્યારે મંત્રીશ્વર વસ્તુપાલ જવાબમાં કહે છે. ' મારૂં અહોભાગ્ય કે શ્રી સિદ્ધગિરિરાજની યાત્રાને સારૂ જતા પુણ્યવાન યાત્રિકો તેમજ મારાસાધર્મિક બન્ધુઓના પાદઃકમળથી પવિત્ર રજનો સ્પર્શ મારા મલિન દેહને નિર્મળ કરે છે. સાચે આજે હું પાવન થાઉં છું ધન્ય મહાગુજરાતના મંત્રીશ્વર શ્રી વસ્તુપાલની સાધર્મિક ભાઇઓ પ્રત્યેની અતિશય આદરભાવથી પરિપૂર્ણ ભક્તિને !

વર્તમાન કાળે સાધર્મિક વર્ગની ભક્તિ કઈ રીતે કરવી ? આ પ્રશ્નનો ઉત્તર મારી સમજણ મુજબ આ રીતે છે. હાલના તબક્કે આપણા સાધર્મિક સમાજની સેવા માટે આપણે ઠામ–ઠામ ભક્તિગૃહો કે ભક્તિક્ષેત્રો યોજી શકીએ.

જે દ્વારા સાધર્મિક ભાઇઓ, ભોજન આદિ પોતાની હરેક પ્રકારની જરૂરીઆતો મેળવી શકે, એમાં એ રીતની વ્યવસ્થિત યોજનાઓ હોય કે એ આપણા ભાઇઓ પોતાની ખાનદાની, કુલીનતા કે મર્યાદાને સાચવીને સેવા કે ભક્તિનો લાભ આપી શકે. આ બધી યોજનાનું સંચાલન કરનારા ભાગ્યશાળીઓએ આ હકીકત ખાસ ખ્યાલમાં રાખવી કે, આપણે સાધર્મિક ભાઇઓનું વાત્સલ્ય કે સેવાનું ક્ષેત્ર આપણી યોજનાઓદ્વારા સમાજમાં ઉભું કરવાનું છે, નહિ કે તેઓના ઉદ્ધારનું. આપણે કોણ માત્ર કે આપણા ધર્મિ ભાઇઓના ઉદ્ધાર કરી શકીએ ? દેવ કે ગુરૂ એ બે મહાન તત્ત્વો દ્વારા જ આપણો અને આપણા સાધર્મિક ભાઇઓનો સાચો ઉદ્ધાર થઈ શકે તેમ છે. માટે જ આપણા અધિકારની શાસ્ત્રીય આજ્ઞાના શબ્દોમાં આ મુજબ કહેવાયું છે કે, **'नकयं दीणुध्धुरणं नकयं साहम्मि आणवच्छक्कम्'** આમાં દિનજનોનો ઉદ્ધાર અને સાધાર્મિક સમાજનું વાત્સલ્ય, આ બન્ને ધર્મ-કૃત્યોની કર્તવ્યતાનો ઉપદેશ આપવા દ્વારા એ નહિ કરનારના જન્મની નિષ્ફળતા માટે કહેવામાં આવ્યું છે.

જેમ શ્રી જિનમંદિર આદિ માટે સંઘનો શ્રાવક-શ્રાવિકા સમાજ પોતાની શક્તિ–સામગ્રીનો સદ્વ્યય, સામુદાયિક રીતે પરસ્પરના સહકારથી કરે છે. તે મુજબ સાધાર્મિક ભાઇઓની સેવા ભક્તિ માટે આપણી સમાજમાં ખૂબ જ વિસ્તૃત તેમજ વ્યાપક પ્રચાર થવાની આજના વિષમ અને કટોકટીના તંગ વાતાવરણમાં ખાસ આવશ્યકતા છે.

સમ્યકત્વના પાંચ ભૂષણોમાં સ્થિરતાની પણ આરાધના સાધર્મિકભક્તિદ્વારા જરૂર થાય છે. અનેક ધર્માત્માઓને ધર્મમાં સ્થિર રાખવાને માટે સાધન સંપન્ન શ્રાવકોએ, આજે ઉદાર–વધુ ઉદાર બની, લક્ષ્મીને શરીરનો મેલ સમજી તેનો છૂટે હાથે સદુપયોગ કરવાનીજરૂર છે.

# મહાસાગરનાં મોતી

પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિજી મહારાજ.

ચાલુ ચાલ્યા કરે એવા આત્માઓને બીજા ભવમાં ઢોર બની ઘાસ વાગોળવું પડે તો આશ્ચર્ય નહિ.

ત્યાગવૃત્તિ એ શક્તિનું અને સામર્થ્ય ગુણનું ભાન કરાવે છે.

સંસારનાં સુખોમાં રહીને પણ જો તમોને પાપનો ડર હોય તો તો મહાવીરના ભક્ત, અને જો ડર ન હોય તો મોહના ઘરના દાસ એમ સમજવું.

ધર્મ તો અવશ્ય કરવા યોગ્ય છે પણ ઉદ્દેશ વિશુદ્ધ જોઈએ, ઋદ્ધિની વૃદ્ધિ તો સંસારની વૃદ્ધિ કરાવનાર છે.

જૈનને તો શ્રી જિનવાણીનું પાન કરવાનો રસ લાગ્યો હોવો જોઈએ.

જૈનને ક્ષણિક તથા કલ્પિત આનંદ આપનારી બીઝીક, સોગટાબાજી, કેરમ, ક્રિકેટ, ફુટબોલ આદિ રમતો ન ગમે પણ જૈન તો આત્મામાં નવી નવી ઉચ્ચતમ ભાવનાઓમાં મસ્ત રહે.

જેઓ જિનેશ્વર દેવના દાસ-દાસી બને છે તેઓજ સાચા સ્વામી બને છે. જિનેશ્વરનો જે દાસ છે તેનું આખું જગત દાસ છે પણ જે શ્રી જિનેશ્વરનો દાસ બનવા ચાહતો નથી તે હંમેશનો ઉદાસ છે.

હિંસા પ્રવર્તક વાણીવ્યાપાર ધિક્કારપાત્ર છે, હિંસા નિવર્તક વાણીવ્યાપાર ધન્યવાદને યોગ્ય છે.

ભોગમાં રસીલા બનેલાઓ જેટલા આરંભ-સમારંભો વધારશે, મશીનો, યંત્રો આદિ વધાર્યે જશે તેટલા તેઓ કર્મથી ભારે બનશે.

જિન ધર્મની વાસનાથી વંચિત એવું ચક્રવર્તિપણું ન ખપે, ખપે જૈનધર્મની વાસનાથી સંચિત શ્રાવક કુળ.

પિતામાં અસ્થિ મજ્જા ધર્મ હોય તો બાલકમાં આવે, દિવસ-રાત જો પિતા ધર્મ વિચારોમાં મશગુલ હોય તો અને બાલકને પૂર્વના સંસ્કારો હોય તો જરૂર બાલકમાં ધર્મ આવે. પણ પિતા જ વિષયોના વિચારમાં વ્યગ્ર હોય ત્યાં શું થાય ?

જેનામાં ધર્મ વસ્યો તેને દુઃખ જોવું પડતું નથી. આત્મા, કર્મને હરાવે પણ કર્મથી હારતો નથી. તે આત્મા કે જેને ધર્મ પરિણમ્યો છે તે તો મુસીબતોમાં પણ મોજ માને છે.

જ્ઞાન, ત્યાગ, વૈરાગ્ય મલ્યા પછી, સમજ્યા પછી તે ફળે એમ જેને લાગે તે નાચી ઉઠે છે.

ઉઠતાં, બેસતાં જૈન એ જ વિચારે કે, હેં જૈન નામનું સાર્થક શું કર્યું ?

વિષય-કષાયો થોડા થોડાય કમી થતા હોય તેની પ્રવૃત્તિ જેટલી બને તેટલી આસ્તે આસ્તે કમી થતી જતી હોય તો તો સમજો, જૈન શબ્દની વ્યુત્પત્તિ જચી ગઇ, હૃદયમાં પચી ગઇ. પણ જો વિષય કષાયો-જુના દોસ્તો કમી ન થતા હોય તો સમજી લ્યો કે જૈન શબ્દની વ્યુત્પત્તિ વાલું તમ્હારૂં નામ સાર્થક થયું નથી.

ધર્મમાં એ ચમત્કાર છે કે, મુંઝાએલાને પણ માર્ગ બતાવે છે.

ડુબાડનારી, સંસારમાં રૂલાવનારી, વિષય-કષાયવાળી, મોજ-શોખવાળી ક્રિયાઓ કે જેના યોગે નરકાદિ દુર્ગતિમાં ગમનાગમન ચાલુ રહે, **पुनरपि जननं पुनरपि मरणं पुनरपि जननी जठरे शयनम्** માં ચાલુ રહે, જેના યોગે ભવોના ભવો વધે, આત્મા કર્મોના પાશથી આવૃત

# જૈનદર્શનમાં નિક્ષેપાની મહત્ત્વતા

ડૉક્ટર, વલભદાસ નેણસીભાઇ

## નામ નિક્ષેપાનું મહત્ત્વઃ

**મન**માં રહેતી રજો ગુણ જનિત ચંચળતા અર્થાત્ વિક્ષેપ–દોષને નિવૃત્ત કરવો એ ભક્તિનું પ્રયોજન છે. રજો ગુણના વેગને દબાવી ન દેતાં, તેને પ્રભુની ભક્તિદ્વારા બહાર વહી જવાનો માર્ગ આપવો જરૂરી છે. આમાં કરવાનું એટલું જ છે કે, રજો ગુણના પ્રવાહને બદલી દેવો, એટલે કે, પ્રવાહ જે સંસારની દિશામાં વહેતો હતો તેને ત્યાં અટકાવી પરમાર્થની દશામાં વહેતો કરવો. ઘરબાર મારૂં, કુટુંબ મારૂં, પરિવાર મારો, શરીર મારૂં, પ્રાણ મારા, આવી કથનને ઘરબાર તારાં, કુટુંબ તારૂં, પરિવાર તારો, શરીર તારૂં, પ્રાણ તારા આ પ્રકારના કથનમાં બદલવું જરૂરી છે. સંસારની દશામાં ચાલી રહેલો રજો ગુણનો પ્રવાહ રજો ગુણને શાંત કરી શકતો નથી. બલ્કે તે અગ્નિમાં ઘીની જેમ તેના વેગને અધિકાધિક વધારી મૂકે છે. આનું કારણ એ છે કે, સંસાર સ્વયં રજોગુણની મૂર્તિ છે, એટલે જેમ અગ્નિથી તાપ દુર થતો નથી, પણ જળથી જ તાપની નિવૃત્તિ થાય છે; તેમ પ્રભુની દિશામાં વહેતો કરેલો એ રજોગુણનો પ્રવાહ સાંસારિક રજોગુણને શાંત કરવાનો એક માત્ર ઉપાય છે.

ઉપરોક્ત હેતુની સિદ્ધિને માટે પ્રથમ સાકાર ભકિત ઉત્પન્ન કરવી એ જરૂરતું છે. આનું કારણ એ છે કે, મન એ નામરૂપનું પૂતળું છે, તે નામ રૂપમાં ફસેલું છે, નામરૂપથી જ મદોન્મત છે એટલે તે નામરૂપનો આશ્રય લઇને નામ રૂપની પેલી પાર પહોંચી શકે છે, મન નામ રૂપની ભૂમિ ઉપર પડેલું છે, એટલે તે પરમાત્માના નામ રૂપની સહાયથી જ આ સાંસારિક નામરૂપની ઉપર ઉંચે ઉડી શકે છે, નિરાકાર ભકિત ત્યારેજ ઉત્પન્ન થાય છે કે, જ્યારે સમસ્ત રાગ–દ્વેષથી હૃદય નિર્મળ બને છે, જ્યારે આપણા આચરણોદ્વારા સમસ્ત સંસાર દેવમંદિર બની રહે છે અને જ્યારે પ્રત્યેક ક્રિયા ભગવાનની પૂજારૂપ બની જાય છે,

---

થાય, તાડના, તર્જના, છેદન, ભેદનાદિ અનંત દુઃખો જેના યોગે સાંપડે તેવી પાપક્રિયાઓથી વિરમવું-અટકવું તેને નિવૃત્તિ કહે છે.

**સ્વ**તંત્રતા એટલે કનડગતનો અભાવ. પરતંત્રતા એટલે કાયમી કનડગતો.

**જ**રા, મનુષ્ય જાતિને કનડગત થાય એટલે તેને, જેનાથી ( પ્રાણીથી ) કનડગત થાય તેને ઠાર કરવાના હુકમો અપાય છે, અને છતાં અજ્ઞાન દુનિયા ત્યાં નમસ્કાર કરે છે, મ્હોટા ઇલકાબો આપે છે. આ જાતની સ્વતંત્રતાને જૈનો કદી પણ કબુલે નહિ.

**ધ**ર્મનીતિનો ભંગ થતો હોય, હિંસાનો જ રંગ હોય, અમુકને બચાવવાના ઉપયોગમાં અમુકને નાશ કરવાના ઢંગ હોય એવી કહેવાતી સ્વતંત્રતાને સાચો જૈન શી રીતે ઇચ્છે?

જે સ્વતંત્રતા ધર્મને બંધ કરાવનારી હોય, જે સ્વતંત્રતા જૈનીય ભાવના માટે બાધક હોય, જે સ્વતંત્રતા કેવલ્ મોહની સાધક હોય, તે સ્વતંત્રતાને ઇચ્છવા માત્રથી આરાધકતાનો નાશ થાય.

ઈર્ષાળુ, કૃતઘ્ની બને છે, કાતીલ બને છે, અને કારમો બને છે.

**બા**હ્ય આચરણ જોઇને અભિપ્રાય આપનારો ઉતાવળીઓ છે.

**રો**જ ક્રિયા કરનારો પણ જો બીજાને ઠગવા મથતો હોય તો તે દંભ, છે પણ જો દંભ તો રોજ ક્રિયા કરનારો, ચાલુ પાપના પશ્ચાતાપથી તરશે, દંભી મરશે.

ખરી રીતે મનની જડતાને પિગળાવવાનું સાધન સાકાર ભક્તિ જ છે. એ દ્વારા મન અને શરીર પરનો અધિકાર તણખલાની પેઠે તૂટી જાય છે.

સર્વ શાસ્ત્રો, સર્વમતો અને પંથોએ નામ મહિમાનું વર્ણન મુકતકંઠે કર્યું છે, નામ મહિમા સંબંધમાં પોતે પોતાના અનુભવના ઉદ્‌ગાર ચિતાકર્ષક રીતે કાઢેલા છે, અને નામના ગુણાનુવાદ ગાવા ખાતર ગ્રંથના ગ્રંથ ભરી દીધા છે. સંસારમાં નામ અને રૂપ એટલે શબ્દ અને અર્થ, બેજ પદાર્થો છે. નામ તથા શબ્દ એકજ છે, અને રૂપ તથા અર્થ એક જ વસ્તુને બતાવે છે. પ્રપંચરૂપ સંસાર બધો જ નામ અને રૂપમાં સમાઈ ગયો છે "ઘટ" એ બે અક્ષરવાળો શબ્દ નામ છે. અને ઘટ શબ્દનો અર્થ જે એક પ્રકારનું મૃતિકાનું પાત્ર એવો થાય છે, તે તેનું રૂપ છે. આ રીતે સકળ પ્રપંચ નામરૂપની ભીતર સમાયેલો છે. નામરૂપની બહાર કશું પણ નથી, વિચારી જોતાં રૂપથી નામનો મહિમા વધારે મોટો છે.

(૧) ઘટ–રૂપનો સંબંધ એક વ્યકિતગત ઘટથી છે અને ઘટ નામનો સંબંધ સમષ્ઠિ ઘટો સાથે છે એટલે રૂપથી નામ વ્યાપક છે.

(૨) રૂપ સ્થુલ છે, નામ સૂક્ષ્મ છે, રૂપ પ્રકાશ્ય છે અને નામ પ્રકાશક છે, એટલે રૂપથી નામ સૂક્ષ્મ છે; સ્થુલ કરતાં સૂક્ષ્મમાં શકિત અધિક હોય છે. બરફથી જળમાં અને જળથી બાષ્પ (વરાળ) માં અધિક બળ છે. એટલે રૂપ જગતથી, નામ જગત વધારે પ્રભાવશાળી છે.

(૩) નામ વિના રૂપની સિદ્ધિ થઇ શકતી નથી અર્થાત્ વસ્તુ હાથમાં પડેલી હોવા છતાં તેના નામ વિના રૂપનો બોધ થઇ શકતો નથી.

(૪) નામ વિના સંસારમાં કોઇ ક્રિયા કે ચેષ્ટા બની શકતી નથી, નામ રહે નહીં તો બધો સંસાર જડરૂપે થંભી જાય એટલે કે, શબ્દ પ્રયોગ વગર આપણો ભાવ કોઇની આગળ પ્રકટ કરી શકાતો નથી કે કોઈની પાસે કશી ક્રિયા પણ કરાવી શકાતી નથી.

(૫) નામરૂપી વીજળી સ્થુલ વીજળી કરતાં બહુ વધારે પ્રભાવશાળી છે. નામના પ્રભાવથી કઠોરને કોમળ, અને કોમળને કઠોર કરી શકાય છે. પ્રેમોદ્‌ગાર પૂર્ણ નામ દ્વારા પત્થરને પીગળાવીને પાણી રૂપે વહાવી શકાય છે. ક્રોધાવેશ પૂર્ણ નામ દ્વારા પાણીમાં અગ્નિ ઉપજાવી શકાય છે. આ બધો પ્રભાવ નામનો છે.

(૬) નામી (રૂપ–અર્થ) નષ્ટ થવા છતાં પણ નામશેષ રહે છે, વળી નામી એક દેશમાં સ્થીત રહે છે. જ્યારે નામ દેશ–દેશાંતરમાં વ્યાપી રહે છે. આ કારણથી નામીથી નામ અધિક દેશ અને અધિક કાળ વ્યાપી રહે છે.

(૭) જે રૂપના શ્રવણજન્ય, અથવા નેત્રજન્ય સંસ્કાર હૃદયમાં હોય, તે રૂપ અને રૂપના ગુણ કર્મ સ્વભાવના સંસ્કાર હૃદયમાં નામનું ઉચ્ચારણ કરવાની સાથે જાગી ઉઠે છે. તથા રૂપના ગુણ–કર્મ સ્વભાવનું ચિત્ર, નેત્ર સન્મુખ ખડું થઇ, તે સંબંધમાં વિચિત્ર ભાવોનો સંચાર થવા લાગે છે. એવો નામનો અદ્‌ભૂત પ્રભાવ છે. નામના ઉચ્ચારણ સાથે સંસ્કારનો બોધ થાય છે, સંસ્કારના બોધથી પદાર્થની સ્મૃતિ જાગે છે. સ્મૃતિથી રૂપ–ગુણ વિગેરે દ્રશ્ય નજર સમક્ષ ખડું થાય છે, અને દ્રશ્ય ખડું થતાં ભાવોના ઉદ્‌ગાર જન્મે છે. આ બધાના મૂળમાં "નામ" છે.

આ સિદ્ધાંત અનુસાર અરિહંત આદિ તીર્થંકરોના નામોનું સ્મરણ કરવાથી તેમના રૂપ તથા ભિન્ન-ભિન્ન ગુણ-કર્મ-સ્વભાવ, આદિનું દ્રશ્ય, સન્મુખ આવી ઉભું રહે છે, અને ભક્તોના હૃદયમાં સમુદ્રની પેઠે પ્રેમના તરંગો ઉછળી આવે છે. મહાવીર-પાર્શ્વનાથ, શાંતિનાથ-નેમનાથ, આદિ તીર્થંકરોનાં નામ ઉચ્ચારણ સાથે તેમના ભક્તોના હૃદયમાં તેમના રૂપ-ગુણ-કર્મ અને સ્વભાવનું ચિત્ર ખડું થઇ જાય છે, અને જેને લઇને તે તે મહાનુભાવો પ્રત્યે અતિશય પૂજ્ય બુદ્ધિ ઉત્પન્ન થાય છે. જીવ, શ્રદ્ધાનું પૂતળું છે અને જેવી તેની શ્રદ્ધા હોય છે તેવા તેવા રૂપે તે ભૃંગ-કીટ ન્યાયે બની જાય છે, અને એ બધું મહાત્મ્ય નામ, જે રૂપને મુકાબલે અનેકગણું વધી જાય છે તે તેને આભારી છે. પૂર્વના મહાપુરૂષોએ કેવળ નામ સ્મરણથી જ દેવી-દેવતાઓને પોતાની સમક્ષ ખડા કરેલા છે,

નામ અને નામી સમજવામાં એક જેવાં છે પરંતુ બન્નેમાં પરસ્પર પ્રીતિ, સ્વામી-સેવક જેવી છે, એટલે કે જેવી રીતે સેવક સ્વામિની પછવાડે-પછવાડે ચાલે છે તેવી રીતે રૂપ, નામને આધીન છે, અને નામની પાછળ નામી ચાલે છે. જ્યાં નામનો જય થાય છે, ત્યાં નામી પણ હાજરા-હજુર રહે છે. રૂપ નામને આધીન છે. એમ જોવામાં આવે છે. કેમકે નામ વિના રૂપનું જ્ઞાન થઈ શકતું નથી.

રૂપ જોયા વિના પણ જો નામનું સ્મરણ કરવામાં આવે તો હૃદયમાં વિશેષ પ્રેમ ઉત્પન્ન થયા વિના રહેતો નથી. સાકાર અને નિરાકાર ભગવાનની વચ્ચે નામ જ એક સુંદર સાક્ષી છે. જે પોતે અલગ રહી બન્નેના સ્વરૂપનો બોધ કરાવી દે છે. આમ હોવાથી નામ ચતુર દુભાષિયો છે; પોતાની સાનથી પોતે જેમના શાક્ષી રૂપ છે તેમના સ્વરૂપને બતાવી દે છે. પ્રભુ નામનો મણિરૂપ દીવો (જે મણીની પેઠે નિત્ય પ્રકાશે છે) જો બહાર તેમજ અંદર બંન્ને ઠેકાણે અજવાળું કરવું હોય તો મનુષ્યે જીભરૂપી ડેલીના દરવાજે રાખવો. ડેલી પર મુકેલો દીવો ઘરની અંદર તેમ બહાર પ્રકાશ કરે છે. તેમ નામરૂપી દીવો જીભરૂપી ડેલીના દરવાજે રાખવાથી શરીરની અંદર તેમ બહાર બંન્ને ઠેકાણે પ્રકાશ ફેલાવે છે.

યોગી જેણે સંસારના પ્રપંચને ત્યાગીને વૈરાગ્ય લીધેલો છે, તે પોતાના આત્મસ્વરૂપમાં જાગૃત રહે છે, અને અકથનીય આત્મસુખનો અનુભવ કરે છે. સાધક પુરૂષ જો પ્રેમપૂર્વક એકાગ્રતાથી નામ જપ કરે છે તો તે અણિમાદિ સિદ્ધિને પ્રાપ્ત કરી સિદ્ધ બની શકે છે. વળી જે દુઃખી મનુષ્ય નામનો જપ કરે છે, તે ભારે સંકટમાંથી પણ છુટી જઇને સુખી થાય છે. કળીયુગમાં તો નામ સિવાય બીજો કોઇ ઉપાય પણ નથી.

નિરાકાર અને સાકાર બન્ને અગમ છે. પણ નામથી સુગમ બની જાય છે. એટલે તે બન્નેથી નામને જ મોટું ગણુવું જોઇએ.

ઉત્તમ પ્રકારે નામના જપનો હૃદય પર જબરો પ્રભાવ પડે છે. જાપનો ઉદ્દેશો એ છે કે, પ્રભુની સ્તુતિ દ્વારા, જે સંસ્કારોને જળસિંચન થયું હતું તે સંસ્કારો હૃદયમાં દ્રઢ મૂળ ઘાલી શકે અને ઉપાસ્ય પ્રભુ પ્રત્યે ભક્તિનો પ્રવાહ ભરતી રૂપે વહે.

ભક્તામર અને કલ્યાણમંદિરના નિમ્ન લિખીત બે શ્લોકો, નામનું માહાત્મ્ય સવિશેષ પ્રકારે પરિસ્ફુટ કરે છે.

**आस्तांतव स्तवनमस्त समस्त दोषं**
**त्वत्संकथाऽपि जगतां दुरितानि हंति,**

**दुरे सहस्त्रकिरणः कुरुते प्रभैव;**
**पद्माकरेषु जलजानि विकाशभांजि. ॥६॥**

[ ભક્તામર સ્તોત્ર. ]

હે પ્રભુ, નાશ પામ્યા છે, સમસ્ત દોષ જે થકી એવું તમારૂં સ્તવન દૂર રહો, પરંતુ તમારી કથા, તમારૂં નામ પણ જગતનિવાસી લોકોના પાપોને હણે છે, જેમ સૂર્ય દૂર રહો પરંતુ તેની કાંતિજ કમળના સમૂહવાળા સરોવરને વિષે કમળોને વિકસ્વર કરે છે.

**आस्तामचिन्त्यमहिमा जिन ! संस्तवस्ते,**
**नामापि पाति भवतो भवतो जगन्ति;**
**तिव्रातपोपहतपान्थजनान्निदाघे,**
**प्रीणाति पद्मसरसः सरसोऽनिलोऽपि, ॥७॥**

[ કલ્યાણમંદિર સ્તોત્ર. ]

હે જિનેશ્વર, અચિન્ત્ય મહિમાવાળું તમારૂં સ્તવન દુર રહો, તમારૂં નામ પણ ત્રણ જગતનું ભવ થકી રક્ષણ કરે છે. ગ્રીષ્મ ઋતુમાં પ્રચંડ તાપ વડે પીડાયેલા પંથીજનોને કમળવાળા સરોવરનો સૂક્ષ્મ જળકણ સહિત ઠંડો પવન પણ ખુશ કરે છે. અર્થાત્ ઠંડો પવન મુસાફરોને ખુશ કરે છે, તોપછી પાણીની શી વાત ? તેમ તમારૂં નામ માત્ર ભવ-ભ્રમણ મટાડે તોપછી સ્તવનનો મહિમા તો શું વર્ણવવો ? મતલબ કે, તમારૂં નામસ્તોત્ર ઘણા માહાત્મ્યવાળું છે. અસ્તુ.


## સાત વર્ષનું બોનસ

ભવિષ્ય માટે સંપૂર્ણ જોગવાઈ રાખીને ૧૯૪૦ થી ૧૯૪૬ ના દરેક વર્ષ માટે, નફાવાળી પોલીસીને વિમાની રકમના રૂા. ૧૦૦૦ દીઠ, પોલીસીની મુદતના પ્રમાણમાં રૂા. ૧૦ થી વધીને રૂા. ૧૫ સુધીનું વચગાળાનું બોનસ આપવાનું અમે જાહેર કર્યું છે.

**ગ્રેશમ જીંદગીના વિમા ઉતારનારી સોસાયટી, લીમીટેડ.**

**સ્થપાઇ સને ૧૮૪૮ માં**

**કુલ અસ્કયામત**............રૂા. **૧૭,૦૦,૦૦,૦૦૦**

ચુકવાએલા કલેઈમ્સની કુલ રકમ.....રૂા. **૭૬**,૦૦,૦૦,૦૦૦ ઉપરાંત,

હિંદ, બર્મા અને સીલોન માટેની **હેડ ઓફીસઃ—**

**ગ્રેશમ એન્શ્યુરન્સ હાઉસ**, સર ફીરોજશાહ મહેતા રોડ, **મુંબઇ**

ગુજરાત, કાઠીયાવાડ, સેન્ટ્રલ ઈન્ડીઆ અને રજપુતાના માટેની

**ચીફ ડીસ્ટ્રીક્ટ ઓફીસ**—ભદ્ર પોસ્ટ બોક્ષ નં. ૬૦ **અમદાવાદ.**

ઑરગેનાઈઝરઃ—**નરહરિ એમ. ઓઝા—પાલીતાણા.**

# શંકા અને સમાધાન

કેટલાક બન્ધુઓ તરફથી અમને ધાર્મિક પ્રશ્નો મળ્યા છે, પણ તેના ઉત્તરો લખાઈને આવ્યા નહિ હોવાથી આ અંકે અમે રજુ કરી શકયા નથી. આગામી અંકથી નિયમીત આપવા ઘટતું કરીશું. તત્ત્વના અભ્યાસીઓને ધાર્મિક પ્રશ્નો મોકલવા નમ્ર સૂચન કરીએ છીએ. સં૦

**જિજ્ઞાસુ૦**—પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, પરમાણુ, આકાશ, આદિ સામગ્રી સહિત ઇશ્વર જગતની રચના કરે છે. આ રીતે માનીએ તો શું દૂષણ આવે ?

**ગુરુદેવ૦**—તમે કયા પ્રમાણથી અને કેવી રીતે સિદ્ધ કરો છો ?

**જિ૦**—અનુમાન પ્રમાણથી. તે અનુમાન આ મુજબ—પૃથ્વી, પર્વત, વૃક્ષાદિક કાર્ય હોવાથી તેનો કોઈક કર્તા છે. જે કર્તા છે તે જ ઇશ્વર. દ્રષ્ટાંત, જેમ ઘટ કાર્ય છે તો તેનો કર્તા કુંભાર છે, તો આ પૃથ્વી આદિ કાર્ય છે તેનો કર્તા અવશ્ય કોઈ હોવો જોઈએ.

**ગુ૦**—આ તમારૂં કહેવું અયોગ્ય છે. હવે તમે પ્રથમ કહો કે, જગતનો કર્તા ઇશ્વર શરીર સહિત છે કે શરીર રહિત છે ?

**જિ૦**—ઇશ્વર શરીરવાળો છે. આ પ્રથમ પક્ષ માનીએ તો શું દૂષણ આવે ?

**ગુ૦**—શરીર સહિત છે તો તે અમારા જેવું દશ્ય શરીર છે કે વ્યંતર દેવની પેઠે અદશ્ય છે ?

**જિ૦**—અમારા જેવા દેખાય તેવા શરીરવાળા ઇશ્વર જગતની રચના કરે છે.

**ગુ૦**—આ તમારૂં કહેવું યોગ્ય નથી. પ્રત્યક્ષ વિરોધ આવે છે. અત્યારે પણ તૃણ, વૃક્ષ, ઇંદ્રિધનુષ્ય આદિ કાર્યો શરીરવાળાએ બનાવ્યા વિના પણ જોવામાં આવે છે.

**જિ૦**—ઇશ્વર શરીરવાલા છે. પણ તેમનું શરીર તેમના માહાત્મ્ય વિશેષથી અથવા અમારા ભાગ્ય ન હોવાથી દેખાતું નથી.

**ગુ૦**—આ તમારા કહેવામાં કોઇ પ્રમાણ નથી. તથા ઈતિરેતર આશ્રય દૂષણ પણ આવે છે. તથા સંશય પણ કદાપિ દૂર નહિ થાય કે ઇશ્વર છે કે નથી ?

**જિ૦**—ઈતિરેતર આશ્રય દૂષણ આપ કોને કહો છો ?

**ગુ૦**—પ્રથમ માહાત્મ્ય સિદ્ધ થાય તો અદશ્ય શરીર સિદ્ધ થાય; જ્યારે અદશ્ય શરીર સિદ્ધ થાય તો માહાત્મ્ય વિશેષ સિદ્ધ થાય.

**જિ૦**—શરીરરહિત ઇશ્વર જગતની રચના કરે છે.

**ગુ૦**—આ તમારૂં કહેવું દૃષ્ટાંતથી વિરોધી છે, કારણ કે, ઘટઆદિક કાર્યના કર્તા તો કુંભારાદિક શરીરવાલા જોવામાં આવે છે. તમે તો જગતનો કર્તા શરીર રહિત કહો છો, તે દૃષ્ટાંતની સાથે કેમ મળશે ? તેનો વિચાર કરવા જેવો છે. કહ્યું છે કે,—

" अदेहस्य जगत्सर्गे प्रवृत्तिरपि नोचिता ।
न च प्रयोजनं किंचित् स्वातंत्र्यान्न पराज्ञया १ "

**ભાવાર્થ**:—શરીરસહિત ઇશ્વરને જગત રચવાની પ્રવૃત્તિ પણ ઉચિત નથી. તેમ કૃતકૃત્ય હોવાથી કાંઇ પ્રયોજન પણ નથી. પ્રયોજન વિના મૂર્ખ પણ પ્રવૃત્તિ કરતો નથી. તદુપરાંત જે જગતનો કર્તા છે તે રાગાદિએ કરીને રહિત છે કે સરાગી છે ?

**જિ૦**—ઇશ્વર રાગાદીરહિત છે.

**ગુ૦**—રાગાદિરહિત છે તો તેમને જીવાદિ બનાવવાનું શું પ્રયોજન છે ? જો એમ માન–

વામાં આવે કે, જો જીવની ઉત્પત્તિ માત્ર પ્રયોજન છે તો તે યોગ્ય નથી.

શ્રી હરિભદ્રસૂરિ મહારાજે 'ધર્મ સંગ્રહણી' માં કહ્યું છે કે,–

" तेसिं उप्पत्ति एगो,
तस्सत्थोत्ति से वओ न जुत्ता ।
कुंभकारादीए जओ,
न घडादुप्पत्ति तस्सत्थो ॥१॥ "

**ભાવાર્થ**—જીવોની ઉત્પત્તિ જ એક ઈશ્વરનું પ્રયોજન છે તો તે યુક્ત નથી. કુંભારાદિકોને પણ ઘટઆદિની ઉત્પત્તિ માત્ર પ્રયોજન નથી, કિંતુ દ્રવ્યાદિ પ્રયોજન છે, તેમ ઇશ્વરને જગત રચવાનું શું પ્રયોજન છે ?

**જિ૦**—ઈશ્વરનો તે પ્રકારનો સ્વભાવ છે.

**ગુ૦**—આ કહેવું યોગ્ય નથી.

" **धर्मसंग्रहणी** " માં કહ્યું છે કે,–

एसोय सहावो से किमेत्थ,
माणं न सुंदरो य जओ ।
तक्करणकिलेसस्स तु,
महतो अफलस्स हेउत्ति ॥१॥

**ભાવાર્થ**:—જગત રચવાનો ઈશ્વરનો સ્વભાવ છે તેમાં શું પ્રમાણ છે ? અતીંદ્રિય હોવાથી તેમાં કોઇ પ્રમાણ નથી. અથવા સ્વભાવ છે એમ કલ્પના કરો તો તે સુંદર સ્વભાવ નથી, કારણ કે જગત રચવામાં કલેશ તો બહુજ અને ફલ કાંઇ પણ નથી. ૧

**જિ૦**—જગતના કર્તા ઇશ્વરને સરાગી માનીએ તો શું દૂષણ આવે ?

**ગુ૦**—જ્યાં સરાગીપણું છે ત્યાં કર્તાપણું તો દૂર રહે, પણ ઇશ્વરતા જ સિદ્ધ નહિ થાય; કારણ કે, જ્યાં રાગ હોય ત્યાં દ્વેષ અવશ્ય હોય, અને જેને રાગદ્વેષ હોય તે દેવ ન કહેવાય.

કલિકાલ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજે " મહાદેવ સ્તોત્ર " માં કહ્યું છે કે,–

"**रागद्वेषौ महामल्लौ, दुर्जयौ येन निर्जितौ ।**
**महादेवं तु तं मन्ये, शेषा वै नामधारकाः ॥१॥**"

**ભાવાર્થ**:—રાગદ્વેષ રૂપી દુર્જય એવા મોટા મલ્લોને જેણે જીત્યા છે, તેને હું સાચા મહાદેવ માનું છું. બાકીના રાગી તથા દ્વેષી જે દેવો છે, તે તો નામ માત્રથી જ મહાદેવ છે, પણ વાસ્તવિક મહાદેવપણું તેઓમાં નથી. ૧

રાગદ્વેષ શરીરવિના સિદ્ધ કેમ થાય ? અને સશરીરી ઇશ્વર જગતનો કર્તા માનો તો ઇશ્વરનું શરીર તમે સર્વ વ્યાપક માનો છો કે પરિમિત પ્રદેશમાં વ્યાપક ?

**જિ૦**—ઈશ્વરનું શરીર સર્વ વ્યાપક માનીએ તો શું દૂષણ આવે ?

**ગુ૦**—ઇશ્વરનું શરીર જ સર્વ સ્થાનમાં રહ્યું તો પછી પૃથ્વી, પાણી, પર્વતાદિક કયા સ્થાનમાં રાખીને ઇશ્વરે જગતની રચના કરી ? તેનો વિચાર કરવા જેવો છે.

**જિ૦**—ઇશ્વરનું શરીર પરિમિત પ્રદેશવ્યાપી હોવા સંભવ છે.

**ગુ૦**—અલ્પ શરીરવાળો ઇશ્વર દૂર દેશમાં રહેલ પદાર્થોની રચના કેવી રીતે કરી શકે ? ઈત્યાદિ વિચાર કરવા જેવો છે.

**જિ૦**—જગતના કર્તા ઇશ્વર જ છે. ' **तैत्तिरीयोपनिषद्** ' માં જગતના કર્તા ઇશ્વર કહ્યા છે. તેમાં કહ્યું છે કે,–

"**यस्माज्जातं जगत्सर्वं, यस्मिन्नेव प्रलीयते ।**
**येनेदं धार्यते चैव, तस्मै ज्ञानात्मने नमः ॥१॥**"

**ભાવાર્થ**:—જેનાથી સંપૂર્ણ જગત પેદા થયું છે, જેને વિષે લય થાય છે, અને જે જગતને ધારણ કરે છે, એવા જ્ઞાન સ્વરૂપ ઇશ્વરને અમારો નમસ્કાર થાઓ. ૧

ગુ૦—જેનાથી જગત પેદા થયું તેમાંજ લય થયું, અને તે જ ધારણ કરે છે ?– આ વાકયથી સામગ્રીરહિત ઈશ્વર પરમાત્મા જગતના ઉપાદાન કારણ સિદ્ધ થયા, સામગ્રીરહિત કેવલ ઈશ્વર પરમાત્મા જગતની રચના કરી જ નથી શકતા એ વાત અત્યાર અગાઉ પૂર્વના પરિચ્છેદોમાં પ્રશ્નોત્તરમાં કહેલ છે, તથા મહોપાધ્યાય શ્રી સુરચન્દ્ર ગણિવરે જૈન તત્વસારમાં કહ્યું છે કે,–

" निरञ्जनं नित्यममूर्त्तमक्रियं,
संगीर्य ब्रह्माथ पुनश्च कारकम् ।
संहारकं रागद्वेषादिपात्रकं.
परस्परध्वंसि वचोस्त्यदस्ततः ॥१॥
अतो विभिन्नं जगदेतदस्ति,
ब्रह्माऽपि भिन्नं मुनिभिर्व्यचारि ।
अतस्तु संसारगता मुनीन्द्राः,
कुर्वन्ति मुक्त्यै परब्रह्मचिन्ताम् ॥२॥"

**ભાવાર્થ**:—નિરંજન, નિત્ય, અમૂર્ત, અક્રિય, બ્રહ્મને કહીને ફરીથી તેનેજ જગતકર્તા, હર્તા, અને રાગદ્વેષનું પાત્ર કહેવું, એ પરસ્પર વિરૂદ્ધ વચન છે. આ કારણથી જગત ભિન્ન છે, તથા બ્રહ્મા પણ ભિન્ન છે એવું મુનિઓએ વિચાર્યું, અને તે કારણથી જ સંસારમાં રહેલા મુનિમહાત્માઓ મોક્ષને માટે પરબ્રહ્મનું ધ્યાન કરે છે.

જિ૦—આપનું કહેવું સત્ય છે. પણ રૂગ્વેદ મનુસ્મૃતિ આદિમાં વિસ્તારથી જગત્તના કર્તા રૂપે ઇશ્વરને જણાવ્યા છે એનું કેમ ?

ગુ૦—રૂગ્વેદ, યજુર્વેદાદિમાં કમલમાંથી બ્રહ્માજી પેદા થયા. મનુસ્મૃતિમાં ઇંડામાંથી બ્રહ્માજી પેદા થયા. ઇત્યાદિ પરસ્પર ઘણો વિરોધ છે, તે હકીકત જિજ્ઞાસુવૃત્તિથી મધ્યસ્થપણે વિચારણીય છે.

જિ૦—તો જગત કેવી રીતે બન્યું ?

ગુ૦—જગત અનાદિ છે.

જિ૦—જગતમાં ઘટપટાદિક પદાર્થોના કર્તા જોવામાં આવે છે, તો અનાદિ કેમ સિદ્ધ થશે ?

ગુ૦—જગતમાં જે જે કાર્યરૂપ વસ્તુઓ છે.–જેમકે ઘટ, પટ, સ્તંભ, હાટ, હવેલી, કુવા, વાવ, તલાવ, ઈત્યાદિના કર્તા તો અમે પણ માનીએ છીએ, પણ આકાશ, કાલ, પરમાણુ, જીવ, આદિ વસ્તુનાં કોઈ કર્તા નથી; કારણ કે જે વસ્તુ કાર્યરૂપ પેદા થાય, તેનું ઉપાદાન કારણ અવશ્ય જોઈએ. પણ જીવ, આકાશ, કાલ, પરમાણુ, આદિનું ઉપાદાન કારણ કોઇ નથી. તે માટે તે અનાદિ છે. કહ્યું છે કે,–

" निष्पादितो न केनापि न धृतः केनचिच्चसः
स्वयं सिद्धो निराधारो, गगने किंत्ववस्थितः
॥ १ ॥"

**ભાવાર્થ**:–આ સચરાચર લોક–સંસાર, કોઇએ બનાવેલ નથી. તથા તેને ધારણ કરનાર શેષનાગાદિ કોઇ નથી, પણ આધાર રહિત આપોઆપ આકાશમાં આ જગત રહેલ છે. ૧

જગત અનાદિ છે. તેનો કોઇ કર્તા નથી, તેની વિચારણા સમ્મતિ તર્ક, તત્ત્વાર્થ, પ્રમેયકમલ માર્ત્તંડ, સ્યાદ્વાદરત્નાકર, અનેકાંતજયપતાકા, આદિ શાસ્ત્રોમાં સ્પષ્ટતાપૂર્વક જૈન દર્શનની સ્યાદ્વાદ શૈલીયે કરી છે. આથી વિશેષ જાણવાની ઇચ્છાવાળા સહૃદય વિદ્વાનોએ તટસ્થવૃત્તિથી તે તે શાસ્ત્રોનો અભ્યાસ કરવાની જરૂર છે.

उत्सूत्रभाषकः सूत्रभाषकं बाधते तथा ।
विपरीतपथः प्रायस्तस्करः पुररक्षकम् ॥७६॥

સ્વયં ઉત્સૂત્ર ભાષક અને વિપરીત માર્ગે જનાર હોવા છતાં સૂત્રભાષી સુવિહીત આત્માને હેરાન કરે; એ તો ચોર કોટવાલને દંડે છે, એમ કહી શકાય. ૭૬

छेदग्रन्थार्थविस्तारो, न तिष्ठति हृदन्तरे ।
तुच्छसत्त्ववतां यद्वत्पायसं कुर्कुरोदरे ॥७७॥

તુચ્છ સત્ત્વવાળા આત્માઓનાં હૃદયમાં છેદ ગ્રન્થોનું (પ્રાયશ્ચિત ગ્રન્થોનું) રહસ્ય, નથી ટકી શકતું; કારણ કે, કુતરાના પેટમાં ખીર ન ટકે. ૭૭

अभव्यदूरभव्यानां, चेतः स्पृशति नागमः ॥
स्निग्धघटं यथा तोयपूरस्तोयदसंभवः ॥७८॥

જેમ ચીકાશવાળા ઘટને મેઘનું પાણી સ્પર્શી શકતું નથી, તેમ દુરભવ્ય અને અભવ્ય આત્માઓનાં હૃદયમાં શ્રી જિનાગમનો પરમાર્થ સ્પર્શી શકતો નથી. ૭૮

करण्डिकावृतो भानुच्छादितः किंक्वचिद्भवेत् ।
तथापरोक्त्या किं छादितः स्याज्जिनागमः ७९

મિથ્યા આગમોની કુયુક્તિઓથી જૈનાગમના સિદ્ધાન્તો કદિ બાધિત થતા નથી. શું કરંડીયાથી કોઈ દિવસે સૂર્ય ઢંકાતો હશે કે? ૭૯

पानीयं को निबध्नीयात् ग्रन्थौ वस्त्रेण कोविदः।
तथा शास्त्रेषु सर्वेषु, संपूर्णं जिनभाषितम् ।८०।

શ્રી જિનેશ્વરદેવના સિદ્ધાન્તોને, સર્વ શાસ્ત્રોમાં કોણ સંકલિત કરી શકે? પાણીને વસ્ત્રની ગાંઠમાં કોણ રાખી શકે? ૮૦

यथा कुठारघातेन, धौतं वस्त्रं न चार्थकृत् ।
तथा स्वहठवादेन दूषितं जिनभाषितम् ।८१।

જેમ કુહાડાના ઘાથી ધોયેલું વસ્ત્ર એ નકામું છે, તેમ પોતાના હઠાગ્રહથી જિનેશ્વર દેવનાં વચનોને દુષિત કરવાં એ નિરર્થક છે. ૮૧

कुधियां बधिराणां च, सभासु भगवद्वचः ।
व्याख्यातं निष्फलं ज्ञेयमरण्ये गीतगानवत् ८२

આગ્રહી અને બહેરાઓની સભામાં, શ્રી જૈનાગમનાં તત્ત્વોનું વ્યાખ્યાન એ અરણ્યમાં ગીત–ગાનની જેમ નકામું છે. ૮૨

बालास्तु तक्रपानं जानन्ति विलोडनं न दध्नश्च
तद्वन्मूढाः सूत्रं जानन्ति न सूत्रपरमार्थम् ।८३।

બાળકો છાશ પી જાણે છે, પણ માખણને જેમ જાણી શકતા નથી, તેમ મૂઢ પુરૂષો સૂત્રને જાણે છે, પણ સૂત્રના પરમાર્થને જાણી શકતા નથી. ૮૩

युगेऽस्मिन् केवलज्ञानवर्जितवरमल्पवित् ।
राणकः काणको यद्वच्चक्षुर्विकलपर्षदि ॥८४॥

કેવળ જ્ઞાનથી રહિત એવા આ કાળમાં અલ્પજ્ઞાની સુવિહિત પણ ઉત્તમ છે. આંધળાઓની પરિષદમાં કાણો પણ રાણો ગણાય છે. ૮૪

करणे कथने भिन्ना आदेशाः परवादिनाम् ।
दर्शणे भक्षणे यद्वद्दन्ति-दन्ताः पृथक् पृथग् ।८५।

મિથ્યાદર્શનના સિદ્ધાન્તો કહેવા અને કરવામાં ભિન્ન–ભિન્ન હોય છે. કારણ કે હાથીના દાંત ચાવવામાં અને દેખાડવામાં જુદા જુદા હોય છે. ૮૫

उत्सूत्रभाषणं पूर्वं पुनः क्रोधेन मिश्रितम् ।
सर्वथा परिहर्त्तव्यं लशुनं हिङ्गुसंस्कृतम् ॥८६॥

ક્રોધયુક્ત ઉત્સૂત્ર ભાષણ હંમેશા ત્યજી દેવું જોઈએ, હિંગથી વઘારેલું લસણ એ સર્વથા ત્યજી દેવાનું હોય છે. ૮૬

तृणैराच्छादितो वह्निरवश्यं प्रकटीभवेत् ।
माययाऽऽच्छादितं तद्वदुत्सूत्रं मनसिस्थितम्
॥ ८७ ॥

તૃણથી ઢાંકેલો અગ્નિ પ્રગટ થાય છે, તેમ માયાથી છૂપાવેલું પણ મનમાં રહેલું ઉત્સૂત્ર વચન અવશ્ય પ્રગટ થાય છે. ૮૭

**मधुरवचनेन युक्तं सर्वहितमेव वेत्ति न त्वहितं।**
**सकलं धवलं दुग्धं पश्यति बालस्तु नो तक्रम्**
**॥ ८८ ॥**

મધુર વચનથી યુકત સઘળી વાણીને બાળજીવો હિત તરીકે ઓળખે છે, પણ તેમાં રહેલા અહિતને જાણી શકતા નથી. કારણ, જેટલું ધોળું એ દૂધ દેખાય છે, પણ ધોળી છાશ હોય છે, એમ બાળકો સમજી શકે નહિ. ૮૮

**सहसा विहिते कार्ये, पृच्छया किं विवेकिनाम्?**
**विवाहे विहिते लग्नपृच्छया किं प्रयोजनम् ।८९।**

જે કાર્ય એકદમ થઇ ગયું, તેમાં વિવેકી પુરૂષોએ પાછળથી શું વિચારવાનું હોય? કારણ કે, વિવાહ થયા પછી લગ્ન મુહૂર્ત પૂછવાની શી જરૂર? ૮૯

**यथोप्तमूषरे क्षेत्रे, धान्यं धान्यधनेच्छया ।**
**धर्मबुध्या तथा दानं कुपात्रे निष्प्रयोजनम्।९०।**

ઉખર ભૂમિમાં ધાન્ય અને ધનની ઇચ્છાથી વાવેલું બી જેમ નિષ્ફલ જાય છે, તેમ ધર્મ બુદ્ધિથી કુપાત્રમાં આપેલું દાન તે પણ નિષ્ફળ છે. ૯૦

**दातुर्दानं यथा स्वल्पमनल्पं न विचार्यते ।**
**धर्मधेनोस्तथा दन्ता न विलोक्या हि धीधनैः**
**॥ ९१ ॥**

ઉદારતાથી દાન દેનારનું દાન થોડું હોય કે વધારે હોય તે જોવાનું હોતું નથી કારણકે, ધર્મની ગાયના દાંત બુદ્ધિશાળીએ જોવાનાં હોતા નથી. ૯૧

**भवितव्यं भवत्येव, परं सततमुद्यमः ।**
**कर्त्तव्योऽपरथा सर्वेऽलसाः स्युः सर्वकर्मसु।९२।**

ભવિતવ્યતા જે હોય છે તે થયા જ કરે છે, છતાં હંમેશા ઉદ્યમ કરવો નહિતર સર્વના કાર્યમાં સહુ આળસુ થઇ જાય. ૯૨

**वशा सुशीला सुकुला, शीलं धरति दुर्धरम् ।**
**दृढपादा यथा भित्तिर्भारं वहति सद्मनः ।९३।**

કુલીન અને સુશીલ સ્ત્રી દુર્ધર એવા શીલને ધારણ કરે છે કારણ કે, મજબૂત પાયાવાળી ભીંત મકાનના ભારને જરૂર ઉપાડી શકે છે. ૯૩

**पयः पश्यति मार्जारश्चण्डं दण्डं न पश्यति ।**
**तथा पराङ्गनारङ्गं मूढः पश्यति नायतिम् ।९४।**

જેમ બીલાડો દૂધને જુએ છે, પણ ડાંગને જોતો નથી, તેમ મૂઢ પુરૂષ પરસ્ત્રીનાં સુખને જુએ છે, પણ ભાવિમાં દુર્ગતિનાં દુઃખને જોતો નથી. ૯૪

**उप्यते यादृशं धान्यं, लूयते तादृशं जनैः ।**
**यादृशं दीयते दानं तादृशं प्राप्यते फलैः ।९५।**

જે જેવું વાવે તેવું તેને લણવાનું હોય છે. તેજ રીતે મનુષ્યો જેવું આપે છે તેવાં ફલ તેઓને મળે છે. ૯૫

**एकः संसारतो भीतो, द्वितीयो वक्ति मां भज ।**
**तदिदं कूर्चदाहेन, प्रदीपकरणोपमम् ॥९६॥**

સંસારથી કંટાળેલાને તેના સ્નેહી કહે છે કે, 'અમને સાચવો' આ તેને માટે દાઢી સળગાવીને અજવાળું કરવા જેવું છે. ૯૬

**अमेध्यं वनितासङ्गस्त्याज्यो दुर्गतिदुखदः ।**
**कण्टकाश्रितविष्टायाः प्रकटास्वादसादरः ९७**

કાંટાપર રહેલી વિષ્ટાના સ્વાદ જેવો સ્રીસંગ, અપવિત્ર અને દુર્ગતિનાં દુઃખને આપનારો છે માટે તે ત્યાજ્ય ગણાય છે. ૯૭

**क्षणिकैकसुखायात्मन् मोक्षमार्गविमोचनम् ।**
**एकपूपकृते कूपजलयन्त्रस्य विक्रयः ॥९८॥**

હે આત્મન્! ક્ષણિક સુખની ખાતર મોક્ષમાર્ગને મૂકવો તે રોટલાની ખાતર રેંટ વેચવા જેવું છે. ૯૮

विना दानादिकं धर्मं, मनुष्यायुरतिक्रमः ।
शून्येग्रामेऽज्ञनारीणां शाटकस्फाटनोपमः ।९९

દાનાદિ ધર્મ વિના મનુષ્ય આયુષને વીતાવવું તે શૂન્ય ગામમાં અજ્ઞાન સ્ત્રીઓની સાડી ફાડવા જેવું છે. ૯૯

भवस्वरुपे विज्ञाते विदुषां किं बहुक्तिभिः ? ।
करस्थकङ्कणालोके दर्पणग्रहणे न किम्
॥ १०० ॥

સંસારના સ્વરૂપને જાણ્યા પછી બુદ્ધિમાન્ પુરૂષોને શું કહેવાનું હોય? હાથના કંકણને જોવા માટે શું આરીસાની જરૂર પડે ખરી? ૧૦૦

स्पृहा हि तावती कार्या सत्ता भाग्यस्य यावती ।
पादप्रसारणं कार्यं यावत्प्रच्छादनांशुकम्
॥ १०१ ॥

જેવું ભાગ્ય હોય, તેટલી જ ઇચ્છા રાખવી. જેવું પાથરણું હોય તેટલા જ પગ લાંબા કરવા. ૧૦૧

यथेहोदूखले रिक्ते मुशलद्वयमोचनम् ।
मोक्षमार्गक्रियाहीने मोक्षैहिकसुखस्पृहा ॥
॥ १०२ ॥

જેમ ખાલી ખાણીયામાં બે સાંબેલા મૂકવા નકામા છે, તેમ મોક્ષમાર્ગનાં જ્ઞાન અને તેની ક્રિયાથી રહિત ધર્મમાં મોક્ષ અને આલોકનાં સુખની સ્પૃહા નિરર્થક છે. ૧૦૨

अधमाधमजन्तूनां, गिरिरेखेव शाश्वती ।
सतां पानीयरेखेव क्वचिदीर्ष्या भवेत्पुनः
॥ १०३ ॥

અધમાધમ જંતુઓને પહાડની રેખા જેવી ઈર્ષ્યા હોય છે, જ્યારે સત્પુરૂષોને પાણીની રેખાની જેવી ઇર્ષ્યા હોય છે. ૧૦૩

धर्मोपदेशलेशाख्यां, सभ्यामाभाणमालिकाम्।
कण्ठपीठे करिष्यन्ति, तेये श्रेयस्विनः सना
॥ १०४ ॥

## ઉપસંહાર

આ રીતે 'ધર્મોપદેશ લેશ' નામની ઉચિત આભાણુમાલાને જે આત્માઓ પોતાના કંઠ પર ધારણ કરશે તેઓ શિઘ્ર શ્રેયને વરશે. ૧૦૪

निधिनिधिरसशशि १६९९ वर्षे पौषमासे च
पुष्पनक्षत्रे ।
राजनगरोपकण्ठे उष्मापुरनाम्नि वरनगरे
॥ १०५ ॥

## प्रशस्ति

श्री तपगण गगनाङ्गणदिनमणि-
किरणोपमानपरिकरिते ।
श्री विजयदेवसूरीश्वर-
राज्ये प्राज्यपुण्यभरे ॥ १०६ ॥
चातुर्विद्यविशारदवाचक-
कल्याणविजयशिष्येण ।
एतच्छतकं निबद्धं वाचक-
धनविजयवरगणिना ॥ १०७ ॥

## પ્રશસ્તિ

૧૬૯૯ ની સાલમાં પોષમાસને પુષ્પ **નક્ષત્રમાં રાજનગરની** નજીકના **ઉસ્માનપુર** નામના શ્રેષ્ઠ નગરમાં, શ્રી તપગચ્છ રૂપ **ગગનાંગણુ**માં સૂર્ય સમાન **શ્રી વિજયદેવસૂરીશ્વર**ના ઉત્તમ અને પુણ્યશાલી રાજ્યમાં વાચક **કલ્યાણુવિજય**ના શિષ્ય વાચક **શ્રી ધનવિજય** ગણિવરે આ શતકની રચના કરી છે. ૧૦૫, ૧૦૬, ૧૦૭.

જીવોને જાળવી જાણે તે "જૈન".

મનના માળવાનો ભોજ તે "જૈન".

બુદ્ધિના બગીચાનો માળી તે "જૈન".

અંતર-ગગને ચગાવે પતંગો સ્નેહના-સુંવાળા શ્વેત કાગળના તે "જૈન".

પંચેન્દ્રિયોના પાંચ આંગણામાં પૂરે સાથિયા પવિત્રતાના તે "જૈન".

પૃથ્વીને પાટલે પ્રભુ મહાવીર ભાખ્યા મહાબોલ કંડારે તે બધા "જૈન".

નખ-શીખ જેને નીતરે નેહ તે "જૈન".

પુરુષાર્થની પ્રચંડ પ્રતિમા સમોવડ, સત્ય, દયાને ત્યાગનો સાથી તે "જૈન".

સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રની ગંગાના ત્રિવેણી સંગમમાં હર્ષભેર ઝીલે તે "જૈન".

આત્મન્ ઉજળા જ્ઞાન અને દેહભાવ વિસરાવતી ક્રિયાના સુસમન્વયને શોભાવે તે "જૈન".

જેના અણુઅણુમાં તરે પ્રભુ મહાવીરનો વિશ્વભાવ તે "જૈન".

સમતાનાં સરોવર જેને આંગણે સામાયિકરૂપે ઉભરાતાં હોય તે "જૈન".

પાપ ને પુણ્યના ખાડા-ટેકરાની પાર તરતા આત્મન્મણિના નૂરને પામવા મથે તે "જૈન".

પૂજે જે વીતરાગત્વને, વંદે સદા અમૃત ઉજળી સાધુતાને, નમે ગુણ ભારે નમેલા વડીલોને તે "જૈન".

કામ, ક્રોધ, મોહ ને માયા તણાં બંધનોને, જે તપ-જપ વડે વિદારે તે "જૈન".

આંખ અંતરને આત્માના જેના ભાવ સદા એક શા નિર્મળ-શાંત હોય તે "જૈન".

જેના અતાગ ઉરને દરિયે, દયાનાં વહાણુ તરતાં હોય તે "જૈન".

જેને મન મોટું નથી બીજું કોઇ, મુક્તિ-મંદિરનાં મંગલધામ કરતાં તે "જૈન".

જેણે વાંચી છે પોથી કર્મ મર્મની તે "જૈન".

જેને મંદિરે તપે ભાનુ સત્યનો તે "જૈન".

જેનું સઘળું....જીવ માત્ર કાજે છે તે "જૈન".

ખવડાવીને ખાય, પાઇ ને પીએ, સુવાડીને સુવે, વાંદીને વંદ્ય બને, આપીને લેવા યોગ્ય બને, જીવાડીને જીવે, સહુનો સેવક બનીને સ્વામીપદને લાયક ઠરે તે "જૈન".

સુસંસ્કારોની સુરભિવંતી પુષ્પમાળા, સદા જેની ડોકમાં શોભતી હોય તે "જૈન".

વિવેકના વાયરા વાય જેને આંગણે, માનવકુલના મહિમ્ન સ્તોત્રો ગવાય જેને ઓરડે, સ્વયં લક્ષ્મીદેવી નાચતાં હોય જેને બારણે, શુભ્ર વસ્ત્રાવૃતા માતા શારદાનાં પૂજન થતાં હોય જ્યાં, ત્યાં જ શોભે જૈન-એવી જ હવામાં જીવે "જૈન".

ચરમ તીર્થપતિ પ્રભુ મહાવીરનો, સપુત ને વારસદાર કહેવાયો છે જે, તે સદા પગલે, પગલે-પગલું મૂકે....પ્રભુ મહાવીરના! ન હોય તેને બીજી ધૂન કે ધારણા, દંભ કે દેખાવના વાઘા તે ન સજે કદી. બાળક જેવું નિર્દોષ તેનું જીવન હોય.

ભર વસ્તીમાં તે એકાંત માણે વનનું, ને વનપ્રાન્તે માણે વિશ્વમય જીવન.

કુવિચારનાં કાળાં વાદળ ન છવાય તેના જીવન ગગને, ધર્મ ધ્યાન પૂર્વક જીવન વીતાવતો તે, ધીમે ધીમે શુક્લધ્યાનના શિખરે ડગ માંડવાને લાયક બને.

પ્રભુ સ્થાપ્યા ચતુર્વિધ શ્રી સંઘની, સેવા કરવામાં તે પોતાનાં 'ધનભાગ્ય' સમજે.

ક્ષણે ક્ષણે ખીલતું તેનું હૃદય-પદ્મ, વિશ્વની ચૌદિશે ત્યાગની સુરભિ વહાવે.

વસ્તુઓના ઢગમાં જે આત્માના નૂરને ઢાંકે, મારા-તારાના ભેદ જે આંગણે તરતા હોય, જેનું આંતર બાહ્ય જીવન જુદું હોય, પ્રાણી માત્રને પંપાળતા જે ખંચકાતો હોય, કલ્યા-

# કાળ પ્રવાહની દોટ

**શ્રી પન્નાલાલ જ. મસાલીઆ**

> કાળની દોટ આગળ વધી, થોડી બૂમાબૂમ ને એની મજબૂત રાક્ષસીઓ ભારતના મખમલી દેહ–પ્રદેશમાં ખૂંપી ગઈ ને એની કમલ–પાંદડી સમી ગ્રીવા ચીરાઈ ગઇ.

સૂર્યનારાયણનાં સપ્તવર્ણી કિરણોએ જિન-મંદિરની વિશીર્ણ કાયા અજવાળી દીધી હતી. એની અપ્સરા જેવી હેતાળ કિરણાવલીઓ મંદિરની ઈંટોને સુવર્ણથી રસી લેવા મથી રહી હતી. ત્યારે ત્રણ–ચાર તેજસ્વી યુવાનો મંદિરના જિર્ણાવશેષોને કેમેરાની આંખમાં ઝડપી રહ્યા હતા. બીજા બે–ત્રણ જુવાનો મંદિરને ઝીણી શિલ્પદૃષ્ટિથી માપી રહ્યા હતા.

રાધનપુરથી નજદીક આવેલું આ મહા-તીર્થ શંખેશ્વર પ્રાચીન ભૂમિ છે. આ સ્થળે કૃષ્ણની છાવણી હતી, અને નજદીક હારિજ પાસે જરાસંઘની સાથે યુદ્ધ થયેલું, ‘ વઢયા એટલે વઢિયાર અને હારી ગયા ત્યાં હારિજ ’ એવું કેટલાક કહે છે.

‘ સૌરીન્દ્ર ! ચિત્ર સર્જનની પારંગતતા માટે ત્હને અભિનંદન આપું છું. એમેટર તરિકેની ત્હારી કાર્યનિમગ્નતા તીર્થાધિરાજ શંખેશ્વરને ચિરંજીવ બનાવી રહેશે. ’ પ્રિયદર્શને જોડીદાર સૌરીન્દ્રને પ્રોત્સાહિત કરતાં કહ્યું.

‘ આવાં મનોરમ્ય તીર્થનો નાશ કોણે કીધો હશે ? ’ ભરતે પૂછયું.

‘ આઝમશાહે. ’

‘ કલાસ્થાપત્યનો વિનાશ આદરતાં એને જરાએ કંપ થયો નહીં ? ’ ચંદ્રયશાએ પૂછયું

‘ ના ’ પ્રિયદર્શને જવાબ આપ્યો. મિત્રો એને ટોળેવળી બેસી ગયા. મંદિરનો ચોગાન યુવકોથી ગાજી રહ્યો

‘ જૈનદર્શન ઉપર ખરેખર વિનાશના ઓળા ઉતરી આવ્યા. ’ ભરતે કહ્યું

‘ શિર સાટે ધર્મરક્ષા કરતા ભારતના અજય્ય યુવાનો ત્યારે કયાં છુપાયા હશે ? ’ સુધીન્દ્રે પૂછયું

‘ સંપ ઘટે છે ત્યારે વિનાશના ઝંઝાવાત ઘેરીવળે છે. આવાં સેંકડો નયન મનોહર તીર્થો– શંખેશ્વર અને ભીલપલ્લિ નાં મંદિરો ખંડેર બની ચુકયાં હતાં., પ્રિયદર્શને કહ્યું.

‘ આપણે ચૂપચાપ જોઈજ રહ્યા ? ’ સુધીન્દ્રે કહ્યું.

---

ણના રાજમાર્ગે વિહરતાં જેના પગ ડગમગતા હોય, ‘ કેમ જીવવું ? ’ તે ન જાણતો હોય, તે માનવી ‘જૈન’પદ ને અનુરૂપ અધિકારો માટે લાયક ન ઠરે કદી.

પ્રભુ મહાવીર ભાખ્યા સુવચનોને, જે મન–વચન કાયાપૂર્વક પાળે તે “જૈન”.

જૈન એટલે વિભુ વર્ધમાનની નાની આવૃત્તિ.

મહાવીરત્વ પામવાને અખંડ તપ તપતો, પ્રતિજ્ઞા બદ્ધ, પવિત્ર, મહા માનવ.

જેનાં વાણી, વિચાર કે વર્તન, નથી અનુરૂપ આત્માના ઉજળા ભાવોને, તેને કોઇ ન કહે આત્માભાવી–“જૈન”.

જૈન તે કે જે જયણાપૂર્વક જીવે, અહિંસા ને સત્યમાં જીવન વાંચે, કદી કોઈનેય કટુ શબ્દો ન કહે, આવતા–જતા સહુને આવકારે.

પરબ્રહ્મને પામવા કાજે; બ્રહ્મચર્યનું રૂડી રીતે જતન કરે, સ્વદેશને સર્વ વાતે વફાદાર રહે, ને તેમ કરતાંય આત્મ–હિત ન જ ચૂકે.

સ્વ–પર આત્મહિતાર્થે જીવન ગાળતો જૈન, આખરે વીર કે સમાધિ મૃત્યુને પામે ને પૃથ્વીને હૈયે એનું આત્મ–સંગીત દિન–રાતની પ્રત્યેક પળે ગૂંજતું રહે !

'હાં, જૈનસંઘમાં જ્યારથી તેજો–દ્વેષની આગ ફાટી નીકળી ત્યારથી આર્યસંસ્કૃતિને ઝેબ આપતી એની પ્રતિભા, શકિત, બુદ્ધિ અને સ્નેહની મધુરતા ચાલી ગઇ'

'આમ શાથી બન્યું ?' ભરતે પૂછ્યું.

'છેલ્લી વખત ભગવાને દેશના આપી. મલ્લ અને લિચ્છવીગણુના રાજાઓ પાસે બેઠા હતા. સંખ્યાબંધ શ્રાવક–શ્રાવિકાઓ હાથ જોડી ઉભા હતાં. નિર્વાણ આંટા લગાવી રહ્યું હતું. વિશ્વનો તેજસ્વી પ્રકાશ બુઝાઈ જવાની પળો ગણાતી હતી. ત્યારે ઇંદ્રે દીપ, ધૂપ અને વિલેપનથી પૂજા કરી, ભગવાનને વિજ્ઞપ્તિ કીધી. દેવાર્ય ! એક સમય આયુષ્ય વધારો, કુરગ્રહની શાંતિ સાથે શાસનનાં વિઘ્નો ચાલ્યાં જાય. "ના, એ સંભવેજ નહિ." ભગવાને જવાબ આપ્યો. વિશ્વ તેજસ્વી પ્રભુ નિર્વાણ પામ્યા. સાથેજ ધગધગતા લાવા સમા ભસ્મનો ઉદય થયો. બાદ ભારતના શકિતસંપન્ન રાજાઓ આપસમાં લડી–ઝઘડી કંગાળ બની જવા લાગ્યા. ઇરાન ને મકદુનિઆના પ્રદેશમાંથી ગુસ્તાસ્ય અને સિકંદર જેવા થોકબંધ અતિથિઓ મગરિબના ચળકતા ભાલા કે બરછી સાથે તૂટી પડયા. શક, હૂણ અને તાર્તરોનાં સામટાં પગલાં સંભળાઇ રહ્યાં. પરચક્ર આવ્યું, ભારતે પ્રતિકાર કર્યો પણ યવનોને સમુળગા પરાસ્ત કરી શકયા નહીં. ભારતની પુણ્ય ધરતી રગદોળાઇ ચુકી, એની રિદ્ધિ, સિદ્ધિ અને અસ્કયામત પરભોમમાં ખેંચાઇ ગયાં' પ્રિયદર્શને જણાવ્યું.

'હાય, ભારતની આ દુઃખાર્ત દશા ?' વિજયે કહ્યું. 'ભારતના આર્ય રાજાઓમાં કુસંપે વાસ કર્યો એથી પરદેશી વરૂઓની સામે તેઓ ટક્કર લઇ શકયા નહીં. કાળની દોટ આગળ વધી, થોડી બૂમાબૂમ ને એની મજબૂત રાક્ષસીઓ ભારતના મખમલી દેહ પ્રદેશમાં ખુંચી ગઇ, એની કમલપાંદડી સમી ગ્રીવા ચીરાઈ ગઈ.

'આર્ય પ્રજાએ ભારતને અરક્ષિત જ રહેવા દીધું ? સુધીન્દ્રે પૂછ્યું.

'ચંદ્રગુપ્ત, સંપ્રતિ, વિક્રમ અને શાલિવાહન જેવા નિર્ભિક સમ્રાટોએ વણ આમંત્ર્યા અતિથિઓને હાથ બતાવ્યો ખરો. ફરી એક વાર આર્યપ્રજા તૈયાર બની, હતા એટલા જોરથી, મળી શકી એટલી સહાયથી સ્કંદગુપ્તે અને શિલાદિત્યે હૂણ લોકોનાં ધાડાં મારી હઠાવ્યાં. ભારતના બીજાય એક–બે શુરા નૃપતિઓ એ જનની ચરણે મસ્તકો ધરી દીધાં. છેલ્લે રાષ્ટ્રની આશા સમા રાજ્યવર્ધને જબરદસ્ત તાકાતથી સૈન્ય એકત્ર કરી હૂણ લોકો ઉપર આક્રમણ કર્યું, અને એવો તો સખ્ત મારો ચલાવ્યો કે એમના શબોથી હિમગિરિના ઘાટ ઢંકાઈ ગયા. પછી પુરા બસો વર્ષ સુધી કોઇ પરદેશી સત્તાએ ભારત પર આક્રમણ કરવાની હિંમત ધરી નહિ. દુર્ધર્ષ કાળ પણ ખમચાઇ ઉભો રહ્યો, એની ખોફનાક તરકીબો થોડીવાર અચેત બની ગઇ. થોડી ક્ષણો આપણે કળ ખેંચી.' પ્રિયદર્શને કહ્યું.

'આવા સમયે જૈનદર્શનનું શું થયું ?' અજિતે પૂછ્યું.

'મહાવીરના નિર્વાણબાદ પહેલી જ પ્રભાતે તિષ્યગુપ્તે 'જીવપ્રદેશ' ઉપર નવા જ સંપ્રદાયની ઇમારત લાદી ને જૈન શાસનની અંદર આડખિલિ શરૂ કરી. જોકે પ્રભુની હયાતિમાં જ એમના ભાણેજ જમાલિએ 'બહુરત' નામનો મત ચલાવ્યો હતો. પણ મહાવીરના પુણ્ય–તેજ પાસે એની ઉદ્ધતાઈના અંધકાર જગતને પ્રિય થયા નહિ. બાદ અશ્વમિત્ર, ગંગદત્ત,

રોહગુપ્ત અને ગોષ્ઠામાહિલ જેવા મૂઠીબંધ આદમીઓની અવળચંડાઈએ નવા ચોકા જમાવ્યા, ઐકયની દિવાલો ભેદી નાંખી અને શાસનની ખાનાખરાબી કરી મુકી, તેજવંતા શાસનની સામે મોત કીકિયારી કરી નાચી રહ્યું ' પ્રિયદર્શને કહ્યું.

' અશોકના સમયમાં બૌદ્ધોય જામી રહ્યા હતા ને ? ' સૌરીન્દ્રે પૂછયું.

' હા, બૌદ્ધો પણ રાજ્યાશ્રય મેળવી મગરૂબ બની ગયા હતા. એમણે જૈનદર્શન ઉપર આબાદ છાપો લગાવ્યો. પરંતુ મહારાજા સંપ્રતિના જોરદાર ટેકાથી એમની મુસ્તાકી પડી ભાંગી, સંપ્રતિએ ઉજજયિનીમાં જૈન શ્રમણોની એક પરિષદ બોલાવી ધર્મની રક્ષા અને પ્રચાર કર્યો. આવો જ પ્રયાસ કુમારી પર્વત ઉપર મહારાજા ખારવેલે કર્યો. એમણે પાંચસો શ્રમણ અને હજારો શ્રાવકોને એકત્ર કરી બહુમુલા આગમગ્રંથોની રક્ષા કરાવી. ખારવેલ અને સંપ્રતિની દક્ષતાએ શાસનમાં નવો પ્રાણ પુરી-એનો પુનરૂદ્ધાર કર્યો. પણ કાળ તો લપાતો-છુપાતો પાછળ ચાલ્યો જ આવતો હતો, એની ખાજ સંતોષાતી જ નથી. ' પ્રિયદર્શને કહ્યું.

' બૌદ્ધોની માફક બીજા કોઈએ શાસનને નજરાવ્યું હશે ? ' વિજયે પૂછયું.

' કુમારિલ ભટ્ટ બૌદ્ધ અને જૈન દર્શનના રાજાઓને ઉપદેશ આપી વૈદિક ધર્મની અસર નિચે લાવ્યા. એણે જૈનદર્શનનું યેનકેન ખંડન કર્યું. શંકરસ્વામીએ પણ જૈનો ઉપર ત્રાસ ઝીકવામાં પાછું ફરી જોયું નહિ. આ યુવાન સંન્યાસીએ તો જિરાઉલા પાર્શ્વનાથના જગપ્રસિદ્ધ મંદિરમાંથી મૂર્તિઓનું ઉત્થાપન કરાવી ચક્રની સ્થાપના કરી. સ્વમતની ધૂનમાં જૈનદર્શનને માનભંગ કીધું. રામાનુજે મ્હૈસુરના જૈન રાજાને વૈષ્ણવ-ધર્મની દીક્ષા આપી. બીજા આચાર્યોએ પણ જૈનદર્શનને જર્જરિત બનાવ્યું. શાસનના સ્કંધ ઉપર વિરાટ કમનસીબી ચઢી બેઠી. ને એની સ્વતંત્રતાના સ્તૂપ ઉખડી પડયા ' પ્રિયદર્શને કહ્યું,

' આપણા આચાર્યોએ આ બધું કેમ બરદાસ્ત કીધું હશે ? ' સુધીન્દ્રે પૂછયું.

' જે બચ્યું તે શ્વેતાંબર અને દિગંબરોના ઝઘડાની બળતી લુમાં નાશ પામ્યું. ભાઈભાઈઓ લડયા. આચાર્યોએ મુખ્યતયા ઘરમાં જ લક્ષ કેંદ્રિત કીધું. આથી ઈતર દર્શનોએ ખુબ લાભ ઉઠાવ્યો. સિદ્ધસેન દિવાકર, શ્રી હરિભદ્ર, બપ્પભટ્ટી, મલ્લવાદી, ખપટ, કાલકાચાર્ય અને કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રાચાર્ય જેવા કર્મયોગી જ્યોતિર્ધરો અને જંબૂ, વિમલ, સજ્જન, ઉદાયન, વાગ્ભટ્ટ અને આમ્રભટ્ટ જેવા મહામંત્રીઓએ શાસન રક્ષા માટે શપથ લીધા. પરન્તુ કમભાગ્યે પાછળથી સાધુઓ ચૈત્યવાસી અને શિથિલાચારી બની જવાથી શાસન ઘરાણે મુકાઈ ગયું. શાસનની અવદશા નીરખી, આચાર્ય જગતચંદ્રસૂરિ, ઉપાધ્યાય દેવભદ્ર અને દેવેંદ્ર સૂરિજી જેવા વિમુક્ત આત્માઓએ જૈનસંઘને જાગ્રત કરવા ફરી કેડ બાંધી એ સમયે ગુર્જરરાષ્ટ્રના સુપુત્ર વસ્તુપાળ તેજપાળ જેવા શ્રાવક મંત્રીઓએ પણ ખૂબ સહાય આપી. પરન્તુ પાછળ વિકાળ-કાળ જડબાં ફાડી ઉભો હતો. દૂર વાયવ્યમાંથી એને જબરા સહાયકો મલી રહ્યા હતા. યવન પાદશાહો જે અત્યાર લગી સષુપ્ત બની રહ્યા હતા તેઓ ફરી એકવાર ભારતની 'સુફલામ્' ધરતી ઉપર સિંધુના પુરની માફક ફરી વળ્યા. પાદશાહોની ધર્માંધતાથી જૈનદર્શનનાં ઉર ફફડી ઉઠયાં, સાથે અશાંતિ વધી ગઈ. જૈનોની રાજકીય જાગૃતિની મોંઘી મૂડી નાશ પામી ને હૃષ્ટપુષ્ટ કાળ બમણા જોરથી

તૂટી પડયો. શ્રી હિરવિજયસૂરિ, શાંતિચંદ્ર ઉપાધ્યાય અને શ્રી ભાનુચંદ્ર જેવા શ્રમણ–શ્રેષ્ઠોએ ઘડીભર ટક્કર લીધી પણ કયાં સુધી ? ' પ્રિયદર્શને કહ્યું.

' આહ ! શાસનના જીવન નાટકનું આવું કરુણ દશ્ય ? ' સૌરીન્દ્રથી એક ધીમો નિઃશ્વાસ નીકળી ગયો.

' કાળે નિર્દિષ્ટ કરી બતાવ્યું કે, કુસંપમાં કેવી ખરાબી રહી છે. ' સુધીન્દ્રે જણાવ્યું

' હવે શું ? ' ભરતે પૂછ્યું.

' ભાઈ, આવતી કાલ કલહ અને સંપ્રદાય દ્વેષની નહિ; પરન્તુ ઐકય અને સહિષ્ણુતાની હશે, પરવશતા કે વેવલી વાતોની નહિ પણ સ્વમાન અને સંસ્કાર ખુમારીની હશે. જૈન બચ્ચાનો આત્મા તો સરલ, સત્યનિષ્ઠ અને નિર્ભિક હોય, એની જીભે સંયમ હોય, એને પગલે પરમાર્થની કેડી પડતી હોય ને એનું ધ્યેય નિસ્પૃહ સેવાનું હોય. મધ્યરાત્રી વીતી જશે ને આવતી પ્રભાત અસહાય જૈનદર્શનને માટે ખુબ સાનુકૂળ અને ખુશનુમા હશે. સિદ્ધાંતો એને અમ્મર અને નવપલ્લવિત કરશે, એની ક્ષણકાયા વિરાટ વટવૃક્ષનું રૂપ ધારણ કરશે ને એનાં દિવા સ્વપ્નોય ફળશે પણ—એની પ્રજા પુરુષાર્થ અને પ્રમાણિકતાની દૃષ્ટા થશે-તો ! ' પ્રિયદર્શને કહ્યું

' બરાબર. ' સૌરીન્દ્રે સાથ આપ્યો.

પહેલી પૂજાનું ઘી....પૂજારીનો અસ્પષ્ટ અવાજ દૂરથી સંભળાયો ને નવીન જિનાલયની ઘંટાઓ ટનન્નન્ ટનન્નન્ વાગતી સંભળાવા લાગી.

'ચાલો વેળાસર ન્હાવા જઇએ, પૂજાનો સમય થઇ ગયો છે. સાંજ થશે ત્યારે અહીં ફરીથી આવીશું. વિજયે જણાવ્યું.

હાથમાં ટુવાલ લઈ સૌ ન્હાવા ઉપડયા.

' 'શંખેશ્વર સ્વામી રે, પાર્શ્વપ્રભુ નામી રે; ભાવે કરૂં વંદના હો જી ! ' ના દહેરાસરમાં મધુર સ્વર ગુંજી રહ્યા હતા.


## નવાં પ્રકાશનો.

| | | |
|---|---|---|
| વસુદેવહીન્ડી | ગુ૦ | ૧૨–૮–૦ |
| કોકશાસ્ત્ર | | ૧૧–૦–૦ |
| પારમાર્થીક લેખ સંગ્રહ | | ૧–૮–૦ |
| સંઘપતી ચરિત્ર | | ૬–૮–૦ |
| સુંદરીઓના શણગાર | | ૪–૦–૦ |
| અભયકુમાર | | ૩–૦–૦ |
| ઇલાચીકુમાર | | ૨–૮–૦ |
| મગધરાજ શ્રેણીક | | ૪–૮–૦ |
| ઋષભદેવ સ્વામી | | ૪–૮–૦ |
| સ્થુલીભદ્ર ચરિત્ર | | ૪–૮–૦ |
| મહર્ષિ મેતારજ | | ૪–૪–૦ |
| મહામંત્રી શકટાળ | | ૪–૮–૦ |
| વિક્રમાદિત્ય હેમુ | | ૫–૦–૦ |
| પુરૂષાર્થ | | ૩–૦–૦ |

**મહેતા નાગરદાસ પ્રાગજીભાઈ**
ઠે. ડોશીવાડાની પોળ સામે. **અમદાવાદ**
**સંઘવી મુલજીભાઈ ઝવેરચંદ**
જૈન બુકસેલર—**પાલીતાણા.**

## શુભ અવસરે ઉપયોગી

### ખાસ લગ્નના શુભ પ્રસંગે

વાપરવા તથા ફોટાઓને ચઢાવવા તથા બીજા શુભ પ્રસંગે ભેટ આપવા લાયક લેટેસ્ટ આકર્ષક ડીઝાઈનના **કપડાના તથા ખાદીના રાષ્ટ્રિય કલરના હાર** માટે લખોઃ—

**જયંતિલાલ સી. શાહ**
ઠે. રૈયા સંઘવીની શેરી,
**વઢવાણશહેર** [કાઠીઆવાડ].

# વિજ્ઞાને સંસારની શાંતિને સળગાવી મુકી છે.—શ્રી અવિનાશ શાહ.

**આજનો** માનવ સમાજ માની–મનાવી રહ્યો છે; કે, તે પ્રગતિ માર્ગે દોટ મૂકી રહ્યો છે, પ્રગતિનો નાદ ચોમેરથી સંભળાય છે. યુવાનો ક્રાંતિના અવાજો કરી, દીવામાં પતંગીયાની જેમ ક્રાંતિના નામે વિનાશના માર્ગે ઝંપલાવી રહ્યા છે. વાતાવરણમાં કોઇક અજબ પલ્ટો સ્પષ્ટ તરી આવે છે, વીસમી સદી ભૂલાઇ જવા માંડી છે. ત્યાં અઢારમીની તો વાત જ કયાં? આજે જગતનું સમગ્ર વાતાવરણ પલટાવનાર વિજ્ઞાન છે. **विशिष्टज्ञानं विज्ञानम्** આ અર્થને પગલે આજનો યુગ ઝરણાની જેમ વહી રહ્યો છે, કાળ, કાળનું કાર્ય કરે જાય છે. દિવસ ઉગે છે ને આથમે છે. રોજ–બરોજ નવી શોધો થતી જાય છે, આજની શોધ કાલે મૂર્ખાઈ સમી ભાસે છે. વિજ્ઞાનને પવન વેગી કહેતાં પણ મન સંકોચાય છે, પણ એથી વિશેષ ઝડપી છે પણ કોણ?

**આ** પ્રકારની માન્યતાઓ આજના યુવકનાં હૃદયમાં મનોમંથન કરી રહી છે. એને મન વિજ્ઞાન એ સર્વસ્વ બન્યું છે. એને વિજ્ઞાનમાં ગમે તેમ તોય અડગ અને અચળ શ્રદ્ધા જામી ગઇ છે. એકાદ પણ શોધના અણુઓ બહાર આવતાં એ હર્ષઘેલા થઇ જાય છે. ચારમાં વાતો કર્યા વિના, હૃદય ઠાલવ્યા વિના એને ચેન પણ નથી પડતું. સાથેસાથ હિંદની કમનસીબીથી શરીર ધ્રૂજી ઉઠે છે. ચોમેર શોધખોળો ત્યારે હિંદમાં અંધારૂં! એની ઉંડી ઉંડી ઉર્મિઓ, હિંદમાં મહાન સાયન્ટીસ્ટો જોવાની છે, દુનિયાને મોખરે હિંદને જોવાની મનોવેદના, હિમાયતીઓને સતાવી રહી છે,

**વિજ્ઞાને** આજે આટલું વર્ચસ્વ જગત પર જમાવ્યું છે. પણ એક વાત ચોક્કસ છે કે, જગતને સર્વ વસ્તુઓ કલ્યાણકર હોય જ, એવો નિયમ નથી. વિજ્ઞાનને માટે આપણે જો એક દીર્ઘ વિચારક બની, ઉંડા ઉતરી વિચારશું. તો જરૂર જણાશે કે, **विशिष्टज्ञानं विज्ञानम्**ના બદલે આજના વિજ્ઞાને, **विगतंज्ञानं विज्ञानं** ઉપમા બરાબર બંધ બેસે છે. કહેવાનો આશય એ છે કે, જે વિજ્ઞાન દ્વારા સારાયે પ્રાણી માત્રનું કલ્યાણ થવું જોઇએ, જે વિજ્ઞાન, સ્વ–પરનું રક્ષક નીવડવું જોઇએ, તેને બદલે આજે ભક્ષક જરૂર નીવડયું છે.

**આપણે** છેલ્લા મહાયુદ્ધને આપણી નજર સમક્ષ આણીયે. માનવ સંહારના આંકડાઓ સાંભળી હૃદય કંપે છે, અખ્તરાઓમાં થતી નુકશાની વિચારતાં હૈયું દ્રવે છે. શાથી? અત્યાર સુધી કેટલાયે મહાયુદ્ધો થયા છતાં, ૧૯૧૪ ની લડાઇ તો ઘણી પ્રાચીન ન જ કહેવાય. એ પણ એક વિશ્વયુદ્ધ હતું. તે સમયે પણ માનવોમાં વેરઝેર ભરેલાં હતાં. જે દ્વારા પ્રચંડ યુદ્ધો થયાં પણ, આ યુદ્ધ કરતાં સર્વ યુદ્ધો મામુલી શાથી બનવા પામ્યાં? વિમાનો શોધાયાં. હવામાં ઉડતાં માનવી શીખ્યો, બોમ્બ શોધાયા, બોમ્બરો શોધાયાં. અને એટલેથી પણ શાંતિ ન વળતાં અણુબોમ્બ પણ શોધાયા. જે સમયે અંતરમાં તીવ્ર વૈર–વૃત્તિઓ હોવા છતાં સેંકડોની પણ કત્લ કરતાં દિવસો જતા જ્યારે આજે નજીવા કારણે લાખોના જાનો પલકારામાં લેવાઇ રહ્યા છે. આ છે વિજ્ઞાનની વિશિષ્ટતા!

**જે** સમયે મહાન રાજ્યોની લડાઈ જામતી. સામ–સામે લાખ્ખો–સૈનિકો ખડા થતા. શસ્ત્ર-સામગ્રીઓ ગોઠવાતી, પણ મૃત્યુનો ભોગ કેવળ રણમેદાનમાં શસ્ત્રસજી ઉભા રહેનાર જ બનતા. શહેર અને ગામોની નિર્દોષ પ્રજાને અંતરની વૈરવૃત્તિઓની કાતીલ જ્વાળાઓમાં હોમવામાં આવતી નહિ, અને તેથી જ તે સમયે દરેક દેશો આબાદી ભોગવતા. આજે યુદ્ધમાં જીતેલા

પણ મુઆ જેવા અને હારેલાની તો વાત જ શી ? શું આને માટે વિજ્ઞાન જવાબદાર નથી ?

વિજ્ઞાનનો દુરુપયોગ માનવ કરે તેમાં વિજ્ઞાનનો દોષ શો ? વિચારણીય તો એ છે કે, અનાદિથી વેરઝેર અને અંતરની મલીનતા તો રાજ્યકારણોમાં બનતી જ આવી છે, સેંકડો લડાઇઓ પૂર્વમાં નજીવા કારણો દ્વારા થઈ છે, છતાં આ યુદ્ધ જેટલું ભયંકર પરિણામ કેમ નહિ ? વિજ્ઞાનની શોધના ખીલેલાં (પાકેલાં) ફળો જ આજની દુનીયા આસ્વાદી રહી છે. બીજી દૃષ્ટિયે, બોમ્બ આદિની શોધો શા માટે થઈ છે ? એમાં માનવ સેવા યા તો માનવ કલ્યાણ સમાયેલું હશે ? અણુ આદિ બોમ્બની શોધ, જગતના રક્ષણ માટે થઈ છે, એમ કોણ કહી શકશે ? જે શોધમાં સ્વપરનું કલ્યાણ સમાયેલું નથી. જે શોધોમાં પ્રાણી માત્રના કલ્યાણની ભાવનાના નિર્મળ ઝરણાં વહેતાં નથી, તે શોધો વિશિષ્ટ જ્ઞાનથી થઈ છે, એમ કેમ જ માની શકાય ?

**આજે** ચોમેર અહિંસાના મુખસૂત્રો પણ ખૂબ વ્યાપી રહ્યાં છે, કેવળી ભગવંતોના ત્રિકાળ અબાધિત વચનોમાં પણ શંકા ઉઠાવનાર, શ્રદ્ધાની વાતોને વાયડી વાતો કહી ફગાવી દે છે, છતાં તેઓની જ કાર્યવાહીયો અંધશ્રદ્ધાથી ભરપૂર હોય છે. એક નાનકડો પ્રસંગ લઇએ, જૈન સમાજ કેટલાય વર્ષોથી વનસ્પતિકાય આદિમાં તેમજ માટી, (પૃથ્વી) પાણી, અગ્નિ, વાયુ વિ. માં જીવત્વ માની રહ્યા છે. આટ–આટલા વર્ષોથી સચિત્ત એવી વનસ્પતિ આદિમાં જીવપણું નાકબુલ કરનારાઓ, ચર્મચક્ષુના પામર ધણીઓ, વીતરાગ વાણીમાં પણ શંકા ઉઠાવતા હતા, જ્યારે આજે થોડા જ વર્ષોથી આ વિજ્ઞાને વનસ્પતિ આદિમાં જીવત્વ હોવાનું કહેતાં જ ;આ સુધારકો, રસઘેલાઓ, તે માનવા તૈયાર કેમ થયા ? તેઓની શંકા કયાં ગઇ ? આજે પાણીના એક બિન્દુમાં હાલતા ચાલતા જીવો ક્રોડોની સંખ્યામાં પ્રત્યક્ષ સિદ્ધ થવા છતાં આ કહેવાતા અહિંસકોને એ જીવો પ્રત્યેની હિંસાથી વિરમવું જરા પણ સુઝતું નથી, બલ્કે ઘરે એક ડોલ પાણીથી ન્હાવાને બદલે આજે 'સ્વીમીંગ બાથો' માં સેંકડો ગેલન પાણીમાં ન્હાવાનો શોખ ખૂબખૂબ વધતો જાય છે. આ શોધનું પરિણામ જ્યાંસુધી જ્ઞાનમાં મુક્તિનું ધ્યેય લાગેલું નથી, ત્યાંલગી એ વિશિષ્ટતા કેમ જ પામે ? એ તો પ્રત્યેક ક્ષણે વિપરીતતા જ પામે, તેમાં આશ્ચર્ય જેવું કશું જ નથી.

જો આજના વિજ્ઞાનદ્વારા પણ પાપનો ભય, ઉદારતા અને અંતરની વૈરવૃત્તિઓ જામતી હોય, તો એને કરેલી સિદ્ધિ, અને એ માટેના પરિશ્રમો સાર્થક ગણાય.

**વિજ્ઞાને** શરીર અને આત્માને જુદા સાબિત કર્યા. અરૂપી આત્માનું અસ્તિત્વ પણ સ્વીકાર્યું, છતાં એ બધાનું પરિણામ આત્મનંદી નિવડવાને બદલે વિશેષ અને વિશેષ પુદ્ગલાનંદીપણામાં પરિણમ્યું. શોધખોળો વધી, દવાઓ વધી, કાંઈ ગણા રોગો વધ્યા. રોગીપણામાં આત્મશાંતિને બદલે 'ઈન્જેકશનો' અને 'ઓપરેશનોની' ઉદ્વિગ્નતા વધી. અંત સુધીની હાયવોય ન જ ટળી. જગતમાં વિશિષ્ટજ્ઞાની શ્રી કેવળી ભગવંતો જ છે, તેમના ત્રિકાળ અબાધિત વચનોમાં 'રોજના રોજ વેશપલ્ટા જેવું' કદી જ બન્યું નથી. અને બનશે પણ નહિ. તેમના ટંકશાળી વચનો સદા આબાદી બક્ષો. એ વચનો પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા પ્રગટો, સ્વપર કલ્યાણના માર્ગે સહુ ધપો, અને સાચા વિજ્ઞાનને પામી જગત વિનાશના માર્ગેથી અટકી, સંપૂર્ણ શાંતિને મેળવો એજ અભ્યર્થના.

## નવાં પુસ્તકોનું અવલોકન

શ્રી સૌમ્ય

**પાઠયપુસ્તક પહેલું** [ધાર્મિક અભ્યાસક્રમ] સંપાદકઃ શ્રી નંદલાલ ચત્રભુજ શાહ, ગૃહપતિ, જૈન વિદ્યાર્થી ભુવન, કડી મૂ. ૦-૧૨ ૦

જેમાં અભ્યાસક્રમના છ વર્ગ પાડવામાં આવ્યા છે. વિશેષે કરી આ પાઠયપુસ્તક બોર્ડીંગના વિદ્યાર્થીઓને વધુ ઉપયોગી છે.

**પ્રકૃતિ માતાઃ** લેખક : શ્રી કાંતિલાલ દેવચંદ શાહ ઝીંઝુવાડા. પુસ્તિકા નાની છે, પણ શરીરનું આરોગ્ય સાચવવા માટેનો સુંદર અને નૈસર્ગિક માર્ગ ચીંધ્યો છે.

**સિદ્ધાચલ તીર્થ સ્તવનમાળાઃ** પ્રકાશકઃ મેઘરાજ જૈન પુસ્તક ભંડાર-મુંબઈ, મૂલ્ય ૦-૧૦-૦ સ્નાત્રપૂજા નવસમરણ, પ્રભુભક્તિમાં ગવાતાં સ્તવનો વગેરેનો સંગ્રહ છે.

**જૈન શારદાપૂજન વિધિ :** પ્રકાશક : મહેતા નાગરદાસ પ્રાગજીભાઈ-અમદાવાદ. દિવાળીના માંગલિક પ્રસંગ ઉપર દરેક વેપારીને ચોપડાપૂજન કરતી વખતે ઉપયોગી છે.

**વીતરાગ સ્તવ કર્ણિકાઃ** પ્રકાશકઃ જૈનધર્મ આરાધક મંડળ—અમદાવાદ. મૂલ્ય ૧-૦-૦ પૂર્વાચાર્યકૃત સ્તવનો, આધ્યાત્મિક પદો, માંગલિક સ્તુતિઓ વગેરેનો સંગ્રહ છે,

**વિમલજ્યોતઃ** પ્રકાશકઃ શ્રી કીરચંદ જે. શેઠ—વઢવાણશહેર મૂલ્ય ૦-૫-૦ બત્રીસ પેજી ૧૩૨ પેજ. પુસ્તિકાનું લખાણ એક પૂ૦ મુનિરાજશ્રીએ લખી આપેલ છે. પ્રભાવના માટે ઉપયોગી છે. સોમચંદ ડી. શાહ-પાલીતાણા એ સીરનામે પણ મળશે.

**સંવાદ-સંગ્રહઃ** પ્રકાશકઃ સોમચંદ ડી. શાહ, જીવનનિવાસ સામે, પાલીતાણા. ૧૮૦ પેજ મૂલ્ય ૧-૮-૦ જુદાજુદા વિષયો ઉપર ૨૦ સંવાદો, સ્વાગત ગીતો, મંગલાચરણો વગેરેનો સંગ્રહ છે. પાઠશાળા, બોર્ડીંગોને ખાસ મંગાવવા યોગ્ય છે.

**પારમાર્થિક લેખ સંગ્રહ**; લેખક; પૂ૦ મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ પ્રકાશકઃ શેઠ શ્રી જીવણલાલ અબજીભાઈ જૈન જ્ઞાનમંદિર વઢવાણ શહેર; ૩૬૮ પેજ મૂલ્ય ૧-૮-૦ પૂ૦ મુનિરાજશ્રીએ માસિક-સાપ્તાહિકોમાં જે લેખો લખ્યા હતા તેનો સંગ્રહ છે. દરેક લેખની પાછળ પરિશ્રમ અને અભ્યાસની છાયા પડેલી છે.

**તરૂણ સ્વાધ્યાયઃ** પ્રકાશકઃ શ્રી જૈન ધર્મ આરાધક મંડળ-અમદાવાદ. જુદા જુદા ગ્રંથોમાંથી તારવીને શ્લોક તેમ જ તેનો અર્થ મૂકવામાં આવ્યો છે. ઉપયોગી છે.

**સંગીત સુધા સિન્ધુ :** સંગ્રાહકઃ પૂ૦ મુનિરાજ શ્રી રસિકવિજયજી મહારાજ. પુસ્તકમાં બત્રીસ પેજી ૫૦૨ પેજ છે. પાંચ ખંડમાં અર્વાચિન અને પ્રાચીન સ્તવનો, સજ્ઝાયો, પદો વગેરેનો સુંદર સંગ્રહ છે.

**ગૂજરાતી પદ્ય મંજુષા** સંયોજકઃ પૂ૦ પંન્યાસ શ્રી ચરણવિજયજી ગણિવર. પૂ૦ ગણિવર રચિત દુહા, સ્તવન, સજ્ઝાય અને પદોનો સંગ્રહ છે. રચના ભાવવાહિ છે.

**વિવિધ વાનગીઃ** લેખકઃ પૂ૦ મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજ. કેટલાક ઉપયોગી લેખો અને ગીતોનો સંગ્રહ છે.

**સંસ્કૃતિનો સંદેશઃ** લેખકઃ પૂ૦ મુનિરાજ શ્રી કનકવિજયજી મહારાજ. પ્રકાશકઃ કલ્યાણ પ્રકાશન મંદિર-પાલીતાણા. ક૦ ની સંજ્ઞાથી છપાએલા પૂ૦ મુનિરાજ શ્રીના ટુંકા લેખોનો સંગ્રહ છે. મૂલ્યઃ ૦-૧૨-૦

**શ્રાદ્ધધર્મ દીપિકાઃ** લેખકઃ પૂ૦ પં૦ પ્રવિણુવિજયજી ગણિવર પ્રકાશકઃ શેઠ ચુનીલાલ નગીનદાસ ટાવર સામે-નવસારી. શ્રાવકધર્મ સમ્બંધિ યોગ્ય માર્ગદર્શન છે. પોસ્ટેજ એ આના મોકલનારને પ્રકાશક ભેટ મોકલે છે.

**વૈદ્યક પ્રકાશઃ** લેખકઃ શ્રી હરીલાલ ડી. શાહ દહેગામ. આધુનિક સમાજ જીવન પર પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. સૌને સારૂં લાગે તેવું ઓછું મળશે.

**સંસ્કૃત ચૈત્યવંદન ચોવીસી:** પ્રકાશકઃ સોમચંદ ડી. શાહ, જીવનનિવાસ સામે, પાલીતાણા શ્રી શોભનમુનિકૃત ચોવીસ સંસ્કૃત ચૈત્યવંદનો અને ચોવીસ સંસ્કૃત સ્તુતિઓનો સંગ્રહ છે. મૂલ્ય ૦-૮-૦

**ચાર ગતિ બજારઃ** રચયિતા: પૂ૦ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરિજી મહારાજ. પદ્યમાં ચાર ગતિનું સ્વરૂપ ઠીક ઠીક બતાવ્યું છે. રસપ્રદ છે.

**નૂતન સ્તવનાવલિઃ** રચયિતાઃ પૂ૦ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરિજી મહારાજ. આધુનિક સીનેમા તર્જનાં પ્રભુ ગીતોનો સંગ્રહ છે.

**મૌન એકાદશીનું ગણુણું**: પ્રકાશકઃ જૈન પ્રગતિ સંઘ-ઈડર. મૌન એકાદશીના દેવવંદન કરતી વખતે આ પુસ્તિકા ખાસ ઉપયોગી છે.

**તપવિધિ સંગ્રહઃ** પ્રકાશકઃ શ્રી વિજયદાનસૂરિજી ગ્રંથમાળા-સુરત મૂલ્ય ૦-૬-૦ પોસ્ટેજ એક આનો. જેમાં નવપદ, વિશસ્થાનક, અક્ષયનિધિતપની વિધિ સાથે સ્નાત્રપૂજા વગેરેનો સંગ્રહ છે.

---

## —: મહાવીર જિન સ્તવન :—

[ રાગ-સખી સાસરીયાની રીત શું સમજાવું. ]

વીરને ભજવાની રીત શું સમજાવું,
નિશદિન તારા ગુણ ગીત હોંશે ગાવું.
મોગર જાુઈ ગુલાબ કુસુમની સુંદર આંગી રચાય,
આંગી અનુપમ દેખી, નયનોમાં હરખ ન માય;
પ્રભુની રંગી ધુન દીલ માંહી જગાવું....વીરને૦ ૧
અલબેલી મનમાંય મુરતિ, લગની લગાડી જાય;
ઓ વીર! ઓ વીર! ઝંખી મારૂં હૈયું દોડી જાય,
એક તારૂંજ નામ સ્મરીને મુક્તિ મીલાવું..વીરને. ૨
જીવલડો ગભરાય મુસાફીર, અટવીમાં અથડાય,
જીવન નૈયા મારી, સંસારે ઝોલાં ખાય;
**ઉમંગે** જિન જપીને પાર લગાવું..વીરને. ૩

શ્રી ઉમંગલાલ જે શાહ.

---

## શત્રુંજય સ્તવન

[ રાગ-લાખ લાખ દીવડાની આરતી ઉતારજો. ]

વાર વાર ગિરીંદના દર્શન કરાવજો.
વાર વાર ગુણો ગવા....ય.
સુંદર એ દર્શન ગિરિશનાં,
પૂજો પૂજો તમે, ચરણો જિણંદનાં;
ધ્યાવો ધ્યાવો તમે, નામો ગિરીંદનાં.
ભવજલથી જલ્દી તરા....ય. સુંદર ૧.
પ્રાયઃ શાશ્વત તમે એ ગિરિ જાણજો,
અનંત કાલ કહ્યું એ ગિરિનું માનજો;
બહિરંતર શત્રુ હરા....ય. સુંદર ૨.
કર્મ શત્રુ હણવાને, સંગ્રામ છે,
શિવ સુંદરી વરવાનું એ ધામ છે;
શત્રુંજય નામ ધરા....ય સુંદર ૩.
છ'રી પાળીને યાત્રા જ કરીએ,
ગિરિવરની નિશ્રામાં સદાએ વસીએ;
**મોહન** ગિરિ એ સોહા....ય સુંદર. ૪.

શ્રી મોહનલાલ દલીચંદ કોઠારી.

## શાસનનો દોર ——————————શ્રી સુંદરલાલ ચુનીલાલ M. A

જગતની સર્વશ્રેષ્ઠ સંસ્કૃતિ પર જ્યારે ઘા થાય છે, અગર સૂત્રધારોની ઉપેક્ષાવૃત્તિથી સંસ્કૃતિમાં સ્વયં મંદતા આવે છે; ત્યારે જગત પર જડવાદનું જોર વધે છે; અને વધતાં વધતાં સર્વશ્રેષ્ઠ સંસ્કૃતિના કેંદ્રભૂત પ્રદેશો પર પણ તેની સત્તા જોર જામતી જાય છે, અને તે એટલે સુધી કે, તેવી કોઇ સંસ્કૃતિ જીવન્ત છે, હયાત છે, એનો ખ્યાલ પણ સાચા સ્વરૂપે ગણીગાંઠીની વિરલ વ્યકિતઓને જ હોય છે; આવી પરિસ્થિતિમાંથી પરિણામ એ જન્મે છે કે, જગત વિનાશને પંથે દોરવાય છે, અને જગતભરમાં તો ઠીક પરંતુ સંસ્કૃતિના જનક પ્રદેશોમાં પણ અશાંતિ–વૈરવૃત્તિ રકતપાત અને શોષણનીતિ સર્જાય છે.

આજના વિજ્ઞાનયુગને નામે ઓળખાતા પ્રચંડ જડવાદના યુગમાં પણ શાંતિની સર્જક તરીકે સર્વતોમુખી કબુલ કરાએલી આર્ય-સંસ્કૃતિના મુગટમણિ સમ જૈન સંસ્કૃતિ જ્યારથી ભારતવર્ષમાં પોતાનું અગ્રસ્થાન ગુમાવતી ગઇ અગર તો સીધા યા આડકતરા પ્રયત્નો દ્વારા તેનું સ્થાન ખસેડવાનો માર્ગ ગ્રહણ કરવામાં આવ્યો ત્યારથી ભારતવર્ષમાં શું રાજકીય કે શું સામાજિક, શું ધાર્મિક કે શું વ્યવહારિક દરેક બાબતમાં ઘરના અને બહારના ફટકા પડતા જ આવ્યા છે.

જૈન સંસ્કૃતિની પરમ વિશિષ્ટતા એ તેનો અધ્યાત્મવાદ છે. એ અધ્યાત્મવાદ એટલે સૌ કોઇ પોત–પોતાની કક્ષાએ આચરી શકે, અમલમાં મૂકી શકે એવો પરમ શાંતિનો માર્ગ. વ્યવહાર જીવનને સ્પર્શતો અને તદ્દન નીચલા થરથી તે ઠેઠ ઉપલા થર સુધીનાને જીવન ધ્યેયના માર્ગે દોરતો આ અધ્યાત્મવાદ જીવનની એકે એક આંટીઘુંટીને ઉકેલતો, રાજકીય ક્ષેત્રમાં પણ ઘુમતો–પારલૌકિક પ્રશ્નોનો પણ અપૂર્વ સરળતાથી ઉકેલ કરે છે.

આવા ઉચ્ચપ્રકારના સર્વ કલ્યાણકારક અધ્યાત્મવાદને જ્યારથી ભારતવર્ષમાં ગૌણ બનાવાયો અને છેવટના વર્ષોમાં શબ્દોની જાળમાં એને આવરી લેવામાં આવ્યો, સત્ય–અહિંસા સંયમની શાબ્દિક સામ્યતા વડે, સ્વતંત્રતા અને મુક્તિ શબ્દો વડે–એને દાટી દેવાના પ્રયાસો પૂરજોશમાં થયા–ઇરાદાપૂર્વક કે વગર ઇરાદે. ત્યારથી ભારતવર્ષની દુર્દશા કેવી થઇ રહી છે એ પ્રત્યક્ષ છે અને આજ પરિસ્થિતિ ચાલુ રહેતો કેવી દુર્દશા થશે એની વિચારકલ્પના કે ચિત્રકલ્પના સમજુ અને શાણા હૃદયને કંપ ઉપજાવે છે; જ્ઞાનતંતુઓને થંભાવી દે છે.

પરંતુ આ સઘળીએ વિષમ પરિસ્થિતિમાં જૈન સમાજે–જૈન સમાજના સૂત્રધારોએ–ગૃહી કે ત્યાગી એ શાસનના સિપાઈ હોવાનો દાવો કરનારાઓએ શું કર્યું ? કેટલું કર્યું ? અને કઈ પદ્ધતિ અખત્યાર કરી એનો કાંઇ હિસાબ, સરવૈયું–પરિણામ કે સફળતા–નિષ્ફળતાનું કાંઈ માપ નીકળે ખરૂં કે ? અને કદાચ કોઇ નિષ્પક્ષપાત ન્યાયયુક્ત માપ કાઢે તો આપણો આજનો જૈન સમાજ ઉન્નત મસ્તકે હર્ષારવ કરી શકે ખરો કે ? જગતભરના શાસનો–ધર્મો–મઝહબો અને માર્ગોમાં સાચું પ્રમાણ યુક્ત સર્વશ્રેષ્ઠત્વ ધારણ કરનાર જૈન શાસનના રક્ષક અને અનુયાયી તરીકેનો ગૌરવપૂર્વક દાવો કરનાર જૈન સમાજની જ આપણે વિચારણા કરી રહ્યા છીએ. જેઓ શાસનને છેહ દેનારા હોય, શાસનને નામે સિદ્ધાંતનું ખૂન કરનારા હોય–પવિત્ર સિદ્ધાંતોને નામે અશ્રદ્ધા

ઉપજાવનારા હોય કે નર્યા જડવાદનો પ્રચાર કરનારા હોય તેવાઓની ઉપેક્ષા અને સમાજને તેવાઓની સાચી ઓળખ એ જ અત્યારને તબકકે હિતાવહ છે.

જૈનસમાજના મૂખ્ય બે વિભાગઃ– અપેક્ષાએ આરાધ્ય અને આરાધક, ત્યાગી અને ગૃહી, સ્વામી અને સેવક સાચા ભાવમાં વર્તતા હોય તો સ્વાભાવિક રીતે જ સ્વામીની જવાબ–દારી વધારે. ફરજનો ખ્યાલ મોટો, એ ચૂકે તો સમાજ ડૂબે. એ કાર્યદક્ષ બને, દીર્ઘદ્રષ્ટા બને, શાસનને સંપૂર્ણ સમર્પિત બને, લોક હેરીથી પર બને તો સમાજ ઉન્નતિના શિખરે બેસે, સમાજ, ભારત વર્ષનો-દુનિયાનો આદર્શ બને. સેવકની પણ જવાબદારી ઓછી નહિ. શાસનની સાચી ઉન્નતિના કાર્યમાં–લોકકલ્યાણના માર્ગમાં સહાયક બનવું. તન–મન અને ધનથી સ્વયં શાસન પ્રભાવક કાર્યો સ્વશકિત અનુસાર, ઇતરો પ્રશંસે તેવી રીતે કરવાં અને જરૂર પડે વૃદ્ધ, અનુભવી અને વિવેકીએ સ્વામીને વિનતિ–સલાહ–ઠપકો અને સુયોગ્ય પદ્ધતિએ શિક્ષા; આવું આવું સઘળુંએ સાવધાનીપૂર્વક કરવું જ પડેને ?

આતો બધું સામાન્યથી, પરંતુ આજનું પ્રત્યક્ષ ચિત્ર શું ? અને એનો ઉકેલ શો ? જે કાંઈ શુદ્ધ બુદ્ધિથી નિષ્પક્ષપાતપણે સૂચવાય તેમાં મતિ–કલ્પના કે કુતર્કથી દોષારોપણ ન કરતાં સુયોગ્ય અને સુબદ્ધ ગ્રહણ થાય. વિચારભેદનો વિનિમય થાય, અને છદ્મસ્થ અવસ્થા સર્જિત ભૂલને બંધુભાવે સૂચવાય તો જ પરસ્પરનો વિચારમેળ જામે–માર્ગદર્શન થાય, યોજના સુયુકિતબદ્ધ બને, અમલમાં મૂકાય અને ધ્યેય અને આદર્શને પહોંચાય. આજે આપણો સ્વામી વર્ગ, મૂખ્યતયા આપણા પૂજ્ય સૂરિપુંગવો કેમ શાસન પ્રત્યે ઉપેક્ષાભાવવાળા બન્યા છે ? કાંઈ કળાતું નથી. ક્ષમા કરશે, પણ જાણે દરેકને પોતાની જ અને જરા આગળ ધપીએ તો પોતાના સંઘાડાની પણ એથી વિશેષ જેને ખાતર પોતે અને પોતાનો સંઘાડા સર્જાયેલા છે તે મહદ્–પ્રભુ શાસનની તો જાણે કાંઇજ પડી નથી; એવી પરિસ્થિતિ દીવા જેવી દેખાય છે. સારાયે ભારતવર્ષમાં આંખને પલકારે અવનવા ફેરફાર થઈ રહ્યા છે. શું રાજકીય કે શું સામાજિક, શું ધાર્મિક કે શું વ્યવહારિક. તીર્થસ્થાનો પર પણ સિધો યા આડકતરો ભય જઝુમી રહ્યો છે. ધાર્મિક મિલ્કતો પર તરાપ વાગી ગઇ–વાગી રહી છે, અને તરાપ મારવાના ઉઘાડા આકર્ષક પ્રયત્નો જાહેર થયા છે.

જેસલમેર અને જુનાગઢ જેવા પવિત્ર પ્રાચીન તીર્થો કયારે યુદ્ધિભૂમિ બનશે તે કલ્પી શકાતું નથી. આજના જડવાદની અસર નીચે આવેલા આપણા અને પરકીયો સહેજ પણ આવી વાતો સાંભળવા તૈયાર નથી, અને સાંભળે તો યુક્તિપૂર્વક હસી કાઢવા સિવાય કાંઇ કરે તેમ નથી; તેવા સમયે અમારા પૂજયો અને પૂજયોના પૂજકો શાસનને હૈયે ધરાવનારા સૌ કોઇ કેમ આ બાબતોમાં ઉંઘતા હશે ? કેમ કાંઇ વિચારતા નહિ હોય ? મારી–તમારી એક બાજુએ સાચવી મૂકી, કેમ પ્રશાંતચિત્તે વિચારોદ્વારા ઉન્નતિમાર્ગનું–રક્ષણનું કોઇ એકીકરણ શોધતા નહિ હોય ? આરાધ્યપાદ મહા-મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજીએ સૂચવેલા આ કાળના આ પ્રભાવક કાર્યોનો અર્થ રક્ષણ-માર્ગના મહાપ્રભાવક કાર્યને ભૂલવાને કાંઈ ઓછું સૂચવે છે ? એતો બધા શાસનના શણ-ગાર છે, પણ શાસનનું યૌવન–શાસનની તંદુ-રસ્તી અસ્તવ્યસ્ત બને જાય તો પછી શણગાર કેટલો વખત શોભા આપશે ?

સર્વજ્ઞ–વીતરાગ ભગવંતોના શાસનનો દોર આજે જેઓના હાથમાં છે તેઓની એક ક્ષણ-માત્રની પણ ઉપેક્ષાવૃત્તિ–એક અલ્પ માત્ર પણ બેદરકારી જગતને અને ખાસ કરીને આર્ય-જગતને મહાન નુકશાનકારક નિવડી રહી છે. ખરેખર કટોકટીનો સમય ચાલી રહ્યો છે. આર્યક્ષેત્રમાં જન્મી, આર્ય અને આર્યશ્રેષ્ઠ ગણાતાઓ, અનાર્ય પ્રવૃત્તિ અને પદ્ધતિને પ્રચારી રહ્યા છે. પશ્ચિમનો જડવાદ ભારત-વર્ષમાં ભયંકર ઝેર ફેલાવી શકયો છે અને હવે રાજકીય ક્ષેત્રની મદદ મળતાં તેના સંપૂર્ણ સ્વરૂપમાં ખીલી ઉઠશે. રહ્યા–સહ્યા અધ્યાત્મવાદને પણ ગુંગળાવી નાખશે. ગુંગળાવી નાખવાના પ્રયત્નો આપણાજ ભાઈઓને હાથે થયા છે, ચાલુ છે અને ચાલુ રહેશે.

આ વિષમ પરિસ્થિતિમાં પણ ત્યાગી ગણાતા પણ આત્માઓ अहम् અને मम ના મંત્રને આધીન બની પોતાને પ્રાપ્ત થએલ મહાશાસનના દોરને આમ ઢીલો રાખી મૂકી બેદરકારી સેવશે અને શ્રદ્ધાવાન ગણાતા સુ-શ્રાવકો પણ સ્વયં બેદરકાર બની, પૂજ્યોની બેદરકારીને પોષશે તો વિનીતભાવે પણ સ્પ-ષ્ટતાથી કહેવા દો કે, કર્મસત્તાનો દોર તે પુણ્યવાનોને પણ છોડશે નહિ–એક ભવમાં નહિ પણ અનેક ભવમાં. શાસનદેવ, સર્વમાં જાગૃતિ આણો અને મહાશાસન જગતનું શાસક બની રહો એજ મહેચ્છા.


વ્યાપારી આલમનું એક અને અજોડ માસિક

## ' કુંદન '

દર ગુજરાતિ મહિનાની શરૂઆતમાં બ-હાર પડે છે, જેમાં ઉચ્ચ કક્ષાના સામાજિક લેખો, કાવ્યો, નાટિકાઓ, રાશીવાર માસિક ભવિષ્ય, મુંઝવણના જ્યોતિષની દ્રષ્ટિએ સચોટ ઉકેલો અપાય છે. ઉપરાંત–દર માસે સોનું ચાંદી, રૂ, શેર અને બીજી સર્વ વસ્તુઓના બજારની ગતિની આગાહી સચોટ રીતે આલે-ખવામાં આવે છે. વળી દર અંકે, અંકની કિંમતનું છ આનાનું ફ્રી કુપન અપાય છે, જેનો ઉપયોગ અંગત જાહેરાત માટે કરાય છે, વાર્ષિક લવાજમ રૂા. ૪–૦–૦ સભ્ય ફી રૂા. ૬–૦–૦, સભ્યને બીજા લાભો મળે છે.

—: લખો :—

**'કુંદન' કાર્યાલય**

અરવિંદ ભુવન, કૃષ્ણ સિનેમા સામે

ત્રીજે માળે **અમદાવાદ**



' કલ્યાણ ' ના ગ્રાહકોએ ચાર આના મોકલી પુસ્તિકા મંગાવી લેવી,

## સંસ્કૃતિનો સંદેશ

પૂ૦ મુનિરાજ શ્રી કનકવિજયજી મહારાજશ્રી, આ પુસ્તિકામાં ધર્મ, સમાજ, સાહિત્ય અને રાજકારણના પ્રશ્નોને અંગે ઉપયોગી માર્ગદર્શન ચિંધે છે. " કલ્યાણ " ના સભ્યોને ભેટ મોકલવામાં આવશે અને વાર્ષિક રૂા. ૪–૦–૦ ભરનાર ગ્રાહકોએ ચાર આનાના સ્ટેમ્પ મોકલી પુસ્તિકા મંગાવી લેવી. બાકી, બીજા મંગાવનારાઓ માટે બાર આના.

કલ્યાણ પ્રકાશન મંદિર; **પાલીતાણા** [ કાઠીઆવાડ ].

# ગુજરાતી કાવ્ય વિભાગ

અમારા માનવા મુજબ વાચકોને પદ્ય કરતાં ગદ્ય લખાણ વાંચવું વધુ રસપ્રદ લાગે છે. પદ્ય લખાણોને અમે બહુ જુજ સ્થાન આપીએ છીએ તેનું કારણ પણ એજ છે; છતાં આ વખતે જુદા જુદા મહાશયો તરફથી મળેલાં પદ્યોને રજુ કરીએ છીએ. આવકાર મળશે તો અવસરે બીજાં વધુ પદ્યો મૂકવા ઘટતું કરીશું. વાંચકો પોતાનો અભિપ્રાય જણાવશે. સં૦

## 'કલ્યાણ'ના પાંચમા વર્ષે

કલ્યાણનું કરનાર માસિક, 'કલ્યાણ' નામે પ્રગટ થતું,
હયાનત જનને લાત દેતું, શત્રુંજયમાં થયું છતું;
નક્કી જવાબ જે નાસ્તિકોને, જડબાતોડ દે જાણીએ,
માત પિતા સમ સારી શિક્ષા, આપે એહ વખાણીએ, ૧

સિદ્ધગિરિની શિતળ છાયા, સ્પર્શ કરતાં દુઃખ દમે,
કઠિણ કર્મો પણ પલાયે, શુદ્ધિ સગવિહ કરી નમે;
પામી સુદેવ સુગુરૂ સુધર્મ, નિજ નરભવ લેખે કરો,
ચલવું ઓચીંતુ વિચારી, પ્રમાદ પાપને પરિહરો. ૨

માનવ ભવ મોંઘો મનાણો, સજ્જન સફળ કરો સદા,
વખત ગાળો નહિ નકામો, રાખો રત્નત્રય સંપદા;
રમત ગમતમાં રસ ન લીજે, દીજે દાન બહુ પરે,
સદાચારી બની શીલ પાળો, વિવિધ જાતીના તપ વરે. ૩

માનો મનમાં ભાવના, ભવ નાશની ભાવો ખરી,
પ્રસરે પ્રતાપ પોહવી પ્રત્યે, યશસ્વી કીર્તિ વરી;
વેગે યાત્રા કરવા આવો, ખપાવો કર્મો ખરા,
શત્રુંજયાદિક એક શત આઠ, નામથી બહુ જન તર્યા. ૪

'કલ્યાણ' માસિક વ્હાલ ધરીને, વાંચતાં ગુણો મળે,
રખડપટ્ટી ભવ અટવી નીતે, ભવિક જનની દુર ટળે;
તારણ તીરથ ત્રણ ભુવનમાં, આ સમું બીજું નહિ,
આદીશ્વરદાદાનું મોટું, ધામ કંચનગિરિ સહિ. ૫

નંબર નવપદમાં પહેલા બે, દેવ ગુરૂ ત્રણ ધારીએ,
દક્ષ બની ચાર અંતિમના જે, ધર્મના તે વિચારીએ;
પાલીતાણામાં પ્રગટ માસિક, કલ્યાણ વાચન જે કરે,
મોટો લાભ મળે માને સુખલાલ, સંપ સંતોષ જે ધરે. ૬

શ્રી સુખલાલ રવજીભાઈ

## મ્હારે સ્હામે કિનારે જાવું

જિનવર જિનવર જાપ જપીને, હું જોગણ બની જાવું.
મારે સ્હામે કિનારે જાવું.
પ્રભુ મહાવીર બને હું ચંદન થાવું, બાકુળા વ્હોરાવું,
નયને નીર ચરણમાં શીર, મુખે નવકાર ગજાવું. મારે૦ ૧
પ્રભુ તું નેમ બને હું રાજુલ થઈ, દીક્ષા મંડપ બંધાવું,
તપ સંયમ શણગાર સજીને, શિવસુખ વરવા આવું. મારે૦ ૨
માયા જળમાં જીવન હોડી, સતના સઢ ફરકાવું,
શમ સંવેગ હલેસા મારી, સંયમ સુકાની બનાવું. મારે૦ ૩
તન તંબુર મન મંજીરા, કરના કરતાલ બજાવું,
રોમ રોમ રણકાર ઉઠે ત્યાં, જિનવર જિનવર ગાવું. મારે૦ ૪
નિર્જીવને સજીવન કરવા, જિનવર ચરણે આવું,
તું તારે કે ડુબાડે પણ હું, ત્હારો દાસ કહાવું. મારે૦ ૫

શ્રી કનૈયાલાલ દવે

## શ્રી મહાવીરસ્વામીનું જન્મ કલ્યાણક ગીત

[ ચાલ—આશાવરી—અથવા ધનાશ્રી ]

વીરજિણંદ ભગવાન....જન્મ્યા.....વીરજિણંદ ભગવાન,
ક્ષત્રિયકુંડમાં ક્ષત્રિકુળમાં, ભૂપ સિદ્ધારથ જાણ;
ત્રિશલા દેવી કુક્ષિ જાયા, ત્રિભુવન તિલક સમાન,....જન્મ્યા. ૧.
ચઇતર સુદ તેરસ દિન સોહે, સાત ગ્રહો ઉચ્ચ ઠાણ;
ઉત્તરા ફાલ્ગુની ચંદ્રમા યોગે, તીન ભુવનમાં પ્રધાન,....જન્મ્યા. ૨.
નારક પણ ક્ષણ સુખ અનુભવતાં, ભૂમિ ગ્રહે આણપાણ;
અજબ જ્યોતિ ત્રિજગ પ્રસરી, સૌને હર્ષ અમાન,....જન્મ્યા. ૩.
અનુપમ રૂપ અનુપમ શકિત, અનુપમ પુણ્ય નિધાન,
સુરવર નરવર, ઇંદ્ર ઇંદ્રાણી, ગાવત જિન ગુણગાન,....જન્મ્યા. ૪.
સુરગિરિ પર પ્રભુ પધરાવી, ઇંદ્રો કરાવે સ્નાન;
અંગુઠે પ્રભુ મેરૂ કંપાવ્યો, અનંત શકિતમાન,....જન્મ્યા. ૫.
જહાન ભરમેં જોડ નહિ જસ, સંયુત જે ત્રણ નાણ;
લક્ષણ એક સહસ્ર ને આઠ, કરતલ પગતલ માન,....જન્મ્યા. ૬.
અહિંસા ધર્મનો ધ્વજ ફરકાવ્યો, અર્પ્યું અપૂર્વ જ્ઞાન;
વિશ્વવત્સલ પ્રભુ કરૂણાનીધિ, કર્યું જગત કલ્યાણ,....જન્મ્યા. ૭.
આત્મ કમલમાં લબ્ધિ અનંતી, અજ્ઞાન તિમિર ભાણ;
પારાવાર અભ્યંતર લક્ષણ, ફેલી કીર્તિ જહાન,....જન્મ્યા. ૮.

શ્રી કીર્તિ

# શ્રી ગૌતમ વિલાપ

[ ઇન્દ્રવજ્રા છન્દ ]

જ્ઞાને કરીને નિજ મોક્ષ પાસે, જાણી કહે ગૌતમને જિનેન્દ્ર;
ભો ! દેવશર્મા જીવને બુઝાવા, જા ગોયમા ! સત્વર તુંજ ત્યાંરે. ॥ ૧ ॥

ત્રિકાળના જ્ઞાયક વીર કેરી, વાણી સુણીને મધુરીજ મીઠી;
ઉદ્યુકત તે તો થઈ ઇન્દ્રભૂતિ, ચાલ્યા બુઝાવા પ્રતિ દેવશર્મા. ॥ ૨ ॥

[ શાલિની છન્દ ]

ચાલ્યા તે તો દેવશર્મા બુઝાવા, પ્હોંચ્યા તેના ગામમાં શ્રી મુનીન્દ્ર;
ત્યાં તો જૈ ને દેવશર્મા પ્રતેરે, દીધી મીઠી દેશના ધર્મ કેરી. ॥ ૩ ॥

મીઠી જેની પીયૂષેથી અધિકી, વાણીનું રે પાન પ્રેમે કરીને;
અંગીકાર્યો ધર્મ શ્રી વીરનો રે, સ્વામી પાસે ભવ્ય તે દેવશર્મે. ॥ ૪ ॥

[ ભુજંગ પ્રયાત—છન્દ ]

કરી બોધ દેવેન્દ્ર ભૂપેન્દ્ર વંદ્ય-જિનેન્દ્ર પ્રભુ વીર પાસે જવાને;
થયા સદ્ય ઉદ્યુકતતે ઇન્દ્રભૂતિ પ્રભુપાદને વંદવાને ઉમાહ્યા. ॥ ૫ ॥

જતાં માર્ગમાં ખૂબ આનન્દ પૂરે, પ્રભુ ભેટશું ભાવ એવે સનૂરે;
તિહાં અમ્બરે દેવ દીઠાં ઘણેરાં, કરંતાજ વાતો મિથઃ ગૌતમે રે. ॥ ૬ ॥

[ દ્રુતવિલમ્બિત—છન્દ ]

જગતવત્સલ ને જગ બાંધવા, ત્રિજગ નાયક વીર જિનેન્દ્રના;
ગમન-મોક્ષવિષે સહુ દેવતા, કરત વાત નભે જ મિથોમિથે. ॥ ૭ ॥

થતી જ વાત પરસ્પર દેવમાં, સુણીજ ગૌતમ ઇન્દ્રભૂતે સહુ;
જગત તારક મોક્ષજ જાણીને, કરત તે શતધા જ વિલાપને. ॥ ૮ ॥

[ સ્રગ્ધરા—છંદ ]

હા ! હા ! તે શું કીધું રે પ્રભુ ઇણુ સમયે મુજને દૂર પ્રેષ્યો,
લાગ્યું શું માગશે આ ગઉતમ મુજથી પાંચમું જ્ઞાન ત્યારે;
કે શું જાવા સમેરે શિવનગર વિષે રોકશે મુજને રે,
વા શું લાગ્યું તનેરે ચરણ યુગલને ઝાલશે ગોયમો રે. ॥ ૯ ॥

હા ! હું પૂછીશ કોણે ? કહી જિન ભગવન્ કોણુ ટાળેશ શંકા,
રે ! રે ! ભો ! ગોયમારે ! ઇમ કહી મુજને કોણુ સંબોધશે રે;
ના રાખ્યો તેં પ્રભુરે અવર જુગ જુનો નેહનો શુદ્ધ નાતો;
છોડી તોડીજ તે તો શિવ રમણી સહે મ્હાલવાતું સધાયો. ॥ ૧૦ ॥

[ મન્દાક્રાન્તા—છન્દ ]

હા ! મેં જાણ્યું તુજમન વિષે રાગદ્વેષાદિ નો'તા,
તેથી કે'વું અઘટિત મને દોષ દેવો તને રે;
તું તો સાચો ગતરિપુ ભગવાન્ વીતરાગી ખરો રે,
ઈત્યાદિ રે નિજ મન વિષે ભાવના ભાવતારે. ॥ ૧૧ ॥

[ તોટક—છન્દ ]

ઇમ ચિન્તવતાં નિજ ચિત્ત વિષે, શુભ ભાવ વિરાગ વિષે વળીયા;
તવ પંચમ ભાવન ભાવત રે, જય ગૌતમ કેવલ કીર્તિ વર્યા. ॥ ૧૨ ॥

ઘરવાસ પચાસ વસ્યા વરસા, વળી ત્રીસ થયા મુનિ ભાવ પણે;
દશ દોય મહીતલ જ્ઞાનીપણે, વિચરી સિરિ ગૌતમ શિવ વર્યા. ॥ ૧૩ ॥

**શ્રી મુનિકુમાર**

---

## શ્રી આદીશ્વર જિન સ્તુતિ.

[ રાગ—શિખરિણી–છન્દ ]

દિસે છે જેનુંરે તનુ અધિક તેજસ્વી સૂરથી, ભમે છે તેથીરે સુરજ મુખ–મ્લાનામ્બર–પટે;
મરૂદેવા માતા કુખમહિ થયા રત્નસમ જે, પ્રભુ એવા આદીશ્વર જિનપદે નિત્ય નમીએ. ૧

પ્રવર્તાવ્યું જેણે તીરથ પહિલું આ જગતમાં, નિવાર્યો જેણેરે ધરમ યુગલાનો મહી'તલે;
પિતા નાભિ રાજા શુભકુલ વિષે ઉજવલ શશી, પ્રભુ એવા આદીશ્વર જિનપદે નિત્ય નમીએ. ૨

અધિકાઇ જોઇ નિજવરણથી સુન્દર અરે, પડીયું હાંરે કંચન અનલમાં શુદ્ધ બનવા;
ન પામ્યું તો'યે રે જિનવર સમી કાન્ત્યમલતા, પ્રભુ એવા આદીશ્વર જિનપદે નિત્ય નમીએ. ૩

વિનીતાના રાજા સકલ જગમાં આણ મનવી, વળી ઉંચી કાયા ધનુષ શતપંચ શ્રી જિનની;
કરે સેવા નિત્યે વૃષ પદ વિષે લંછન મિષે, પ્રભુ એવા આદીશ્વર જિનપદે નિત્ય નમીએ. ૪

ગૃહસ્થાવસ્થાએ લખ પૂરવ ત્યાસી જિન રહી, થયા ધારી તે સંયમ વ્રતતણાં ત્યાગી થઇને;
ધરીને ચોરાશી લખ પૂરવ આયુઃ શિવવર્યા, પ્રભુ એવા આદીશ્વર જિનપદે નિત્ય નમીએ. ૫

અરે જેની વાણી અધિક મધુરાઈ ટપકતી, અમી જોઇ સ્વર્ગે ગઈ થઈ ભી'તા દેવશરણે;
સુણી જેની વાણી ભવિકજન પામે શિવરમા, પ્રભુ એવા આદીશ્વર જિનપદે નિત્ય નમીએ. ૬

કરે સારે સેવા જિનપદતણી **ગોમુખ** સદા, વળી ટાળે દૂરે વિઘન સહુ **ચક્રેશ્વરી** સૂરિ;
પ્રભુની સેવાથી નર **જય** લહે **કીર્તિ** કમલા; પ્રભુ એવા આદીશ્વર જિનપદે નિત્ય નમીએ. ૭

**જયકીર્તિ**

---

# હળવી કલમે

સંપાદક

કાળબળે રોજબરોજ અનેકવિધ પ્રશ્નો સમાજ સમક્ષ ખડા થાય છે. તેનો ઉકેલ, નિરાકરણ કે નિચોડ સમયસર થતો નથી ત્યારે સમાજને તેના પરિણામના ભોગ, ઇચ્છાએ કે અનિચ્છાએ બનવું પડે છે. અમે પણ સમાજમાં બનતા અવનવા બનાવોને સ્પર્શવા થોડા શબ્દોનો હળવી કલમે ઉપયોગ કરીએ છીએ. વાંચકો વિચારે અને તેનો અમલ કરવા પ્રયત્ન કરે–કરાવે. સં૦

## ૧ બકરૂં કાઢતાં ઊંટ પેસે—

**શ્રી** શત્રુંજય તીર્થની તળેટીમાં યાત્રાળુઓને જે ભાતું અપાય છે, તેના ગેરવહીવટ અંગે કેટલોક ઉહાપોહ જાગ્યો છે. કેટલાકની માન્યતા એવી છે કે, પેઢીના માણસો જ વ્યવસ્થાપૂર્વક કામ લેતા નથી, ત્યારે કેટલાક કહે છે કે, યાત્રાળુઓ યાત્રા કર્યા સિવાય ભાતું વાપરે છે. ગમે તેમ હો પણ એટલું તો નિશ્ચિત જ છે કે, ભાતા સમ્બંધિ કેટલીક બૂમરાણ સાચી છે.

આનો એકજ સરળ ઉપાય છે કે, પેઢી કાળજીપૂર્વક દેખરેખ અને વ્યવસ્થા રાખે અને યાત્રાળુઓ સમજે કે, આ જે ભાતું આપવાનો નિયમ છે તે ગિરિરાજની યાત્રાએ જઈ નીચે આવે તેને માટે છે. વગર યાત્રાએ વાપરવાનો વાસ્તવિક હક આપણો નથી, છતાં કોઈ યાત્રાળુ વાપરે તો તેને કોઇ અટકાવતું નથી. બળજબરીથી અટકાવવા જોઇએ નહિ, એમ અમારૂં માનવું છે.

બળજબરીથી અટકાવવાનો માર્ગ જૈનશાસનની પ્રભાવનામાં ખામી દર્શાવનારો છે. પ્રભાવના કરવા–કરાવવામાં જૈનો ઉદાર રહેતા આવ્યા છે અને રહે છે એટલે **પાસ** આપવાની વ્યવસ્થા જૈન સંઘ માટે કોઇ પણ રીતે યોગ્ય, અનુકૂળ કે બંધબેસ્તી નથી. એટલું જ નહિ પણ ઇતર સમાજની દૃષ્ટિએ હાસ્યાસ્પદ છે, અને તે રીત અજમાવવા જતાં તો 'બકરૂં કાઢતાં ઊંટ પેસી જાય' તેમ લાગે છે.

સખ્ત મોંઘવારી, અનાજની હાડમારી, રેશનીંગના ભૂતાવળ સમય–સંજોગોમાં પણ ભાતાની વ્યવસ્થા અખંડિત ચાલુ રહી છે એ જૈન સંઘનું અને શેઠ આ. ક. પેઢીનું બહુમાન વધારનાર છે, એટલું જ નહિ પણ ધન્યવાદને પાત્ર છે. એમાં કોણ ના કહી શકે તેમ છે.

ગેરવ્યવસ્થા આગળ ન વધે તે ખાતર સંગીન અને સક્રિય પગલાં લેવા સાથે તળેટીની જગ્યાએ એવા આશયનું એક મોટા અક્ષરે બોર્ડ લખી મૂકવાની જરૂર લાગે છે.

## ૨ ગાંધીજીનું મૃત્યુ

**માણસ** માત્રને મરવાનું તો છે. વિવેકી જનોને તેનો શોક ન હોય. જન્મે તે મરવા માટે એટલે મરતાં પહેલાં જીવનમાં જે કાંઈ શુભકરણી કરવામાં આવી હોય તે જ જીવનના મૃત્યુને ઉજાળે છે, આ સનાતન સત્ય કે નિયમ છે.

ગાંધીજીનું મૃત્યુ આકસ્મિક અને અકાળ રીતે થયું છે. ગાંધીજીના હૃદયને બંદુકની ગોળીના ઘા ઝીલવા પડશે એવો ખ્યાલ કોને હોય? અરે, મૃત્યુ થયાના સમાચાર ઓલ-ઈન્ડીઆ રેડીઓએ આપ્યા ત્યારે પણ સાંભળનારાઓનાં હૃદય સંશયગ્રસ્ત હતાં. તેમનું મૃત્યુ વિધિના લેખમાં તે રીતે લખાએલું હશે

એટલે મિથ્યા કોણ કરી શકે? તીર્થંકરના જીવો પણ મૃત્યુને હઠાવી શકયા નથી, તો પછી ગાંધીજીનો આત્મા કોણ માત્ર?

માનવમાં ધાર્મિક, સામાજિક, કે રાજકિય બાબતોમાં વિચારભેદ, બુદ્ધિભેદ કે મતભેદ સંભવી શકે છે પણ તેને આગળ ધરી અને માનવતાને લોપી ગાંધીજી જેવા પુરુષનું મૃત્યુ નિપજાવવું એ હિચકારૂં દુષ્કૃત્ય છે, ધિક્કારને પાત્ર છે. વિશેષ શું લખવું? ગાંધીજીના આત્માની શાંતિ ઈચ્છવા સાથે સૌ કોઇ આત્માઓ શાંતિના ઉપાસક બનો એજ હૃદયભાવના.

**૩ મુંડકાવેરાની કલંકકથા—**

જે જે રાજ્યોમાં તીર્થો આવેલાં છે, તેમાંથી ઘણાં-ખરાં રાજ્યો કોઇને કોઇપણ રીતે યાત્રાળુઓનો મુંડકાવેરો લે છે. આ મુંડકાવેરાની દુષ્ટપ્રથા મોગલશાહી કે મુસલમાન બાદશાહોના સમયમાં પ્રવેશી હોય એમ લાગે છે.

પણ હિન્દુરાજવીઓના શાસનકાળમાં આ કર નાબુદ થવો જોઇતો હતો. તેના બદલે કેટલાક રાજાઓએ કરમાં વધારો કર્યો છે, એ હિન્દુ રાજવીઓને અને એની આર્યપ્રજાને પણ શરમાવનાર એક હકીકત છે. આર્યસંસ્કૃતિના ઉપાસક રાજાઓ તીજોરીઓને તર રાખવા ખાતર કે મોજ-શોખ અને વૈભવવિલાસોને માણવા ખાતર મુંડકાવેરાની કલંકકથાને આજ લગી ભૂંસી શકયા નથી. રાજપાટ ગયું, સત્તાનું સિંહાસન ઉથલી પડયું, અને તીજોરીઓની ચાવીઓ સોંપી દેવાનો વખત આવ્યો તોપણ રાજવીઓએ સમયને પારખીને તીર્થોને કરવિમુકત કરવાનું પગલું ભર્યું નથી એ ઇતિહાસના ચોપડે લખાશે અને એ લખાએલા કલંકકથાના અક્ષરો વર્ષો પછી પણ એમનાં જીવનની કાળી બાજુને જાહેર કરશે.

આજે પ્રજા પર અનેક કરો (ટેક્ષ) લદાએલા છે, જેના ભારથી પ્રજા ત્રાસી ગઈ છે. છેવટે પ્રજા, એ કરમાંથી છટકવા માટે અસત્યનો પણ આશરો લ્યે છે પણ તેમ કરવામાં પ્રજા ન્યાય-નીતિના માર્ગથી ચ્યુત બને છે. ભારતની પ્રજા સ્વતંત્ર થયા પછી તો તીર્થમાં લેવાતો મુંડકાવેરો સદંતર બંધ થવો જોઈએ.

નવી સરકાર પાસે આશા રાખીએ કે, ભારતના સંસ્કૃતિનાં ધામોને જલ્દિથી કર વિમુકત કરે, અને રાજા અને પ્રજાની નબળાઈની લખાએલી કલંકકથાને સત્વર ભૂંસી નાંખે, અને તે માટે આર્ય પ્રજાએ-ધર્મીપ્રજાએ જબ્બર આંદોલન જગાવવું જોઇશે.

સૌ કોઇ પત્રકારો, લેખકો, સંસ્થાઓ, પૂ૦ આચાર્ય દેવાદિ મુનિવરો અને જૈન સંઘના અગ્રગણ્યો વગેરે સૌકોઇ આ હકીકતને લક્ષ્યમાં લઈ એકી અવાજે તીર્થોમાં લેવાતા 'કર' ને નાબુદ કરવા માટે હિંદી સરકારના કાન પર આ હકીકતને પહોંચાડવા ઘટતું કરશે.

**તા. ક.—**મુંડકાવેરાના લેખનું કમ્પોઝ થઈ ગયા પછી અખબારો દ્વારા અમને જાણવા મળ્યું છે કે, આબુ-દેલવાડાના જૈન તીર્થમાં પ્રવેશતા યાત્રાળુઓનો જે મુંડકાવેરો લેવામાં આવતો હતો, તે ધાર્મિક દ્રષ્ટિએ અનુચિત ગણી માફ કરવામાં આવેલ છે. આ સ્તુત્ય પગલું લેવાની પહેલ કરવા માટે તે સરકારને ધન્યવાદ ઘટે છે. બીજાં રાજ્યો અને હિન્દી સરકાર પણ સ્તુત્ય પગલાને પગલે ચાલી તીર્થોમાં લેવાતા કરને વહેલી તકે માફ કરશે એવી આશા રાખીએ છીએ.

### ૪ શ્રી સિદ્ધાચળજીમાં પગથીયાં—

હું ફાગણ શુદિ ૧૪ ના દિવસે ગિરિરાજ પર ચઢતો હતો, ત્યારે ગિરિરાજ ચઢી દાદાનાં દર્શન કરવા જતાં બે યાત્રાળુઓ ગિરિરાજ ઉપર બંધાતા પગથીઆ સંબંધિ વિચારોની આપ-લે કરી રહ્યા હતા. બન્નેના વિચારો એકમત હતા. પગથીયાં કરવાથી યાત્રાળુઓની હાલાકી ઓછી થશે એ માન્યતાએ વધુ પડતો ઝોક ખાધો છે. બહુ થોડી જગ્યાએ રસ્તો સુધરાવવાની જરૂર હતી, પણ આતો આખો રસ્તો નવેસરથી થતો હોય એમ જોવામાં આવે છે. ગિરિરાજ ઉપર ચઢતા યાત્રાળુઓમાંથી મોટો ભાગ પગથીયાંથી વિરૂદ્ધ છે. જુનાગઢની યાત્રાએ જઇ આવેલા યાત્રાળુઓને પગથીયાંનો અનુભવ છે, એટલે પગથીયાં કરતાં તો આજે જે રસ્તો છે તેજ ઠીક છે, એમ ઘણાઓનું માનવું છે. આજે જે રસ્તો છે તે ચડવા-ઉતરવામાં ઓછી અગવડતાવાળો છે. યાત્રાળુને એકધારાં પગથીયાં ચઢવામાં શ્વાસોશ્વાસ વધારે ચડે, અને ઉતરતાં પણ પગને વધારે ઈજા પહોંચે, અને ઉપરથી હજારો રૂા. ખર્ચાઇ જાય એ જુદા. એટલે આ કાર્યને અમલમાં મૂકતાં પહેલાં સમાજના હિતચિંતકોએ સમાજની આગળ આ હકીકતને રજુ કરવી જોઇતી હતી.

જો કે શેઠ આ. ક. ની પેઢી ગિરિરાજના રસ્તાને જેમ બને તેમ વધુ સુખ-સવલતવાળો બનાવવા કોશીષ કરે છે, પણ કેટલીક જગ્યા જ એવી છે. રસ્તાની બન્ને બાજુ વૃક્ષારોપણ કરાવવામાં આવ્યું છે, તે ઝાડપાન મોટા થતાં યાત્રાળુઓને નડતી ગરમીની હાલાકી ઓછી થશે.

### ૫ ધાર્મિક મિલ્કતો અને કાયદો—

ગવર્મેન્ટ સરકારે ધાર્મિક મિલ્કતો કે ધાર્મિક હકોપર ત્રાપ મારી નથી ત્યારે આજે આપણી હિન્દી સરકાર, ધાર્મિક મિલ્કતો ને ધાર્મિક હકોની સ્વતંત્રતા ઉપર કાયદા ઠોકી બેસાડવા પ્રયત્ન કરે છે.

આપણી બિહાર સરકાર 'હિન્દુ રીલીજીયસ ટ્રસ્ટ બીલ' પસાર કરવા માગે છે. ઈ. સ. ૧૯૩૮ માં કોંગ્રેસ પ્રધાન મંડળ આવ્યું ત્યારે પણ આ બીલ લાવવામાં આવ્યું હતું, અને તે વખતે પણ જૈન સંઘે જબ્બર વિરોધ ઉઠાવ્યો હતો, સંજોગો પ્રતિકૂળ બનતાં કાયદો મુલતવી રહ્યો. ફરી એ બીલ આજે એસેમ્બલીમાં રજુ થાય છે, પણ બિહાર સરકારની ફરજ છે કે, બીલ પસાર કરતાં પહેલાં પ્રજાનો અભિપ્રાય માગવો જરૂરી છે.

ધાર્મિક હકોમાં, ધાર્મિક ક્ષેત્રોમાં કે ધાર્મિક મિલ્કતોમાં સરકાર હસ્તક્ષેપ કરે તો હિન્દ સ્વતંત્ર થયાનો કાંઈ અર્થ સરતો નથી.

જૈન પ્રજાને ધાર્મિક હકોમાં હસ્તક્ષેપ ન ખપે એટલે જૈન સમાજે સંગઠિત આંદોલન ઉપાડી વિરોધ કરવો જરૂરી છે. સૌ કોઈ પોતાની ફરજ બજાવે અને ધાર્મિક બાબતોમાં થતી ડખલગીરીને અટકાવે.

### ઐકયના પ્રયાસો.

જૈનસંઘનું સંગઠ્ઠન બળ તૂટી ગયું છે, એમાં કોઇનાથી ના કહી શકાય તેમ નથી. અને તેને લઈ જૈન સમાજનાં અનેક શુભકાર્યોને ફટકો લાગ્યો છે એટલું જ નહિ પણ જૈન સમાજની સ્થિતિ વેર-વિખર જેવી થઇ ગઇ છે. તેને સુધારવા માટે કેટલાક સદ્‌ગૃહસ્થો તરફથી સમાધનના ચક્રો ગતિમાન થયાં છે, એવી હવા અમારા કાને આવી છે, અમે તો અંતરથી ઇચ્છીએ છીએ કે, મતભેદો ગમે તેવા જલદ હોય પણ હૃદયોને જલદ બનાવશો નહિ.

સમાજ સમક્ષ આજે મુંઝવતા અનેક પ્રશ્નો ખડા થયા છે અને થતા જાય છે, ત્યારે જૈનસમાજમાં સંગઠ્ઠન બળની ખૂબ આવશ્યકતા ઉભી થઇ છે.

# ભલે નિંદા કરો, પરંતુ પારકાની નહિ પણ પોતાના આત્માની કરજો.

પૂ૦ પં૦ પ્રવિણવિજયજી ગણિવર

નિંદા અને પ્રશંસા એ બે પરસ્પર વિરોધી સ્વભાવવાળા શબ્દો છે. પ્રશંસા શબ્દ કાનને જેટલો મધુર લાગે છે, તેટલો નિંદા શબ્દ કાનને કટુક લાગે છે. નિંદા અને પ્રશંસા કરવી એ બન્ને કાર્યો એક હાડકાં વિનાની જિભ્હાનાં છે. બન્નેમાં બોલવાનો પરિશ્રમ એક સરખો છે. પ્રશંસા કરવાનો પ્રયત્ન સફળ છે, ત્યારે નિંદા કરવાનો પ્રયત્ન નિષ્ફળ છે, એટલું જ નહિ પરન્તુ પરલોકમાં દુર્ગતિ દાયક થાય છે. પ્રશંસા કરનારના મુખ ઉપર આનંદની છાયા હોય છે, જ્યારે નિંદકના મુખ ઉપર ક્રોધાવેશની અને ઈર્ષ્યા અગ્નિની કાલિમા છવાયેલી હોય છે. કોઇના પણ ગુણોની પ્રશંસા કરનારના હૃદયમાં ઊંડે ઊંડે ગુણાનુરાગ બેઠેલો હોય છે, જ્યારે નિંદકના હૃદયમાં ઈર્ષ્યાની જ્વાલા સળગેલી હોય છે. પ્રશંસા કરનારનું મુખ પવિત્ર બને છે, અને સાંભળનારના કાન પવિત્ર થાય છે. નિંદકનું મુખ મલિન બને છે, અને સાંભળનારના કાન અપવિત્ર બને છે. પ્રશંસા સદ્ગતિ અર્પણ કરે છે, જ્યારે નિંદા દુર્ગતિ અપાવે છે. પ્રશંસામાં પસાર થયેલા ટાઈમની સદુપયોગીતા ગણાય છે, જ્યારે નિંદામાં ગુમાવેલા ટાઈમની દુરૂપયોગીતા થાય છે. પ્રશંસા એક શ્રેષ્ઠ સદ્ગુણ છે, જ્યારે નિંદા એ તદ્દન નાલેશીભર્યો દુર્ગુણ છે. પ્રશંસકો, ધર્મી સમાજમાં સન્માનને પાત્ર બને છે, જ્યારે નિંદકો તિરસ્કારને પાત્ર બને છે, છતાં સમાજે તેમનો તિરસ્કાર ન કરતાં મિત્ર તરીકે ગણવા જોઇએ. નીતિશાસ્ત્રકારો પણ નિંદકને પોતાના મિત્ર તરીકે ગણવાનું કહે છે. જે નીચેના દોહરાથી માલુમ પડશેઃ—

નિંદા હમારી જે કરે, મિત્ર હમારા હોય,
સાબુ લેવે ગાંઠકા, મેલ હમારા ધોય.

નિંદકને મિત્ર માનવાનું કારણ એ છે કે, ધોબી વસ્ત્રોને પૈસા લઇને ધુએ છે, જ્યારે નિંદક વિના પૈસે અન્યના પાપમેલને ધૂએ છે. વળી પ્રશંસકને કોઈ ઠેકાણે માતાની ઉપમા આપી હોય એવું જાણવામાં આવ્યું નથી, પરંતુ નિંદકને માતાથી પણ અધિક નીચેના શ્લોકમાં ગણવામાં આવ્યો છેઃ—

**निंदकं तं सदा स्तौमि मातुरप्यधिकोऽस्तियः ।**
**माता क्षालयति हस्ताभ्यां निंदकः खलु जिव्हया ॥**

માતાથી પણ જે અધિક ગણાય છે એવા નિંદકની અમો સદા સ્તવના કરીએ છીએ. કારણ કે, માતા તો પોતાના પુત્રનો મેલ હાથથી ધુએ છે, જ્યારે નિંદક પારકાનો પાપમેલ જીભથી સાફ કરે છે. એટલે તે માતાથી અધિક ગણાય એ નિઃશંક છે. માટે નિંદકોને દુશ્મન માનનારા મોટી ભૂલ કરે છે. એક અપેક્ષાએ તો તે આપણા ઉપકારી મિત્રો છે.

માર્ગાનુસારી બનવા માટે પણ નિંદાને તિલાંજલી આપવી જોઇએ. તો પછી ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનમાં બીરાજનારામાં જો નિંદા કરવાનો અવગુણ હોય તો હજુ તેઓ માર્ગ ઉપર છે કે કેમ? એ એક શંકા છે. પ્રશંસા પ્રેમી, ગમે તેવા અદના સેવકની પણ પ્રશંસા કર્યા વિના ચુકતો નથી, જ્યારે નિંદા પ્રેમી પોતાના માબાપની પણ નિંદા કરવાનું છોડતો નથી. આથી નિંદા એ બહુ ભયંકર અવગુણ હોઈ તેને તિલાંજલી આપી પ્રશંસા પ્રેમી બનવાની આવશ્યકતા છે. વળી—

"થોડે ઘણે અવગુણે સહુકો ભર્યો રે,
કોઈના નળીયા ચુવે કોઈનાં નેવ રે."

શ્રી સમયસુંદરજીનું આ વાકય યાદ કરી, નિંદાની ટેવને છોડી દેવા ભલામણ છે, અને

પાટલીપુત્રનાં પુરવાસીઓ—સ્ત્રીઓ અને પુરૂષો આજે ચારેપાસ આનંદમગ્ન થઇ ફરતાં દેખાતાં હતાં, સૌના ચહેરા પર વસંતની સુરખી સ્પષ્ટ જણાઈ આવતી હતી. બધાં એક જ દિશા તરફ જતાં જણાતાં હતાં.

વસંત પંચમી નિમિત્તે આજે એક ભવ્ય ઉત્સવ હતો. ગામની વચ્ચેના એક મોટા ઉદ્યાનમાં મંડપ બનાવવામાં આવ્યો હતો. આસોપાલવનાં તોરણ તથા કેળના સ્તંભોથી શણગારાએલો એ મંડપ, ઉદ્યાનને શોભાવી રહ્યો હતો.

પણ ઓચિંતો આ કોલાહલ શાનો? મહારાજા નંદ જાતે આવી રહ્યા છે. એમની પધરામણીથી સંગીતકારોએ સૂર છોડયા. મહારાજની પગવાટ પર જાઇ, જુઇ, ડોલ, ને ગુલાબની પાંખડીઓ પથરાઇ ગઈ. સાજ સાથે એક ખૂણામાં ઉભેલી નર્તિકાઓના પણ ઘુઘરાઓએ તાલ દીધો.

સુવાસમય વાતાવરણ, સંગીતમય બની ગયું, ને નર્તિકાઓના રૂપે તેમાં ઉમેરો કર્યો; વસંતનો પ્રાણ ત્યારે ચારેકોર ધબકી રહ્યો.

નંદની આંખો ઘેરાવા લાગી. એનું હૃદયચિત્ત અને નયન વસંતની શોભા શોધવા લાગ્યાં. એક ખુણે રૂપનાં પતંગિયાં હતાં, એ એની ધ્યાનમાં તુરત આવી ગયું. એનું દિલ ત્યાં જ્યોત બનીને સળગવા દોડયું. પાટલીપુત્રની પુરવાસીઓમાંની એક પર એ આંખો માંડી રહ્યો. એ કોણ હતી? આજ સુધી એને ન દીઠાનું નંદને આશ્ચર્ય થયું, અને એની જિજ્ઞાસા પણ વધી. સાથે સાથે એ રૂપને ન પિછાણવા બદલ એ પોતાની જાતને ધિક્કારવા લાગ્યો.

કેટલાક માણસોનો એ સ્વભાવ જ હોય છે કે, પોતાની પાસે સારામાં સારા વૈભવો હોવા છતાં તેનું ચંચલ મન, પારકાના ભોગવિલાસોને મેળવવાને હંમેશાં તલપાપડ રહે છે. એનો વિકારી આત્મા પારકી એંઠને અભડાવવા ઉતાવળો બને છે. રાજા નંદ, એમાંનો એક હતો.

વસંત પંચમીના આ દિવસે પાટલીપુત્રની એ પવિત્ર સ્ત્રીનાં શીલને લૂંટવાની મનોભાવના રાજા નંદના પાશવી અંતઃકરણમાં ઉગી ઉઠી. એણે પોતાના અંગત સેવક ચંદને યાદ કર્યો.

'ચંદ!'

'જી મહારાજ,'

'એ કોણ હતું?'

'રોહિણી, મહારાજ,'

'કોની પત્ની?'

'આપણા કોઠારી શ્રેષ્ઠી ધનાવહની.'

'પરંતુ મહારાજ'........બોલતાં-બોલતાં ચંદ અટકયો.

'અત્યાર સુધીની મારી એક પણ ઈચ્છા અતૃપ્ત રહી હોય એવું તને યાદ છે ખરૂં?' નંદને મહારાજા હોવાનો ગર્વ હતો. એણે આગળ ચલાવ્યું.

'અને તેમાંય વળી આ તો વાણીયો ધન અગર ધાક આપો એટલે એ બધીય વસ્તુની સરળતા કરી આપે. એ તારૂં સૂત્ર તું જ ભૂલી ગયો?'

'મારૂં સૂત્ર ખોટું ન હોય મહારાજ, આજે તો શું ગઇ કાલે એ સાચું હતું, અને

---

અનાદિકાળના અભ્યાસથી જો તે ટેવ કદી ન છૂટે તો ભલે નિંદા કરજો, પરન્તુ તે પારકી નહિ પણ પોતાના આત્માની કરજો.

આવતી કાલે પણ એ સાચું જ રહેશે. છતાંય આપની આંખ જેની ઉપર ઠરી છે એ પરનારી.'

અને નંદના હાસ્યથી ખંડ ઓચિંતો ગાજી ઉઠયો. ચંદની નૈતિક વાતો પૂરી કરવાનો નંદે એને અવસરજ ન આપ્યો. ઉલટું ચંદની એ કાયરતા રાજાને લાગી. એણે પોતાના મનથી જુદો જ નિશ્ચય કરી લીધો, રૂપરૂપના અંબાર સમી રોહિણી એની આંખોમાં વસી ગઇ.

તે દિવસની સાંજે રાજા નંદ, કોઠારી ધનાવહને ત્યાં ગયો. કોઇ દિવસ નહિં ને આજે પોતાને ત્યાં મહારાજા નંદનાં પગલાં, અને તે પણ સંધ્યાકાળ વીતી ગયા પછી થયેલાં જોઇ, રોહિણી ચોંકી ઉઠી, અને બીકની મારી ઢળી પડી. શિયળને ખાતર આત્મહત્યા કરવાનો વિચાર પણ એને આવી ગયો; પરંતુ બીજીજ પળે એની બુદ્ધિ બોલી; રોહિણી ! કાંઇક એવું કર કે રાજા નંદને નીચું જોવું, પડે.

બુદ્ધિની આટલીજ ટકોર રોહિણીને બસ હતી.

'પધારો રાજન્' એણે નંદને આવકાર આપ્યો.

આજે કાંઈ રંકનું આંગણું પાવન કર્યું ?

'ચુંબક હોય ત્યાં લોહ આપ મેળે જ ખેંચાઇ આવે છે.' નંદે પહેલો પાસો ઢાળ્યો

'એતો બહાર ગયા છે. આપનું હું શી રીતે સ્વાગત કરૂં ?'

'હું એને માટે નથી આવ્યો' ને નંદની નજર ઓરડામાં ચો તરફ ફરી રહી. 'આમંત્રણ વગર આવેલાને એ મીઠા બોલનો સત્કાર એજ મારૂં અહોભાગ્ય'

'એમ ન કરો. અતિથિ એતો દેવતુલ્ય, આપ આસન પર બિરાજો, આપને માટે હું થોડાંક ફળો લાવું.

'તમારા શુભ હસ્તે દીધેલાં ફળ જો મારી આશાની સફળતાનું પ્રતીક હોય તો એ સ્વીકારવામાં મને જરૂર આનંદ આવશે' મોહે નંદનું ભાન ભૂલાવ્યું હતું.

રોહિણીએ રસદાર ફળોની રકાબી રાજા પાસે મુકી. એકમાંથી ફળ ખલાસ થતાં રાજાએ બીજી રકાબી હાથમાં લીધી. એ પપૈયાની રકાબી હતી. જેમાં એક ચીરી કરડેલી હતી. એ જોઇ નંદે પ્રશ્ન કર્યો ?

'સુંદરી ! આ પપૈયાની ચીરી કોઇની એંઠી લાગે છે. એનું કારણ શું ? એ તમારી એંઠી તો નથી ને....?'

'રાજન્' રોહિણીએ હસતાં હસતાં ઉત્તર વાળ્યો.

'એ ચીરી આપનાજ કોઠારીએ એંઠી કરી છે,....રોહિણીની વાત અધૂરી રહી.

'કોઠારીની એંઠી ?' રાજા રકાબી પછાડતાં બોલ્યો, રોહિણીનો આ અવિનય એ સહી ન શકયો. ગુસ્સામાં એ બોલી ઉઠયો; 'રોહિણી ! આ મૂકતાં તને જરાએ શરમ ન આવી ?....'

'એમાં શું મહારાજ ?' રોહિણીની આંખોમાંથી તણખા ઝરતા હતા. 'અન્ય પુરૂષે સેવેલી નારી સાથે સરખાવતાં એ એંઠી ચીરી અનેક ગણી ઉત્તમ છે.'

આ ઉત્તર સાંભળતાંજ નંદથી નીચું જોવાઇ ગયું. રોહિણીની આંખો સામે જોવાની એનામાં તાકાત રહી નહિ. પાટલીપુત્રનો એ મહારાજ જેમ તેમ કરી ઉઠયો, ને ચોરી કર્યા પહેલાં ચોર તરીકે ઓળખાઇને ખંડની બહાર નીકળી સડસડાટ દાદર ઉતરી ગયો.

ધન્ય તે નારીને કે જેણે મગધના મહાસમ્રાટને પોતાનું કર્તવ્ય બોધી શીલની પવિત્રતાને અખંડ રાખી.

: ઉદ્દેશ :

ધર્મ, સાહિત્ય, સંસ્કાર અને સંસ્કૃતિનો પ્રચાર કરવો તે.

: અભિપ્રાયો :

જન્મભૂમિ, પ્રજાબન્ધુ, ફુલછાબ, ગુજરાતી, આત્માનંદપ્રકાશ, પુસ્તકાલય વગેરે પત્રકારોના તેમજ દિવાન બહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી જેવા સાક્ષરોના અને પૂ૦ આચાર્યદેવાદિ મુનિવરોના 'કલ્યાણ' માટે સુંદર અભિપ્રાયો પડ્યા છે.

વાનગી

આત્મધર્મ સમીક્ષા, વહેતાં વહેણો, હું, કાકા ને કીકાભાઇ, મહાસાગરનાં મોતી, નવી નજરે, જ્ઞાન ગોચરી, હળવીકલમે, શંકા–સમાધાન, કથા–વાર્તા, આપણાં તીર્થો વગેરે હેડીંગ નીચે વિવિધ રસપ્રદ વાંચન, વર્ષ દરમીયાન ૬૦ ફર્મા લગભગમાં અપાય છે.

ગ્રાહક બનો

જૈનસમાજનું સર્વશ્રેષ્ઠ માસિક ક્રાઉન આઠ પેજીમાં નીકળે છે. શુદ્ધ મુદ્રણ, આકર્ષક ગેટઅપ, સારા સ્વચ્છ કાગળો છતાં આજની સખ્ત મોંઘવારીમાં વાર્ષિક લવાજમ રૂા. ૪–૦–૦ આજેજ ગ્રાહક તરીકે નામ નોંધાવો.

# આપ્તમંડળની યોજના

"કલ્યાણ"ની હિતકર પ્રવૃત્તિઓને પહોંચી વળવા કાજે જૈન સમાજના શ્રદ્ધાળુ અને સંસ્કાર રસિકોની પાસે "આપ્ત મંડળ" ની યોજના રજુ કરી હતી. અમારી ધારણા મુજબ કલ્યાણને આર્થિકતામાં સારો સહકાર મળ્યો છે. આજ સુધીમાં ઘણા સભ્યો નોંધાયા છે. દિન પ્રતિદિન સભ્યોમાં વધારો થતો રહ્યો છે, છતાં સખ્ત મોંઘવારીના સંયોગોને લઈ "કલ્યાણ" ના ખર્ચને પહોંચી વળવું મુશ્કેલ છે. તો સૌ કોઇ શુભેચ્છક મહાશયો, "કલ્યાણ" ના ગ્રાહક કે સભ્ય બનાવવા ઘટતું કરશે એવી આશા રાખીએ છીએ. **સંપાદક.**

## યોજના

: સભ્ય થવાના પ્રકારો :

રૂા. ૨૦૧) આપનાર સંરક્ષક આજીવન સભ્ય
રૂા. ૧૦૧) આપનાર સહાયક આજીવન સભ્ય
રૂા. ૫૧) આપનાર શુભેચ્છક આજીવન સભ્ય
રૂા. ૨૧) આપનાર પંચવર્ષિય શુભેચ્છક સભ્ય
રૂા. ૧૧) આપનાર દ્વિવર્ષિય શુભેચ્છક સભ્ય
રૂા. ૪) આપનાર એક વર્ષ માટેના ગ્રાહક

સભ્ય થયા પછી વાર્ષિક લવાજમ ભરવાનું રહેતું નથી,

## જા+ખ ના દર.

| | ૧ માસ | ૩ માસ | ૬ માસ | ૧૨ માસ |
|---|---|---|---|---|
| આખું પેજ, | ૧૫) | ૩૫) | ૬૦) | ૧૦૦) |
| અડધું પેજ, | ૯) | ૨૦) | ૩૫) | ૬૦) |
| પા પેજ, | ૫) | ૧૨) | ૨૦) | ૩૫) |

ટાઇટલ પેજ ૨ જું; રૂા. ૨૫), ટાઇટલ પેજ ૩ જું; રૂા. ૨૦), ટાઇટલ પેજ ૪ થું; રૂા. ૩૫) એક વખત માટેના.

અશિષ્ટ અને અશ્લીલ જા+ખ લેવામાં આવતી નથી.

વિશેષ માહિતી માટે પૂછાવો.

**કલ્યાણ પ્રકાશન મંદિર–પાલીતાણા** ( કાઠિઆવાડ )

# કર્મનો અબાધિત નિયમ.

પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ

એવો સનાતન નિયમ છે કે, જેવું કારણ હોય તેવુંજ કાર્ય થાય. એટલાજ માટે જ્યારે કોઇપણ કાર્ય સિદ્ધ કરવું હોય તો તેના કારણો શોધીનેજ તેમાં પ્રવૃત્તિ કરવી જોઇએ. આમ્રફલ જોઈતું હોય તો તેનું બીજ વાવવું જોઇએ અને લીમડો જોઈતો હોય તો તેનું બીજ વાવવું જોઈએ, અભણ ખેડુત પણ આ સિદ્ધાંત જાણે છે અને તેથી જ પોતાને જેવા પાકની ઇચ્છા હોય છે, તેવાં બીજ વાવે છે.

ડૉકટરો પણ જેવો રોગ તેવું ઔષધ આપે છે અને રોગને મટાડે છે. માટે જ દરદીઓ રોગાવસ્થામાં ડૉકટરોનો આશ્રય સ્વીકારે છે, તથા તેઓની સલાહ મુજબ ઔષધિનું સેવન તથા પથ્ય ભોજનનું પાલન કરી પોતાના રોગને શમાવે છે. અહીં પણ સિદ્ધ થાય છે કે, રોગના નાશને તથા ઔષધાદિના સેવનને કાર્ય–કારણ ભાવ છે. કોઈ અજ્ઞાન વૈદ્ય રોગની ચિકિત્સા નથી કરી શકતો અગર રોગના શમન માટે સાચા ઔષધને નથી જાણી શકતો, તો દરદીને વિપરીત ઔષધિ આપી તેનો રોગ વધારી પણ મૂકે છે, તેવો વૈદ્ય, ઉંટ વૈદ્ય કહેવાય છે. તેવા ઉંટ વૈદ્યથી થતા ઉપચારને અને રોગવૃદ્ધિને કાર્ય–કારણ ભાવ છે.

પાણીમાં લાકડું તરે છે અને પત્થર ડૂબે છે. માટે જ તરવાની ઇચ્છાવાળો પત્થરનો આશ્રય નથી લેતો પણ લાકડાના પાટીયાનો આશ્રય લે છે. અહીં પણ એવો કાર્ય–કારણ ભાવ સાબીત થાય છે, કે પાણી કરતાં વધારે વજનવાળો પદાર્થ ડૂબે અને ઓછા વજનવાળો તરે.

આ રીતિએ જગતના તમામ પદાર્થો ઉપર જ્યારે દૃષ્ટિપાત કરીએ છીએ, ત્યારે આપણને લાગે છે, કે સર્વત્ર કાર્ય–કારણ ભાવનો નિયમ અસ્ખલિત લાગુ પડે છે. કેટલીકવાર એમ પણ લાગે છે કે, અમુક કાર્ય અકસ્માત થયું, પણ ત્યાં અલ્પ જ્ઞાનને લઈને કારણો દૃષ્ટિગોચર થતાં નથી એટલું જ, પરન્તુ વિશાળ જ્ઞાનને ધારણ કરનાર મહાત્મા પુરૂષો ત્યાં પણ કારણોને જોઈ શકે છે એટલે તેમને કોઇ પણ કાર્ય માટે એવો વિસ્મય થતો નથી કે 'આ આમ કેમ થયું'

જે નિયમ જગતના અન્ય પદાર્થોને માટે છે, તેજ નિયમ આત્માને માટે પણ સમજી લેવો. અર્થાત્ આત્મા પણ જેવું કરે છે, તેવું જ પામે છે, જે આત્મા હિંસા, ચોરી, જૂઠ, અબ્રહ્મ વગેરે અકાર્ય કરે છે, તે પોતાના આત્મામાં માઠા ફ્લ ભોગવવાનું બીજ વાવે છે, તથા જે અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય વગેરે સત્કાર્યો કરે છે, તે શુભ વસ્તુના સંયોગ અને તેથી નિપજતાં ફળનું બીજ વાવે છે.

જગતમાં કેટલાક મનુષ્યોને વિના પરિશ્રમે સુખ–સંપત્તિ મળે છે, જ્યારે કેટલાકને અથાગ પરિશ્રમ કરતાંય પેટપૂર અન્ન મળતું નથી. કેટલાક જન્મથીજ અજ્ઞાન છે અને કેટલાક જન્મથીજ તીક્ષ્ણ બુદ્ધિના માલીક થાય છે. કેટલાક રોગી, અપંગ અને નિર્બળ હોય છે, તો કેટલાક નિરોગી, બળવાન અને પાંચે ઇન્દ્રિયો વડે સર્વાંગ સંપૂર્ણ હોય છે. અમુક જીવો જન્મતાંજ આયુષ્ય પૂર્ણ કરી પરલોકના પંથે પ્રયાણ કરી જાય છે, જ્યારે બીજાઓ દીર્ઘકાળના આયુષ્યને આંચ વગર ભોગવે છે. કેટલાક ઉદાર હૃદયવાળા દેખવામાં આવે છે, તો કેટલાક ક્ષુદ્ર હૈયાના પણ દેખવામાં આવે છે, આતો મનુષ્ય જાતિમાંજ પરસ્પર ભેદ થયો. તિર્યંચ જાતિના જીવોમાં પણ એવોજ ભેદ જોવામાં આવે છે, રાજદરબારમાં ઉછરતા ઘોડા-

ઓ શરીરે હૃષ્ટ-પુષ્ટ દેખાય છે. તેમને સુંદર સામગ્રીવાળું ખાવાનું મળે છે, તથા તેમની સારી રીતિએ કાળજી રખાય છે. જ્યારે બીજા અનેક ઘોડાઓને એમના માલીકો તરફથી પેટપૂર ખાવા પણ નથી મળતું અને માર મારીને તથા રીબાવીને ગજા ઉપરાંત કામ કરાવે છે.

બીજી પણ અનેક વિચિત્રતાઓ જગતમાં પ્રત્યક્ષ જોવાય છે. જેમકે કોઇ જીવ એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે, તો કોઈ બેઇન્દ્રિયમાં, કોઈ તેઇન્દ્રિયમાં તો કોઇ ચઉરેન્દ્રિયમાં તથા કોઈ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે. તેમાં પ્રત્યેક જીવને ભિન્ન ભિન્ન સંયોગો પ્રાપ્ત થાય છે. જગતમાં તમામ જીવોને જન્મતાં જ જે સંયોગો મળે છે, તથા પાછળથી જે કાંઇ સંયોગો ઉપસ્થિત થાય છે, તેમાં જરૂર કાંઇક કારણ હોવું જ જોઇએ. કેમકે કારણ વિના કાર્ય હોય જ નહિ. હવે જન્મતાંની સાથે જ મળતા સંયોગમાં જીવનો વર્તમાન પુરૂષાર્થ તો કારણ હોઇ શકે જ નહિ. માટે ત્યાં જરૂર કોઈ અન્ય કારણ હોવું જોઇએ. તેનું જ નામ **કર્મ** છે. પાછળથી ઉપસ્થિત થતાં સુખ-દુઃખના સંયોગમાં પણ કેવળ આભવનો પુરૂષાર્થ નથી. તે પુરૂષાર્થ તો નિમિત્ત માત્ર છે. મુખ્ય કારણ જે છે તેને જ્ઞાનીઓ **કર્મ** કહે છે.

એ કર્મ બે પ્રકારનું છે. સારી સામગ્રીનો સંયોગ જેનાથી મળે છે તેનું નામ છે, **પુણ્યકર્મ**. તથા માઠી સામગ્રીનો સંયોગ જેનાથી મળે છે, તેનું નામ છે, **પાપકર્મ**. સત્કાર્ય, આચરનારો પોતાના આત્મામાં પુણ્યરૂપી બીજ વાવી કાળાંતરે સુંદર ફળ ભોગવે છે, જ્યારે અકાર્ય કરનારો પાપરૂપી બીજ વાવી વિપરીત ફળને પામે છે. આત્મદ્રવ્ય માટે તો બીજો એવો નિયમ પણ છે કે, જેવું કાર્ય તે કરે, તેવું ફળ કાળાંતરે તો પામે જ પરંતુ તત્કાળ પણ અવશ્યમેવ પામે. અનીતિ, ચોરી આદિ પાપકર્મ કરનાર હૃદયમાં તત્કાળ અશાંતિને પામે છે, જ્યારે ન્યાયસંપન્ન સદાચારનિષ્ઠ પુરૂષ નિરંતર હૃદયમાં સ્વસ્થતાના સુખને ધારણ કરે છે. એ ઉપરથી ફલિત થાય છે કે, આ જન્મમાં કે જન્માંતરમાં સુખી થવા ઇચ્છનારે અકાર્યો તો સર્વથા ત્યાગ કરી જેટલું અધિક બને તેટલું સત્કાર્યમય જીવન જીવવા પ્રયત્ન કરવો જોઇએ. એમ થાય તો જ કર્મનો કે કાર્ય-કારણ ભાવનો ત્રિકાલ અબાધિત નિયમ પોતે જાણ્યો, માન્યો કે સમજ્યો યથાર્થ ગણી શકાય. અસ્તુઃ

---

## નવાં પુસ્તકોનું અવલોકન-બાકી

# શ્રી નમસ્કાર મહામંત્ર:

લેખક:

પૂ. મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ

પ્રકાશક:

શ્રી કેશરબાઇ જૈન જ્ઞાનમંદિર પાટણ. ક્રાઉન સોળપેજી ૪૦૦ લગભગ પેજ મૂલ્ય રૂા. ૨-૮-૦ અમેરિકન હોલકલોથ બાઇન્ડીંગ.

પૂ૦ મહારાજશ્રીએ બહુ ગંભીર શૈલિએ અને અભ્યાસપૂર્વક નમસ્કાર મહામંત્રની સાત્ત્વિકતા અને પવિત્રતા ૧૭ પ્રકરણોમાં રજુ કરી છે. એકે એક પ્રકરણ અભ્યાસપૂર્વક વાંચવા જેવું છે, એટલુંજ નહિ પણ જડવાદ પ્રતિ ખેંચાઈ રહેલા આત્માઓને પણ સુંદર અસર ઉપજાવવા સાથે શ્રદ્ધાને પ્રગટાવે તેવું આ પુસ્તક છે. ઘરેઘરે આ પુસ્તક વસાવવા જેવું અને વંચાવવા જેવું છે.

**સોમચંદ ડી શાહ**

જીવનનિવાસ સામે—**પાલીતાણા.**

એ ઠેકાણે પણ આ પુસ્તક મળી શકશે.

---

# કુલીન આત્મા : [ એક ઐતિહાસિક રસપ્રદ કથા ]

પૂ૦ મુનિરાજ શ્રી
કનકવિજયજી મહારાજ.

પૂર્વના કુસંસ્કારોથી, વિષયોની આશક્તિથી કે કોઇપણ પ્રકારનાં મલિન વાતાવરણથી દોરવાઇ જતાં, ખોટું કાર્ય–અનાચાર કરવાની માનસિક વૃત્તિ કદાચ આત્માને સ્પર્શે; સહસા વાણીદ્વારા ઉચ્ચરાઇ પણ જાય, પણ કુલીન આત્માની ઉત્તમતા અવશ્ય તેને અનાચારના માર્ગે જતાં રોકી રાખે છે અને તેને બચાવી લે છે. આને અંગે ભૂતકાલની જૈન તવારીખમાં નોંધાએલો આ ઐતિહાસિક પ્રસંગ આપણને ઉત્તમ પ્રકારની કુલીનતાનો બોધપાઠ આપી જાય છે.

રાજપુત્ર સુમિત્ર અને કુલપુત્ર પ્રભવ, આ બન્નેની મૈત્રી ખૂબ જ અતૂટ હતી અશ્વિનીકુમાર દેવોની જેમ આ બન્ને મિત્રો કદિ વિખૂટા પડતા જ નહિ. શતદ્વારનગરમાં સર્વત્ર ચોરે અને ચૌટે આ બન્નેની મૈત્રી લોકજીભે ચર્ચાનો વિષય થઇ પડી હતી.

વિદ્યાગુરૂની પાસે આદરપૂર્વક તે બન્ને મિત્રોએ સાથે રહીને વિદ્યાધ્યયન કરી લીધું; કાંઈક યુવાવસ્થાને તેઓએ પ્રાપ્ત કરી એટલે પિતાના મૃત્યુ બાદ રાજકુમાર સુમિત્ર શતદ્વારનગરની રાજ્યગાદી પર રાજ્યનો માલીક બન્યો. પ્રભવ પરના ઉત્કટ સ્નેહથી ખીંચાયેલા એણે પોતાના મિત્ર પ્રભવને પોતાની રાજ્યસંપત્તિનો સમાન ભાગીદાર કરી દીધો.

સ્નેહ અને સ્વાર્થ, આ બન્નેથી ઉત્પન્ન થતાં મૈત્રીભાવની વચ્ચે આજ એક મહાન્ અન્તર રહ્યું છે. રાગનાં બંધનો બન્નેમાં સરખાં છતાં એક મૈત્રી, શોધે છે સ્નેહને; એની ખાતર સર્વસ્વ સોંપી દેવા પણ એ સ્નેહાધીન તૈયાર હોય છે, જ્યારે સ્વાર્થની મૈત્રી સ્વાર્થની જ ભૂખી હોય છે. પોતાના સ્વાર્થની ભૂખથી ખાડો પૂરવાને જ કેવળ તે મૈત્રી વલખાં મારતી ભટકે છે. એક મૈત્રી સ્વાર્થત્યાગથી ઊભી થાય છે, જ્યારે બીજી સ્વાર્થાન્ધતાથી.

પ્રભવની પૂંઠે સુમિત્રે પોતાનું સઘળું નહિવત માન્યું હતું. દીવાની જ્યોત પાછળ પતંગીઓ પોતાની જાતને ભૂલી જાય છે. સુમિત્ર પતંગીઓ હતો એ વાત સાચી. પણ હકીકતની ખાતર કહેવું જોઇએ કે, પ્રભવ દીવાની જ્યોતરૂપ ન હતો, એણે પણ સુમિત્રની સાથેનો મૈત્રીસંબન્ધ પૂર્ણ વફાદારીપૂર્વક જાળવી રાખ્યો હતો. ખાનદાની, કુલીનતા અને ઉચ્ચ સંસ્કારિકતા, પ્રભવના જીવનપટમાં તાણાવાણાની જેમ વણાઇ ગયેલી હતી.

એક અવસરે, સુમિત્ર પ્રભવની સાથે ઉદ્યાનમાં ક્રીડા કરવાને નીકળ્યો. સામંતો અને અન્ય રાજદરબારી ઠાઠ પણ આ બન્નેની પૂંઠે તે અવસરે પગલાઓ પાડતો પોતાની ફરજ બજાવતો ચાલી નીકળ્યો. આગળ માર્ગ કાપતાં આ બન્ને અચાનક માર્ગ ભૂલ્યા.

પાછળનો પરિવાર આડે માર્ગે ચાલ્યો ગયો. આથી બન્ને વચ્ચેનું અન્તર ખૂબ વધી ગયું. અશ્વો આ બન્ને ઘોડેસ્વારોને કોઈ જૂદી જ–નહિ ધારેલી દિશાએ ખીંચી ગયા.

નીરવ, નિર્જન અને ગંભીર છતાં બિહામણા જંગલમાં આ બન્ને મિત્રો એકલા પડ્યા–એકલા જગતથી દૂર છતાં–રાજા સુમિત્રને કે તેના મિત્ર પ્રભવને એ એકલાપણું એટલું સાલતું નહોતું. કારણ કે, બન્ને મિત્રોએ પોતાની વચ્ચે જંગલમાં પણ નવી દુનિયા વસાવી દીધી હતી.

સુમિત્રે કહ્યું, 'ભાઈ આપણે માર્ગ ભૂલ્યા છીએ, હવે કયાં જઇશુ ?'

'તમે ત્યાં હું અને હું ત્યાં તમે, આ સિવાય આપણી પાસે અન્ય કોઈ ઉપાય નથી.' ખૂબ જ ગંભીરતાથી પ્રભવે જવાબ આપ્યો.

ઘોડાઓ પોતાની ઝડપ વિજળીના વેગે વધારતા રહ્યા. માઇલોના માઇલો આમ નિર્જન અરણ્યમાં બન્ને ઘોડેસ્વારોએ કાપી નાંખ્યા. ઘોડાઓ થાકયા, અને સ્હામે એક ન્હાનીશી જંગલી છતાં વ્યવસ્થિત ઝાડી જણાઇ.

પ્રભવે સુમિત્રને કહ્યું, 'હવે આપણે ઘોડાઓને થોભાવી અહિં ઉતરી પડીએ,' જેમ જેમ તેઓ નજીક ગયા ત્યાં માણસોનો કલરવ જણાયો. તે બન્ને મિત્રો ખૂબ સાવચેતીથી ત્યાં ઉતરી પડયા.

તેઓએ એ ઝાડીની ઘટાઓમાં આરામ લેવાનો વિચાર કર્યો, પણ પુણ્યવાન આત્માઓનું પુણ્ય, પ્રતિકૂળ સંયોગમાં પણ ઝળકયા વિના રહેતું નથી. એ ઘટાઓની અંદર એક નાનું રાજ્ય સ્થાપીને

પલ્લિપતિ **ભીમ**, પોતાના પરિવારની સાથે ત્યાં વસ્યો હતો.

**પલ્લિપતિ**ના માણસોએ આ બન્નેને દૂરથી આવતા જોઇને તેઓ નજીકમાં આવે તે પહેલાં જ સ્હામે જઇને તેઓનું સ્વાગત કર્યું. બન્ને મિત્રોની આકૃતિ, વાણીની મધુરતા, અને ઔચિત્યવેદિતાએ આ જંગલી ગણાતા પલ્લીના રહેવાશીઓનાં દિલમાં કોઇ અનેરી છાપ પાડી દીધી.

**પલ્લિપતિ ભીમે** પણ આ બન્નેને બહુમાનથી ગૌરવપૂર્વક સત્કાર્યા. અને ખૂબ જ આગ્રહથી તેઓને ત્યાં રોકી રાખ્યા.

**ભીમની વનમાલા** નામની પુત્રી, જે તરૂણાવસ્થા પામેલી અતિશય રૂપ, લાવણ્ય તેમજ કળાના ભંડાર રૂપ છતાં સુવિનીત હતી. **સુમિત્ર**ની સાથે તે **વનમાલા**નું પાણિગ્રહણ પલ્લિપતિએ સારી જેવી ધામધૂમથી કરાવ્યું. **વનમાલા**ની સાથે **સુમિત્ર-પ્રભવ** અને અન્ય પરિવાર—આ બધા યોગ્ય અવસરે શતદ્વારનગરમાં આવી પહોંચ્યા,

૨

**પલ્લિપતિ**ની પુત્રી **વનમાલા**, શતદ્વારના રાજવૈભવોની અધિષ્ઠાત્રી બની ચૂકી. રૂપ, લાવણ્ય અને સૌન્દર્ય; સ્વાભાવિક રીતે તેનામાં હતું, પણ રાજ્યમાન્ય અધિષ્ઠાત્રી બન્યા પછી એ લાવણ્ય તેમ જ શરીરશોભા એનામાં ઓર ખીલી ઉઠયાં.

રૂપરૂપના અંબાર જેવી તેની ચંપકવર્ણી સુકુમાલ દેહલતા, ઉર્વશીના ગર્વને પણ ભૂલાવી દેતી. **વનમાલા સુમિત્ર**ની હૃદયેશ્વરી બની એ બરાબર હતું, પણ ભવિતવ્યતાના યોગે વનમાલાના આ રૂપ અને સૌન્દર્યની કામુક અસર એક દિવસે **પ્રભવ**નાં હૃદયપર કોઇક જબ્બર પ્રભાવ પાડી ગઈ.

બન્યું એમ કે, રાજસભાના કામકાજથી નિવૃત્ત થઇ **સુમિત્ર** એ દિવસે પોતાના વિલાસભવનમાં **વનમાલા**ની સાથે વિનોદ ગોષ્ઠિનું સુખ માણી રહ્યો હતો, તે વેળાયે અચાનક કુલપુત્ર **પ્રભવ** પોતાના મિત્રને મળવા ત્યાં આવ્યો.

**વનમાલા**નું ચમકારા મારતું સૌન્દર્ય, અને યૌવન ચાંગળતી સુકુમાળ દેહલતા; પ્રભવનાં નયનોમાં કોઇ જાદુઇ અસર કરી ગયા. કોઇ વેળા નહિ અને આજે **વનમાળા**ના કમળપત્રસ્યાં લોચનો, સુડોળ, મનોહર પૂર્ણચન્દ્રની સોળે કળાને જીતી લેતું મુખ, અમૃતરસ ઝરતા ઓષ્ઠ, સુવર્ણકળશસ્યાં મોહક સ્તનયુગલ; આ બધાથી કુલપુત્ર પ્રભવ તે વેળાયે મુંઝવણના મહાસાગરમાં હીલોળે ચઢયો.

**વનમાલા**નાં દેહસૌન્દર્યની દીપજ્વાળમાં પતંગીયાની જેમ પ્રભવનું ચિત્તસ્વાસ્થ્ય ભરખાઈ ગયું. **પ્રભવ**ના અંતરમાં એજ વિચારો ઘોળાવા લાગ્યા, 'હા ! આ વનમાલા મને કયારે મળે ?' હું એના સુકોમળ શરીરના આલીંગનને કયારે મેળવું ?' કામુકની જેમ **પ્રભવ**ની ચિત્તવૃત્તિઓ અનેક પ્રકારના દુષ્ટ સંકલ્પોથી તે અભાગી ઘડિપળે ઘેરાઇ ગઇ.

મર્યાદાના નીતિઘડયા આચારોથી અત્યાર સુધી જળવાઇ રહેલો **પ્રભવ**નો વિવેક તદ્દન નષ્ટપ્રાયઃ બની ગયો. સંયમિતાનાં વાતાવરણની પવિત્ર અસર **પ્રભવ**ના સુસંસ્કારી આત્મામાંથી અદશ્ય થતી ગઇ. **પ્રભવ**ની એક જ ભૂલે **પ્રભવ**નું માનસિક પતન થઈ ચૂકયું.

પણ **પ્રભવ**ની કુલીનતા એ હતી કે, ત્યારબાદ દિવસોના દિવસો વીતી જવા છતાં આ દુષ્ટ સંકલ્પોની વાત એના સિવાય કોઈ જાણી શકયું નહિ, હજુ સુધી **પ્રભવ** વાણી અને કાયાથી જાતને નિર્મળ રાખવા ખૂબ ખૂબ મથી રહ્યો હતો.

એનું શરીર આ ચિંતાથી ઘસાતું ગયું. **વનમાલા**નાં યૌવન સૌન્દર્યનો અગ્નિ દિવસે દિવસે પ્રભવની કાયાના લોહી—માંસને ભરખતો રહ્યો. પ્રભવની કામુકતા કેમે દૂર થઈ શકી નહિ. જ્યાં ત્યાં જે તે અવસરે પ્રભવનાં મર્યાદાશીલ માનસમાં વનમાલાને અંગેના જ વિચારતરંગો ઊઠતા રહ્યા,

**પ્રભવ** પોતાનું સત્ત્વ ખોઇ બેઠો. કિંકર્તવ્યમૂઢ એને ગતાગમ કે શુદ્ધિ—બુદ્ધિ જેવું હવે રહ્યું ન હતું. વિષયાભિલાષાની ભૂતાવળમાં અટવાતો પ્રભવ આજે એ પૂર્વનો ગંભીર, ધીર અને પ્રાજ્ઞ પ્રભવ રહ્યો ન હતો.

શરીરની ક્ષીણતા, મુખની તેજહીન શોક ઘેરી આકૃતિ અને વિષાદપૂર્ણ ચહેરોઃ પોતાના એકના એક પ્રાણપ્રિય મિત્રની આ બધી શરીરસ્થિતિ **સુમિત્ર** નરપતિને પણ મૂંઝવવા લાગી.

**અવસર** પામીને સુમિત્રે પ્રભવને આ સંબંધી પૂછ્યું, ' મિત્ર પ્રભવ ! તું સ્પષ્ટ કહે ! તારૂં શરીર દિવસે દિવસે ક્ષીણુ કેમ થતું જાય છે ? '

**પ્રભવ** આ સાંભળી રહ્યો. મનની છૂપી વેદનાને કહેવાને માટે એની પાસે શબ્દો નથી. મર્યાદા, કુલવટ અને જાતનું ભાન એને બલાત્ કાંઇપણુ કહી નાંખવાને તે વેળાયે રોકતું હતું.

**પણુ** મિત્રના સહૃદયતાપૂર્વકના અતિશય આગ્રહથી એણે એટલું કહ્યું, ' મને જે દુ:ખ છે તે કોઇ રીતે શબ્દોદ્વારા કહી શકાય તેમ નથી, જ્યાં સુધી હૃદયમાં છે ત્યાં સુધી ભલે એ મારા પાપી અંતરને અભડાવતું ! પણુ ભાઇ સુમિત્ર ! વાચાથી તે દુ:ખને પ્રગટ કરી, મારી વાણીને કે તને હું અભડાવવા ઇચ્છતો નથી. ' પ્રભવના શબ્દે-શબ્દમાં અન્તરની વેદનાના પડઘાએ પડી રહ્યા હતા.

**સુમિત્ર** આ બધું કાંઇક કાંઇક સમજી શકયો, મિત્રની દુ:ખાતી લાગણીઓને એણે માપી લીધી, એને સ્હમજણુ ન પડી કે, મારો મિત્ર પ્રભવ, મારાથી આટ-આટલો સંક્ષોભ કેમ અનુભવતો હશે ? એણે આજે પહેલી જ વાર પ્રભવને પોતાની સાથે આમ વિહ્વલ સ્થિતિમાં વાત કરતો જોયો. પ્રભવની વિહ્વલતા સુમિત્રથી હવે સહી જાય તેમ ન રહી.

**એણે** સાચે સાચું કહી દેવાને માટે પ્રભવને ફરી એક વાર અતિશય આગ્રહ કર્યો. પ્રભવની મનોવ્યથાનો છૂપો અગ્નિ હવે ઢાંકયો ન રહી શકયો.

**એણે** લજ્જા મૂકી કહી નાંખ્યું, 'ભાઈ સુમિત્ર'! કહેવાને જીભ ઉપાડું છું, પણુ હૈયું ડંખે છે, આત્મા કકળી રહ્યો છે, હોઠ બીડાઇ જાય છે. લજ્જા, મર્યાદા અને કુલવટનાં નૈતિક બંધનો મને બોલતાં રોકી રહ્યાં છે. ધરતી જગ્યા આપે તો સમાઇ જાઉં એવી રૌરવ વેદનાથી આજે હું સમસમી રહ્યો છું, પણુ નિરૂપાય; મારી વાસનાઓનો નાશ કેમે થતો નથી.' બોલતાં બોલતાં પ્રભવનો શ્વાસ ગૂંગળાઇ ગયો.

**એણે** ફરી વાચા ઉપાડી, ' ભાઇ સુમિત્ર ! હું નિર્મલ-સત્ત્વ ખોઇ બેઠેલો મહાપાતકી છું; તારો અકૃત્રિમ મિત્રસ્નેહ ભૂલ્યો ભૂલાતો નથી, જ્યારે મારા જેવો, મિત્રને બેવફા બની ન ઇચ્છવાનું કે વિચારવાનું ઇચ્છી વિચારી રહેનારો પામર અને તુચ્છ અન્ય કોઇ નથી. ભાઇ ! વધુ શું કહું ! તારી પત્ની વનમાલાનાં દેહસૌન્દર્યે મને લૂંટી લીધો છે, મારા આત્માને હું ખોઇ બેઠો છું. જે દિવસે મેં તારી સાથે વિનોદગોષ્ઠી-ક્રીડા કરતી તેને નજરે જોઇ, તે દિવસથી જ હું ભ્રષ્ટ બન્યો છું. અનેક પ્રકારના દુષ્ટ સંકલ્પોની વૈતરણીમાં હું ત્યારથી નખ-શિખ ડૂબી રહ્યો છું, મને થાય છે કે, આ દેહથી હું હવે કયારે છૂટું ? '

**ધરતી** જાણે ધ્રૂજી ઊઠતી હોય તેમ પ્રભવે આ બધું બોલતાં-બોલતાં પ્રકમ્પ અનુભવ્યો. તે વેળાયે એ વધુ બોલી ન શકયો. વજ્રપ્રહારના આઘાતે એ ડઘાઇ ગયો. વાતાવરણુ ખૂબજ ગંભીર બન્યું. પ્રભવ ધીરે ધીરે નિશ્ચેષ્ટ બની ગયો. રાજમહેલની આલીશાન ભવ્ય ઇમારતોમાં પ્રભવને સુખચેન જેવું કાંઇ આજે ન હતું. એ શૂન્યમાં સમાઇ જવાને આતુર હતો,

**પણુ** સુમિત્રના મિત્રસ્નેહની આકરી કસોટી તે વેળાયે થઇ રહી હતી. સુમિત્રે મૌન તોડયું. ગંભીર અને શૂન્ય વાતાવરણમાં ચૈતન્ય પ્રગટયું. મિત્રસ્નેહની આંધીમાં તે માર્ગભૂલો બન્યો.

કર્તવ્ય કે અકર્તવ્ય; હેય કે અહેય; આ બધું વિસારે પાડીને એણે કહ્યું,

'**ભાઇ** ! તું ભૂલીશ મા; આ તારો મિત્ર તારા સિવાય જગતની કોઇપણું વસ્તુને અધિક માનતો હોય ! મારા પ્રાણોને પણુ એક વેળાયે તારી ખાતર વેચી દેવાને કે ત્યજી દેવાને હું તૈયાર છું. તારૂં દુ:ખ કે તારી અન્તરની છૂપી વેદના કદાચ તને સહ્ય હશે ? એટલો તું કઠીન બની શકયો કે આટલા દિવસો સુધી આ વેદનાથી તારૂં બધું તું ગૂમાવી દેવાની અણી પર આવ્યો, પણુ મારા આત્મરૂપ-તારી વેદનાઓને હું એક ક્ષણુ પણુ જોઈ શકવાને સમર્થ નથી, મારામાં એ શકિત નથી. એટલે જ હું કહું છું કે, મારૂં સર્વસ્વ તું છે. હું તારો છું, અને મારી વનમાલા આજથી જ તારી છે, તું એને સ્વીકાર ! '

**મિત્ર** પ્રભવની રૌરવ મનોયાતનાએ સુમિત્રને મૂંઝવી ગઇ. બોલતાં-બોલતાં એને આર્યસન્નારીની

પવિત્રતાનો ખ્યાલ ભૂલાઇ ગયો. વનમાલાના શીલનું મૂલ્ય આજે એ ચૂકી ગયો.

રાજમહાલની ચોમેર સુમિત્રના આ શબ્દો તરત જ વિખેરાઇ ગયા.

પણ ઇતિહાસ એની હૃદયની મૂઢતાને, સાહસિકતાને કે મિત્રસ્નેહની અગ્નિ ભભૂકતી વેદિપર એક પવિત્ર સન્નારીના શીલને હોમી દેવાને તૈયાર થનારાં એના માનસની નિર્બલતાને, કેમ ભૂલી શકે ?

ઇતિહાસની તવારીખ બોલી ગઇ કે,

'શીલધર્મની પવિત્રતાને અભડાવી દેવાને ઉતાવળો સુમિત્ર મિત્રધર્મની વાસ્તવિક મર્યાદાને, અને નીતિનાં હિતકર બંધનોને ચૂકી, જાતને, કર્તવ્યાકર્તવ્યને તેમ જ ઉચિતતાને આ અવસરે અવશ્ય ચૂકી ગયો.'

ભલભલા દેવ દેવેન્દ્રોઃ ઋષિ–મુનિઓઃ ત્યાગિ કે તપસ્વિઓ; આ બધાના સત્ત્વની કસોટી કરનારૂં એ આકરૂં એકાંત હતું; સોળે શણગારથી સજ્જ સાક્ષાત્ ઉર્વશી શી રૂપરૂપનો અંબાર રાજરાણી વનમાલા સ્હામે ઝૂકી–ઝૂકીને એક દીલથી પ્રભવને રીઝવવા હાવભાવ કરતી ઊભી હતી.

યૌવનના ઉંબરે પગ મૂકનારી કલા રૂપ અને સૌન્દર્યની મૂર્તિ વનમાળા; પ્રભવની સ્તબ્ધતાને ન કળી શકી, તે વધુ ન બોલી શકી પણ જે શબ્દો તેની વાચામાંથી સર્યા, તે એના મુખપર શરમના-લજ્જાના અને ઉદ્વિગ્નતાના આછા શેરડા પાડીને વિખેરાઇ ગયા.

તેણીએ કહ્યું 'તમારા મિત્રે મને મોકલી છે. મને આજ્ઞા છે કે, મારા મિત્ર પ્રભવની પાસે તું જા!' વનમાળાની શબ્દદેહ પામતી આ વાણી, પ્રભવ ન જીરવી શકયો.

એ મનમાં બોલ્યો, 'અંધકારના અનન્ત થડોને ભરખતી ઓ કાળરાત્રી! તું કાળી રહેવાને જ સરજાઇ છો! નહિતર મારા જેવા પાપાત્માઓને તું આવું એકાન્ત શાને આપે! શું આવા કુકૃત્યો કરવા માટે કે? ઓ ગગનમાં ઝબૂકતા તારલાઓ! આમ વ્યર્થ દૂર દૂર રહીને શાનાં તગતગો છો! મારાં અંતરને–અરે મારાં ગાઢ તિમીરઘેર્યાં મલીન પાપી આત્માને, કાંઇક પ્રકાશ અર્પતા જાઓ!'

પ્રભવની વાણી હજુ અપ્રગટ રહી. તેના અંતરમાં અસંતોષ ભભૂકી ઉઠયો. પણ પતિના પ્રિયતમ મિત્ર પ્રભવની આ અસહ્ય મનોવ્યથાઓ, સ્હામે ઊભીને જોતી વનમાલાને મન કો અકળ અને ગૂઢ મૂંઝવણ-રૂપ બની.

દેવલોકની અપ્સરા સમી વનમાળાએ ફરી પ્રભવને કહ્યું, 'તારા દુઃખથી દુઃખિત રાજાએ મને તારે આધીન કરી છે. તારી ખાતર એ મારો પતિ પોતાનું સઘળું સોંપી દેવા તૈયાર છે, એની આજ્ઞાથી હું તારી પાસે આવી છું. તું હવે ઉદાશીનતા ત્યજી દે, હું તારી દાસી બનવાને સજ્જ છું'. સૌન્દર્યનાં તેજને વેરતી રાજરમણી વનમાળાની ધીરતા ખુટતી ગઇ.

વનમાળા હતી પવિત્ર, શરીર–દેહની પવિત્રતામાં માનનારી એ હતી આર્ય રાજરમણી, પણ સુમિત્ર જેવા ભૂપતિની–પોતાનાં સ્વામિની–અયોગ્ય આજ્ઞાને આધીન બની આજે એ પ્રભવના શયનખંડમાં આવીને ઊભી હતી.

એ દેવી હજુ દેહથી પવિત્ર હતી અવશ્ય, પણ સત્ત્વ, શીલ કે આત્માનું ઔજસ આજે તેનામાં જોઇએ તેવું ચમકતું ન હતું. પતિની ઇચ્છાને વશ થવામાં પોતાના સતીધર્મને છેહ દેવા વનમાલા ઉતાવળી બની. સતીધર્મના આદર્શને મૂકીને તેણે અત્યારે વાણી તેમ જ મનની નિર્મળતાને દૂષિત કરી.

પ્રભવનો કુલીન આત્મા આ પાપ ન જોઇ શકયો. એની આર્ય સંસ્કારઘડી નૈસગિક ઉત્તમતા, મોહનાં આ તાંડવની સ્હામે બળવો ઉઠાવવા લાગી. ક્ષણવારમાં તેણે મૌન તોડયું, દાસીની જેમ એ હાથ જોડીને સ્હામે ઊભેલી વનમાલાને તેણે કહ્યું,

'દેવી! આપ પવિત્ર છો! મારા જેવો પાપાત્મા અન્ય કોઇ નથી કે જેણે મિત્રની પત્નીને પણ કલંક્તિ કરવાની વૃત્તિઓથી આત્માને અભડાવ્યો છે. મહાદેવી! આ પાપપૂંજ દેહને સ્પર્શીને આપના શીલધર્મને મા ચૂકતા! સુમિત્ર એ મારો પ્રાણપ્રિય બાંધવ છે. એના જેવા પવિત્ર મિત્રની ધર્મપત્ની આપ મારા માતૃતુલ્ય છો, આપ આપના સ્થાને ચાલ્યા જાઓ!'

બોલતાં-બોલતાં પ્રભવનાં અન્તરમાં મોહનો અંધકાર વિખેરાવા લાગ્યો. પુનઃ તેણે વનમાલાને કહ્યું, 'ફરી અહિં આવશો નહિ.' મારો એ બન્ધુ સુમિત્ર મોકલે તોપણ આ પાપી પ્રભવનું મુખ જોવાને ફરી નહિ આવતા ! મારા એ મિત્રને મારૂં કલંકિત મુખ હું હવે કઇ રીતે બતાવી શકું ? એ મારા સ્નેહભૂખ્યા ભાઇને મારો આ સંદેશો પહોંચાડજો કે. 'હવે પ્રભવ તારો મિત્ર રહેવાને લાયક રહ્યો નથી. વિકારની વાસનાઓથી મિત્રધર્મને ભૂલી ચુકેલો પ્રભવ, આ જગતમાં વધુ જીવવાને પણ હવે અધિકારી રહ્યો નથી, '

પ્રભવનાં અન્તરમાં જાણે વિવેકનું તેજ પથરાતું ગયું. એની વાણી વાતાવરણની સ્તબ્ધતાને પડકારવા લાગી. મન અને વાણીદ્વારા અત્યાર સુધી વાસનાઓને વશ બની ચુકેલો પ્રભવ, શબ્દે-શબ્દે પ્રાયશ્ચિત્તની અમીવૃષ્ટિમાં આત્માને નિર્મળ બનાવી રહ્યો હતો. હજુ એનો આત્મા પાપોની શુદ્ધિ માટે ઝંખતો હતો.

વનમાળા આ બધું જોઈ રહી.

પ્રભવના શબ્દોની વિદ્યુતશક્તિથી એ હચમચી ઊઠી, યૌવનથી થનગનતા એના દેહને ધિક્કારતી એ ઉદાશીન ચહેરે ત્યાં જ ઊભી રહી. પ્રભવના પ્રાયશ્ચિત્તની સાક્ષીરૂપ બનીને એ જાતની થોડી ઘણી કલંકિતતાથી ઉગરવા જાણે મથતી હોય તેમ ઢગલો થઇ ત્યાં જ ધરણી પર ઢળી પડી,

થોડીવાર થતાં એને ભાન આવ્યું.

પ્રભવની આગળ નમ્ર જબાનમાં એણે પોતાના કલંકિત મન-વાણીનો ઇકરાર કર્યો. પ્રભવનો આત્મા આમાં પોતાની જ કલંકિતતા ઓળખી શકયો હતો. પાપના પશ્ચાત્તાપથી માર્ગ સન્મુખ ઢળેલો તેનો અન્તરાત્મા જાગૃત બન્યો.

સુમિત્રની પત્ની-રાજરાણી વનમાલાને તેણે ફરી કહ્યું, 'દેવી વનમાળા ! આપનો આમાં દોષ નથી. આપ નિર્દોષ છો ! આપનાં જીવનની પવિત્રતાને લૂંટવાને હું સજ્જ થયો એ મારો ભયંકર અપરાધ છે, વાસનાભૂખ્યાં મારાં હૃદયની શાન્તિ માટે મારા મિત્રે કે આપે જે કાંઇ કર્યું, એમાં મારૂં મહાપાતકી માનસ જ જવાબદાર છે, ધરતી જગ્યા આપે તો સમાઈ જવાને આજે હું તૈયાર છું, આ દેહે જીવવાને હું લાયક નથી; આપ ખુશીથી પધારો, આ પાપી આત્માનો વધુ વાર પડછાયો લઈ હવે આપ ફરી આપનાં દેહ, વાણી કે મનને અભડાવતાં નહિ ! મારા તે મિત્રનું કલ્યાણ હો ! દેવી ! આપના પવિત્ર શીલધર્મની સ્હામે ચેડા કરી મેં જે મહાપાપ સેવ્યું છે તેની ક્ષમા !'

પ્રભવના શબ્દો તેના પશ્ચાત્તાપ, પાપની ભીરૂતા અને હૈયાનાં ડંખને સ્પષ્ટ રીતે વ્યક્ત કરતા જ રહ્યા. ક્ષણભર સર્વત્ર ગંભીરતા છવાઇ રહી. વાતાવરણની નીરવતા શબ્દમય બની ચૂકી.

વનમાલા ત્યાંથી ચાલી નીકળી.

પણ એની પગલીઓનો કલરવ હજૂ શમ્યો ન હતો. એટલામાં પ્રભવે કેડે ખોસેલી તલવારની મૂંઠ ખૂબ જોરથી હાથમાં પકડી, અને એ પોતાના હાથે મસ્તકને ઉડાડી દેવાને સજ્જ થયો. એને અત્યારે ભાન ન રહ્યું. દેહ, મન કે વાણીદ્વારા ફરી આત્માની પવિત્રતા, કુલીનતા, કે ઉત્તમતાને આ પાપ અભડાવી ન જાય એ ભયે આ ખોળીયું ત્યજી દેવાનું સાહસ કરવાને એણે પોતાના શિરપર ઘા કર્યો.

પણ તે વેળા તેના હાથમાંની તલવાર અચાનક કોઇએ ઝૂંટવી લીધી, એમ તેને લાગ્યું. તેનો ઘા નિષ્ફળ ગયો. એનું ખંજર બીજા હાથોમાં સરકી ગયું, તે સભાન બન્યો, તેણે ધારીને જોયું, પોતાનો પ્રિયતમ મિત્ર સુમિત્ર નજર સ્હામે આવીને ઊભો હતો. આ દૃશ્ય એને અકારૂં પડયું અને તે વેળાયે પ્રભવનું મુખ શરમ, લજ્જા અને પાપના કંપથી ઊંચું ન થઇ શકયું.

બન્ને એક બીજાને આમ થોડીવાર સુધી જોઇ રહ્યા. દિશાઓ શૂન્ય બનીને આ બધું નિરખતી રહી. જાણે અંતરીક્ષમાં રહેલા દેવો પ્રભવના સત્ત્વને અંજલિ અર્પતા હાથ જોડી રહ્યા.

અધૂરી રાત પૂરી થઈ અને બાલસૂર્યે પૂર્વના ક્ષિતિજ પર પોતાની સુવર્ણરેખાઓથી પ્રભવની કુલીનતાના મંગલ સ્વસ્તિકો પૂરી દીધા, એમાં આ શબ્દો ગૂંજી રહ્યા હતા, જે ગૂંજારવને આજે વર્ષોના વહાણાં વીતી ગયા છતાં જગતનો સંસ્કારી વર્ગ આજે સાંભળી શકશે કે, **ધન્ય કુલીનતા.**




'કલ્યાણ' માસિક પાંચમા વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે અમારા શુભેચ્છકગણને કેટલુંક કહેવું ઉપસ્થિત થાય છે.

પ્રેસ અને પ્લેટફોર્મના વર્તમાન યુગમાં શાસન અને સિદ્ધાંતોની રક્ષા તેમજ પ્રચાર કરવાને કાજે શક્તિ–સંયોગ પ્રમાણે પ્રયત્ન કરવો આવશ્યક છે. પત્રકારિત્વની સફળતા અનેકોના સહકારથી સાંપડે છે. 'કલ્યાણ' માસિકને પોતાનું ગણી શુભેચ્છક મહાશયોએ સહકારની જે ઉદારતા બતાવી છે તે નોંધપાત્ર છે, અભિનંદનીય છે. કટોકટીના સમયમાં પણ સહકારના બળે જ 'કલ્યાણ' માસિક પગભર ઉભું રહ્યું છે.

## લેખકોને

હું લેખક મહાશયોનો ઉપકાર ભૂલી શકું તેમ નથી પણ તમે જાણો છો કે, આજે પ્રેસ સમ્બંધિ મુશ્કેલીઓ ઓછી નથી. પ્રેસની સગવડતા સાચવીને અમારે અમારૂં કામ લેવાનું હોય છે, તેમજ 'કલ્યાણ' ની સંસ્થામાં કામ કરનાર વર્ગ પણ રાખવામાં આવ્યો નથી, એટલે મોટા ભાગે દરેક કાર્ય સંપાદકના એકલા હાથેજ પતાવવાનું હોય છે. આ પ્રકારના સંયોગોમાં જો લેખકોનો સહકાર ન સાંપડે અને લેખો વહેલાસર ન મળે તો માસિકની નિયમીતતા જાળવવી મુશ્કેલ થઈ પડે. આજલગી લેખકોએ અમારી સગવડતા સાચવી, માંગ્યા ત્યારે લેખો મોકલી આપ્યા છે તે બદલ આભારી છું. નવા વર્ષમાં પણ અમને સમ્પૂર્ણ સહકાર મળશે એવી આશા રાખીએ છીએ. કેટલાક લેખકો કાગળની બન્ને બાજુ ગરબડીઆ અક્ષરોમાં લખાણ લખી મોકલે છે, પણ તેવા લેખો લેવા મુશ્કેલ બને છે. લેખો પાછા મંગાવનારે પોષ્ટની ટીકીટો બીડવી જરૂરી છે.

## ગ્રાહકોને

'કલ્યાણ' ના ગ્રાહકોની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થતો રહ્યો છે. આજે લગભગ ૯૦૦ ની સંખ્યા છે, એટલે પત્રવ્યવહાર કે મનીઓર્ડર કરતી વખતે 'ગ્રાહકનંબર' લખવા ચૂકવું નહિ. 'ગ્રાહકનંબર' 'કલ્યાણ' ના રેપર ઉપર લખવામાં આવે છે. પાંચમા વર્ષમાં ગ્રાહક સંખ્યાનું લીષ્ટ નવેસરથી થવાનું હોવાથી હવે પછીના અંકના રેપર ઉપર જે ગ્રાહક નંબર આવે તેને ડાયરીબુકમાં નોંધી લેવા મહેરબાની કરવી.

તમારા સગાં–સમ્બંધિઓ અને સ્નેહીજનોને 'કલ્યાણ' ના ગ્રાહક થવા ખાસ સૂચન કરશો અને ગ્રાહક ન થઈ શકે તો છેવટે વાચન કરવાની ભલામણ તો જરૂરથી કરશો.

આપનું વાર્ષિક લવાજમ પુરૂં થાય છે ત્યારે 'કલ્યાણ' ના અંકમાં લાલશાહીની કાપલી મૂકવામાં આવે છે. તે કાપલી મળેથી તુરતજ લવાજમ મોકલાવવાની ગોઠવણ કરશો. જેથી અમારો સમય અને પોષ્ટ ખર્ચ નાહક બગડે નહિ. આટલી આપ પ્રત્યે નમ્ર ભલામણ છે.

માસિક દર અંગ્રેજી મહીનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. આપનો અંક ગેરવલ્લે ગયો હોય તો તેના સમાચાર અમને તા. ૨૫ મી સુધીમાં મળવા જોઇએ. જેથી વ્યવસ્થા થઇ શકે. પાછળથી વ્યવસ્થા થવી મુશ્કેલ છે. પૂ. મુનિ મહારાજ સાહેબોએ વિહારમાં સીરનામું તા. ૧૩ મી સુધીમાં કાર્યાલયને જણાવવું.

## પ્રશ્નકારોને

માસિકમાં શંકા-સમાધાન નામનો વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. વાંચકો સારા પ્રમાણમાં લાભ ઉઠાવશે અને શંકાઓનું સમાધાન મેળવવા માટે પોતાની શંકાઓ અમારા ઉપર લખી મોકલશે, એવી આશા રાખીએ છીએ. શંકાઓનું સમાધાન લખાવી અવસરે 'કલ્યાણ' માં પ્રગટ કરીશું.

## જુના અંકો

'કલ્યાણ' ના કેટલાક જુના અંકોની અમને જરૂર છે. જે ગ્રાહકોને જરૂર ન હોય તેઓ અમારા ઉપર મોકલી આપશો તેનું અંક દીઠ ચાર આના વળતર અપાશે અથવા તો નવા વર્ષના નવા અંકો તેટલાજ મોકલવાનો પ્રબંધ થશે. ખાસ કરીને અમારે નીચેના અંકોની જરૂર છે.

વર્ષ ૧ લું. અંક ૧-૨ [ સંયુક્ત ] અને ૩ જો. વર્ષ ૨ જું; અંક ૧ લો અને ૨ જો. વર્ષ ૩ જું; ૬-૭-૮-૯-૧૦-૧૧ અને ૧૨ ચોથા વર્ષના ૬-૭ અને ૯ અંકોની જરૂર છે.

## શુભેચ્છકોને !

ગ્રાહકો ને સભ્યો વધારવામાં આપે અચુક સહાય કરી છે. તેની વર્ષની શરૂઆતમાં નોંધ લેવા સાથે વધુ આગ્રહ ભરી વિનંતિ કરીએ છીએ કે, 'કલ્યાણ' ઘેર ઘેર વંચાય તેના માટે નવા વર્ષમાં નવા ગ્રાહકો ને સભ્યો બનાવી અમને ઉત્તેજન અને પ્રોત્સાહન આપવા મહેરબાની કરશો. ગ્રાહક કે સભ્ય થઇ શકે તેવા આપના સ્નેહિજનો કે સ્વજનોનાં એડ્રેસો મોકલી આપશો. અમે તેમની સાથે પત્રવ્યવહાર કરી લઇશું. આપના સહકાર બદલ આપનો આભાર માનું છું.

## લવાજમ વિષે.

કેટલાક હિતચિંતકો તરફથી અમને વિદિત કરવામાં આવ્યું છે કે, રૂા. ચારના લવાજમમાં વર્ષ દહાડે ૫૫ થી ૬૦ ફર્માનું વાચન આપવું પોષાય નહિ. માટે રૂા. ચારને બદલે રૂા. પાંચ લવાજમ કરવું જરૂરી છે. આ સૂચન સમયોચિત છે પણ અમારી ઉમેદ તો રૂા. ચારના લવાજમમાં આપીએ છીએ તેના કરતાં પણ વધુ વાંચન આપવાની છે જેથી મધ્યમ જીવીઓના ઘરમાં પણ લવાજમના જુજ દરથી 'કલ્યાણ' વંચાતું રહે. સંસ્કાર, સાહિત્ય અને સંસ્કૃતિનો બહોળો પ્રચાર કરવાનો અમારો પ્રયત્ન ચાલુ છે અને અમને શ્રદ્ધા છે કે, અમારા શુભકાર્યને પહોંચી વળવા કાજે આર્થિક સહકાર શક્તિ-સંપન્ન મહાશયો તરફથી જરૂરથી મળતો રહેશે.

## ભેટ પુસ્તક.

ઘણા ગ્રાહકો ભેટ પુસ્તકની માગણી કરે છે. પણ રૂા. ચારના લવાજમમાં ભેટ પુસ્તક આપવું કઇ રીતે પોષાય ? હા, 'કલ્યાણ' નાં પેજો ઓછાં કરી આપી શકાય. પણ તેમ કરવું અમને વ્યાજબી લાગતું નથી. એટલે અમે પહેલેથી જ ભેટનું પુસ્તક આપવાનો નિયમ રાખ્યો નથી. છતાં કોઈ ઉદાર સદ્ગૃહસ્થ તરફથી પુસ્તક પ્રકાશન કરવાની રકમ મળે છે તો તેનો લાભ અમારા સભ્યો અને ગ્રાહકોને આપવામાં આવે છે.

## વાંચ્યું અને વિચાર્યું

**શ્રી ચીમન શાહ**

વાંચન કરતાં અને વિચારતાં 'હસ્તાક્ષર' ની મીમાંસા કરવાનું મન થયું. આજે છાપાઓમાં અને પુસ્તકોમાં અરે, કાગળના પત્રવ્યવહારમાં પણ અક્ષરનો મરોડ ખાસ ધ્યાન ખેંચે છે.

અંગ્રેજી શિક્ષણ લેનારના મોટા ભાગે અક્ષરો સ્વચ્છ, સુઘડ અને મરોડદાર ઓછા જોવામાં આવે છે. આનો અર્થ એ નથી કે, અંગ્રેજી શિક્ષણ નહિ લેનારાઓના બધાના અક્ષરો સારા જ હોય છે.

હસ્તાક્ષર મોતીના દાણા જેવા લખવાની આવડત એ પણ એક કળા છે. એટલે અક્ષરો સુધારવા માટેનું લક્ષ્ય આવશ્યક છે. ગાંધીજીએ પણ પોતાના ખરાબ હસ્તાક્ષરોની ટીકા કરવા સાથે હસ્તાક્ષરનું મહત્ત્વ સમજાવ્યું છે. સુંદર અક્ષરોનું લખાણ વાચકહૃદય ઉપર સારી છાપ પાડી જાય છે, એટલું જ નહિ પણ વાંચનાર હોંશથી વાંચે છે. ગરબડીયા અને અવ્યવસ્થિત શબ્દોમાં લખાએલું લખાણ મોટે ભાગે કચરાની ટોપલીમાં પડે છે. અક્ષરો સુધારવા અને મરોડદાર બનાવવા માટેની કાળજી અને તાલીમ બાળકોને પ્રથમથી જ આપવાની જરૂર છે. શરૂઆતમાં અક્ષરો સુધારવાની કાળજી જો નથી રખાતી તો પછી હાથથી ઘણું લખાણ ખરાબ અક્ષરોમાં લખાઇ ગયા પછીની મહેનત મોટે ભાગે નિષ્ફળ જાય છે. આતો ખરાબ હસ્તાક્ષરની વાત થઇ.

પણ આજે ધમાલીયા જગતમાં અક્ષર અને શબ્દની ધમાલ પણ વધતી ગઇ છે. છાપાઓ અને પુસ્તકોના કવરપેજના બ્લોકોના અક્ષરોનાં માથાં મોટા તો પગ ઝીણા, પગ મોટા તો માથું નાનું અને પેટ, કેડ અને ડોકનો તો મેળે જ નહિ. આ પ્રકારના અક્ષરોનો મેનીયા દિવસે–દિવસે વધતો જાય છે. શું અક્ષરો ઉપર ભલી ભારતભૂમિના યુવાનોનો કોપ ઉતર્યો છે કે ફેશન ?

આ કરતાં પહેલાંના અક્ષરો સારા અને સુઘડ હતા એમ કહી શકાય પણ શુદ્ધ ન હતા. કારણ કે જૂની ગૂજરાતીનું લખાણ જોવામાં કે વાંચવામાં આવે છે ત્યારે તેમાં શુદ્ધતાનો અભાવ જણાય છે. તે વખતે 'પરમાત્મા' ને બદલે 'પરમાતમ' અને 'મુંબઇ' ને બદલે 'મુબઇ' કે મોંમઈ લખાતું. અને ત્યાં સુધી

---

પાંચમા વર્ષમાં જે સભ્યો ને ગ્રાહકો ચાલુ છે તેને આ વર્ષે ભેટ પુસ્તક આપવા વિચાર રાખ્યો છે. પુસ્તક પ્રેસમાં છપાય છે. છપાઇ તૈયાર થયે મોકલી આપવામાં આવશે. ૧૫–૫–૪૮ સુધીમાં ભેટ પુસ્તક ગ્રાહકોને મળી જાય તે જાતની વ્યવસ્થા કરી છે. છતાં પ્રેસની મુશ્કેલીઓને અંગે વહેલું–મોડું થાય તો પત્ર વ્યવહાર કરી અમારા કાર્યમાં ઉમેરો કરશો નહિ.

**આભાર !**

લેખકો, શુભેચ્છકો, ગ્રાહકો અને વાચકોનો આ તકે હું આભાર માનું છું. કારણ કે આજે અમને જે થોડે–ઘણે અંશે સફળતા મળી છે તે બધાને આભારી છે. પ્રેસના માલિક શ્રીયુત અમરચંદભાઇ અને શ્રીયુત નાનચંદભાઇનો આભાર માનવાનો રહે છે, કારણ કે, ઓફીસે આંટા ખાઇને પણ 'કલ્યાણ'નું મેટર તૈયાર રાખવા માટે જાગતો રાખ્યો છે. જો તેઓનો સમ્પૂર્ણ સાથ ન મળ્યો હોત તો પ્રતિકૂળ સંજોગોમાં નિયમીત પંદરમી તારીખે 'કલ્યાણ' બહાર પડવું મુશ્કેલ હતું.

સૌના સાથ–સહકાર અને અપેક્ષાપૂર્વક નવા વર્ષનું મંગલ પ્રયાણ શરૂ કરીએ છીએ.

અર્ધાક્ષરનો અને મીંડાનો ઉપયોગ ઓછો થતો નહિવત્ થતો.

મારી માન્યતાનુસાર અક્ષરના કુદરતી કે સ્વાભાવિક વળાંકને બદલી મનફાવતા વળાંક કે મરોડ કાઢવા એ અક્ષરજ્ઞાનનું આપણે હાથે કરી અપમાન કરીએ છીએ. ઢંગધડા વિનાના વળાંકવાળા અક્ષરો કેટલીક વખત વાંચવામાં પણ મુશ્કેલી ઉભી કરે છે. જે મેનીયા લાગુ પડયો છે તે આવા લેખોથી તુરત તો નાબુદ નહિ થાય પણ વાંચકોનું માનસ, સુંદર, સુઘડ. સ્વચ્છ અને મરોડદાર અક્ષર પ્રતિ ખેંચાય એ જ શુભાશયથી લખવા ઉદ્યમશીલ બન્યો છું.

મારા ઉપર એક વડીલ બન્ધુના પત્રો અવાર-નવાર આવતા અને તેમના અક્ષરો ખપ પુરતા અને સચોટ ભાવને દર્શાવતા એટલું જ નહિ પણ લખવાની ઢબ સુંદર હોવાથી ઘડીભર તેમનો કાગળ હાથમાં રાખી જોયા જ કરતો અને અક્ષરો સુધારવા અને મરોડને નહિ બગાડવા હૃદયને સૂચન કરતો.

અવસરે રૂબરૂ તેમને જ્યારે મળ્યો ત્યારે પોતાના અક્ષરો કરતાં પણ અન્ય બંધુના હસ્તાક્ષરોનું દર્શન કરાવ્યું ત્યારે હું તો છક જ થઇ ગયો. અક્ષરોની સુંદરતા, લાલિત્ય, મરોડ અને સિદ્ધિ સપાટી પર લખાએલા લખાણને જોતાં તે બન્ધુ પ્રત્યે મને ખૂબ-ખૂબ માન પેદા થયું. ટેબલ પર પડેલા તે લખાણને જોતાં પ્રીન્ટીંગ થયેલું લખાણુ જાણે ન હોય તેવું આબેહુબ લાગતું હતું. હરેક પોતાના અક્ષરો સુધારવા મહેનત લેશે તો લખવાની મારી મહેનત સફળ થશે. છતાં કોઈનેય મારા દ્રષ્ટિકોણમાં દોષ જણાતો હોય તો દરગૂજર કરે. બાકી, મારી દ્રઢ માન્યતા તો એ છે કે, અક્ષરના મરોડને સ્વાભાવિક રહેવો દેવો જોઇએ.

**મદ્રાસથી ૯ માઇલ પર આવેલ રેડહિલ્સની સમીપમાં પુડલ ગ્રામનું પ્રાચીન તીર્થ—**

# આદિનાથ જિન ભુવન

જૈનદર્શન અંગ, બંગ, કલિંગ, કાશી, કોશલ, મગધ તથા તેલંગ, દ્રાવિડ, કર્ણાટક આદિમાં પણ વિશેષ પ્રકારે પ્રચાર હતો, એના અનેક પ્રત્યક્ષ પૂરાવાઓ નજરે પડે છે. એક મોટા એન્જીનિયર મિસ્ટર ફરગ્યુશન (Ferguson) લખે છે કે, ભારતમાં ગમે તે સ્થાનમાં ઉભા રહીને આજુબાજુમાં ચાર કોશના ઘેરાવામાં શોધખોળ કામ કરીએ તો તેમાં જૈનોનું કોઇપણ ઐતિહાસિક સ્મારક ચિન્હ મળ્યા વિના રહેતું નથી. આપણને પણ આ બાબત સ્થળે સ્થળે સાચી નજરે પડે છે જેમકે દક્ષિણ ભારતના મદ્રાસ જેવા મોટા શહેર પાસે (Redhills) રેડહિલ્સના નામથી પ્રખ્યાત થયેલું અને સુંદર સરોવરથી સુશોભિત એવું એક રમણીય સ્થાન છે. તે સ્થળે પુડલ નામના એક નાનકડા ગામમાં આદિનાથ ભગવાનનું ભવ્ય અને વિશાળ જિનાલય છે. અતિમનોહર આદિનાથ ભગવાનની અર્ધ-પદ્માસની બિરાજિત મોટી પ્રતિમા છે. મંદિરની જિર્ણતા અને પ્રાચીનતાને લીધે અમને કોઈ શિલાલેખ સામગ્રી ઉપલબ્ધ થઈ નથી. પરંતુ એ વસ્તીની આજુબાજુ જળાશયો, કુંડો, વિષ્ણુ, શંકર અને દેવદેવીઓનાં જિર્ણશીર્ણ મંદિર તથા મૂર્તિઓ આદિ અનેક ભગ્નાવશેષો જોતાં આ સ્થળની પ્રાચીનતામાં જરાપણ શંકા નથી. આ દહેરાસરની પ્રતિમાના ચમત્કાર સંબંધી અનેક કિંવદન્તિઓ સંભળાય છે. મદ્રાસના સંઘે એ તીર્થનો જિર્ણોદ્ધાર કરાવ્યો છે અને યાત્રાળુઓને ઉતરવા માટે એક ધર્મશાળા પણ બંધાવી છે. સર્વે મહાનુભાવો આ તીર્થના દર્શનનો લાભ લેવા ચુકતા નહિ એજ અભ્યર્થના....

લી૦ સંઘ સેવક

શ્રમણોપાસક "કાન્તિ" વનેચંદ જે શાહ.

# સમતાયોગ અને શાંતિનો માર્ગ

શ્રી કાંતિલાલ હ. શાહ

જીવ, તત્ત્વદૃષ્ટિએ વિચારે કરે તો માલુમ પડે કે, પદાર્થોમાં ઇષ્ટતા કે અનિષ્ટતા રહેલી નથી. પરંતુ અનાદિ કાળથી અજ્ઞાનતા વડે કલ્પેલી અસદ્‌વાસના આ જીવને છે. તેને લઇને શરીર, ઇન્દ્રિયો તથા મનને પ્રમોદ દેવાવાળા ઇષ્ટ અને અનિષ્ટ પદાર્થો પ્રત્યે જીવ રાગદ્વેષ કરે છે. રાગ–દ્વેષ સિવાયની મનની સમતોલ સ્થિતિને સમતાયોગ કહે છે. મમતાનો ત્યાગ કરવાથી સમતાનો વિસ્તાર સ્વાભાવિક થયા કરે છે. પદાર્થ માત્ર ઉપરથી મમત્વ ભાવનો મળ દૂર કરવાથી આત્માની સ્વાભાવિક સત્તા પ્રગટ થાય છે. પ્રિય અને અપ્રિય, સારૂ અને ખોટું આ બન્ને કલ્પનાઓ વ્યવહાર માર્ગમાં છે. નિશ્ચયદૃષ્ટિએ પોતાના સ્વરૂપમાં સ્થિરતા કરતાં સર્વે કલ્પનાઓ નિવૃત્ત થઈ જાય છે. આ સ્વરૂપ સ્થિરતાને સમતાયોગ કહેવામાં આવે છે. એક પદાર્થને ઉપયોગી દેખી, મનુષ્યો તેમાં આનંદ પામે છે. બીજી જ ક્ષણે તેમાં ઉપયોગીતા નહીં દેખવાથી ખેદ પામે છે માટે પદાર્થોમાં ઇષ્ટ–અનિષ્ટપણું સ્વાભાવિક નથી પણ પોતાની કલ્પનાઓમાં જ ઇષ્ટાનિષ્ટપણું રહેલું છે માટે તે વિકલ્પોનો ત્યાગ કરવાથી જ સમતાયોગ સિદ્ધ થાય છે.

જ્ઞાનાવરણાદિ કર્મથી ઉત્પન્ન થયેલું ઇષ્ટાનિષ્ટપણું કે વિવિધપણું દેખતાં તેની ઉપેક્ષા કરવામાં આવે તો આ જીવને કોઈ પણ પ્રકારે નાશ ન પામે તેવું ઉત્તમ સમતાપણું પ્રાપ્ત થાય. બાકી, શુદ્ધ દ્રવ્યાર્થીક નયની દૃષ્ટિએ દરેક ભવ્ય જીવોમાં સિદ્ધ સમાન શુદ્ધ સત્તા નિરંતર રહેલી છે. જ્યારે આ સમતાની પરિપાક અવસ્થા થાય છે, સમતાનો વિકાસ જગતના સર્વે જીવો પર્યંત પહોંચી વળે છે, તેની પૂર્ણ દૃઢતા જામી રહે છે ત્યારે સમતાવાન આત્મામાંથી વિષયોની વાસના નાશ પામે છે, ઇચ્છાઓનો અભાવ થાય છે, મન, વચન, અને કાયાની પ્રવૃત્તિ નિર્દોષ બને છે, તેના જ્ઞાન–ધ્યાનાદિ વ્યાપારો આત્માર્થે જ થાય છે. આ પ્રસંગે તેના શરીરને કોઇ કુહાડાથી છેદે કે કોઇ ચંદનથી વિલેપન કરે તે બન્ને તરફ દ્વેષરાગની કે હર્ષ–શોકની લાગણીઓ તેનામાંથી પ્રગટ થતી નથી. આવી સમતાવાળા મહાત્માના આજુબાજુના વાતાવરણમાં દાખલ થયેલા જાતિ સ્વભાવને લઇને થયેલા જન્મના વિરોધી સ્વભાવવાળા પ્રાણીઓના વૈર–વિરોધ પણ નાશ પામે છે, અને બંધુઓની માફક આપસ આપસમાં ભેટે છે, રમે છે અને ગેલ કરે છે. આ સમતા વિનાનો તપ, મહાવ્રત; સ્વાધ્યાય; દાન, સંયમ, વિગેરે જોઇએ તેવાં કર્મ નિર્જરારૂપ ફળ આપી શકતાં નથી. જો સંસાર સમુદ્રનો પાર પામવાની પ્રબળ ઇચ્છા થઈ હોય, તો વહાણ તુલ્ય, આ સમતાનો જ આશ્રય કરો અને તેની જ સેવા કરો. દેવોનાં તથા મોક્ષનાં સુખ આપણા નેત્રોથી દૂર છે, સ્પષ્ટ રીતે તેને આપણે જોઈ શકતા નથી, તેમ અત્યારે અનુભવી શકીએ તેમ નથી પણ સર્વત્ર સમાનતાવાળી પરિણતીથી ઉત્પન્ન થતું સ્વાધીન આત્મસુખ તે તો અહીં પ્રત્યક્ષ મનની નજીક જ છે. આ સુખ, અનુભવવાની જેઓની ઇચ્છા હોય તેઓએ સમતાનો આશ્રય કરીને તેનો અનુભવ લેવો જોઇએ.

અમૃતમાં સ્નાન કરવાથી વિષ ઉતરી જાય છે, તાપ નાશ પામે છે અને મેલ દુર થાય છે તેમ સમતારૂપ અમૃતમાં સ્નાન કરવાથી નેત્રોમાંથી કામવિકારનું ઝેર ઉતરી જાય છે, નેત્રો નિર્વિકારી અને તેજસ્વી બને છે, સ્વપરને સંતાપ કરનાર ક્રોધરૂપ તાપ નડતો નથી અને ઉદ્ધતતા, અવિનીતપણું યા મનની ચંચળતારૂપ પાપમળ દુર થાય છે. આ સર્વે દોષોનું વિરોધી તત્ત્વ સમતામાં છે. આવી સમતાના આશ્રય લેનારા માટે નરકનાં દ્વારો સદાને માટે બંધ થાય છે. વળી મોક્ષમાર્ગમાં ચાલવાને આ જીવને જરાપણ અગવડ ન આવે તે માટે દીપકની માફક અંધકાર દૂર કરવાનું કામ આ સમતા કરે છે અર્થાત સમતાના પ્રકાશ વડેજ નિર્વાણનો માર્ગ સદા પ્રકાશતો રહે છે. બાકી, સમતાની વાતો કરવાથી સમતાનાં સુખનો અનુભવ થતો નથી.

સમતાનો અનુભવ કરવા માટે મનને બધા વિષયો તરફથી ખેંચી લેવું જોઇએ અને જેટલું બને તેટલું નિર્વિકાર તેને રાખવું. આવી સમતા ધારણ કરનારને મોહરાજાના સુભટોના બાણોની જરાપણ અસર થતી નથી પણ ઉલટાં તે બાણો સમતારૂપ વજ્રમય કવચ સાથે અથડાઈ–પછડાઇને બુઠાં થઈ જાય છે. તેમની તીવ્ર અણીઓ નિષ્ફળ નીવડીને નિરૂપાય થઇને હેઠી પડે છે. કર્મ નિર્જ-

સામાં મુખ્ય કારણરૂપે સમતા જ છે. અજ્ઞાનદશામાં આ જીવ અનેક કર્મોનો સંચય કરે છે. આ કર્મનો સંચય એકાદ દિવસ વર્ષ કે ભવનોજ નહીં પણ કદાચ ક્રોડાક્રોડી જન્મનો હોય, તોપણ સર્વત્ર સમદષ્ટિ થવારૂપ સમતાનો આશ્રય કરવાથી સૂર્યનાં કિરણો જેમ અંધકારનો નાશ કરે છે તેમ ઘણા થોડા વખતમાં તેનો નાશ થાય છે. આ સમતામાં જ્ઞાન, દર્શન, ચારિત્રનો સમાવેશ થઇ જાય છે. શુદ્ધ ઉપયોગ એજ જિનપ્રણિત છેવટનો બોધ છે. આ શુદ્ધ ઉપયોગની અખંડ ધારા તેજ આત્માનું સત્ય સ્વરૂપ છે. મુક્તિનો ખરો ઉપાય, વિકલ્પો વિનાની સમભાવવાળી સ્થિતિ છે. માટેજ સમતા સર્વથી શ્રેષ્ટ છે. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટયોગનું તત્ત્વ સમતા છે. માટે પ્રવૃત્તિ પણ આત્મા સમભાવપણામાં રહી શકે અને વિશુદ્ધ થાય તેવીજ કરવી જોઇએ. આત્મા સિવાયની પ્રવૃત્તિમાં બ્હેરા, આંધળા અને મુંગા થવું જોઇએ. કોઇના અવર્ણવાદ ન બોલવા કે ન સાંભળવા, કોઇના અપવાદ બોલવાના પ્રસંગે મુંગા થઇને રહેવું, દરેક પ્રસંગોમાં આત્મભાન ન ભૂલાય તે માટે વારંવાર શુદ્ધ ઉપયોગે પરિણમવું મનને આત્માકારે પરિણમાવવું. આવા મનુષ્યોજ સામ્યપણું મેળવી શકે છે. વિવેક દ્રષ્ટિથી પોષણ પામેલી આ સમતાનો આશ્રય કરીને અનેક મહાત્માઓ નિર્વાણ પદને પામ્યા છે. હે મહાનુભાવો! મને સમતા પ્રાપ્ત થઈ છે એમ માનીને કષાયરૂપ અગ્નિનો જરાપણ વિશ્વાસ કરશો નહીં. તેનાથી નિરંતર સાવચેત રહેજો. મનમાં જરાપણ ક્રોધાદિ પ્રગટ થાય કે, તરતજ તેના ઉપર સમતારૂપ પાણી રેડી શાંત કરજો તે પ્રસંગે જરાપણ ઢીલ કરશો તો વૃદ્ધિ પામેલો કષાય અગ્નિ, તમારા આજ પર્યંત સંચય કરેલા ગુણોને બાળીને ભસ્મીભૂત કરી નાખશે.

સામ્યભાવના પ્રસાદથી શરીર ઉપરથી મમત્વનો ત્યાગ કરનારા મહાન સત્ત્વવાળા તથા આત્માનેજ ધ્રુવ નિશ્ચળ માનનારા શ્રીમાન સ્કંધસૂરિના શિષ્યોએ, યંત્રમાં પીલાવા પર્યંતની પીડા સહન કરી પણ આત્મધર્મથી પતિત થયા નહીં. સમતાની સમાધિવાળા મેતાર્યમુનિનું કેવું લોકોત્તર સુંદર ચારિત્ર છે કે સોનીએ લીલી વાધરી માથે બાંધી તડકે ઉભા રાખી, મહાન દુઃખ દીધું છેવટે દેહનો નાશ કર્યો છતાં મનથી પણ તેના ઉપર ક્રોધ ન કર્યો. સસરાએ માથે માટીની પાળ બાંધી તેમાં અગ્નિના અંગારા ભરી જીવતા સળગાવી દીધા, છતાં મહાત્મા ગજસુકુમાળ અંતરમાં જરાપણ તેના ઉપર ક્રોધથી પ્રજવલિત ન થયા. તે સમતા અમૃતના સમુદ્ર સમાન મુનિઓમાં મુગટ તુલ્ય મહાત્માઓ, કોને સેવવા યોગ્ય ન થયા?

સમતાગુણનું જેટલું વર્ણન કરીએ તેટલું ઓછું છે. વર્ણન કરતાં વાણી થાકી જાય છે, વાણી પાર પામી શકતી નથી કેમકે તે અનુભવનો વિષય છે. બુદ્ધિમાનો આ પ્રમાણે સમતાયોગના ઉપમાતિત પ્રભાવને જાણીને તેમાં પ્રેમ રાખો તેમાં નિત્ય આનંદ છે. ખેદને અવકાશ નથી. સમગ્ર પાપ ગળી જાય છે, સ્વરૂપનો વિકાશ થાય છે, અને ભાવ શત્રુ ઉપર વિજય મેળવીને મોક્ષ લક્ષ્મી પમાય છે.

---

# પ્રભુનો એક આધાર છે.

દુઃખી અને દર્દીજનો, આ વિશ્વમાં ઉભરાય છે;
એ બધો છે કર્મનો, વિપાક ખુબ ભોગવાય છે. ૧

ધર્મની સાચી ધગશ, જ્યારે જીવનમાં જાગશે;
ત્યારે વિલાસોના વિહારો, દુખ ડુંગર લાગશે. ૨

પ્રભુનો સંદેશ સાચો, ધર્મ સેવામાં વસે;
વેપાર ધનની છે ગુલામી, આખરે ચાલ્યું જશે. ૩

સદ્‌ગુરૂનો સંગ કરજો, રંગ સુખ નિધાન છે;
ચેતીને ચેતન ચાલજો, બે દિવસનો મહેમાન છે. ૪

ધતીંગ કહેતાં ધર્મને, નાદાનને નહિ લાજ છે;
આત્મહિત ભૂલી ભમે છે, પતન તેઓનું આજ છે. ૫


મુડીવાદી મુડીઓના, ચેનમાં મસ્તાન છે,
ધર્મશાસનના ઉદયમાં, કંજુસ મમ્મણ સમાન છે. ૬

લક્ષ્મી અને એ સાહ્યબીઓ, અહિંની અહિં રહેનાર છે;
જીવન લીલા સંકેલાતાં, પ્રભુ એક આધાર છે. ૭

**શ્રી અજ્ઞેય**

---

# જૈનધર્મના સ્વસ્તિકનું રહસ્ય




અક્ષત પૂજા કરતાં થકાં, સફળ કરૂં અવતાર;
ફળ માગું પ્રભુ આગલે, તાર તાર મુજ તાર.
સાંસારિક ફળ માગીને, રવડયો બહુ સંસાર;
અષ્ટકર્મ નિવારવા, માગું મોક્ષફળ સાર;
ચીહું ગતિ ભ્રમણ સંસારમાં, જન્મ મરણ જંજાળ.
પંચમી ગતિ વીણ જીવને, સુખ નહીં ત્રીહુંકાળ.
દર્શન જ્ઞાન ચારિત્રના, આરાધનથી સાર;
સિદ્ધશીલાની ઉપરે, હો મુજ વાસ શ્રીકાર.

જગત ઉપર દરેક જીવો કર્મને વશ છે. ઉચ્ચ-નિચ ગતિમાં અનંતા કાળથી જન્મ મરણના ફેરા ફરી પોતેજ બાંધેલા કર્મના પ્રતાપે જ સુખ યા દુઃખ ભોગવે છે પણ ઇચ્છિત ગતિ મેળવી શકતો નથી. તે ભવભ્રમણની ગતિ ચાર છે, જ્યારે શાશ્વતી ગતિ–પાંચમી મોક્ષ છે. પહેલી ચાર, ૧ દેવ ૨ મનુષ્ય ૩તિર્યંચ ૪ નારકી. હવે તેનો ભાવ બતાવવા માટે દ્રવ્યથી પાટલા ઉપર સ્વસ્તિક ચોખાનો કરવામાં આવે છે ઘઉં, બાજરી, કે બીજી કોઇ વસ્તુ નહીં અને ચોખાનોજ શા માટે? પણ ચોખા દ્રવ્યથી એ ભાવ સૂચન થાય છે કે, ચોખા મૂળ તો ડાંગર તરીકે જન્મે છે અને તેને ખુબ કુટવાથી ફોતરાં જુદાં પડે ત્યારે ચોખા થાય છે, તે ચોખાને ફરી વાવવામાં આવે તો ઉગતા નથી ( જન્મ લેતા નથી ) તેમજ આત્મા પણ કર્મરૂપી ફોતરાથી જુદો પડે છે ત્યારે જ પાંચમી મોક્ષ ગતિ પામી, ફરી જન્મ લેતો નથી. જે ચાર ગતિની ચાર પાંખડીઓ બતાવવામાં આવી છે તે દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકીના ભાવ બતાવે છે, કે ચાર ગતિમાં આત્મા, કર્મને લીધે અનંત કાળથી જન્મ-મરણના ફેરામાં રખડી રહ્યો છે અને આત્માને કયાંય સ્થિરતા મળતી નથી. આત્માને સ્થિર થવા માટે પાંચમી ગતિની જરૂર છે, તે માટે કર્મરૂપી ફોતરાથી જુદા પડવાની જરૂર છે, તે કર્મ ખપાવવા માટે દર્શન (શ્રદ્ધા) જ્ઞાન (જાણવું) ચારિત્ર (ઉતમ વર્તન) આ ત્રણ રત્નની જરૂર છે, તેથી સ્વસ્તિક ઉપર ત્રણ ઢગલી બતાવી છે અને જો આ ત્રણની આરાધના બરાબર ભાવપૂર્વક થાય તો ઉપર ચંદ્રાકારે બતાવેલ પાંચમી ગતિ મોક્ષ પ્રાપ્ત થાય અને તોજ આત્મા ત્યાં સ્થિર રહી શાશ્વત સુખ ભોગવી જન્મ-મરણની જંજાળથી બચી શકે. આ જૈન-ધર્મના સ્વસ્તિકનું રહસ્ય છે. સાથીઓ એક નકશો છે.

**શ્રી નેમીદાસ અભેચંદ**

---

## નવા સભ્યો થયેલાનાં શુભનામો.

પૂ૦ મુનિરાજ શ્રીમદ્ કનકવિજયજી મહારાજ-શ્રીના સદુપદેશથી

રૂ. ૨૦૧) શેઠ ભાઇચંદ અમુલખભાઈ ઘાટકોપર
રૂ. ૫૧) શેઠ રમણીકલાલ શંકરલાલ બારામતી.
રૂ. ૫૧) શેઠ મહાસુખલાલ ભાઇચંદ ઘાટકોપર
રૂ. ૨૧) શા. ત્રીકમલાલ ફુલચંદ મુંબઇ
રૂ. ૧૧) જૈન ઉપાશ્રય હા. શા. વર્ધમાનચંદ ખીમચંદ–સુરત

પૂ૦ પંન્યાસશ્રી પ્રવિણવિજયજી મહારાજના સદુપદેશથી

રૂ. ૧૧) શા. તલકચંદ મુળચંદ ફણસા

પૂ૦ મુનિરાજ શ્રી બળભદ્રવિજયજી મહારાજના સદુપદેશથી.

રૂ. ૧૧) પરણી ચંપકલાલ મોહનલાલ મુંબઇ

---

પ્રાચીન સ્તવનાદિ માટે અપૂર્વ પ્રકાશન

**શ્રી જિનેન્દ્ર સ્તવનાદિ કાવ્ય સંદોહ**

પાંચ ચોવીસીઓ, પ્રાચીન સ્તવનો, સ્તુતિઓ, ચૈત્યવંદનો, સજ્ઝાયો વગેરેનો સુંદર સંગ્રહ છે. આખું પુસ્તક ઉંચા કાગળો ઉપર છપાયેલું છે. ક્રાઉન સોળપેજી ૩૯૨ પેજ પાકું બાઈન્ડીંગ કવર પેજ મૂલ્ય ૩–૦–૦

પ્રાપ્તિસ્થાન

**સોમચંદ ડી. શાહ**

જીવન નિવાસ સામે—**પાલીતાણા**

Reg N. B. 4925


## કથા—વાર્તા અને ચરિત્રો

| | | | | |
|---|---|---|---|---|
| પુરિસાદાણી પાર્શ્વનાથ | | ... | ... | ૪-૦-૦ |
| નરકેશરી વા નરકેશ્વરી | | ... | ... | ૪-૮-૦ |
| ઇલાચી કુમાર | ... | ... | ... | ૨-૮-૦ |
| અભય કુમાર | ... | ... | ... | ૩-૦-૦ |
| મહાદેવીઓ ... | ... | ... | ... | ૩-૮-૦ |
| સંઘપતિ ચરિત્ર | ... | ... | ... | ૬-૮-૦ |
| ઉપવન ... | ... | ... | ... | [illegible] |
| વીર ધર્મની વાતો | ... | ... | ... | [illegible] |
| સુંદરીઓના શણગાર | | ... | ... | [illegible] |
| ભગવાન ઋષભદેવ | ... | ... | ... | ૪-૮-૦ |
| શાંતિનાથ ચરિત્ર | ... | ... | ... | ૭-૮-૦ |
| મહાવીર ચરિત્ર | ... | ... | ... | ૬-૦-૦ |
| શકટાળ ... | ... | ... | ... | ૪-૮-૦ |
| દેવકુમાર ... | ... | ... | ... | ૩-૦-૦ |
| વિક્રમાદિત્ય હેમુ | ... | ... | ... | ૫-૦-૦ |
| પાટમદે ... | ... | ... | ... | ૪-૦-૦ |
| ધન્ય નારી ... | ... | ... | ... | ૦-૧૨-૦ |
| બાળ ગ્રંથાવળી પ્ર. શ્રેણી | | ... | ... | ૩-૦-૦ |
| બાળ ગ્રંથાવળિ બી. શ્રેણી | | ... | ... | ૩-૦-૦ |
| સોળ સતી ... | ... | ... | ... | ૧-૮-૦ |

વિશેષ માહિતી માટે લીષ્ટ મંગાવો

**સોમચંદ ડી શાહ.**

જીવન નિવાસ સામે—પાલીતાણા.


: મુદ્રક : અમરચંદ બેચરદાસ મહેતા.
શ્રી બહાદુરસિંહજી પ્રિન્ટીંગ પ્રેસ પાલીતાણા